
જીવન કથામાળા:૩

# આતમના અજવાળાં



લેખક: મુકુલ કલાર્થી

...ર એજ્યુકેશન સોસાયટી: આણંદ

હરિ ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્રમાળા—૩

# આતમનાં અજવાળાં

## (પાંચ પ્રેરક જીવનચરિત્રો)

મુકુલભાઈ કલાર્થી

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

પ્રકાશક :
મગનભાઈ ઓઝા
મંત્રી
**ચરોતર એજ્યુકેશન સોસાયટી**
સ્ટેશન રોડ, આણંદ.

પ્રથમ આવૃત્તિ ૧૯૭૬
નકલ ૧૦૦૦
કિંમત ૨=૫૦

મુદ્રક :
પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ
માલીક
**શ્રી આનંદ પ્રિન્ટીંગ પ્રેસ**
એફ. પી. વાડિયા કંપાઉન્ડ,
મિરઝાપુર રોડ, **અમદાવાદ.**

# પ્રકાશકનું નિવેદન

ગુજરાતના લોકશિક્ષક સ્વ. મોતીભાઈ નરસિંહભાઈ અમીનની શતાબ્દિનું આ વર્ષ. મોતીભાઈ સાહેબને પ્રિય એવો સાહિત્યવિષય જીવનચરિત્રનો. જગતભરના મહાન પુરુષોનાં જીવનચરિત્રો વંચાવવાં, લખાવવાં, પ્રકાશિત કરવાં અને વાંચવા માટે ભલામણ કરવાં એ એમનો અંતરઊર્મિનો આનંદ. એટલે એક દિવસ પૂ. મોટા અને શ્રી નંદુભાઈ સાથેની વાતચીતમાં આ વિષય મેં છેડ્યો અને જીવનચરિત્ર પ્રકાશન માટે કંઈક વ્યવસ્થા વિચારવા વિનંતી કરી. લોકઘડતર ને નવી પેઢીના ઘડતરમાં અદમ્ય ઉત્સાહ ને રસ ધરાવનાર પૂ. મોટાને આ વાત ગમી ગઈ અને તેમણે ચરોતર એજ્યુકેશન સોસાયટીને જીવનચરિત્રો પ્રકાશિત કરવા રૂ. ૨૫.૦૦૦નું હરિ ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્ર ટ્રસ્ટ સોંપ્યું.

આ શ્રેણીનું આ બીજું પુષ્પ છે. એમાં લોકમાન્ય ટિળક મહારાજ, રાજેન્દ્રપ્રસાદજી, ધર્માનંદ કોસંબીજી પ્રો. ત્રિવેદી સાહેબ, સ્વામી વિવેકાનંદ પર અમારી પસંદગી ઊતરી. એ પાંચેય રાષ્ટ્ર રત્નોની પ્રસંગાત્મક ને પ્રેરણાદાયી ચરિત્રકથા સંક્ષિપ્તમાં શ્રી મુકુલભાઈએ લખી આપી એ આ માળાનું સદ્‌ભાગ્ય રહ્યું છે.

ભગવદ્‌કૃપા હોય તો આવા સુભગ સંયોગો સર્વત્ર પ્રાપ્ત થાય. પૂ. મોટાના આશીર્વાદ એ અમારે મન ભગવદ્‌કૃપાનું વર્ષણ છે. એમની પ્રેમમય શ્રદ્ધાને પાત્ર અમે સૌ નીવડતાં રહીએ તેવી પ્રાર્થના સહ. પૂ. મોટાનો, ભાઈ નંદુભાઈનો, ભાઈ મુકુલભાઈનો તથા પ્રફુલ્લભાઈનો હું આભાર માનું છું.

આશા રાખું છુ કે આ ચરિત્રપુષ્પ ગુજરાતી વાંચકોને ગમશે. અને આવાં અનેક પુષ્પો આપવાની પ્રેરણા આ પુષ્પોને વસાવી, ગુજરાતની ગુણજ્ઞ પ્રજા અમને આપતી રહેશે.

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ, ૧-૧-૭૬

ઈશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | લોકમાન્ય ટિળક મહારાજ | ૧ |
| ૨. | રાજેન્દ્રપ્રસાદજી | ૩૦ |
| ૩. | ધર્માનંદ કોસંબીજી | ૫૩ |
| ૪. | પ્રો. ત્રિવેદી સાહેબ | ૮૦ |
| ૫. | સ્વામી વિવેકાનંદ | ૧૦૮ |

# ૧ લોકમાન્ય ટિળક મહારાજ

એક દિવસ સાબરમતી આશ્રમમાં મહાત્મા ગાંધીજી અને કાકાસાહેબ કાલેલકર રાતે મોડે સુધી વાતચીત કરતા બેઠા હતા.

તે વખતે ગાંધીજીએ કાકાસાહેબને કહ્યું :

'હિન્દુસ્તાનના સ્વરાજ્યનું દિનરાત અખંડ ધ્યાન ધરનાર એ જ એક પુરુષ છે.'

એ પુરુષ કોણ ? તમે કહી શકશો ?

એ પુરુષ હતા લોકમાન્ય ટિળક મહારાજ.

ગાંધીજી એમના વિશે આગળ બોલ્યા :

'હું ચોકક્સ કહી શકું કે, આ ક્ષણે લોકમાન્ય ઊંઘી ગયા નહિ હોય, તો તેઓ કાં તો સ્વરાજ્ય વિષે કંઈ ને કંઈ વિચાર કરતા હશે અથવા તો તેની ચર્ચા કરતા હશે.

'લોકમાન્યની સ્વરાજ્ય નિષ્ઠા અદ્ભુત છે.'

મહાત્મા ગાંધીજીની વાત તદ્દન સાચી છે.

'स्वराज्य हा माझा जन्मसिद्ध हक्क आहे आणि तो मी मिळवणार च।'

— 'સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક છે અને તે હું મેળવીશ જ.'

આ લોકવિખ્યાત સૂત્રની પ્રથમ ઘોષણા કરનાર અને આપણી રાષ્ટ્રીય જાગૃતિના જનક તેમ જ આપણા દેશ અને દેશબાંધવોના સ્વમાનના જાગ્રત ચોકીદાર એવા લોકમાન્ય ટિળક મહારાજનું નામ કોણે સાંભળ્યું નહિ હોય ?

## જન્મ અને માતાપિતા

લોકમાન્ય ટિળકનો જન્મ મહારાષ્ટ્રમાં આવેલા રત્નાગિરિમાં સોમવાર તારીખ ૨૩મી જુલાઈ ૧૮૫૬ ને દિવસે થયો હતો.

ત્યાં તો બાળે પોતાની ચોપડીઓ, પાટી વગેરે દફતરમાં મૂકીને ઘર ભણી ચાલતી પકડી.

શિક્ષકે તરત જ ગંગાધરપંતને ચિઠ્ઠી લખી. આવા અવિનયી અને ઉદ્ધત બાળની સાન ઠેકાણે લાવવા તાકીદ કરી.

ગંગાધરપંતે બીજે દિવસે શિક્ષકને જવાબમાં લખી મોકલ્યું :

'બજારમાંથી કોઈ વસ્તુ વેચાતી લઈને અથવા ઘરની ચીજ બહાર લઈ જઈને ખાવાની ટેવ અમારાં છોકરાંને નથી. તે શાળામાં કે રસ્તામાં કે હોજ પર બેસીને કશું પણ કદી ખાય એવો નથી. અમને જે ચીજો યોગ્ય લાગે છે તે ઘેર બનાવીને અથવા બજારમાંથી લાવીને અમે અમારાં છોકરાંને આપીએ છીએ. બીજું, તેને આવી, પરચૂરણ ખાવાની ચીજોમાં ઝાઝો રસ નથી.'

બાળ આમ તો નાનપણથી જ બુદ્ધિશાળી હતો. વર્ગના સામાન્ય વિદ્યાર્થી કરતાં એનું ભેજું ક્યાંય આગળ દોડતું હોય.

આ કારણે બાળને શિક્ષક ધીમું ધીમું ભણાવે એમાં રસ પડતો નહિ. એટલે ઘણી વાર શિક્ષકને બાળ ઉદાસીન લાગતો. તેથી શિક્ષક અને બાળ વચ્ચે કોઈ કોઈ વાર જીભાજોડી પણ થતી !

શિક્ષક ગણિતનો દાખલો આપે એ બાળ મોઢે જ ગણી નાખે.

બાળને પાટી પર લખતો ન જોઈને શિક્ષક કહે : 'અલ્યા બાળ, કેમ સૂનમૂન જેવો બેસી રહ્યો છે ? પાટી પર દાખલો ગણવા માંડ.'

ત્યારે બાળ કહે : 'ગુરુજી, પાટીની શી જરૂર ? મેં દાખલો મોઢે ગણી નાખ્યો છે.'

કોઈ વાર શિક્ષક બાળ પાસે નોટબુક માગે, એટલે બાળ કહે : 'ગુરુજી, એની શી જરૂર ? મને બધું મોઢે રહે છે.'

કોઈ વાર શિક્ષક દાખલો પાટિયા પર ગણી બતાવવા બાળને બોલાવે, એટલે ભાઈસાહેબ કહે : 'ગુરુજી, ચોકથી હાથ કોણ બગાડે ? હું મોઢે જ ગણી આપું.'

એક દિવસ શિક્ષક વર્ગમાં શ્રુતલેખન લખાવવા લાગ્યા. એ લખાણમાં 'સંત' શબ્દ ત્રણ ચાર વાર આવતો હતો.

બાળે 'સંત' શબ્દની જોડણી બધે એકસરખી ન કરી : એક વાર તેણે 'સંત' લખ્યું, બીજી વાર 'સન્ત' લખ્યું અને ત્રીજી વાર 'સન્‌ત' લખ્યું !

શિક્ષકે પહેલી જોડણી 'સંત' સાચી આપી અને 'સન્ત' તથા 'સનત' શબ્દ પર ચોકડી મૂકીને ખોટી આપી.

બાળે આ સામે વાંધો લીધો અને કહ્યું : 'ગુરુજી, તમે કોઇને પણ પૂછી જુઓ. 'સંત'ની જોડણી બીજી રીતે પણ કરી શકાય.'

શિક્ષક એકના બે થયા નહિ. એટલે તકરાર હેડમાસ્તર પાસે ગઇ.

હેડમાસ્તરે બાળની તરફેણમાં ચુકાદો આપ્યો.

બાળ લગભગ બારેક વર્ષની ઉંમરનો હશે ત્યારનો આ પ્રસંગ છે :

પિતા ગંગાધરપંત બાણભટ્ટ રચિત સંસ્કૃત 'કાદંબરી' બહુ રસપૂર્વક અને છટાથી વાંચતા. નાનકડા બાળને પણ એ સાંભળવામાં મજા પડતી.

એક દિવસ બાળે હઠ પકડી : 'દાદા, મારે પણ 'કાદંબરી' જોઇએ. હું પણ વાંચીશ.'

ગંગાધરપંત સમજદાર પિતા તેમ જ શિક્ષક હતા. તેમણે નાનકડા બાળની આ માગણી નકારી નહિ કાઢી. પરંતુ તેમણે એક ખૂબ અઘરો દાખલો બાળને લખી આપીને કહ્યું :

'બાળ, જો તું આ દાખલો કરી આપે, તો હું તને 'કાદંબરી' જરૂર આપીશ.'

બાળ તો પલાંઠી વાળીને બેસી ગયો દાખલો ગણવા. દોઢ કલાક સુધી તે સતત મથ્યો. છેવટે દાખલો ગણી આપ્યો.

ગંગાધરપંત સાચો ગણી આપેલો જોઈને રાજી થયા. તેમણે તરત જ બાળને 'કાદંબરી' ભેટ આપી.

## હાઈસ્કૂલમાં

મરાઠી સાત ચોપડીનું શિક્ષણ પૂરું કરીને બાળ હાઇસ્કૂલમાં દાખલ થયો. એ અરસામાં જ ૧૮૬૬માં તેનાં માતુશ્રી ગુજરી ગયાં! એટલે તેની સંભાળનું કામ તેનાં કાકી કરવા લાગ્યાં.

બાળ પૂના હાઇસ્કૂલમાં ભણતો હતો, તે વખતે ત્યાંના આચાર્ય જેકબસાહેબ હતા. પૂના હાઈસ્કૂલ શિસ્તને માટે બહુ જાણીતી હતી. જેકબસાહેબ પણ શિસ્તની બાબતમાં ખૂબ જ આગ્રહી હતા.

અને ખરેખર બાળે પોતાનો એ સંકલ્પ પાર પાડ્યો.

ટિળકનું શરીર ૮૦૦ દંડ અને ૮૦૦ બેઠકો કરવા જેટલું સશક્ત બન્યું. કલાકો સુધી પૂનાની નદી મૂળા-મૂઠાનાં પાણીમાં તરતાં તે થાકતા નહિ. અરે, નદીના પાણી પર ચતા પડીને ધીમે ધીમે ભાખરી ખાવાનો પ્રયોગ તે કરતા: લાંબા વખત સુધી જાતે હલેસાં મારી હોડી ચલાવતા. તેમનામાં એવી મસ્તી આવેલી કે પોતાની વજ્ર જેવી મુક્કીનો તે ભીંત પર પ્રહાર કરવા લાગ્યા!

વીશીવાળો મહારાજ બાળને જોઈતી બધી રોટલી સાથે ઘી આપવા રાજી નહિ. ત્યારે બાળે કહ્યું: 'તારી રોટલી ને ઘી મારું.'

મહારાજે એ કરાર કબૂલ તો કર્યો, પરંતુ એ પણ મહારાજને ભારે પડ્યો!

મોટપણે કોઈએ લોકમાન્ય ટિળકને શરીરના ખડતલપણા વિષે પૂછ્યું હતું, ત્યારે તેમણે કહેલું:

'આપણે જેમ શાળાના બીજા વિષયોનો અભ્યાસ કરીએ છીએ, તેવી જ રીતે સોળથી પચીસ વરસની ઉંમર દરમિયાન શરીર કસવાનો અભ્યાસ કરીએ, તો પાછળથી વ્યાયામની ટેવ છૂટી જાય તોયે એ ઉંમરે કમાયેલી શક્તિ પચાસ વરસની ઉંમર થતાં સુધી કામમાં આવે. શરત માત્ર એક જ, એ તે એ કે, ખાવાપીવામાં અને આચરણમાં અત્યાચાર કે અતિરેક ન થવો જોઇએ.'

કૉલેજના દિવસો દરમિયાન એક વાર ટિળક પોતાના કેટલાક મિત્રો સાથે છાત્રાલયની અગાસી પર બેઠા બેઠા ઇધર ઉધરની વાતો કરતા હતા.

સરખે સરખા મળે એટલે કંઇ ને કંઇ નવાજૂની બન્યા વિના રહે ખરી! વાતવાતમાં એવો સવાલ ઊભો થયો કે, જો અહીં અગાસી પરથી એકદમ નીચે ઊતરવાનો પ્રસંગ અચાનક આવી પડે, તો કોણ શું કરે?

દરેક જણે અહીંથી છૂટવું ઘણું જ મુશ્કેલ છે, એમ કહી હું આમ કરીશ, હું તેમ કરીશ, એવા જુદા જુદા રસ્તા બતાવ્યા.

પરંતુ ટિળકે તો ધોતિયાનો કછોટો માર્યો અને 'હું આમ કરીશ,' એમ કહીને ઊંચી અગાસીએથી નીચે ભુસકો માર્યો!

આ જોઈને બધા મિત્રો ગભરાટમાં 'હાં, હાં,' કહીને દાદર ભણી દોડ્યા. ટિળકના હાથપગ ભાંગી ગયા હશે એવી ધારતીથી તેઓ બધા દાદર ઊતરવા લાગ્યા.

જુએ છે તો ટિળક મહાશય લહેરથી દાદર ભણી આવી રહ્યા હતા!

ટિળક જે કૉલેજમાં ભણતા હતા ત્યાંનો એક કૉલેજિયન સાવ માયકાંગલો હતો. એ વિદ્યાર્થીના મનમાં એવી શંકાએ ઘર કરી દીધું હતું કે, તેને થોડા વખતમાં જ ક્ષયરોગ લાગુ પડશે! એટલે તે બાપડો દરરોજ હાઈપોફૉસ્ફાઇટ ઑફ લાઇમની દવા ચમચી ભરીને લેતો હતો.

ટિળકને આ વાતની ખબર પડી એટલે તે એની પાસે ગયા અને પેલી દવાની શીશી તેમણે જોવા માગી.

પેલા કૉલેજિયને તેમને એ શીશી આપી.

ટિળકે એ શીશી લઇને બારીમાંથી બહાર ફગાવી દીધી!

પેલો વિદ્યાર્થી તો આભો બનીને જોઇ જ રહ્યો.

ત્યાં તો ટિળક એનું બાવડું પકડીને એને અખાડામાં લઈ ગયા.

એક વરસમાં તો એ વિદ્યાર્થીની તબિયત એકદમ સુધરી ગઈ.

બીજા એક ભાઈસાહેબ બહુ સુંવાળા હતા. જાતજાતની ફૅશનમાંથી પરવારે નહિ. સંસ્કૃત નાટકોમાંની કોઇને કોઇ નાયિકાની જેમ તે આખો વખત પોતાના દેહની આળપંપાળ કર્યા કરતો.

ટિળકને આવી સુંવાળપ પ્રત્યે ખૂબ જ ચીડ હતી.

એક દિવસ ટિળક એની ઓરડીએ પહોંચી ગયા. તેની સુંવાળી પથારી એમણે વેરણછેરણ કરી નાખી અને એ ભાઈસાહેબને પણ અખાડામાં ઘસડી ગયા.

થોડા જ વખતમાં એ ભાઈસાહેબને પોતાની ભૂલનું ભાન થયું અને દેહની નકામી આળપંપાળના રોગમાંથી પોતાને ઉગારી લેવા બદલ તે ટિળકનો આભાર માનવા લાગ્યો.

કૉલેજમાં ગણિત, સંસ્કૃત, ઈતિહાસ, ધર્મશાસ્ત્ર વગેરે શિક્ષણના વિષયોનો તો ટિળકે અભ્યાસ કર્યો જ; પણ નવા યુગના ગ્રંથોના જ્ઞાનને પ્રયોગની કસોટીએ ચકાસી જોવાનો મહિમા જોઈ ગયા હતા; એટલે ખગોળશાસ્ત્રના પ્રાયોગિક અભ્યાસને માટે રાતે પ્રોફેસર છત્રે સાથે દૂરબીન વડે આકાશનું નિરીક્ષણ કરવા પણ તે જતા. શરીર ની રચનાને તેની પ્રક્રિયા વિશેનાં પુસ્તકો પણ તેમણે વાંચ્યાં હતાં.

પ્રો. છત્રેના તે ખૂબ માનીતા વિદ્યાર્થી બની ગયાં. એનો ખ્યાલ એક પ્રસંગ પરથી આવશે ;

પ્રો. છત્રે ગણિતના અને ખગોળના સારા જાણકાર હતા. તેઓ પ્રખર વિદ્વાન અને બુદ્ધિશાળી હોવા છતાં તેમની રહેણી સાવ સાદી હતી. મોટો માણસ

નાખવી; આપણી પ્રાચીન વિદ્યા, સંસ્કૃતિ, પરંપરા, ધર્મ વગેરેનું જે અપમાન થઈ રહ્યું છે તેમાંથી તેને બચાવી તેની યોગ્ય પ્રતિષ્ઠા મળે તેમ કરવું.

શાળા શરૂ થઈ તે વખતે આગરકરને એમ. એ. ની પરીક્ષા આપવાની બાકી હતી. એટલે શરૂમાં ટિળક મહારાજ અને વિષ્ણુશાસ્ત્રી એ બે જ જણ મુખ્ય હતા. અવશ્ય તેઓની સાથે માધવરાવ નામજોશી, વાસુદેવ શાસ્ત્રી વગેરે હતા જ.

શાળાનું નામ 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ' પાડવામાં આવ્યું હતુ.

શાળાનું ઉદ્‌ઘાટન થયું તેને આગલે દિવસે આ લોકોને ખૂબ જ મહેનત કરવી પડેલી. શાળાના વર્ગોના ઓરડા લીંપવાનું કામ ટિળક અને નામજોશીએ રાતે જાગીને કરેલું, ને એ કામ પૂરું થતાં ત્યાં જ વર્ગનાં પટિયાં પાથરીને તેઓ સૂઈ ગયા હતા.

શાળાનું ઉદ્‌ઘાટન તા. ૧ લી જાનેવારી ૧૮૮૦ને રોજ થયું. તે દિવસે ૧૯ વિદ્યાર્થીઓ હાજર હતા. શાળાનું કામકાજ શરૂ થયા બાદ સંખ્યા ઝપાટાભેર વધતી ગઇ ને મે માસની રજા પડી, ત્યારે વિદ્યાર્થીઓની સંખ્યા ૩૩૬ થઈ હતી.

શાળામાં ટિળક મહારાજ ગણિત, સંસ્કૃત, વિજ્ઞાન અને કયારેક અંગ્રેજી શીખવતા.

શાળા શરૂ કરી એ પહેલાં ટિળક અને આગરકર તે વખતના મહારાષ્ટ્રના સમાજજીવનના અધિષ્ઠાતા ન્યાયમૂર્તિ રાનડેને અવારનવાર સલાહસૂચના માટે મળવા જતા હતા.

એ રીતે એક વાર ટિળક અને આગરકર રાનડેને મળવા ગયા હતા. વાતચીત પૂરી થતાં તેઓ બંને ત્યાંથી ચાલ્યા ગયા.

આ બે જુવાનિયાઓની વાતો ત્યાં બેઠા બેઠા એક ગૃહસ્થ સાંભળતા હતા. એ જુવાનિયા ગયા, એટલે પેલા ગૃહસ્થ હસતા હસતા રાનડેને કહેવા લાગ્યા: 'આ જુવાનિયાઓને દુનિયાદારીનો કશો અનુભવ નથી; પાસે કશું સાધન નથી; અને વાતો તો ભારે મોટી કરે છે! આવા હવાઈ કિલ્લા પેલા શેખ-ચલ્લીની માફક રચવાથી કંઇ દહાડો નહિ વળે! તેઓ સફળ થશે શી રીતે? નકામા જાહેર કાર્યની વગોવણી થશે!'

એ સાંભળીને ન્યાયમૂર્તિ રાનડેએ કહ્યું :

'અત્યાર સુધીની પેઢીઓ માત્ર નવરાશના વખતમાં જાહેર કાર્ય કરતી આવી છે. આ જુવાનિયાઓ પોતાનું સમગ્ર જીવન તેને અર્પણ કરવા તૈયાર થયા છે. ધારો કે તેઓ યશસ્વી ન થયા તો તેમની ભૂલો પણ માર્ગદર્શક નીવડશે.'

## 'કેસરી' અને 'મરાઠા'

ન્યૂ ઈંગ્લિશ સ્કૂલની સ્થાપના પછી એક વરસની અંદર જ આ જુવાન શિક્ષકમંડળે લોક-કેળવણીના એક અંગ તરીકે 'કેસરી' નામનું મરાઠી છાપું અને 'મરાઠા' નામનું અંગ્રેજી છાપું કાઢવાનું નક્કી કર્યું.

ન્યૂ ઈંગ્લિશ સ્કૂલની સ્થાપના વખતે જેમ ઉદ્દ્ઘાટનને આગલે દિવસે ટિળક મહારાજે આખી રાત જાગીને વર્ગોની જમીન લીંપેલી, તેવી જ રીતે છાપાની શરૂઆત થઈ તે વખતે પણ છાપાં માટે જે છાપખાનું ખરીદ્યું હતું તેનાં બીબાંનાં ખોખાં ટિળક મહારાજ પોતાના માથા પર મૂકી નવા મકાનમાં લઈ ગયા હતા. 'કેસરી'નો પહેલો અંક છપાયા પછી વહેલી સવારે ગ્રાહકોને ઘેર જઈને તે પહોંચાડી આવેલા!

નવી શાળાના શિક્ષક-મંડળે આ બે છાપાં શરૂ કર્યાં. તેથી આ લોકો સામાન્ય પંતુજીઓ નથી, પણ દેશાભિમાની, સમાજાભિમાની એવા ઉદ્યમી દેશસેવકો છે, એવી તેમની શાખ જોતજોતામાં બંધાઈ ગઈ.

ટિળક મહારાજે 'કેસરી' પત્ર દ્વારા લોકજાગૃતિ અને લોક કેળવણીની ભારે સેવા કરી. આગળ જતાં 'કેસરી' એ ટિળક મહારાજનો પર્યાય જ બની ગયો.

'કેસરી' પત્ર દ્વારા ટિળક મહારાજે ૧૮૮૧ થી ૧૯૨૦ સુધી આપણા સામાજિક, રાજકીય, શૈક્ષણિક અને સાંસ્કારિક જીવનની જાગ્રત ચોકી કરી છે. જ્યાં જ્યાં કયાંય પણ અસત્ય, દમન, માનહાનિ વગેરે અનિષ્ટો જણાયાં, ત્યાં ત્યાં તેમણે ડર્યા વિના પોતાને જે સત્ય લાગ્યું એ બેધડકપણે જણાવ્યું હતું. એ કારણે તેમને જેલવાસ પણ ભોગવવા પડયા, પરંતુ તેમણે એની પરવા કદી કરી નહોતી.

ટિળક મહારાજે આ કામ કેવી અડગ નિષ્ઠાથી કર્યું હતું એનો થોડો ખ્યાલ આપવો જરૂરી છે.

ઓતપ્રોત થવા લાગ્યા અને એ જ કારણે તેઓ 'લોકમાન્ય'ના વહાલસોયા બિરુદને પામ્યા તથા રાષ્ટ્રીય જાગૃતિના જનક તરીકે સ્થાન પામ્યા.

સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રોના કેટલાય પ્રસંગોમાં ટિળક મહારાજના ઉજ્જ્વળ ચારિત્ર્ય, ઉગ્ર દેશદાઝ, ન્યાયપ્રિયતા, સત્યનિષ્ઠા, ફનાગીરી, સ્વાર્થત્યાગ, સ્વાતંત્ર્યઝંખના વગેરે કેટલાય સદ્‌ગુણોનાં દર્શન થાય છે. યોગીશ્વર શ્રી અરવિંદે યોગ્ય જ કહ્યું છે :

'લોકમાન્યે પોતાના કર્તૃત્વ વડે ઇતિહાસપ્રસિદ્ધ પુરુષોની પહેલી હરોળમાં સ્થાન મેળવ્યું છે. તેમણે એક બિંદુમાંથી સિંધુ પેદા કર્યો અને સાવ અસ્ત-વ્યસ્ત તથા ક્ષુલ્લક સામગ્રીમાંથી સ્વરાજ્યની ભવ્ય ઇમારત ઊભી કરી.

'તેમણે હિંદી લોકોને નવીન, જોશીલું, સ્વાવલંબી, રાષ્ટ્રીય વલણ આપ્યું અને તેમની રાજકીય આકાંક્ષાઓ જાગ્રત કરીને તેમ જ તેમની આગળ રાષ્ટ્રીય ધ્યેય મૂકીને તેમના મનમાં સ્વરાજ્ય મેળવવા માટે ચળવળ કરવાના નિશ્ચયનું બીજ વાવ્યું.'

## કપરું જેલજીવન

લોકમાન્ય ટિળક મહારાજને અંગ્રેજ સરકારે ત્રણ વાર કારાવાસમાં પૂર્યા હતા.

તે જમાનામાં રાજદ્વારી કેદીઓ પ્રત્યે પણ ચોર, ડાકૂ, ખૂની કેદીઓ જેવો જ વર્તાવ કરવામાં આવતો હતો. એટલે લોકમાન્યને કેટલી વિંટંબણા સહન કરવી પડી હશે એની કલ્પના જ કરવી રહી.

લોકમાન્યને પહેલો કારાવાસ કોલ્હાપુર પ્રકરણ અંગે ભોગવવો પડયો. કોલ્હાપુરના સગીર વારસદાર શિવાજીરાવની સામે ત્યાંના ખટપટી કારભારી બર્વેએ કાવતરું રચ્યું હતું, એને ઉઘાડું પાડવામાં 'કેસરી' અને 'મરાઠા'ના તંત્રીઓ ટિળક અને આગરકરે ખૂબ ખૂબ જહેમત ઉઠાવી હતી. લોકમત પણ તેઓની તરફેણમાં હતો. પરંતુ અંગ્રેજ સરકારની કૂટનીતિ આગળ તેઓ ફાવ્યા નહિ. ટિળક મહારાજ અને આગરકરને ૧૬મી જુલાઇ ૧૮૮૨ને રોજ ચાર મહિનાની સખત કેદની સજા ફરમાવવામાં આવી !

ટિળક મહારાજ અને આગરકરને મુંબઇની ડોંગરીની જેલમાં લઇ જવામાં આવ્યા. એક પત્રકાર અને પ્રજાના સેવક તરીકે પોતાની ફરજ બજાવ્યાનો

સંતોષ બંનેને હતો જ. પરંતુ ત્યાંનું જેલજીવન તેમને જરાયે માફક આવ્યું નહિ. ખાવાની વખતે જેલનો ખોરાક જોઇને તેમને અરુચિ થતી.

જેલના અરુચિકર, અસ્વચ્છ અને નીરસ ખોરાકને કારણે તેમ જ ત્યાંના વાતાવરણને લીધે ૧૦૧ દિવસમાં લોકમાન્યે ૨૪ રતલ અને આગરકરે ૧૬ રતલ વજન ગુમાવ્યું હતું !

ત્યાર બાદ ટિળક મહારાજની સામે અંગ્રેજ સરકારે ૧૮૯૭માં રાજદ્રોહનો પહેલો મુકદ્દમો ચલાવી તેમને જેલમાં પૂર્યા !

વાત એમ હતી કે, ૧૮૮૯માં ટિળક મહારાજ પહેલવહેલા રાજકારણમાં પડ્યા ને એક બાજુથી રાષ્ટ્રીય મહાસભા, પ્રાંતિક પરિષદ તથા સાર્વજનિક સભામાં અને બીજી બાજુથી ધારાસભા, મ્યુનિસિપાલિટી વગેરેમાં તેમણે પ્રવેશ કર્યો. અરજીઓ કે માગણીઓ પાછળ લોકસંગઠનની શકિત હોવી જોઇએ અને એ સંગઠન માટે સ્વાર્થત્યાગ તેમ જ હિંમતનું બળ જોઇએ, એ વિચારસરણી આપણા રાજકારણમાં દાખલ કરવાનો પ્રયત્ન તેમણે કર્યો.

એમાં વળી પ્લેગ વખતના હત્યાકાંડનો અને તે અંગેની 'કેસરી'ની ગર્જનાનો ઉમેરો થયો.

આથી ટિળક મહારાજ અંગ્રેજ સરકારને આંખમાં પડેલા કણાની માફક ખૂંચવા લાગ્યા, એટલે તે એમને ગિરફતાર કરી જેલમાં ધકેલી દેવા તત્પર થઇ.

સાવ નજીવા કારણસર ટિળક મહારાજ પર રાજદ્રોહનો આરોપ મૂકીને સરકારે લોકમાન્યને અઢાર મહિનાની સખત મજૂરીની સજા ફરમાવી !

જેલમાં લોકમાન્યના ખૂબ બેહાલ થયા. ડુંગળી વગેરે પ્રત્યે સૂગ હોવાથી તેમણે કેવળ લૂખો રોટલો ખાવો પડતો ! તેથી વજન ઝપાટાબંધ ઘટવા લાગ્યું. ૧૩૫ રતલ વજન હતું તે ઘટીને ૧૦૫ રતલ થઇ ગયું. જેલની ઓરડી અને પહેરવા માટે આપવામાં આવતાં કપડાં ગંદાં હતાં. તેથી પણ તેમની તબિયત પર માઠી અસર થવા લાગી. કાથીની દોરડી બનાવવાનું કામ તેમને આપવામાં આવેલું.

ત્યાર પછી લોકમાન્ય પર રાજદ્રોહનો બીજો મુકદ્દમો ચલાવવામાં આવ્યો. 'કેસરી'માં લખેલા એમના અમુક લેખોને કારણરૂપ ગણાવ્યા.

ટિળક મહારાજે પોતે જ પોતાનો કેસ રજૂ કરવાનું જણાવ્યું. તેમણે પોતે નિર્દોષ છે, એ સાબિત કરવા માટે ખૂબ મહેનત કરીને આખી રાત જાગીને ભાષણ તૈયાર કર્યું.

લોકમાન્યે જૂરીને ઉદ્દેશીને આપેલું એ ભાષણ કુલ સાડાચાર દિવસ એટલે ૨૧ કલાક અને ૧૦ મિનિટ ચાલ્યું હતું.

પરંતુ સરકારે તો એમને સજા ફટકારવાનું જ નક્કી કર્યું હતું. એટલે એમને ૭ વરસની કાળા પાણીની સજા અને એક હજાર રૂપિયા દંડ કરવામાં આવ્યો !

સજા મળતાં લોકમાન્ય ટિળક મહારાજે જે શબ્દો ઉચ્ચાર્યા હતા એ આપણા દેશની આઝાદીના ઈતિહાસમાં અમર થઈ ગયા છે. ટિળક મહારાજે ધીર ગંભીર અવાજે કહ્યું હતું :

'મારે ઝાઝું કશું કહેવાનું નથી. જૂરીએ ભલે મને દોષિત ઠરાવ્યો, પણ હું હજી ભારપૂર્વક કહું છું કે, હું નિર્દોષ છું.

'આ દુનિયાની બધી વસ્તુઓ પર આ ન્યાયાસનના કરતાં વધારે શ્રેષ્ઠ શકિતઓની હકૂમત ચાલે છે; અને પરમેશ્વરની કદાચ એવી ઈચ્છા હશે કે જે કાર્ય મેં માથે લીધું છે તે મારા છૂટા રહેવા કરતાં જેલમાં જઈને ત્યાંનાં દુ:ખો સહન કરવાથી વધારે આગળ વધશે.'

## માંડલેની જેલમાં

ટિળક મહારાજને કાળા પાણીની સજા માટે બ્રહ્મદેશમાં માંડલેની જેલમાં લઈ જવામાં આવ્યા.

ત્યાં લઈ જતી વખતે ગાડીમાં એમને સવારે રોટલો અને પાણી ખાવામાં આપવામાં આવ્યાં.

આ જોઈને એમની સાથે રહેલા અંગ્રેજ પોલીસ અમલદારે કહ્યું :

'મિ. ટિળક, તમારા જેવા મોટા વિદ્વાન માણસને આવી સ્થિતિમાં રહીને રોટલા ને પાણી ઉપર ગુજરાન ચલાવવું પડ્યું ને? એમાં તે શું સુખ છે?'

લોકમાન્યે રોટલો ખાતાં ખાતાં શાંતિથી કહ્યું :

'અરે, ફકત રોટલો પણ જેમને બે વખત પેટ ભરીને ખાવા મળતો નથી એવા મારા કરોડો દેશબાંધવો આ દેશમાં ભૂખે મરે છે! તો પછી મને આ રોટલાનો ટુકડો પણ મળે છે તે વધારે નથી શું !'

માંડલેની જેલમાં લોકમાન્યને આપેલી ઓરડી ૨૦ ફૂટ લાંબી ૧૨ ફૂટ પહોળી હતી. તેની આસપાસ કંપાઉન્ડ હતું. ઓરડીને પાંજરા જેવા સળિયા

હતા. દિવસે કંપાઉન્ડને તાળું મારવામાં આવતું અને રાતે એમને ઓરડીમાં પૂરીને તાળું મારવામાં આવતું.

ટિળક મહારાજે પોતાના એ દિવસનું વર્ણન કરતાં લખ્યું છે :

'મને પુસ્તકો ન મળત તો આ છ વરસ મેં કેવી રીતે પસાર કર્યાં હોત તે કહેવું મુશ્કેલ છે. પ્રચલિત રાજકારણનું કોઈ પણ પુસ્તક, સામાયિક કે છાપું મને મળતું નહિ...

'ભગવદ્‌ગીતા પર આજે જે ટીકા અને ભાષ્યો ઉપલબ્ધ છે, તેમાં ગીતાનું રહસ્ય યોગ્ય રીતે બતાવવામાં આવ્યું નથી એમ હું વરસોથી માનતો હતો. એ મારી માન્યતાને વ્યવસ્થિત સ્વરૂપ આપીને પાશ્ચાત્ય અને પૌર્વાત્ય તત્ત્વજ્ઞાનની તુલના કરીને મેં ગીતા પર એક ગ્રંથ લખ્યો છે...

'ગ્રંથલેખન ઉપરાંત મેં જેલમાં ફ્રેન્ચ, જર્મન અને પાલિ એ ત્રણ ભાષાઓનું પોતાના પ્રયત્નથી જેટલું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તેટલું કર્યું.

'ગણિત, વેદાંત, જ્યોતિષ વગેરે વિષયોના ચિંતનમાં કેટલોક કાળ મેં આપ્યો ને કેટલીક નોંધો તૈયાર કરી છે.

'જેલમાં મારી તબિયત એકંદરે ઠીક રહી કહેવાય. વરસમાં એકાદ વખત તાવ આવી જતો ખરો. કોઈ મોટી માંદગી આવી નથી. મધુપ્રમેહ માત્ર વધ્યો. વૃદ્ધાવસ્થાને કારણે મારા પાંચ–છ દાંત પડી ગયા. કાને ઓછું સંભળાવા લાગ્યું છે. આંખે પણ પૂરતું દેખાતું નથી...'

માંડલે જેલમાં લોકમાન્ય હતા, ત્યારે જ ૧૯૧૨માં તેમનાં ધર્મપત્નીનું અવસાન થયું !

ટિળક મહારાજને આ દુઃખદ સમાચાર તાર દ્વારા આપવામાં આવ્યા.

તારના જવાબમાં લોકમાન્યે પત્ર લખી જણાવ્યું :

'તમારો તાર મળ્યો. મનને ભારે આઘાત પહોંચ્યો. સંકટો આવે તો હું તે શાંતપણે સહન કરું છું એ સાચું. પણ સાચે જ, આ સમાચારથી મને ધરતીકંપના જેવો આંચકો લાગ્યો.

'આપણે હિંદુ લોકો રહ્યા. પતિની પહેલાં પત્ની ગુજરી ગઈ એ ઇષ્ટ જ થયું, એમ જ બધાં કહેશે. પણ તેના મૃત્યુ વખતે હું તેની પડખે ન હતો, એટલું જ નહિ પણ કારાવાસમાં છું એનું જ મને ઘણું દુઃખ થાય છે. પણ એ તો થવાનું જ હતું. ભવિતવ્યતાને કોણ શું કરી શકે? આ ધાસ્તી મને સતત લાગ્યા કરતી અને આખરે થયું પણ તેમ જ !

'પણ મારા દુઃખદાયક ગમગીનીના વિચારો લંબાવીને તમને વધુ દુઃખી કરવા નથી ઇચ્છતો. મારા જીવનનો એક ભાગ સમાપ્ત થયો; બીજો પણ હવે જલદી જ પૂરો થશે એમ લાગે છે.

'તેની ઉત્તરક્રિયા સાંગોપાંગ કરજો અને તેની ઇચ્છા હતી તે મુજબ તેનાં ફુલ પ્રયાગ કે કાશી લઇ જઇ ગંગામાં પધરાવજો. તેણે પોતાની જે કંઇ અંતિમ ઇચ્છાઓ વ્યક્ત કરી હોય તે અક્ષરેઅક્ષર પૂરી કરજો. હું ત્યાં નહિ તેથી છોકરાંઓને વિશેષ દુઃખ થયું હશે.... મારો તેમને સંદેશો કહેજો કે, આ દુઃખને કારણે ભણતર બગડવા ન દેશો... આવાં સંકટોથી માણસે સ્વાવલંબન જ વધુ શીખવું જોઇએ.'

વિદ્વત્વર્ય ડો. ભાંડારકરે યોગ્ય જ કહ્યું છે:

'ટિળકની જીવનયાત્રામાં તેમના પર જે સંકટો આવ્યાં તેના સોમા હિસ્સાનાં પણ આપણા પર આવી પડયાં હોત, તો આપણે કયાંના કયાં જઈને પડયા હોત!'

માંડલે જેલમાં લોકમાન્ય ટિળક મહારાજે લખેલા બૃહદ્ ગ્રંથ 'ગીતા-રહસ્ય' અંગે બનેલી એક ઘટના લોકમાન્યમાં રહેલી સ્વસ્થતાપૂર્ણ નિર્ભયતા અને પોતાનામાં રહેલા વિશ્વાસનું સારું ઉદાહરણ પૂરું પાડે છે.

લોકમાન્યને માંડલેની જેલમાંથી છોડવામાં આવ્યા, ત્યારે અંગ્રેજ સરકારે 'ગીતારહસ્ય'નું લખાણ એમની પાસેથી લઈ લીધું અને જણાવ્યું કે, 'બધું બરોબર જોઈ તપાસીને તમને આપવા જેવું લાગશે તો આપીશું.'

આ વાતને ઘણા બધા દિવસો પસાર થઇ ગયા. પરંતુ સરકારે 'ગીતારહસ્ય' પાછું આપ્યું નહિ!

એ જોઈને લોકમાન્યના ઘણા મિત્રો ચિંતા કરવા લાગ્યા. તેઓ ટિળક મહારાજને દુઃખભર્યા દિલે કહેવા લાગ્યા:

'આપનો આવો કીમતી ગ્રંથ સરકાર આપને પાછો નહિ સોંપે તો શું થશે? આપની આટલાં વર્ષોની ભારે મહેનત વ્યર્થ જશે! આટલો મોટો ગ્રંથ લખવો એ કંઇ જેવું તેવું કામ નથી. દુનિયાને આપના એ અભ્યાસપૂર્ણ અપૂર્વ ગ્રંથનો લાભ નહિ મળે!'

લોકમાન્ય ટિળક મહારાજે એ સાંભળીને સ્વસ્થતાથી કહ્યું:

'મારું ભેજું તો ઠેકાણે છે ને? એ મહિના સિંહગઢ પર રહીશ અને આખો ગ્રંથ જેવો ને તેવો ફરી લખી કાઢીશ.'

સદ્ભાગ્યે સરકારે એ ગ્રંથ ટિળક મહારાજને પાછો સોંપ્યો ખરો.

'ગીતારહસ્ય' ગ્રંથ જ્યારે પહેલી વાર છપાઈને પ્રસિદ્ધ થયો, ત્યારે એની ૭ હજાર નકલો, વ્યક્તિદીઠ એક જ નકલ આપવાનો નિયમ કર્યો હતો છતાં, એક અઠવાડિયામાં જ ખપી ગઈ હતી !

## લોકમાન્યની બહુવિધ પ્રતિભા

હવે આપણે કેટલાક પ્રસંગો દ્વારા લોકમાન્યની બહુવિધ પ્રતિભાનો થોડોક આસ્વાદ લઈએ.

માધવરાવ નામજોશી ટિળક મહારાજની સાથે ન્યૂ ઇંગ્લિશ સ્કૂલની શરૂઆત થઈ ત્યારથી કામ કરતા હતા. તે ટિળક મહારાજના મિત્ર અને સહકાર્યકર તરીકે છેવટ સુધી રહ્યા હતા. તેમનું આખું જીવન જાહેર સેવા પ્રવૃત્તિમાં જ પસાર થયું હતું અને તેમ કરતાં તેમણે પોતાનાં કુટુંબીજનો તરફ કશું ધ્યાન જ આપ્યું નહોતું. એટલે એમના ઘરની આર્થિક સ્થિતિ ખૂબ નબળી હતી.

નામજોશી ૧૮૯૫ ની શરૂમાં ખૂબ બીમાર પડ્યા અને એ માંદગી જીવલેણ નીવડી.

મરણને સામે ઊભેલું જોઈને પોતાનાં કુટુંબી-જનોનું શું થશે તેનો વિચાર નામજોશીના મનમાં ઘોળાવા લાગ્યો. તેથી તે પીડાતા જણાયા. તેમનો પ્રાણ રૂંધાવા લાગ્યો અને આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં !

ટિળક મહારાજ એમની પથારી પાસે જ ઊભા હતા. તેમણે નામજોશીને કહ્યું :

'માધવરાવ, તમારા કુટુંબની ચિંતા કરશો નહિ. હું તેમની સંભાળ લઈશ.' એમ કહેતાં કહેતાં ટિળક મહારાજે છાતી પર હાથ મૂક્યો.

નામજોશીને એ સાંભળીને નિરાંત વળી અને તેમણે શાંતિથી પ્રાણ છોડ્યા.

મૃત્યુશય્યા પર પડેલા મિત્રને આપેલું વચન ટિળક મહારાજે બહુ જ ચીવટપૂર્વક પાળ્યું. નામજોશીના કુટુંબનું ભરણપોષણ, છોકરાંઓની કેળવણી તેમ જ જનોઈ અને લગ્ન જેવા પ્રસંગો પણ ટિળકે પોતાને ખર્ચે પાર પાડ્યા હતા.

ટિળક મહારાજે પોતાના ભાણેજ અને વ્યવસ્થાપક શ્રી વિદ્વાંસને કાયમી સૂચના આપી રાખી હતી :

'ટિળક જેલમાં ગયા છે કે કાળા પાણીએ ગયા છે એમ મારા ઘરનાં

માણસો ભલે સમજે; પણ માધવરાવના કુટુંબને તો એમ જ લાગવું જોઇએ કે, ટિળક (પૂનામાં) ગાયકવાડ વાડામાં જ છે. એ વાત કદી ભુલાવી ન જોઈએ.'

*

રવીન્દ્રનાથ ઠાકુર પાસે એક દિવસ ટિળક મહારાજે એક ભાઈને મોકલ્યા અને કવિવરને એવી વિનંતી કરી કે, 'ટિળક મહારાજ આપને પચાસ હજાર રૂપિયા આપવા માગે છે અને એ પૈસાની મદદથી કવિવરે યુરોપના પ્રવાસે જવું.'

ટિળક મહારાજનો આવો સંદેશો સાંભળીને કવિવર રવીન્દ્રનાથ ઠાકુરને આશ્ચર્ય થયું. પરંતુ વિશેષ આશ્ચર્ય તો એ ભાઈએ આગળ વાત કરી ત્યારે તેમને થયું.

પેલા ભાઇએ આગળ વાત કરતાં કહ્યું :

'ટિળક મહારાજે ખાતરીપૂર્વક કહેવડાવ્યું છે કે, ટિળકના વિચારોનો પ્રચાર કરવામાં એ પ્રવાસનો ઉપયોગ કરવાનો નથી, એટલું જ નહિ પણ આપણા ભારતદેશ માટે તે વખતે ટિળક જે પ્રચારકાર્ય કરતા એ જ પ્રચારમાર્ગ કવિવર લેશે, તો ટિળક મહારાજને ગમશે નહિ, ઊલટા તે દુઃખી થશે. કવિવર પોતાનો સ્વધર્મ પાળે, અનુસરે અને પોતાના પ્રયત્ન દ્વારા તેઓ માનવસેવા કરે અને એ રીતે ભારતની સેવા કરે, એમ ટિળક મહારાજ ઇચ્છે છે.'

આ સાંભળીને કવિવરને ખૂબ જ આશ્ચર્ય થયું. આ પ્રસંગને વર્ણવતાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે કહ્યું છે :

'એ ભાઇની વાત સાંભળીને મને લાગ્યું કે, મારા દેશજનો પાસેથી મને જે માન મળ્યું છે તેમાં સૌના કરતાં સર્વોચ્ચ માન મને ટિળકે કરેલી આ સૂચનામાં રહેલું છે.

'આ માનને હું પાત્ર છું કે નહિ એ હું નથી જાણતો, પરંતુ મારા મન ઉપર ખૂબ ઊંડી અસર કરનાર ટિળકની મહાન પ્રતિભાનાં આ સૂચનામાં મને દર્શન થયાં.

'પદ્ધતિ કરતાં સત્યમાં ટિળકને વધુ શ્રદ્ધા હતી. હિંદના ભાવિની પૂર્ણતાનો તેમનો આદર્શ વિશાળ હતો અને તેથી સ્વપ્નોના આલેખક સ્વપ્ન–દ્રષ્ટાને માટે તેમ જ સંગીત સર્જકને માટે પણ તેમાં પૂરતો અવકાશ હતો. સ્વાતંત્ર્યને અનેકવિધ પાસાં હતાં એ ટિળક જાણતા હતા. તેથી જે વ્યક્તિઓને વિશિષ્ટ શક્તિઓની કુદરતી ભેટ મળી હતી તેઓને પૂરેપૂરો અવકાશ આપીને અને અનેક દિશામાં ખુલ્લા થતા માર્ગોએ શક્તિને પ્રસારવા દઇને તેનો સાક્ષાત્કાર કરવા દેવો જોઇએ એમ તેઓ માનતા હતા.'

*

એક વાર મુંબઇમાં વિદ્વાનોની એક સભા ભરવામાં આવી હતી. આપણા દેશના મોટા મોટા વિદ્વાનો ત્યાં ભેગા થયા હતા.

એ સભામાં લોકમાન્ય ટિળક મહારાજે 'ખાલ્ડિયન સંસ્કૃતિ' વિષે તેમ જ હિંદ અને ઇરાનની સંસ્કૃતિ વચ્ચે કેટલું મળતાપણું છે એ અંગે પોતાના વિચારો દર્શાવ્યા.

લોકમાન્યનું આ વ્યાખ્યાન અભ્યાસપૂર્ણ અને વિચારવાલાયક હતું. બધા વિદ્વાનો એમની આવી અજબ શક્તિ જોઇને તેમ જ ઇતિહાસ વગેરે અઘરા વિષયો પરની આવી ભારે પકડ જોઇને મુગ્ધ બની ગયા.

થોડી વાર પછી સભા પૂરી થઇ.

સભાના પ્રમુખ લોકમાન્યની સાથે સભામાંથી બહાર નીકળતાં નીકળતાં બોલ્યા :

'મિ. ટિળક, ખરેખર તમારું વ્યાખ્યાન અદ્ભુત હતું. પણ મને એક વાતનું ભારે દુઃખ થાય છે કે, તમે તમારી આ શક્તિને નકામી વેડફી રહ્યા છો ! જો તમે ઇતિહાસ વગેરેના સંશોધનના કામમાં પડશો, તો મને ખાતરી છે કે, તમે તમારી આ શક્તિનો સારો ઉપયોગ કરી શકશો અને આખી દુનિયામાં તમે ખ્યાતિ પામી શકશો. તમારા વિચારોની યોગ્ય કદર પણ થશે. માટે મારી તો તમને ખાસ ભલામણ છે કે, રાજકારણના કાદવમાં પડી ખરડાવાને બદલે, તમારી બુદ્ધિનો દુરુપયોગ કરવાને બદલે, તમારી શક્તિને લાયક એવું કામ ઉપાડી લો. તમે જરૂર એ રીતે દુનિયામાં નામના મેળવશો.'

પ્રમુખ સાહેબનાં આવાં લાગણીભર્યાં વચનો સાંભળીને લોકમાન્ય ઊંડાણમાંથી બોલતા હોય એમ કહેવા લાગ્યા :

'હિંદ કંઇ વંધ્યા નથી ! એકવાર દેશને આઝાદ તો થવા દો, પછી મારા જેવા હજારો વિદ્વાનો પાકશે. આજે દેશ ગુલામીની જંજીરોમાં જકડાયેલો છે. આજે દરેક જણે પોતાની શક્તિ તેમ જ પોતાનું સર્વસ્વ સ્વરાજ્ય મેળવવા માટે સ્વાતંત્ર્ય-યજ્ઞમાં હોમી દેવું જોઇએ.'

*

એક વાર લોકમાન્ય ટિળક મહારાજ તળેગાંવમાં આવેલાં કાચના કારખાનાની તેમ જ શ્રી સમર્થ વિદ્યાલયની મુલાકાતે ગયા હતા.

ત્યાં ઘણા વિદ્વાનો તેમને મળવા આવ્યા હતા. રાષ્ટ્રીય શિક્ષણ વિષે એ વિદ્વાનો અને લોકમાન્ય વચ્ચે વિચારોની આપલે થવા લાગી. વાતનો રસ બરોબર જામતો જતો હતો.

એવામાં લોકમાન્યને જવાનો વખત થયો, એટલે તે વાતચીત સમેટવા લાગ્યા.

વિદ્વાનોને તો લોકમાન્યના શિક્ષણ અંગેના ક્રાંતિકારી વિચારોમાં ખૂબ રસ પડવા લાગ્યો હતો. શિક્ષણની નવી જ દિશાનું તે લોકોને એમાં દર્શન થતું હતું. તેથી તેઓને આ શાનું રુચે ? એટલે એક વિદ્વાને લોકમાન્યને કહ્યું :

'આપ અમસ્તી ઉતાવળ કરો છો ! ગાડીને આવવાની તો હજી ઘણી વાર છે. ધારો કે, ગાડીનો વખત પણ થઈ જાય અને આપ અહીંથી સ્ટેશને જવા નીકળો, તોયે આપને સહેલાઈથી ગાડી મળશે. કારણ કે ગાડી ઘણું કરીને દરરોજ મોડી હોય છે. આજે પણ હું ખાતરીથી કહું છું કે, ગાડી મોડી છે. મારી આ વાતનો અનુભવ કરી જુઓ અને આપ નિરાંતે આપની વાતચીત ચાલુ રાખો.'

આ સાંભળીને લોકમાન્ય બોલી ઊઠ્યા :

'ઋષિને પોતાનું રોજનું કર્તવ્યકર્મ ન ચૂકવા દેવા સારુ સૂર્યચંદ્ર સુદ્ધાં થોભી જાય એમ તમે કહેવા માગો છો ? એવી કથા ઉપર કેટલો વિશ્વાસ રાખવો એની ચર્ચા અત્યારે હું કરવા બેસતો નથી. પણ મારે માટે ગાડી મોડી થાય અને દૈવ મારા પર ઉપકાર કરે, એ વાત જ મને માન્ય નથી. ગાડી વખતસર આવે કે મોડી આવે, તો પણ હું તો વખતસર જ સ્ટેશને જઈને બેસવાનો અને ગાડી પકડવાનો. હું પ્રયત્નવાદી છું. દૈવનો ઉપકાર મારે જોઈતો નથી !'

એમ કહીને લોકમાન્ય સ્ટેશને જવા તૈયાર થયા.

*

એક વાર એક ગ્રેજ્યુએટ યુવાન લોકમાન્યને મળવા આવ્યો. તેણે એમને પૂછ્યું:

'સ્વદેશસેવા કરવાની મારી ઇચ્છા છે. તો મારે કયું કાર્ય હાથ ધરવું જોઈએ ?'

ટિળક મહારાજે કહ્યું :

'બી. એ. સુધી શિક્ષણ લીધા પછી જેને દેશસેવાનું એક પણ કામ પોતાની બુદ્ધિથી શોધી કાઢતાં આવડતું નથી તેને હું શું કહું અને શું શીખવું ?

'સરકારી શિક્ષણે આપણું નુકસાન કર્યું છે તે આ જ. મોટાં મોટાં ઢગલાબંધ પુસ્તકો વાંચ્યા પછી છેવટે આપણે તો કોરા ને કોરા જ રહ્યા !

'દેશની દુર્દશાભરી સ્થિતિ તરફ ખરી રીતે આપણું ધ્યાન જ જતું નથી. ગયું હોય તો તેને બરોબર સમજતાં આવડતું નથી. એકાદ કોઈ ઉપાય સૂઝે તો તેને અમલમાં મૂકવાની હિંમત હોતી નથી. અને હિંમત હોય, તો તેને

એનો યોગ્ય રીતે માર્ગ કાઢતાં આવડતો નથી. આટલી વિદ્યા મેળવ્યા પછી પણ દેશકલ્યાણની અનેક બાબતોમાંથી એક પણ બાબત આપણી નજરે ચડતી નથી, તો એ વિદ્યા લીધી ન લીધી એ સરખું જ છે.

'વિદ્યા–શિક્ષણ–નિમિત્તે સરકારે આપણા દેશનું અંતઃકરણ કચડી નાખ્યું છે. દેશનું શરીર મરી ગયું છે તેનું મને એટલું બધું દુઃખ લાગતું નથી; પણ દેશનું મન મરી ગયેલું જોઇને મને અતિશય દુઃખ થાય છે!

'મન જીવતું હોય તો શરીરમાં ગમે ત્યારે પણ પ્રાણનો સંચાર થઇ શકે. પરંતુ મન મર્યા પછી શું થઇ શકે? વિદ્વાન ગણાતા લોકોને દેશકાર્યની દિશા સૂઝતી નથી એનો ચોખ્ખો અર્થ એ જ કે તેનું મન મરી ગયું છે.

'હું અને મારા મિત્ર આગરકર શાસ્ત્રીબુવા ચિપલુણકરને મળવા ગયા હતા, ત્યારે તેમણે અમને એવો જ જવાબ આપ્યો હતો.

'શાસ્ત્રીબુવાએ અમને બંનેને 'કેસરી' અને 'મરાઠા'માં લખવાનું શરૂ કરો, એમ સૂચવ્યું. ત્યારે "અમને લખતાં નથી આવડતું" એમ અમે તેમને કહ્યું.

'તરત જ એકાએક એમના ઉદ્‌ગારો નીકળ્યા, "દેશને માટે તમારું અંતઃકરણ તો બળે છે ને!" આવો તેમનો સવાલ પુછાતાં અમે "હા" કહી.

'એટલે શાસ્ત્રીબુવા બોલી ઊઠયા, "તો પછી તમને લખતાં આવડવું જ જોઇએ. ઉત્કટ લાગણી કે ઉત્કટ ભાવમાંથી શબ્દો જન્મે છે. શબ્દમાંથી ભાવ ઉત્પન્ન થતો નથી. તમારા હૃદયમાં ઉત્કટ ભાવ કે સંવેદન જો હોય તો તમને વાચા ફૂટવી જ જોઇએ."

'આવી રીતે શાસ્ત્રીબુવાએ આવેશભરી, ઉષ્માભરી વાણીમાં અમને જે કહ્યું હતું તે જ હું તમને કહું છું. તમારા અંતઃકરણમાં સ્વદેશકલ્યાણ માટેની તાલાવેલી રાતદિવસ ચાલે છે ખરી? જો તમારા હૃદયમાં એવી ઉત્કટતા હોય, તો દેશકાર્ય અને દેશસેવાનો માર્ગ આજ કે કાલ તમને મળવાનો જ.

'તમારા હૃદયમાં એવી તાલાવેલી જાગી નહિ હોય, તો તમે ગમે તેટલાં ફાંફાં મારશો તોય તમને તેનો ઉપાય સૂઝશે નહિ. ઉછીનો લીધેલો કાર્યમાર્ગ નકામો છે.'

*

એક વાર લોકમાન્ય તળેગાંવ ગયા હતા. ત્યાં તેઓ એક વકીલને ઘેર ઊતર્યા હતા.

ટિળક મહારાજ નાહવા જવાની તૈયારી કરતા હતા. એટલામાં એક ગરીબ પણ જિજ્ઞાસુ ખેડૂત ત્યાં આવ્યો.

એ ખેડૂતે પોતાના મનમાં ઘોળાતી વાત લોકમાન્ય આગળ રજૂ કરતાં કહ્યું :

'આ સ્વરાજ્ય એટલે શું ? અને તેની હોમરૂલ... એટલે શું છે ?'

લોકમાન્યના યજમાન વકીલ સાહેબ ત્યાં ઊભેલા હતા. એમને થયું કે, ટિળક મહારાજ થાકેલાપાકેલા ગાડીએથી હમણાં જ આવ્યા છે. હજી તેઓ સ્નાન કરવાના અને જમવાના બાકી છે. વળી બીજાં પણ કેટલાંય મહત્ત્વનાં કામ એમની આગળ ઊભાં જ છે. આવા તો ઘણા માણસો કામધંધા વિનાના આવ્યા કરે અને જે તે વાહિયાત સવાલો પૂછ્યા કરે. એ બધાંની સાથે લોકમાન્ય માથાફોડ કરવા બેસે, તો પાર જ ન આવે.

એમ વિચારીને વકીલ સાહેબે પેલા ખેડૂતને કહ્યું : 'આજે સાંજે લોકમાન્યનું જાહેર વ્યાખ્યાન છે ત્યાં આવજે. અત્યારે તું જા. સાંજના વ્યાખ્યાનમાં આ બધું કહેવામાં આવશે.'

લોકમાન્યને આ ન રુચ્યું. તેમણે તરત જ પેલા ખેડૂતને પ્રેમથી પોતાની પાસે બેસાડયો અને સીધી સાદી ભાષામાં કહેવા માંડયું :

'સ્વરાજ્ય એટલે બીજું કાંઇ નહિ. પોતાના ઘરનો કારભાર પોતે સંભાળે એનું નામ સ્વરાજ્ય. તું જેમ તારા પોતાનો ઘરનો કારભાર કરે છે, તેમ અમે પણ કહીએ છીએ કે અમારા ઘરનો–દેશનો કારભાર અમને સંભાળવા દો; અને રાજ્યકર્તાઓ એટલે સરકાર કહે છે કે, 'તમે હજી નાદાન છો. એ માટે લાયક નથી થયા.' આને લીધે જ આ બધો ઝઘડો છે.

'ધારો કે એક ગૃહસ્થ મરી ગયો. એને પંદર સોળ વરસનો દીકરો છે અને તે બુદ્ધિમાન હોવાથી જરા હોંશિયાર છે. હવે બાપના વખતથી તેના ઘરમાં એક નોકર હતો. ઘરમાં કોઇ મોટું માણસ ન હોવાને લીધે એનું ખૂબ ચલણ હતું.

'બાપના વખતનો એક ઉત્તમ ઘોડો ઘરમાં હતો. દીકરાએ પેલા નોકરને કહ્યું કે, હવે હું મોટો થયો છું. મને ઘોડા પર બેસીને બહાર જવા દે. નોકરસાહેબ કહે છે કે, હજી તું નાનો છે, પહેલાં એક પેંગડામાં પગ ઘાલતાં શીખ દસ વરસ પછી તારી પરીક્ષા લઇશ. ત્યારબાદ તને બીજા પેંગડામાં પગ ઘાલવાની રજા આપીશ. પણ ઘોડાની લગામ તો હું મારા કબજામાં જ રાખીશ.

દીકરે કહ્યું, પહેલાં મારા હાથમાં લગામ આપ, પછી પગ પેંગડામાં ઘાલવાનું કે ઘોડા ઉપર બેસવાનું હું જોઇ લઇશ.

'એ જ પ્રમાણે અમે પણ સરકારને કહીએ છીએ કે, અમારા દેશની પેદાશ ઉપર અમારો કાબૂ અમને જોઈએ છે, અને સરકાર કહે છે કે, લોકલ-બોર્ડ લો, મ્યુનિસિપાલિટી સંભાળો. કાઉન્સિલમાં બેસવાની સત્તા લો, અને એ બધામાં તમે લાયક ઠરશો તો ધીમે ધીમે તમને વધારે હક આપીશું. આનું નામ સ્વરાજ્યની હપ્તાબંધી.'

આ સાંભળીને પેલા ખેડૂતને સંતોષ થયો અને તે ટિળક મહારાજને ભાવભર્યા પ્રણામ કરીને ત્યાંથી વિદાય થયો.

એ ખેડૂતના ગયા પછી ટિળક મહારાજ બોલ્યા :

'જિજ્ઞાસુની જિજ્ઞાસા તૃપ્ત ન કરવી અને તેનો અનાદર કરવો એ પાપ છે, એમ હું સમજું છું.'

## અંતિમ વિદાય

માંડલે જેલમાંથી છૂટી આવ્યા પછી ટિળક મહારાજની શકિત ધીમે ધીમે ક્ષીણ થતી જતી હતી. ૧૯૨૦ની સાલના જુલાઇ માસમાં તેઓ મુંબઇ 'સરદારગૃહ'-માં હતા તે વખતે તેમને તાવ જેવું રહેતું હતું.

૨૩મી જુલાઈને દિવસે લોકમાન્યની ૬૪મી વરસગાંઠ હતી. તેથી આખા દેશમાંથી તેમના પર અભિનંદનોની વૃષ્ટિ થઈ.

૨૬મીએ જમણા ફેફસા પર શરદીની અસર જણાઈ અને ન્યૂમોનિયા છે એમ દાક્તરોએ નિદાન કર્યું.

૨૭મીએ તબિયત ચિંતાજનક હતી, છતાં મગજ પર કોઇ અસર થઈ ન હતી અને તેઓ પૂરેપૂરા ભાનમાં હતા :

પણ ધીમે ધીમે તેમની તબિયત નાજુક થતી ચાલી.

શુક્રવારે અને શનિવારે લોકમાન્ય બેભાન સ્થિતિમાં રહ્યા. બેભાન અવસ્થામાં તેઓ કંઇનું કંઇ બોલ્યા કરતા હતા.

તા. ૨૯મીએ બપોરે લોકમાન્ય ટિળક મહારાજે કાઢેલા ઉદ્દગારો તેમના છેવટના મહત્ત્વના સનાતન શબ્દો હતા.

'સ્વરાજ્ય મળ્યા વિના હિંદુસ્તાનને બરકત આવવાની નથી. આપણું અસ્તિત્વ ટકાવી રાખવા માટેય તેની જરૂર છે.'

છેવટે મધ્યરાત્રિએ ૧૨–૩૦ વાગ્યે એટલે ૧ લી ઑગસ્ટ ૧૯૨૦ને રોજ લોકમાન્ય ટિળક મહારાજે દેહ છોડયો.

આ દુઃખદ સમાચાર દુનિયાભરમાં વાયુ વેગે ફેલાઇ ગયા. દેશના ખૂણે ખૂણેથી લોકો મુંબઇ ભણી શોકાતુર બની લોકમાન્ય ટિળક મહારાજનાં અંતિમ દર્શન કરવા ઊમટી આવ્યા.

મહાત્મા ગાંધીજી વગેરે પણ મુંબઇ પહોંચી ગયા.

ટિળક મહારાજ બ્રાહ્મણ હતા. તેથી બ્રાહ્મણોએ જ તેમને સ્મશાને લઇ જવા જોઇએ, એમ તેમના કેટલાક સગાંસંબંધીઓ કહેવા લાગ્યા.

અને જ્યારે ગાંધીજીએ આવીને લોકમાન્યની પાલખી--નનામી ઉપાડવા માટે તેઓ નીચા વળ્યા, ત્યારે કોકે એમને ટોકયા પણ ખરા !

એટલે ગાંધીજી થોડા વખત ઊભા રહ્યા અને પછી બોલ્યા :

'જાહેર સેવકોને ન્યાતજાત હોતી નથી.'

અને ફરીથી ગાંધીજી નીચા નમ્યા અને પાલખીનો એક છેડો તેમણે ઉપાડયો.

અને તેમના પછી મૌલાના શૌકતઅલી, ડૉ. કિચલુ, જવાહરલાલ નેહરુ વગેરે પણ જોડાયા.

મુંબઈની ચોપાટીના વિસ્તીર્ણ દરિયાકિનારે લોકમાન્ય ટિળક મહારાજના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

લોકમાન્યના સ્વર્ગવાસ વખતે મહાત્મા ગાંધીજીએ જે ભવ્ય અંજલિ આપી હતી એ લોકમાન્યની મહત્તા સમજવા માટે પૂરતી છે.

ગાંધીજીએ ૮ મી ઑગસ્ટ ૧૯૨૦ના 'નવજીવન'માં લોકમાન્યને શ્રદ્ધાંજલિ આપતાં લખ્યું છે :

'લોકમાન્ય તો એક જ હતા. રાજાએ આપેલા ઇલકાબ કરતાં લાખ ગણી કિંમત ટિળક મહારાજને લોકોએ આપેલા ઇલકાબની હતી, એ દેશે સાબિત કરી આપ્યું છે. આખું મુંબઇ લોકમાન્યને વળાવવા રવિવારે નીકળી ગયેલું હતું, એમ કહેવામાં અતિશયોકિત નહિ ગણાય.

'આવું મૃત્યુ આજ લગી આ જમાનામાં કોઇ લોકનાયકને ભાગે નથી આવ્યું. દાદાભાઈ ગયા, ફિરોઝશાહ મહેતા ગયા, ગોખલે પણ ગયા. બધાની પાછળ હજારો સ્મશાને ગયા હતા; પણ ટિળકે અવધિ વાળી ! તેમની પાછળ તો આખું જગત ગયું. મુંબઇ રવિવારે ઘેલું થઇ ગયું હતું.

'લોકમાન્યનો હિંદુસ્તાન પરનો પ્રેમ મર્યાદારહિત હતો, તેથી લોકપ્રેમ પણ મર્યાદારહિત હતો. સ્વરાજ્યનો મંત્ર જેટલે દરજ્જે તેમણે જપ્યો તેટલે દરજ્જે બીજા કોઈએ નથી જપ્યો.

'સ્વરાજ્યને સારુ હિંદ હવે લાયક થશે એમ જ્યારે બીજાઓએ અંતઃકરણપૂર્વક માન્યું, ત્યારે લોકમાન્યે અંતઃકરણપૂર્વક માન્યું કે હિંદ આજે જ તૈયાર છે. આ માન્યતાએ લોકોનાં મન હરી લીધાં.

'એમ માનીને તેઓ બેસી ન રહ્યા, પણ તેનો અમલ આખી જિંદગીભર કર્યા કર્યો. તેથી પ્રજામાં એક નવો જુસ્સો પેદા થયો. સ્વરાજ્ય મેળવવાની પોતાની અધીરાઇનો ચેપ તેમણે પ્રજાને લગાડયો, ને જેમ તે લાગતો ગયો તેમ પ્રજા તેમની તરફ દોરવાતી ગઈ.

'પોતાની ઉપર ગમે તે જોખમો આવ્યાં, ગમે તેટલાં દુઃખ પડયાં, પણ આ મંત્રનું રટણ તો તેમણે છોડયું જ નહિ. એમ તેઓ કઠિન પરીક્ષામાં પણ પસાર થયા. તેથી પ્રજાને તેમની ઉપર ભારે વિશ્વાસ બેઠો ને તેમનું વચન કાયદો ગણાયું.

'આવું મહાન જીવન દેહ જતાં પૂરું થતું જ નથી. દેહ જતાં તો શરૂઆત થાય છે...

'જેણે પોતાની કાર્યરેખા ઘડી લીધી છે, જેણે તે પ્રમાણે પિસ્તાળીસ વર્ષ સુધી અમલ કર્યો છે, જેણે પોતાના દેહને દેશસેવામાં જ નિચોવી નાખ્યો છે, તે પોતાના દેહનો ત્યાગ કરી ભુલાતા નથી; મરતા નથી. તેથી લોકમાન્ય ટિળક મરીને પણ આપણને જીવવાનો મંત્ર આપી ગયા છે એમ માનીએ.'

# રાજેન્દ્રપ્રસાદજી

'ગંગાની પવિત્ર ધારા પોતાના પ્રવાહમાં વહેતી ચાલી જાય છે. વચમાં વચમાં શ્રદ્ધાળુ લોકો તેમાંથી પોતાના હિતને સારુ થોડું થોડું પાણી લઈ લે છે. જેની જેટલી શકિત તેટલું પાણી તે લે છે. કોઈ હરિદ્વારની પાસેથી જ નહેર ખોદીને સેંકડો ગાઉ સુધી પાણીનો પ્રવાહ જુદો પાડી વાળી લઈને કરોડો વીઘા જમીનને આપી તે પ્રવાહને જનતા જનાર્દનની સેવામાં યોજે છે. બીજો અભાગી જીવ વળી ગંગાને કિનારે રહેતો હોવા છતાં ગંગાના પાણીમાં સ્નાન વગેરે કરી પોતાને પાવન કરવાનું ચૂકી જાય છે. નાનામોટા લોકો પોતપોતાની શકિત પ્રમાણે મોટા ઘડામાં અથવા નાનકડી લોટીમાં એ પવિત્ર પાણી લઈ શકે છે. ગંગા તો વહેતી ચાલી જાય છે અને જ્યાં જ્યાં તેનો પ્રવાહ પહોંચે છે ત્યાંની ધરતી ઉર્વરા તેમ જ ફળદ્રુપ બને છે.

'મહાત્મા ગાંધી રૂપી પાવન ગંગામાંથી જેની જેટલી શક્તિ અને જેનું જેટલું પુણ્ય તેટલું તેણે લીધું. મને એમ લેવાનું સૌભાગ્ય ન મળ્યું હોય તો તે મારું દુર્ભાગ્ય ગણાય!'

સરળતા અને નમ્રતાની મૂર્તિ સમા, આપણા સ્વાતંત્ર ભારત દેશના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદજીનું જીવન જોતાં તેમને ખરેખર મહાત્મા ગાંધીજી રૂપી પવિત્ર ગંગાના સમાગમથી પોતાના જીવનને સંમાર્જિત કરવાનો લહાવો મળ્યો હતો ખરો, એ જણાયા વિના રહેતું નથી. સને ૧૯૦૫માં બંગભંગના જમાનાથી જ રાજેન્દ્રબાબુ જેવા તેજસ્વી યુવાનોને દેશભક્તિનો રંગ લાગવા માંડેલો. ત્યારથી માંડીને તેઓ પોતાના જીવનમાં ડગલે ને પગલે એ દિશામાં આગળ ને આગળ વધતા ગયા. સને ૧૯૧૭માં ચંપારણ સત્યાગ્રહ વખતે એમણે મહાત્મા ગાંધીજીને પગલે ચાલીને ફકીરી અપનાવી હતી.

આવા આપણા પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદનું પ્રતિભાશાળી જીવન આજના યુવાનોને પ્રેરણાદાયી થઈ પડે એવું છે.

## જન્મ અને બાળપણ

રાજેન્દ્રબાબુના પિતા બિહારના સારન જિલ્લાના જીરાદેઈ ગામમાં રહેતા

હતા. પિતાનું નામ હતું મહાદેવ સહાય. મહાદેવ સહાયના પિતા મિશ્રીલાલજી નાની ઉંમરે ગુજરી ગયા હતા. એટલે મિશ્રીલાલજીના ભાઈ ચૌધુરલાલજીએ મહાદેવ સહાયને પોતાના દીકરાની જેમ જ રાખ્યા હતા. રાજેન્દ્રબાબુ વગેરે ચૌધુરલાલજીને પોતાના 'દાદાજી' તરીકે જ ગણતા.

રાજેન્દ્રબાબુનો જન્મ જીરાદેઇમાં ઇ. સ. ૧૮૮૪ની ત્રીજી ડિસેમ્બરને રોજ થયો હતો.

રાજેન્દ્રબાબુ બધાં ભાઈબહેનોમાં સૌથી નાના હતા. ત્રણ બહેનો અને એક ભાઈ તેમનાથી મોટાં હતાં.

હથુઆ રાજમાં દાદા ચૌધુરલાલજીએ સારી નામના મેળવી હતી. તે લાંબા સમય સુધી રાજના દીવાન હતા. એ દિવસોમાં મહારાજ છત્રધારી સાહી ગાદીએ હતા. તેમણે મરતી વખતે પોતાના પૌત્રને ગાદીનો વારસ તરીકે જાહેર કર્યો અને એના રક્ષણનો ભાર ચૌધુરલાલજી ઉપર નાખ્યો. મહારાજના મરણ પછી નાનકડા કુમારને માથે અનેક મુશ્કેલીઓ આવી. કહેવાય છે કે, કુમારની રક્ષાને માટે ચૌધુરલાલજી એના ખાટલાની પાસે જ સૂતા અને એના ખાવા-પીવામાં ઝેર ન હોય એની ખાતરી કરવા કુમારનું ખાવાપીવાનું પોતે ચાખતા.

ચૌધુરલાલજી દાદાએ રાજેન્દ્રબાબુના પિતા અને કાકાની કેળવણીનો સારો પ્રબંધ કર્યો હતો. તે જમાનામાં ફારસીનું જ શિક્ષણ અપાતું. હજી અંગ્રેજીનું શિક્ષણ શરૂ થયું નહોતું.

પિતા મહાદેવપ્રસાદજીને વાડી કરવાનો ભારે શોખ હતો. આજે પણ એમણે રોપેલા આંબાની બે મોટી વાડીઓ છે. તેઓ ફારસીના વિદ્વાન હતા અને સંસ્કૃત પણ સારું જાણતા. આયુર્વેદ અને યુનાની વૈદાનો એમણે ઠીક અભ્યાસ કર્યો હતો. ઘણા બધા ગરીબો એમની પાસે દવા લેવા આવતા અને સાજા થઈ જતા. એમનું શરીર કસાયેલું હતું. નાનપણમાં એમણે અખાડામાં કસરત કરેલી. તેઓ ઘોડેસવારી પણ સારી જાણતા.

એમણે રાજેન્દ્રબાબુ અને મોટાભાઈને પણ ઘોડેસવારી કરતાં શીખવ્યું હતું. કૉલેજનું ભણતર પૂરું થયું ત્યાં સુધી બંને ભાઈઓ ગામઠી રમતો પણ બહુ રમતા. રાજેન્દ્રબાબુ ઝાડ ઉપર ચડતાં ડરતા હતા. એટલે તે કદી આંબલી-પીપળી રમી ન શક્યા.

પિતાજી ઉદાર દિલના હતા. એક વાર ચૌધુરલાલજીને કોઈકે સમજાવ્યું કે, તમે જીવતા હો એ દરમિયાન બધાંને ભાગ વહેંચી આપો તો સારું. ચૌધુર-લાલજીએ પોતાના સગા દીકરાનાં વિધવા પત્ની અને દીકરી ચંદ્રમુખીને ઘણું

બધું આપી દીધું. તેમણે પોતાના ભાઈના દીકરા મહાદેવને—એટલે કે રાજેન્દ્રબાબુના પિતાને—આ વાત કહી નહિ. પણ જ્યારે વસિયતનામું તૈયાર થઈ ગયું, ત્યારે ચૌધુરલાલજીએ મહાદેવપ્રસાદને એ વસિયતનામા ઉપર સહી કરવા કહ્યું. કોઈએ દાદાજીને ભરમાવેલા કે, મહાદેવ આ બાબતમાં વાંધો લેશે અને ઝઘડો ઊભો કરશે. એટલે દાદાજીએ એની સામે કમર કસીને એમને સહી કરવાનો હુકમ જ કર્યો.

મહાદેવે સહજ ભાવે કહ્યું: 'આપની આજ્ઞા શિરોધાર્ય છે. આપે જ આ બધું પેદા કર્યું છે. મારા બાપુજીના અવસાન પછી આપે મને પાળ્યો પોષ્યો એનું ઋણ હું કદી ભૂલીશ નહિ. આપ બધુંય ચંદ્રમુખીબહેનને આપી દો તોપણ મને વાંધો નથી. મારે માટે ધન તો આ બે દીકરાઓ છે.'

આ સાંભળીને ચૌધરલાલજી દાદા પોતાની ભૂલ માટે રડી પડ્યા હતા.

બા અને દાદીમા નાનકડા બાળક રાજેન્દ્ર પર બહુ વહાલ રાખતાં. રાજેન્દ્રને વહેલા સૂઈ જવાની ટેવ હતી. તેથી સવારમાં પણ તે બહુ વહેલો ઊઠી જતો. ત્યાર પછી તે બાને પણ ઊંઘવા દેતો નહિ. બા જાગીને પરભાતિયાં ગાઈ સંભળાવતી કે કોઈ વાર રામાયણની કથા કહેતી.

રાજેન્દ્ર રાતે એટલો વહેલો સૂઈ જતો કે તેણે ભાગ્યે જ કોઈ દિવસ જાગતાં વાળુ કર્યું હશે. ઘેર જમવાનું એટલું મોડું થતું કે, બાળકો તો શું ઘરડાંય એક ઊંઘ કાઢીને ઊઠી શકે! પહેલાં ઘરના પુરુષો જમતા, પછી સ્ત્રીઓ જમતી અને તે પછી નોકરો જમતા. ઉનાળામાં તો નોકરો જમી પરવારે ત્યારે ક્યારેક સવાર થઈ જતું!

રાતે બા બાળક રાજેન્દ્રને ઢંઢોળીને જગાડતી, મેનાપોપટની વાતો કહી બા એનું મોં ઉઘડાવતી ને એમાં કોળિયા મૂકતી. પાંચમા ધોરણમાં તે આવ્યો ત્યાં સુધી ભાગ્યે જ કોઈ રાતે તેણે પોતાને હાથે વાળુ કર્યું હશે.

મોટપણે રાજેન્દ્રબાબુ વકીલાત કરતા, ત્યારે પણ વહેલા સૂઈ જવાની ટેવ ચાલુ જ રહી હતી. સાત આઠ વાગે ત્યાં તે અસીલોની હાજરીમાં જ ઝોલાં ખાવા લાગતા ને એમને કામ બંધ કરવું પડતું.

૧૯૧૪–૧૫માં રાજેન્દ્રબાબુ એમ. એ. ની પરીક્ષા માટે તૈયારી કરતા હતા. દિવસે વકીલાત કરતા અને સાંજે લૉ કૉલેજમાં ભણાવતા. એટલે એમ. એ. ની પરીક્ષા માટે વાંચવા રાતનો જ વખત રહેતો. પણ રાજેન્દ્રબાબુ વાંચવા બેસે કે ઊંઘ આવે. તેમણે વિચાર કર્યો, 'આવી તૈયારીએ પાસ નહિ થવાય. ઊંઘને ભગાડવી જ જોઈએ.' એટલે તેમણે હાથમાં ચોપડી લઈ ઓરડામાં આંટા મારતાં મારતાં વાંચવાનું શરૂ કર્યું.

એક વાર અચાનક ચોપડી હાથમાંથી પડી ગઈ અને તે પણ ધડાક દેતા ભોંય ઉપર ચત્તાપાટ પડયા! માથું ન ફૂટયું એ નસીબ. ત્યાર પછી એ પ્રયોગને જોખમકારક સમજી તેમણે મડતો મૂકયો.

## મોલવી સાહેબની આપવડાઈ

બાળક રાજેન્દ્રને પાંચમે કે છઠ્ઠે વરસે એક મોલવી સાહેબની શાળામાં મૂકવામાં આવ્યો. તે અને તેના બે પિતરાઈ ભાઈઓ એમ ત્રણેને મોલવી સાહેબને સોંપવામાં આવ્યા. એ ત્રણમાં સૌથી મોટા જમનાપ્રસાદજી ત્રણેના લીડર બન્યા.

મોલવી સાહેબ પોતાને બધુંય આવડતું હોવાનો દાવો કરતા. રાજેન્દ્રના બળદેવકાકા બહુ મશ્કરા હતા. એક દિવસ બળદેવકાકાએ મોલવીસાહેબને ગમ્મતમાં કહ્યું: 'મોલવીસાહેબ, વાડીમાં 'હનુમાન' આવ્યા છે. એને ગોફણ મારીને કે કોઈ પણ રીતે ભગાડવા જોઈએ. આપ કોઈ રસ્તો બતાવો.'

મોલવીસાહેબ બોલી ઊઠયા: 'બચ્ચાઓ, એ વાંદરાને ભગાડતાં કેટલી વાર. મને ગોફણ મારતાં સરસ આવડે છે.'

મોલવી સાહેબે ગોફણમાંથી પથરો છોડયો. પણ આ શું ? તેમના ડાબા હાથના અંગૂઠામાંથી ટપટપ લોહી ટપકવા માંડયું ને એવી તો કળ ચડી ગઈ કે એમને ત્યાં ને ત્યાં બેસી જવું પડયું!

એક વાર મોલવીસાહેબ આવતા હતા, ત્યાં રસ્તામાં મારકણો આખલો મળ્યો. મોલવીસાહેબ બાજુએ ખસી જવાને બદલે, એ મને શું કરશે, એવા તોરમાં ને તોરમાં બહાદુરીથી તેની સામે ગયા. આખલાએ એક જ ઝપાટે એમને જમીન પર પટકી પાડયા!

આવા તો કેટલાય પ્રસંગો બનતા. છોકરાઓને એ જોઈ-સાંભળીને મજા પડતી. એ મોલવીસાહેબ પાસે છ-આઠ મહિના રાજેન્દ્ર ભણ્યો. ફારસી કક્કો શીખી ગયો અને 'કરીમા' વાંચવા લાગ્યો. પછી બીજા નવા મોલવીસાહેબ આવ્યા. તે વરસ ટકયા, તેમની પાસેથી ફારસીની પાંચ છ અગત્યની ચોપડીઓ ભણ્યો. છોકરાઓને આ મોલવીસાહેબ પર ઘણો ભાવ હતો. તેઓ જે કાંઈ ફારસી શીખ્યા, એ તેમની પાસેથી જ શીખ્યા. જ્યારે અંગ્રેજી ભણવા છપરા જવાનું થયું, ત્યારે મોલવી સાહેબને અને રાજેન્દ્ર વગેરે છોકરાઓને બહુ દુઃખ થયું.

## હાઇસ્કૂલમાં

આગળ ભણવા રાજેન્દ્રને છપરા મોકલવામાં આવ્યો. ત્યાં ત્રણ કે ચાર રૂપિયાના માસિકભાડે એક ઘર લીધું હતું. ત્યાં એના મોટાભાઇ અને નોકર તથા રસોઇયો રહેતા હતા. મોટાભાઇ પણ છપરામાં રહીને ભણતા હતા.

મોટાભાઇ મેટ્રિક પાસ થઇ પટના કોલેજમાં દાખલ થયા. એટલે રાજેન્દ્રને પણ પટનાની હાઇસ્કૂલમાં દાખલ કર્યો. પછી મોટાભાઇ ભણવા માટે કલકત્તા ગયા. એટલે રાજેન્દ્રને હથુઆની હાઇસ્કૂલમાં મૂકવામાં આવ્યો.

આ શાળામાં જે કંઇ પાઠ આપવામાં આવતો તે બીજે દિવસે ગોખીને લઇ જવો પડતો. શિક્ષક પૂછે ત્યારે ચોપડી બંધ કરીને પહેલેથી છેલ્લે સુધી આખો પાઠ મોઢે બોલી જવો પડતો.

આવી રીતે સમજ્યા વિના ગોખી કાઢવાની રાજેન્દ્રને ટેવ નહોતી. આમ તો તે છપરાની નિશાળમાં પ્રથમ આવતો હતો. પણ અહીંની શિક્ષણપદ્ધતિથી તે મૂંઝાઇ ગયો. આશરે છ મહિના તે એ નિશાળમાં રહ્યો, પણ એકેય દિવસ પાઠ મોઢે કરી શકયો નહિ ! મહેનત કરવામાં બાકી તો નહોતી રાખી, પણ ઇતિહાસના પાઠનું એકસો ને વીસ વાર રટણ કર્યા પછી પણ એને કશું યાદ રહેતું નહિ ! કોઇ કોઇ વાર તે રાતે દોઢ બે વાગે ઊઠી જતો, છતાં પાઠ પૂરો થતો નહિ. શિક્ષક નીચલા વર્ગમાં ઉતારી મૂકવાની ધમકી આપતા, તેથી તેને ખૂબ દુ:ખ થતું. રાજેન્દ્રબાબુ એ દિવસોને યાદ કરીને કહેતા : ‘ હથુઆમાં મારા દિવસો જેવા દુ:ખમાં વીત્યા તેવા અભ્યાસ દરમિયાન કયાંય વીત્યા નથી. ’

આખરે રાજેન્દ્ર માંદો પડયો. અને વાર્ષિક પરીક્ષા આવતાં સુધી માંદો જ રહ્યો. એટલે તેને પાછો છપરાની શાળામાં દાખલ કરવામાં આવ્યો. ત્યાંની શાળામાં પગ મૂકતાંની સાથે જ જાણે તેની ખોવાયેલી બુદ્ધિ પાછી આવી.

રાજેન્દ્રના વર્ગશિક્ષક રસિકલાલબાબુ ખૂબ સજ્જન હતા. એમની ભણાવવાની રીત ખૂબ સરસ હતી. તેઓ વિદ્યાર્થીઓ ઉપર ખૂબ હેત રાખતા. તેમણે શરૂઆતના દિવસોમાં જ રાજેન્દ્રને પ્રોત્સાહન આપતાં કહ્યું હતું : ‘ મહેનત કર. તારી સાથેના બીજા હોશિયાર હોવા છતાં તારી પાછળ પડી જવાના છે.’ અને ખરેખર શિક્ષકની વાત સાચી પડી. રાજેન્દ્રની બુદ્ધિ અહીં ખીલી ઊઠી.

રસિકબાબુ માત્ર ભણાવવામાં જ કુશળ હતા એટલું જ નહિ, પણ વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઉપર પણ ધ્યાન આપતા. રસિકબાબુ ઘરના જ વડીલ જન હોય

એમ રાજેન્દ્રને લાગતું. ડર પણ લાગતો હતો અને તે પ્રેમ પણ અનુભવતો હતો. ભણીને માણસ કેવી રીતે ઊંચે ચડી શકે છે એ તેઓ સમજાવતા.

રાજેન્દ્ર ખૂબ માર્ક મેળવીને મેટ્રિકની શાળાની પરીક્ષામાં પ્રથમ આવ્યો. પછી ઇ. સ. ૧૯૦૨ના માર્ચમાં કલકત્તા યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં તે બેઠો. તે વખતે કલકત્તા યુનિવર્સિટીનો અધિકાર બંગાળ, બિહાર, ઓરિસા, આસામ અને બ્રહ્મદેશ પર હતો.

મોટાભાઇ કોલેજમાં રજા પડતી ત્યારે કલકત્તાથી ઘેર આવતા, ત્યારે બધાંને કંઇ મજાની વાતો કરતા. ૧૮૯૯ની સાલમાં તે ઘેર આવ્યા હતા, ત્યારે તેમણે સ્વદેશી ચળવળની વાત કરી. તે જ વખતથી રાજેન્દ્રે સ્વદેશી કપડાં પહેરવાનું શરૂ કર્યું હતું. ગાંધીજીએ ખાદીની વાત ઉપાડી ત્યાં સુધી સ્વદેશી કપડાં જ રાજેન્દ્રબાબુ પહેરતા. સ્વદેશીનો વિચાર કપડાં પૂરતો જ મર્યાદિત ન હતો. બીજી વસ્તુઓ પણ સ્વદેશી લેવાની એ કાળજી લેતા. યુનિવર્સિટીની પરીક્ષા માટે રાજેન્દ્રે ખાસ સ્વદેશી કલમ અને ટાંક લીધાં હતાં.

રાજેન્દ્ર મેટ્રિકની પરીક્ષામાં આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યો. મોટાભાઇની સંમતિથી તેણે કલકત્તાની પ્રેસિડેન્સી કોલેજમાં ભણવાનું નક્કી કર્યું.

## લગ્નજીવન

રાજેન્દ્રબાબુ હાઇસ્કૂલમાં ભણતા હતા, ત્યારે જ તેમનાં લગ્ન રાજવંશી-દેવી સાથે થયાં હતાં. ત્યાંના રિવાજ પ્રમાણે લગ્ન પછી તેમનાં ધર્મપત્નીને તેડી લાવવામાં આવ્યાં.

ત્યાં પડદાનો રિવાજ બહુ ભારે છે. રાજેન્દ્રબાબુનાં ભાભીને ઓસરીમાં નીકળવાની છૂટ ન હતી. તે ફક્ત તેમના ગામની બે દાસીઓ સાથે વાતો કરી શકતાં. યુવાન નોકરો ઘરમાં જતા નહિ. રસોઇયો જ્યારે રસોડામાં જતો ત્યારે સાદ પાડતો, એટલે સ્ત્રી વર્ગ પોતપોતાના ઓરડામાં જતો રહેતો. બહાર નીકળતાં રસોઇયો ફરી વાર સાદ પાડીને બધાંને ખસેડયા પછી જ રસોડાની બહાર નીકળી શકતો.

રાજેન્દ્રબાબુનાં ભાભી તો બહાર જ નીકળતાં નહિ. શૌચાદિ માટે જવું હોય તો પહેલાં આજુબાજુના લોકોને ખસેડવામાં આવતા. કોઇ નાનો છોકરો હોય તેને પણ ખસેડી મૂકવામાં આવતો. આટલું પણ જાણે ઓછું હોય એમ, તેમના પિયરની દાસીઓ કપડાની આડ કરીને તેમને લઇ જતી.

રાજેન્દ્રબાબુનાં ધર્મપત્નીની બાબતમાં પણ આવું ચાલ્યું. પિયરની દાસીઓ જતી રહી એટલે જીરાદેઇની એક દાસી એમની પાસે આવતી જતી થઇ. જ્યાં સુધી રાજેન્દ્રબાબુનાં બા હતાં, ત્યાં સુધી એમનાં ભાભી અને પત્ની કદી પણ પોતાના ઓરડામાંથી બહાર આવી શકતાં નહિ.

કાયમ ઘરમાં જ ગોંધાઇ રહેવાને કારણે ભાભી તેમ જ રાજવંશીદેવીની તબિયત બગડે એમાં નવાઈ શી! બંને સંધિવાના દરદથી પીડાતાં. જ્યારે તેઓ ફળિયામાં છૂટથી હરતાં-ફરતાં થયાં, ત્યારે એ દરદમાંથી છૂટયાં.

પડદાની પ્રથાને પ્રતાપે રાજેન્દ્રબાબુનું દંપતીજીવન આ પ્રકારનું હતું: રજાઓમાં તે ઘેર આવતા ત્યારે તેમને મળવાની છૂટ મળતી. આઝાદીની લડત પૂરી થઇ ત્યાં સુધીમાં—૪૫-૫૦ વરસમાં બધા દિવસો મળીને એટલા મહિના પણ તેઓ માંડ સાથે રહ્યાં હશે. એમના ભણવાના દિવસો છપરા, પટના, કલકત્તામાં વીત્યા; વકીલાતના દિવસોમાં પણ કલકત્તામાં રાજેન્દ્રબાબુ એકલા જ રહ્યા; અસહકાર શરૂ થયા પછી તો એમને ઘેર જવાનો વખત પહેલાં કરતાંય ઓછો મળતો.

રાજેન્દ્રબાબુને બે પુત્રો હતા: મૃત્યુંજય અને ધનંજય.

## કલકત્તાની કૉલેજમાં

મેટ્રિકનું પરિણામ જાણ્યા પછી રાજેન્દ્રબાબુ છપરા ગયા. ત્યાં જઇને પહેલાં તે રસિકબાબુને મળ્યા. એમણે રાજેન્દ્રબાબુને કેરી અને મીઠાઈ ખવડાવ્યાં અને અભિનંદન આપ્યાં. તેઓ ખૂબ ખુશ થયા. તેમણે રાજેન્દ્રબાબુને ચેતાવવા કહ્યું; 'યુનિવર્સિટીમાં કોઇ બિહારી પહેલો આવ્યો હોય એવો આ પહેલો જ પ્રસંગ છે. બંગાળી વિદ્યાર્થીઓ આ સહન નહિ કરી શકે કૉલેજમાં તને હરાવવાનો પ્રયત્ન કરશે એટલે તારે કલકત્તામાં ખૂબ ચોકસાઈથી અભ્યાસ કરવો પડશે. તારે દર પરીક્ષામાં પહેલા આવવું જ જોઇએ.'

થોડા દિવસ પછી રાજેન્દ્રબાબુ મોટાભાઈ સાથે કલકત્તા ગયા. તે પહેલી જ વાર કલકત્તા આવ્યા હતા. ત્યાંનાં મકાનો, રસ્તાઓ, ટ્રામગાડી વગેરે જોઇને તે તો આભા જ બની ગયા. કૉલેજ હૉસ્ટેલ તો છપરાના ઉતારાની સરખામણીમાં મહેલ જેવી લાગે.

રાજેન્દ્રબાબુ પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થયા. ક્લાસમાં તો બધું અનેરુ હતું. આટલા બધા ઉઘાડા માથાવાળા બંગાળી છોકરાઓને એકસામટા તેમણે કદી જોયા ન હતા. એમાં કેટલાક તો કોટ, પાટલૂન, હૅટ પહેરનારા હતા.

રાજેન્દ્રબાબુએ હિંદુ છોકરાને કોઈ દિવસ હૅટ–કોટ પહેરતાં જોયેલા નહિ. એટલે એમણે માન્યું કે, આ લોકો ઍંગ્લો ઇંડિયન કે ખ્રિસ્તી હશે. પણ હાજરી વખતે ખબર પડી કે, તેઓ બધા હિંદુ જ છે!

એ દિવસોમાં રાજેન્દ્રબાબુ અંગરખું, લેંઘો અને ટોપી પહેરીને કૉલેજમાં જતા. પહેલા વર્ષમાં અંગ્રેજી, એક બીજી ભાષા, ઇતિહાસ, તર્કશાસ્ત્ર અને ગણિત ઉપરાંત બધા વિદ્યાર્થીઓને પદાર્થવિજ્ઞાન તથા રસાયનશાસ્ત્ર પણ શીખવું પડતું.

વનસ્પતિશાસ્ત્રી તરીકે જગવિખ્યાત બનેલા જગદીશચંદ્ર બોઝ પદાર્થવિજ્ઞાન અને બેંગાલ કેમિકલ્સના સ્થાપક તથા પ્રખ્યાત રસાયનશાસ્ત્રી દાક્તર પ્રફુલ્લચંદ્ર રોય રસાયનશાસ્ત્ર શીખવતા હતા.

એક વાર દાક્તર પ્રફુલ્લચંદ્ર રોય હાજરી પૂરતા હતા. રાજેન્દ્રબાબુનો નંબર ન આવ્યો, એટલે તેમણે ઊભા થઈને કહ્યું: 'સાહેબ, મારો નંબર આવ્યો નથી!'

દાક્તર સાહેબે એમના તરફ જોઈને કહ્યુ: 'થોભ.'

રાજેન્દ્રબાબુ સમજી ગયા કે, લેંઘો અને ટોપીને કારણે દાક્તરસાહેબે એમને મુસલમાન માની લીધા છે! રાજેન્દ્રબાબુએ કહ્યું: 'સાહેબ, હું મુસલમાન નથી.'

એટલે પ્રફુલ્લચંદ્રે પૂછ્યું: 'તારું નામ શું?'

રાજેન્દ્રબાબુએ પોતાનું નામ કહ્યું, ત્યારે વર્ગના બધા વિદ્યાર્થીઓ એમના તરફ જોવા લાગ્યા. કારણ એ સૌને ખબર હતી કે, આ નામનો વિદ્યાર્થી આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યો છે. આમ, દાક્તર પ્રફુલ્લચંદ્ર રોય સાથે ઓળખાણ થઈ અને છોકરાઓ પણ એમને ઓળખવા લાગ્યા.

રાજેન્દ્રબાબુ કૉલેજમાં માંડ એક અઠવાડિયું ગયા હશે, ત્યાં તો ટાઢિયા તાવમાં તે પટકાઈ પડ્યા. તાવે એમનો બરોબર પીછો પકડ્યો. આમ ને આમ દશેરાની રજા પણ આવી પહોંચી. આટલા વખતમાં તે ચાર પાંચ દિવસ જ કૉલેજમાં જઈ શકયા હતા.

દશેરાની રજા પછી મોટાભાઈ એમને દાક્તર નીલરતન સરકાર પાસે લઈ ગયા. એમની દવાથી તે સાજા થઈ ગયા. એક વરસમાં કોણ જાણે કેટલુંયે ક્વિનાઇન તે ખાઈ ગયા હશે. પાછળથી એક હોમિયોપૅથિક દાક્તરે એમને કહ્યું કે, 'તમને જે દમનો રોગ લાગુ પડયો છે તે તમે ખાધેલા ક્વિનાઈનનું જ પરિણામ છે.'

સાજા થયા પછી તેમણે બરાબર અભ્યાસ કરવા માંડ્યો. તેમનો નંબર જાય નહિ એની તેમને ખૂબ ચિંતા રહેતી. દરેક વિષયમાં પહેલા આવવાની

ગણતરી રાખીને તે મહેનત કરવા લાગ્યા. વિજ્ઞાનમાં એમને બહુ રસ પડતો. પરંતુ આગળ જતાં એમાં ગણિતની વધારે જરૂર પડતી અને આટલી બધી મહેનત કરવા છતાં ગણિતમાં એમનું ભેજું બહુ ચાલતું નહિ.

આ પ્રમાણે બે વરસ વીતી ગયાં ને પરીક્ષા પાસે આવી. કૉલેજની પરીક્ષામાં દરેક વિષયમાં એમનો નંબર પહેલો આવ્યો.

પરંતુ યુનિવર્સિટીમાં બેસનારાઓની યાદીમાં એમનું નામ ભૂલથી રહી ગયું! એટલે તેમણે અંગ્રેજ પ્રિન્સિપાલની પાસે જઈને કહ્યું : 'સાહેબ, મારું નામ યાદીમાં રહી ગયું લાગે છે!'

પ્રિન્સિપાલ કડક હતા. તેમણે કહ્યું : 'તું નાપાસ થયો હશે. નાપાસ થનારનાં નામ ક્યાંથી આવે ?'

રાજેન્દ્રબાબુ નમ્રતાથી કહે : 'સાહેબ, એવું બને નહિ. કંઇ ભૂલ થઈ હશે તપાસ કરાવો તો સારું.'

એ સાંભળીને પ્રિન્સપાલ મોટે સાદે બોલી ઊઠયા : 'ભૂલચૂલ શાની? બધું બરોબર છે.'

એમ કહીને તે બહાર નીકળવા લાગ્યા. રાજેન્દ્રબાબુ એમની પાછળ પાછળ ચાલ્યા. આજીજી કરતા બોલ્યા : 'સાહેબ, કૃપા કરીને જરા તપાસ કરોને! જરૂર ક્યાંક ભૂલ થઇ છે.'

સાહેબ ઊછળી ઊઠયા : 'એક વાર ના કહ્યું તોયે સાંભળતો નથી ? હવે વધારે બોલીશ તો દંડ કરીશ.'

રાજેન્દ્રબાબુ—'પણ સાહેબ...'

પ્રિન્સિપાલ તાડૂકી ઊઠયા : 'પાંચ રૂપિયા દંડ!'

રાજેન્દ્રબાબુ—'પણ મારી વાત સાંભળો તો ખરા, સાહેબ!'

પ્રિન્સિપલ તડૂકી ઊઠયા : 'દસ રૂપિયા !'

રાજેન્દ્રબાબુ—'પણ...'

પ્રિન્સિપાલની ધીરજ ખૂટી: 'પચ્ચીસ રૂપિયા! હજી પણ તું તારી જીદ છોડતો નથી કે ?'

એવામાં કૉલેજના હેડ ક્લાર્ક ત્યાં આવી પહોંચ્યા. તેમણે પ્રિન્સિપાલને સાચી હકીકત સમજાવતાં કહ્યું : સાહેબ, રાજેન્દ્રપ્રસાદ સૌથી પહેલા આવ્યા છે એમનું નામ ભૂલથી રહી ગયું હતું!'

એ સાંભળીને રાજેન્દ્રબાબુ રાજી રાજી થઇ ગયા. પ્રિન્સિપાલનો ગુસ્સો ક્યાંનો ક્યાં જતો રહ્યો.

પરીક્ષામાં બીજા બધા વિષયોમાં પ્રથમ આવ્યા. માત્ર વિજ્ઞાન અને ગણિતમાં પહેલા વર્ગ જેટલા માર્ક ન આવ્યા. એટલે તેમણે વિજ્ઞાન લીધું નહિ અને બી. એ. થવાનું વિચાર્યું.

એક દિવસ ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય સામા મળ્યા. તેમણે પૂછ્યું : 'તમે વિજ્ઞાનમાં કેમ ન આવ્યા ?'

રાજેન્દ્રબાબુએ કહ્યું : 'સાહેબ, હું ગણિતમાં નબળો છું.'

એ સાંભળીને ડાક્તર સાહેબ બોલી ઊઠયા : 'મારી સલાહ તો લેવી હતી ! હું પણ ગણિત ઓછું જાણું છું. પણ વિજ્ઞાનથી દૂર ભાગતો નથી.'

પણ હવે ફેરફાર થઇ શકે એમ ન હતું !

એ વરસ પછી રસિકબાબુની વાત બરોબર યાદ રાખીને મહેનત કરી રાજેન્દ્રબાબુ પ્રથમ આવવામાં સફળ થયા.

## વિદ્યાર્થીજીવનની મીઠી યાદ

બી. એ. થયા પછી રાજેન્દ્રબાબુએ સરકારી નોકરી ન કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ કોણ જાણે કેમ એવો એક વિચાર એમના પર સવાર થયો કે, મારે કોઇ પણ હિસાબે વિલાયત જઈ આઇ સી. એસ. થવું જોઇએ. મોટાભાઇએ અને બીજા સ્નેહી વડીલોએ એમને ટેકો આપ્યો.

એટલે તેમણે પિતાજીને કહ્યા વિના છાનામાના તૈયારી કરવા માંડી. તે ઊપડવાની તૈયારીમાં જ હતા, ત્યાં તો દૈવયોગે ઘેર માતાપિતાને આ વાતની ખબર પડી ગઈ. એટલે તેમનાં બા તથા બહેન તેમને સમજાવવા અલ્લાહાબાદ દોડી ગયાં. પરંતુ રાજેન્દ્રબાબુ તો ત્યાંથી કલકત્તા પહોંચી ગયા હતા. ત્યાં તેમને તાર મળ્યો કે, બાબુજી માંદા છે.

રાજેન્દ્રબાબુ તાર વાંચીને જીરાદેઇ આવ્યા. પિતાજી સાચે જ માંદા હતા, પણ કાંઇ ગંભીર ન હતું. રાજેન્દ્રબાબુને જોઇને ઘરમાં રોકકળ શરૂ થઈ. એમને વિલાયત જવાની ધસીને ના પાડવામાં આવી. તેમણે કબૂલ કર્યું.

રાજેન્દ્રબાબુ પાછા કલકત્તા જઇને એમ. એ. અને એલએલ. બી. ના અભ્યાસમાં લાગી ગયા. આ બાજુ પિતાજીની માંદગી વધતી ગઇ. બંને ભાઈઓ જીરાદેઇ પહોંચી ગયા. પછી થોડા દિવસમાં જ પિતાજીએ દેહ છોડયો.

વિલાયત જવાના ઉત્સાહમાં અને પિતાજીના અવસાનને લીધે રાજેન્દ્રબાબુનો સમય ઠીક ઠીક બગડયો હતો. એટલે એમ.એ.માં તે પહેલા આવી શક્યા નહિ!

૧૯૦૮માં તે મુઝફ્ફરપુર કોલેજમાં પ્રોફેસર નિમાયા. સાથે સાથે વકીલાતની તૈયારી કરવાનો પણ એમણે નિશ્ચય કર્યો.

હવે તેમના વિદ્યાર્થી જીવનનો અંત આવતો હતો અને સંસારમાં પ્રવેશ કરવાની શરૂઆત થતી હતી. વિદ્યાર્થીજીવનનું મધુરું સ્મરણ કરતાં રાજેન્દ્રબાબુ પોતાની આત્મકથામાં લખે છે :

'જ્યારે એ દિવસો સાંભરે છે, ત્યારે મને લાગે છે કે એ જાણે સુખનો યુગ હતો. કોઇ કોઇ વાર મનમાં ખેદ પણ થાય છે કે એ તકનો જેટલો સરસ ઉપયોગ કરી શકાય એમ હતું એટલો મેં કર્યો નહિ!

'ભાઈ મારા માર્ગદર્શક હતા. જે કાંઇ સારા વિચારો મારા મનમાં આવ્યા અને સારી પ્રવૃત્તિઓ મારા અંતરમાં ઊગી એ બધાંનાં બી એમણે જ વાવેલાં ભણતી વખતે મને કોઇ જાતની મુશ્કેલી વેઠવી ન પડે એવી વ્યવસ્થા તેઓ હમેશાં કરતા. ઘરમાં કશી આર્થિક મુશ્કેલી છે એવું તેમણે મને કદી જણાવા નથી દીધું.

'મારા સાથીદારો સાથે પણ મારે કાયમ પ્રેમ રહ્યો છે. તકરારનો તો કાંઇ પ્રશ્ન જ નથી, પણ કોઇ સાથે અણબનાવ થવાતુંય મને યાદ નથી. મારે ભણવામાં હોડ અને હરીફાઇ સારી પેઠે થતાં, તોપણ કોઇએ મારી સાથે ચાલાકી વાપરી હોય કે છળ કર્યું હોય એવું યાદ નથી. જ્યાં કોઈને કશી મુશ્કેલી કે હરકત આવતી ત્યાં અમે એકબીજાને મદદ કરતા. એટલું જ નહિ જે મારા હરીફ સાથીદારો હતા એમની સાથે પણ હળીમળીને મેં પરીક્ષાની તૈયારી કરેલી.'

## વકીલાતની તૈયારી

કોલેજમાં નવદસ મહિના કામ કરીને રાજેન્દ્રબાબુ પાછા કલકત્તા ગયા અને એલએલ. બી. ની પહેલી પરીક્ષા પાસ કરી.

હાઈકોર્ટમાં વકીલાત કરવાને માટે કોઈ વકીલની સાથે બે વરસ કામ કરવાની જરૂર હતી. એટલે તે ખાન બહાદુર સૈયદ શમસુલહુદા સાહેબની સાથે કામ કરવા લાગ્યા. બીજા છોકરાઓ તો કોઈ વકીલને ત્યાં થોડું ઘણું કામ કરી નામની પરીક્ષા આપી વકીલ થઇ જતા. પરંતુ રાજેન્દ્રબાબુ એમ ન કરતાં કામમાં ખૂબ રસ લઇ શમસુલહુદા સાહેબને કાયદા વાંચી, ચુકાદાઓ શોધી કાઢી

નોંધો તૈયાર કરી દેતા. સવારે એમની સાથે કામ કરી હાઇકોર્ટમાં જતા અને સાંજે પોતાનું ખર્ચ કાઢવા વિદ્યાર્થીઓને ઘેર ભણાવવા જતા. પોતાનો સમય બચાવવા તે વકીલસાહેબને ત્યાં જ રહેતા. વકીલસાહેબ એમને પોતાના દીકરા જેવા ગણવા લાગ્યા.

વકીલસાહેબ સ્વભાવે ખૂબ સારા હતા. ધાર્મિક વૃત્તિના માણસ હતા. કેટલાક મુસલમાન વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપતા અને કેટલાક એમને ત્યાં ભોજન પણ લેતા.

રાજેન્દ્રબાબુ એમને ત્યાં રહેતા હતા તે વખતે બકરી ઈદનો પવિત્ર તહેવાર આવ્યો.

રાજેન્દ્રબાબુ તો શુદ્ધ સનાતન હિંદુ હતા. એટલે તે છાનામાના ત્યાંથી બે દિવસ ચાલ્યા ગયા.

તે પાછા આવ્યા, ત્યારે શમસુલહુદા સાહેબ ગંભીર બની બોલ્યા :

'આમ છાનામાના જતા રહેવાથી તમે મને ખૂબ જ અન્યાય કર્યો છે! તમે એમ માનો છો કે, હું તમારી લાગણીની કશી પરવા ના કરું ? બીજા કેટલાયે માણસો મારા ઘરમાં હિંદુ છે. એટલે એમનો ખ્યાલ રાખી મારા ઘરમાં ગાયની કુરબાની કરવામાં આવતી નથી.'

આ સાંભળીને રાજેન્દ્રબાબુ ખૂબ શરમાઈ ગયા!

૧૯૧૧માં રાજેન્દ્રબાબુએ વકીલાત શરૂ કરી. એમને શમસુલહુદા સાહેબે પહેલે દિવસે જ કેસ અપાવ્યો. પોતે સાથે કોર્ટમાં ગયા અને રાજેન્દ્રબાબુને દલીલ કરવા દીધી. વકીલસાહેબ લગભગ બધા જ કેસ એમને મોકલતા.

આમાંનો એક કેસ સર આશુતોષ મુકરજીની કોર્ટમાં હતો. તે વખતે રાજેન્દ્રબાબુએ ખૂબ કાળજીથી ચુકાદાઓ શોધી કાઢી એમના સિનિયર વકીલને આપેલા એ આશુતોષબાબુના ધ્યાનમાં રહી ગયું. આને પરિણામે લૉ કૉલેજના પ્રોફેસરની જગા વગર મુલાકાતે રાજેન્દ્રબાબુને મળી હતી. ભણાવવા માટે કાયદાનું અધ્યયન ખૂબ કરવું પડતું. એથી એમને તો ખૂબ લાભ જ થયો.

દિગંબર ચેતરજીએ રાજેન્દ્રબાબુને ખૂબ કીમતી સલાહ આપેલી : 'શરૂઆતમાં ગરીબ અસીલો જ તમારી પાસે આવશે. એ કેસ જીતશે ત્યારે તમારી વાતો બીજા દસને મોઢે કરશે અને તમારી જાહેરાત કરશે. આમાં તમે કોઇના ઉપકાર તળે આવશો નહિ. આમ જ્યારે વકીલાત ચાલવા માંડશે, ત્યારે મોટા અસીલો આપોઆપ તમારી પાસે આવશે. દરેક કેસમાં ખૂબ મહેનત કરવાની ટેવ રાખો. વકીલાત સરસ ચાલશે.'

પોશાક જોઇને તેઓ કોઇ મોટા માણસ હશે એવો ખ્યાલ બાપડા નોકરને કયાંથી આવે? એટલે તેણે ગાંધીજીને કોઈ સામાન્ય અસીલની પેઠે ઉતારો આપ્યો, વર્તન પણ તેવું જ રાખ્યું. અને તે એટલે સુધી કે ઘરધણી માટેનું જાજરૂ પણ તેમને વાપરવા આપ્યું નહિ!

ગાંધીજી ત્યાંથી ચંપારણ જિલ્લાના મુખ્ય શહેર મોતીહારી ગયા. રાજેન્દ્રબાબુ એમને મળવા ત્યાં પહોંચી ગયા.

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું: 'તમારે ઘેર તો હું ગયા હતો.'

રાજેન્દ્રબાબુ એ સાંભળીને શરમાઈ ગયા.

રાતે બિહારના કાર્યકર્તાઓ સાથે વાતચીત કરતાં ગાંધીજીએ પૂછયું: 'મારા જેલ ગયા પછી તમે શું કરશો?'

તે વખતે ગાંધીજીને સંતોષ થાય એવો જવાબ કોઈ આપી શકયા નહિ.

પણ રાજેન્દ્રબાબુ વગેરે વિચારમાં પડયા કે, 'આ માણસ કોણ જાણે કયાંથી આવીને અહીંના ખેડૂતો માટે જેલમાં જવા તૈયાર છે. જ્યારે અમે અહીંના જ રહેવાસીઓ તેમ જ ખેડૂતોને મદદ કરવાનો દાવો કરનારાઓ ઘેર ચાલ્યા જઇએ અને પોતાના સંસાર–વ્યવહારમાં રચ્યાપચ્યા રહીએ એ અમને શોભે નહિ!'

બીજે દિવસે સવારે ગાંધીજીને રાજેન્દ્રબાબુ વગેરે કાર્યકર્તાઓએ કહ્યું: 'જો આપના જેલ ગયા પછી જરૂર પડશે તો અમે બધા પણ જેલ જઈશું.'

આ સાંભળીને ગાંધીજી રાજી થયા અને બોલ્યા: 'હવે આપણો બેડો પાર છે.'

આમ પહેલી મુલાકાતે રાજેન્દ્રબાબુ ગાંધીજીની પ્રેમ–જાળમાં સપડાયા. વખત જતાં ગાંધીજીની કાર્યપદ્ધતિ ઉપરનો તેમનો વિશ્વાસ પણ વધવા માંડયો અને આગળ જતાં રાજેન્દ્રબાબુ ગાંધીજીના અનન્ય ભકત તેમ જ કાર્ય પ્રણાલીના નિષ્ઠાવાન હિમાયતી બની ગયા.

## ગાંધીજીની અનુભવ-શાળામાં

ગાંધીજીએ ચંપારણના ખેડૂતોની તપાસ કરવા માંડી હતી. એક દિવસ તેમણે રાજેન્દ્રબાબુ વગેરેને કહ્યું: 'આ કામમાં થોડા દિવસ જશે. એટલે એકલા ગોરખબાબુ પર આટલો બોજો નાખવો ઠીક નથી. વળી, એમના મકાનમાં પૂરતી જગ્યા પણ નથી. એટલે બીજું મકાન શોધી કાઢીને ત્યાં પડાવ નાખીએ.'

શહેરના ભાઇઓએ નજીકમાં જ એક મકાન શોધી કાઢ્યું. ગાંધીજીએ નક્કી કર્યું કે, મકાન તે જ દિવસે સાફ થઇ જવું જોઇએ અને સૌએ ત્યાં ચાલ્યાં જવું જોઇએ.

એ પછીની વાત રાજેન્દ્રબાબુના શબ્દોમાં જ સાંભળીએ:

'મકાન સાફ કરતાં સાંજ પડી ગઇ. અમે વિચાર્યું કે, આજે રાતે નવા ઘરમાં ન જતાં આવતી કાલે સવારે જઇશું. આવો વિચાર કરીને અમે ઘર બદલવાનો વિચાર માંડી વાળ્યો. ગાંધીજીને આ વાત કહેવામાં નહોતી આવી. કારણ અમે બધા માનતા હતા કે, આવી નાની બાબતમાં ગાંધીજીને વળી શું પૂછવું?

'રાતે આઠનવ વાગ્યે ગાંધીજીએ પૂછ્યું, "આપણે નવા મકાનમાં જવાના હતા તેનું શું થયું? ક્યારે નીકળવું છે?" અમારામાંથી કોઈએ કહ્યું કે, સફાઇ વગેરે કરવામાં આજે મોડું થઇ ગયું, એટલે કાલે જવાનું રાખ્યું છે.

'એ સાંભળીને ગાંધીજીએ કહ્યું, "એમ ન થાય. એક વાર નિશ્ચય કર્યો કે અમુક કામ કરવું છે, તો પછી કરવું જ જોઇએ. આમ નિશ્ચય બદલવો સારો સારો નહિ. સફાઇ કરવાની એમાં શી મોટી વાત છે? આપણું રહેવાનું સ્થાન પણ આપણે જાતે સાફ ન કરી શકીએ? સફાઇ ન થઇ હોય તો આપણે જાતે કરી લેવી જોઇએ."

'ગાંધીજીનો પોતાનો સામાન તો થોડો જ હતો. બધાં કપડાં નાનકડા બિસ્તરામાં જ બાંધેલાં હતાં. બીજો એક ટિનનો ડબ્બો હતો. વાત પૂરી કરતાં કરતાં ગાંધીજી ઊભા થયા અને પોતાનો આટલો સામાન લઇને "હું તો જાઉં છું. ત્યાં જ સૂઇશ," કહેતા કહેતા ચાલવા લાગ્યા.

'અમે બધા ગભરાઇ ગયા અને તેમની પાછળ દોડીને તેમના હાથમાંથી જેમ તેમ કરીને કોઇકે બિસ્તરો લઈ લીધો ને કોઇકે ડબ્બો લઇ લીધો. અમે કહ્યું કે અમે પણ આવીએ છીએ. ગાંધીજી થોડી વાર થોભ્યા. અમારા સામાન-માંથી રાતને માટે જરૂરી વસ્તુઓ લઇને અમે પણ ચાલ્યા.

'ત્યાં પહોંચતાં જ ગાંધીજીએ જોયું કે આંગણામાં એક તરફ સાવરણી પડી છે. તેમણે એ લઇને એક તરફથી વાળવાનું શરૂ કર્યું.'

'એ જોઇને અમે લોકો ડઘાઇ ગયા. જેમ તેમ કરીને એમના હાથમાંથી સાવરણી લઇ લીધી.........'

'પોતાનું બચકું પોતે ઉપાડવું, જાતે ઝાડુ વાળવું એ અમારે સૌને માટે નવી વાત હતી. કારણ કે અત્યાર સુધી અમે બીજી જ રીતે જીવન ગાળતા હતા...'

૪૬

## અલગ ચોકા તૂટ્યા

મોતીહારીમાં બધા અલગ મકાનમાં ગયા અને ખાવાપીવાનો બંદોબસ્ત રાજેન્દ્રબાબુ વગેરેને પોતાને કરવો પડ્યો, ત્યારે સવાલ ઊભો થયો કે, રસોઇ કોણ કરે અને વાસણપાણી કોણ કરે?

બિહારીઓને, બની શકે તો, નોકર રાખવાની આદત હોય છે. એ નોકર એમનું સઘળું કામ કરે. મોતીહારીમાં પણ એ કાર્યકરોમાંના કેટલાક પોતપોતાના નોકર સાથે લાવ્યા હતા. છતાં એમાંનો કોઇ પણ રસોઇ કરી શકે એમ નહોતું. કારણ કે તેમાં કોઇ બ્રાહ્મણ નહોતો અને બધા કાર્યકર્તાઓ જુદી જુદી ન્યાતના હતા.

આ અંગે રાજેન્દ્રબાબુ લખે છે:

'હું તો આ બાબતમાં કટ્ટર હતો. નાનપણથી જ ઘરના એવા સંસ્કારો હતા. હું જ્યારે જ્યારે છપરા, પટના, કલકત્તા વગેરે જગ્યાએ જતો, ત્યારે અમારી ન્યાતના રસોઇયાના હાથની અથવા બ્રાહ્મણ રસોઇયાના હાથની જ કાચી રસોઇ જમતો. અમે કલકત્તા ગયા અને ત્યાં ઇડન હિંદુ હોટલમાં રહેવા લાગ્યા, ત્યારે ત્યાં પણ અમારે માટે બિહારી બ્રાહ્મણ રસોઇયો રાખીને જુદી રસોઇ કરવાનો બંદોબસ્ત કરાવેલો. ત્યાં ન્યાત-જાતની બાબતમાં એટલી કટ્ટરતા હતી કે એક બે જણ સિવાય બાકીના બિહારીઓ બંગાળી બ્રાહ્મણના હાથની કાચી રસોઇ જમવા તૈયાર નહોતા. આથી ત્યાં બિહારી બ્રાહ્મણ શોધીને રાખવામાં આવેલો.

'કલકત્તા ગયા પછી મારામાં એટલો ફેર પડ્યો કે, હું કાયસ્થોની પેટાન્યાતોના ભેદ ન માનતાં કોઇ પણ શાખાના કાયસ્થ સાથે જમવા લાગ્યો. પણ પંદર વર્ષ સુધી, ભણતો હતો ત્યારે અથવા ત્યાર પછી વકીલાત શરૂ કરી ત્યારે પણ હું બંગાળી બ્રાહ્મણના હાથની પણ કાચી રસોઇ કદી જમ્યો નહોતો.

'અમારા બંગાળી મિત્રો ઘણા હતા. તેમાંના કેટલાકની સાથે મારે ગાઢ મૈત્રી હતી. તેઓ બ્રાહ્મણ હતા અને તેમના પોતાના ઘરના લોકો પણ ન્યાત-જાતની બાબતમાં ચુસ્ત હતા; છતાં એમના ઘરની કાચી રસોઇ હું કદી જમ્યો નહોતો.

'સૌ મિત્રો આ જાણતા હતા અને જ્યારે ખાવાપીવાનો કોઇ પ્રસંગ આવતો, ત્યારે મારા જેવા માટે તેઓ દાળભાત નહિ પણ પૂરી-મીઠાઇ વગેરે

બનાવડાવતા. કારણ કે પૂરી શાક પાકી રસોઇ ગણાતી અને દાળભાત કાચી રસોઇ મનાતી. આ ભાષા બિહાર, ઉત્તર પ્રદેશ અને રજપૂતાના વગેરે સ્થળોએ વપરાય છે. એટલે કાચી પાકી રસોઇ વિશે મજાક પણ ચાલતી.

'મહાત્માજી માટે 'જલપાન' શબ્દ તો એક ટોળનો શબ્દ બની ગયો હતો. શબ્દનો અર્થ થાય છે 'પાણી પીવું'. પણ બિહારમાં લોકો કાંઇક ખાઇને પછી પાણી પીએ છે અને જે કાંઈ ખાય છે તેને જ 'જલપાન' કહે છે. આમ જલપાન એટલે કંઈક ખાવું. કેટલું ખાવું એ ખાનાર ને ખવરાવનારની રુચિ પર આધાર રાખે છે. એટલે મહાત્માજી મજાક કરતા કે, પાણી પીવાને નામે તમે લોકો આટલું ખાઈ લો છો! આ વિનોદ છેવટ સુધી ચાલ્યો. જ્યારે અમારા જેવા કોઇ બિહારીના ભોજનની વાત નીકળતી, ત્યારે મહાત્માજી તેને 'જલપાન' કહીને હસતા.'

ન્યાતજાતના કારણે હવે બ્રાહ્મણ રસોઇયો શોધવાની જરૂર પડી. આ જોઇને ગાંધીજીએ આ બધા કાર્યકર્તાઓને કહ્યું: 'આમ ન્યાતજાતના વાડા રાખવાથી કામમાં અડચણ આવશે. દરેક જણ માટે અલગ ચૂલા કરવા પડશે અને ખર્ચ પણ વધારે થશે. જાહેર કામ આ રીતે ન ચાલી શકે. આપણે આ બધું છોડવું જોઇશે. આપણે સૌ જો એક જ કામમાં પડયા છીએ તો પછી આપણ સૌની એક જ ન્યાત કેમ ન માનવી?'

આ રીતે બધાને સમજાવીને ગાંધીજીએ મોતીહારીમાં જ ન્યાતજાતના વાડા તોડી નાખ્યા. એ સૌ કાર્યકર્તાઓમાંથી એક જણે રસોઈ કરી અને સૌ સાથે જમ્યા! આમ કોઇ બીજી ન્યાતના માણસે બનાવેલી રસોઇ રાજેન્દ્રબાબુ પહેલવહેલી વાર મોતીહારીમાં જમ્યા.

## દેશસેવકને નોકર કેવો?

હવે થોડા દિવસ પછી ગાંધીજીને ખબર પડી કે, રાજેન્દ્રબાબુ વગેરે કાર્યકરો પોતાની સાથે નોકર પણ રાખે છે. શરૂઆતમાં તો ઘણા લોકો રાતદિવસ હાજર રહેતા હતા અને સૌ કંઇ ને કંઇ સેવા આપવા તત્પર રહેતા. એટલે નોકર કોણ છે ને એકાદ ગામડામાંથી આવેલો સ્વયંસેવક કોણ છે, એની ખબર પડતી નહિ.

પરંતુ રાજેન્દ્રબાબુ સાથે એક બેવડા બાંધાનો અને પ્રતિષ્ઠિત ખેડૂત જેવા

દેખાવવાળો નોકર હતો. તે મોતીહારીમાં પણ હતો અને રાજેન્દ્રબાબુ બેતિયા ગયા ત્યારે ત્યાં પણ સાથે આવ્યો હતો.

મોતીહારીમાં અને બેતિયામાં રાજેન્દ્રબાબુની આટલી સેવા કરનાર આ માણસ કોણ છે એ ગાંધીજી હવે સમજ્યા. તેઓ તો એમ જ માનતા હતા કે, એ કોઇ સ્વયંસેવક છે. પણ હવે એમને ખબર પડી કે, કેવળ એ જ નહિ પણ બીજા કેટલાયે એવા નોકરો છે જેઓ સ્વયંસેવક નથી.

એટલે ગાંધીજીએ એ સૌ કાર્યકર્તાઓને કહ્યું : 'આમ નોકર રાખીને પોતાનું કામ કરાવવું એ કોઇ પણ દેશસેવક માટે સારું નથી. દેશસેવકે તો આ બધી બાબતમાં સ્વાવલંબી થવું જોઇએ.'

પરિણામે એકેએક બધા નોકરોને રજા આપવામાં આવી. સૌએ ધીરે ધીરે પોતપોતાનું બધું કામ જાતે કરવાનું શીખી લીધું. સવારે ઊઠીને રાજેન્દ્રબાબુ વગેરે ભાઇઓ પોતપોતાના બિસ્તરા વાળીને એક ચોક્કસ જગ્યાએ મૂકી દેતા. ત્યાર પછી નિત્યકર્મ વગેરે કરી નાહીને કપડાં ધોઇ લેતા, પોતપોતાને માટે પાણી ભરી આવતા.

## વકીલ સાહેબ પાસે ડબ્બો મંજાવ્યો

રાજેન્દ્રબાબુને એક દિવસ કંઇક કામસર પટના જવાનું હતું. એમની પાસે મુસાફરીમાં ભાથું લઇ જવા માટેનો એક ડબ્બો હતો. પટના લઇ જવા માટે રાજેન્દ્રબાબુ કૂવા પર બેસીને એ ડબ્બો માંજતા હતા.

એવામાં ગાંધીજી ત્યાં આવી ચડયા અને રાજેન્દ્રબાબુને ડબ્બો માંજતા જોઇને હસતા હસતા બોલ્યા : 'મેં પટના હાઇકોર્ટના વકીલ પાસે ડબ્બો મંજાવ્યો, તેથી મને ખૂબ આનંદ થયો.'

આ પ્રસંગને અનુલક્ષીને રાજેન્દ્રબાબુ કહે છે :

'ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં જાતે પાયખાનાં સાફ કર્યાં હતાં. ચંપારણમાં હજી અમારી એ દશા નહોતી આવી. તેઓ જાણતા હતા કે, કુમળી ડાળ આસ્તે આસ્તે વાળવાથી જ વાળી શકાય છે, વધારે જોર કરવા જતાં ભાંગી જવાનો ડર રહે છે. તેથી ચંપારણમાં તેમણે પોતાનો આખો કાર્યક્રમ અમારી સમક્ષ નહોતો મૂકયો, કેવળ ચંપારણની જ વાત મૂકી અને તેને માટે જ જેટલું જરૂરી હતુ તેટલુ કરાવ્યું.'

૪૯

## બિહાર વિદ્યાપીઠ અને સદાકત આશ્રમ

એક વાર રાજેન્દ્રબાબુ ગાંધીજી સાથે કોઈક ગામમાં થઈને જતા હતા. રસ્તામાં રાજેન્દ્રબાબુએ તેમને પૂછ્યું :

'આપ આખા દેશમાં ફરી આવ્યા છો. જાહેર કામને માટે સૌથી સારા માણસો આપને કયા પ્રાંતમાં મળ્યા ?'

ગાંધીજીએ જવાબમાં કહ્યું :

'દક્ષિણના લોકો ભાવુક છે, ચતુર છે. બંગાળના લોકો બહુ ભાવુક છે; તેમનામાં ત્યાગશક્તિ ઘણી છે. તેમણે ઘણો ત્યાગ પણ કર્યો છે. પણ લોકોની સેવા કરનારાઓ માટે 'તીર્થસ્થાન' તો પૂના છે. ત્યાં કાર્યકર્તાઓના ત્યાગ પર જેટલી જાહેર સંસ્થાઓ ચાલે છે એટલી કોઈ જગ્યાએ નહિ ચાલતી હોય. ત્યાં ઘણાએ પોતાનું જીવન દેશસેવામાં સમર્પણ કર્યું છે, તેઓ પોતાના સંકલ્પને દઢતાપૂર્વક વળગી રહે છે. આથી પૂનાને તીર્થસ્થાન માનું છું.'

આ વાત કેટલેક અંશે રાજેન્દ્રબાબુની જાણમાં હતી. ગોપાળકૃષ્ણ ગોખલેજી સાથે એમને મુલાકાત થયેલી અને ગોખલેજીએ એમને ભારત સેવક સંઘમાં જોડાવા કહ્યું હતું, ત્યારે ગોખલેજી સાથેની વાતચીતમાં એમને આ બાબતનો ખ્યાલ આવેલો. પણ ગાંધીજીએ આ વાત કરી ત્યારે રાજેન્દ્રબાબુને એક વાર પૂના જઈને ત્યાંની સંસ્થાઓ જોવાની ઇચ્છા થઈ આવી.

રાજેન્દ્રબાબુ અને બિહારના કેટલાક કાર્યકર્તાઓ અંદર અંદર વાત કરતા કે, આપણો પ્રાંત બીજા પ્રાંતો કરતાં બહુ પછાત છે. બિહારમાં તે વખતે ભાગ્યે જ એવો કોઈ હશે જે પોતાનો બધો સમય કોઈ જાહેર સંસ્થામાં કે દેશસેવામાં આપતો હોય. એટલે એ સૌને વિચાર આવ્યો કે, દેશસેવાના ધ્યેયવાળી સંસ્થા બિહારમાં પણ કાઢવી જોઈએ.

બ્રજકિશોરબાબુ આ બધાના આગેવાન અને પ્રેરણા આપનારા હતા. એ લોકોએ સાંભળ્યું હતું કે, પૂનાની ફરગ્યુસન કૉલેજમાં બધા અધ્યાપકો તથા આચાર્ય માસિક ફક્ત પંચોતેર રૂપિયા લઈને કામ કરે છે. ગોખલેજીએ વીસ વરસ સુધી વ્રત લઈને પંચોતેર રૂપિયામાં કામ કર્યું હતું. એ જ રીતે તે વખતે ડૉ. પરાંજપે, જેઓ ઇંગ્લૅંડમાં ભારેમાં ભારે પરીક્ષાઓ પાસ કરીને આવ્યા હતા તે માત્ર પંચોતેર રૂપિયા પગાર લઈને ત્યાં કામ કરતા હતા.

એટલે રાજેન્દ્રબાબુ, બ્રજકિશોરબાબુ વગેરેને થયું કે, એવી જ કૉલેજ બિહારમાં પણ કાઢવી, જેથી એ કૉલેજના અધ્યાપકો પોતાના દાખલાથી વિદ્યાર્થીઓ સમક્ષ ત્યાગનું ઉદાહરણ રજૂ કરી શકે અને એ રીતે આખા બિહારમાં જાગૃતિ આવે.

બ્રજકિશોરબાબુએ આ બાબતમાં પહેલ કરી. તેમણે પોતાની ધીકતી વકીલાત છોડીને એવી સંસ્થામાં જોડાવાનું જાહેર કર્યું. રાજેન્દ્રબાબુ તેમ જ બીજા કેટલાકે પણ પોતાનાં નામ નોંધાવ્યાં.

કેટલાકને એ વિશે વાત કરીને પૈસાની મદદનાં વચન લીધાં. સાત આઠ હજાર જેટલી રકમ રોકડ પણ મળી હતી.

પરંતુ હજી સુધી તેઓનું ધ્યાન રાષ્ટ્રીય શિક્ષણ તરફ ગયું ન હતું. એ લોકોએ જોકે બંગાળના ભાગલાની ચળવળ વખતે કલકત્તામાં રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ જોઈ હતી. ગુરુકુલો પણ વરસોથી ચાલતાં હતાં. આમ છતાં તેઓએ સરકાર સાથે સંબંધ ધરાવતી કૉલેજ ખોલવાનો વિચાર કર્યો હતો.

ગાંધીજીને તેઓએ આ વાત કરી. તેમને રાષ્ટ્રીય સંસ્થા કાઢવાની વાત ગમી, પણ કૉલેજની વાત ઠીક ન લાગી. એટલે આ ઠરાવ ત્યાંનો ત્યાં રહ્યો.

પરંતુ, ૨૦ની અસહકારની લડતમાં સરકારી નોકરી અને શાળા–કૉલેજના બહિષ્કારની ઝુંબેશ જોરશોરથી શરૂ થઈ ગઈ. ગુજરાત વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, જામિયા મિલિયા વગેરે રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ શરૂ થઈ ગઈ.

એ જ અરસામાં ગાંધીજી બિહારના પ્રવાસે આવ્યા. એટલે રાજેન્દ્રબાબુ વગેરેએ રાષ્ટ્રીય મહાવિદ્યાલય સ્થાપવાની વાત કરી. ગાંધીજીએ તેઓની વાત વધાવી લીધી અને તેમણે પોતે ઝરિયામાં પચાસ સાઠ હજાર એકઠા કર્યા. આ રીતે બિહાર વિદ્યાપીઠ અને સદાકત આશ્રમની સ્થાપના ગાંધીજીના શુભ હસ્તે થઈ.

રાજેન્દ્રબાબુએ પણ વકીલાત છોડી દઈને દેશસેવાનો ભેખ લીધો.

## આઝાદીની લડતમાં

ત્યાર પછી રાજેન્દ્રબાબુ આઝાદીની લડતમાં છેવટ સુધી જોડાયા. બિહારમાં ખાદીકામ પણ સારી રીતે તેમણે વિકસાવ્યું. ઘણીવાર જેલમાં પણ ગયા. બિહારમાં થયેલા પ્રલયકારી ધરતીકંપ વખતે પણ રાજેન્દ્રબાબુએ લોકોની ખૂબ સંભાળ લીધી. મુંબઈમાં મળેલી કોંગ્રેસની બેઠકના તેઓ પ્રમુખ પણ બન્યા હતા.

## પ્રથમ રાષ્ટ્રપતિ

આપણો દેશ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ને રોજ આઝાદ થયો. આપણા દેશમાં આપણું રાજ્ય સ્થપાયું. આપણા સ્વતંત્ર ભારતના રાજેન્દ્રબાબુ પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા.

રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુનો અહીં એક પ્રસંગ જોઈએ. રાષ્ટ્રપતિ હોવા છતાં તેમનામાં કેવા માનવભાવ પડયા હતા એ એમાં જોવા મળે છે.

રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુને કોઈએ હાથીદાંતની એક કીમતી ફાઉન્ટન પેન ભેટ આપી હતી. એમને એ બહુ ફાવી ગઈ હતી.

એકવાર રાજેન્દ્રબાબુ પોતાના મેજ આગળ ખુરશીમાં બેઠા બેઠા વાંચતા હતા. તે વખતે એમનો ચપરાશી મેજ સાફ કરવા આવ્યો. તેણે મેજ પરની ધૂળ કપડા વતી ખંખેરવા માંડી. ત્યાં તો ઝાપટ વાગતાં મેજ પર મૂકેલી પેલી પેન જમીન પર પડી ગઈ અને તેના બે કટકા થઈ ગયા.

શાહીના છાંટા ગાલીચા પર પડયા. રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુનાં કપડાં પર પણ શાહીના છાંટા ઊડયા.

આ જોઇને રાજેન્દ્રબાબુ એકદમ ગુસ્સે થઇ ગયા અને તેને કહી દીધું : ' આજથી તારે અહીં મારા કામ માટે આવવું નહિ. બીજું કોઈ કામ કરજે. આવો બેદરકાર માણસ મારે ન જોઇએ. '

બાપડા ચપરાશી તુલસીનું મોં એકદમ પડી ગયું. તે દુઃખી દિલે બહાર ચાલ્યો ગયો.

તુલસી ચાલ્યો ગયો, પણ શાંત થતાં રાજેન્દ્રબાબુનું અંતર એમને ડંખવા લાગ્યું. અંદરથી અંતરાત્મા એમને કહેતો હતો. ' તેં આ સારું ન કર્યું ! તુલસીએ હાથે કરીને આવું કર્યું નથી ! માણસમાત્ર ભૂલને પાત્ર. તારે આમ મિજાજ ગુમાવવો ન જોઈએ. એ બાપડાને કેટલું દુઃખ થતું હશે ?......'

ત્યાર પછી તો રાષ્ટ્રપતિની મુલાકાતે મોટા મોટા લોકો આવ્યા. પરંતુ ભારતના એ રાષ્ટ્રપતિના દિલમાં તો ગરિબ બાપડા તુલસીના જ વિચારો આવતા હતા. તુલસીને ઠપકો આપવા માટે તેમને પોતાના તરફ તીવ્ર ગ્લાનિ થઈ રહી હતી. ' આ તેં ઠીક ન કર્યું !... એની માફી માગ !......' માફી માગ !...

મુલાકાતીઓ બધા ગયા, એટલે રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ તુલસીને બોલાવ્યો.

તુલસી ગભરાતો ગભરાતો નીચે મોઢે હાજર થયો.

રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ એની માફી માગી. આ જોઈને તુલસી ગળગળો થઈ ગયો. રાષ્ટ્રપતિનું દિલ પણ હળવું થઇ ગયું.

## અંતિમ દિવસો

૧૯૬૨માં રાજેન્દ્રબાબુ રાષ્ટ્રપતિ પદેથી નિવૃત્ત થયા. પછી તેઓ પોતાની કર્મભૂમિ બિહારમાં પટનામાં સદાકત આશ્રમમાં રહેવા લાગ્યા.

૧૯૬૩ની શરૂઆતમાં રાજેન્દ્રબાબુની તબિયત લથડવા લાગી. અને ૨૮મી ફેબ્રુઆરી ૧૯૬૩ને રોજ સદાકત આશ્રમમાં તેમણે દેહ છોડયો. તેમના છેલ્લા ઉદ્ગાર હતા :

'રામ ભજો !'

આપણા ભારતનાં બુલબુલ કવયિત્રી અને દેશસેવિકા સરોજિની દેવી નાયડુએ રાજેન્દ્રબાબુને અંજલિ આપતાં યોગ્ય જ કહ્યું છે :

'બુદ્ધ ભગવાનના આધ્યાત્મિક અનુગામી,

'સ્વાતંત્ર્યના જ્યોતિર્ધર,

'હિંદનું ભાગ્ય ઘડનાર એક અપ્રતિમ પુરુષ—'

'એટલે ડૉ. રાજેન્દ્રપ્રસાદ.'

## ૩ ધર્માનંદ કોસંબીજી

પાલિ ભાષાના પ્રખર પંડિત ધર્માનંદ કોસંબીજીનું જીવન એટલે આપબળે ઉન્નતિ સાધવાની અનિરુદ્ધ સાધના. એમના જીવનનું અનુશીલન કરવાથી કેટલાયે દુર્દૈવી પણ ઉત્સાહી તરુણોને પ્રેરણાત્મક બોધ તથા નવું આશ્વાસન મળ્યા વિના નહિ રહે.

આજકાલના જમાનામાં ગામડાનો સામાન્ય રખડેલ છોકરો હાઈસ્કૂલ કે કોલેજની ઘરેડમાંથી પસાર થયા વિના અસાધારણ વિદ્વાન થઈ શકે છે, એ વાત કોઇના માનવામાં આવે એવી નથી. પરંતુ ધર્માનંદજીએ આપહિંમતથી અને સ્વાશ્રયી વૃત્તિથી એ વાત સિદ્ધ કરી બતાવી છે.

અંગ્રેજી કેળવણી શરૂ થઇ ત્યાર પછી આપસૂઝથી અને હિંમતથી ભારે પુરુષાર્થ ખેડીને અહીંતહીં, દૂરસુદૂર, નિર્જન સ્થળોમાં પણ ભટકીને, કોઈનું પ્રોત્સાહન વિના, ખૂબ વિટંબણા વેઠીને વિદ્યાભ્યાસ કરી પ્રખર વિદ્વાન થવાના દાખલા આપણી નજરે બહુ નથી પડતા.

આજે તો આપણામાં સામાન્ય માન્યતા એવી જ રૂઢ થઇ ગઇ છે કે, દુનિયામાં આગળ આવવું હોય, તો હાઇસ્કૂલ કે કોલેજનું તેમ જ અંગ્રેજીનું શિક્ષણ મેળવ્યા વિના છૂટકો નથી એથી એ ઘરેડની બહાર નીકળી હિંમત કેળવી પુરુષાર્થ કરવાનું સાહસ બહુ ઓછા માણસો દાખવી શકે છે.

ધર્માનંદ કોસંબીજીનું જીવન એ દૃષ્ટિએ જોતાં એવા પુરુષાર્થી યુવાનો અને કિશોરોને અવશ્ય પ્રેરણા આપનારું થઇ પડે એવું છે.

### જન્મ અને અભ્યાસ

ધર્માનંદજીનો જન્મ ગોવાના સાસષ્ટ પ્રદેશમાં આવેલા સાખવળ ગામે ઈ. સ. ૧૮૭૬માં તા. ૯મી ઓકટોબરે થયો હતો.

તેમના પિતાશ્રીનું નામ દામોદર હતું અને માતુશ્રીનું નામ હતું આનંદીબાઇ. તેમને એક ભાઈ અને પાંચ બહેનો હતાં. ધર્માનંદજી સૌથી નાના હતા.

ધર્માનંદજીના જન્મ વેળાએ એમનાં બાની તબિયત ખૂબ જ નબળી હતી. એટલે એમનો ઉછેર સારી રીતે થઈ શકયો નહિ. વળી તે છ મહિનાનો હતો, ત્યારે તેનો ડાબો પગ એકાએક સૂજી ગયો. ગામડાના વૈદે ઘૂંટણ ઉપરના ભાગમાં નસ્તર મૂકી તેમાંથી પરુ કાઢી નાખ્યું. તેથી પગ સાજો તો થયો, પણ કાયમને માટે નબળો પડી ગયો.

ધર્માનંદ નાનપણથી જ નબળો હતો. પિતાના કેટલાક મિત્રો વાતચીતમાં તેમને કહેતા: 'તમારો આ છોકરો તમારા ઉપર ચોખ્ખો ભારરૂપ જ છે!'

કોઈ પણ સાધારણ પિતાને પૂરેપૂરી નિરાશા ઉપજે એવો મંદ ધર્માનંદ હતો જ, છતાં તેના પિતાને ભારે આશા હતી કે તે આગળ જતાં હોશિયાર નીવડશે.

એક ગામઠી જોશીએ તેના પિતાને ભવિષ્ય કહેલું કે, 'તમારો આ છોકરો વિદ્વાન તો થશે, પણ ધનવાન નહિ થાય.'

આ ભવિષ્ય-કથન પર પિતાને પૂરેપૂરી આસ્થા હતી. તે બીજું કંઈ નહિ તો ગામનો તલાટી તો બનશે જ એમ તેમને લાગતું.

ધર્માનંદને ભણાવવાની પિતાને ખૂબ હોંશ હતી. પરંતુ ગામડા ગામમાં બાળકને કેળવણી કેમ આપવી એની તેમને કશી ખબર નહોતી.

પહેલાં તો ધર્માનંદ ઘરમાં જ પાટી ઉપર ધૂળ નાખી તે પર કક્કો ઘૂંટતા શીખ્યો. પછી મડગાંવ, ચીખલી, શાહપુર, બેલગામ એ સ્થળોએ રહીને તે કકડે કકડે પાંચમા ધોરણ સુધી ભણ્યો. વચ્ચે વચ્ચે એની તબિયત બગડતી હોવાથી તેના પિતાએ તેને આગળ ભણાવવાનું માંડી વાળ્યું.

## આપમેળે કેળવેલો વાચન-શોખ

ધર્માનંદજીનું લગ્ન ૧૮૯૨ના જૂનમાં થયું. એ અરસામાં જ તેમનો વાંચવાનો શોખ ધીમે ધીમે વધવા લાગ્યો. ગામડા ગામમાં પુસ્તકોની કશી સગવડ મળે એમ નહોતું. વળી ગામમાં કોઈ એટલું ભણેલુંગણેલું પણ નહોતું કે એમને આ દિશામાં પ્રોત્સાહન આપે. એમનું મન પોતાની મેળે જ વાચન તરફ વળ્યું હતું.

વાચનના વધવા સાથે એમનો અસંતોષ પણ વધવા લાગ્યો. એમને થતું કે, વિષ્ણુશાસ્ત્રી, આગરકર વગેરે મહાન વિદ્વાન પુરુષોએ પોતાનાથી બનતી દેશસેવા કરીને જીવન ધન્ય કર્યું પણ મારે હાથે તેઓનાં જેવાં કાર્યો થવાની

આશા ખરી ? ક્યાં તેઓની વિદ્વત્તા; ક્યાં તેઓનો ઉત્સાહ, ક્યાં તેઓનું ધૈર્ય ! હું તો સાવ નિર્માલ્ય છું ! મારા જેવા ઢોરે જીવતા રહેવામાં પણ શો સાર ? ઝેર પીને આ દુનિયાની મુસાફરી પૂરી કરી નાખવી એ જ બહેતર નથી ?' આવા આવા વિચારો તેમના મનમાં ઘોળાતા.

આવી વ્યાકુળ અવસ્થામાં મધરાતે ચીસ પાડી જાગી ઊઠવું, છાતી ધડકવી, ઊંઘ બરોબર ન આવવી, એવું એવું કેટલાક દિવસો સુધી ચાલ્યું. છતાં તેમના વાચનનો શોખ વધતો જ ગયો. ગામમાંથી જેટલાં પુસ્તકો મળ્યાં એટલાં બધાં જ તેમણે વાંચી નાંખ્યાં.

## સંત તુકારામના વાચને સહાય કરી

એવામાં મહારાષ્ટ્રના મહાન સંત તુકારામની ગાથાની એક ચોપડી એમના ઘરમાં હતી તે એમના હાથમાં આવી. શરૂઆતમાં તેમને સંત તુકારામના અભંગોમાં બહુ રસ પડ્યો નહિ. પરંતુ ચોપડીના આરંભમાં તુકારામ મહારાજનું ટૂંકું જીવનચરિત આપેલું હતું. એણે તેમના મન ઉપર એવી તો ઊંડી છાપ પાડી કે એ તે અનેક વાર હોંશે હોંશે વાંચી ગયા. પછી તો એમાંના કેટલાક અભંગો—પદો—મોઢે પણ કર્યા.

આ જીવનચરિત વાંચીને ધર્માનંદજીને થયું :

'હું નિર્ધન હોવાથી મનમાં દુઃખી થાઉં છું. પણ તુકારામબુવાએ પણ દેવાળાં જ કાઢ્યાં હતાં ! હું અભણ હોવાથી શોક કરું છું. પણ તુકોબાને તો મારાથી દશમે હિસ્સે પણ ભણવાનાં સાધન નહોતાં મળ્યાં !

'મારું લગ્ન થયું છે તેથી હું વિમાસું છું. પણ તુકોબા તો બે વાર પરણ્યા હતા ! દુનિયાદારીમાં મારાથી અનેકગણી મુશ્કેલીઓ તેમને હતી, છતાં પરમાર્થમાં તેમની ડાંફ કેટલી આગળ ! દુનિયાનાં દુઃખો તેમને નુકસાનકર્તા ન નીવડતાં ઊલટાં લાભકર્તા જ લાગ્યાં. તો પછી મારે શું કરવા શોક કરવો ?

'વિદ્યા અને ધન મેળવતાં ન આવડ્યું તો ભલે, પણ તુકોબાના જેવા સદ્‌ગુણો પણ મહેનત કરતાં ન કેળવતાં આવડે શું ? વૈરાગ્યરૂપી કવચ પહેરીને સત્યનિષ્ઠા વગેરે સદ્‌ગુણો રૂપી હથિયારો વડે શરીરના ષડ્‌રિપુ સાથે લડાઈ કરીશ, તો આજે નહિ તો કાલે જરૂર હું સફળ થઈશ.'

એવા એવા વિચારો તેમનામાં દૃઢ થવા લાગ્યા. એને પરિણામે તેમનો ગભરાટ ઓછો થઈ ગયો.

## કુસંસ્કારની ખરાબ છાપ

આ ઉંમર દરમિયાનનો એક પ્રસંગ ધર્માનંદજીના જીવનમાં બૂરી છાપ મૂકી ગયો. મોટપણે એ કુસંસ્કારને યાદ કરીને ધર્માનંદજી કહેતા : 'તેનાં ઝેરી પરિણામ મારે આજ સુધી ભોગવવાં પડે છે !'

વાત એમ બની કે, એમના પિતાએ ઘેરથી દોઢ બે માઈલ છેટે નાળિયેરીઓની એક વાડી રાખી હતી. એટલે તેઓ દિવસમાં બે વખત ત્યાં જતા. તેમની સાથે ધર્માનંદજી પણ વાડીએ જવા લાગ્યા.

ત્યાંનું મુખ્ય કામ વાંદરા અને ચોરોથી નાળિયેરીઓનું રક્ષણ કરવાનું હતું. ફુરસદને વખતે કોસનું પાણી વાળવું, કેળો પાવી, વાડીની વાડ પડી ગઇ હોય તો દુરસ્ત કરવી વગેરે કામ કરવાં પડતાં. પિતા ન હોય ત્યારે તે વાડીએ રહેતા. પણ રાત પડે કે એમને બીક લાગવા માંડે. એટલે સાંજે ઘેર આવતી વખતે તાડી કાઢનારા ભંડારીઓની સાથે એમને આવવું પડતું.

આ સોબતના છાંટા એમના પર ઊડયા વિના રહ્યા નહિ. આનો અર્થ તે તાડી પીવા લાગ્યા અથવા તો બીજો કોઇ દુરાચાર કરવા લાગ્યા એમ નહિ. પણ એ લોકોની એક-બીજા સાથેની અતિશય બીભત્સ વાતચીતોથી તેમના મન ઉપર કુસંસ્કાર અજાણપણે પડવા લાગ્યા અને તેથી એમના મનમાં ખરાબ વિચારો ઘોળાવા લાગ્યા.

ઘરના લોકોના દાબને લીધે એમને હાથે શારીરિક દોષ ન થયા, પણ માનસિક દોષો તો થયા જ !

## ઘર-કારભાર વચ્ચે પણ વાચન-પ્રવૃત્તિ

૧૮૯૨માં ધર્માનંદજીની માશીનો જુવાન દીકરો ગુજરી જવાથી માશીની જમીનની દેખરેખ રાખવા માટે એમના મોટાભાઇ ત્યાં રહેવા ગયા. એટલે ઘેર પિતાજીની વૃદ્ધાવસ્થાને લીધે ઘરનો બધો બોજો સોળ વર્ષના ધર્માનંદજીને શિરે આવી પડયો.

અનેક સંકટો, અડચણો વચ્ચે પણ તેમણે તમામ કારભાર યથાશકિત ચલાવ્યો. સાથે સાથે તેમણે મરાઠી પુસ્તકો વાંચવાનું ચાલુ જ રાખ્યું હતું. નિબંધમાળા, આગરકરના નિબંધો, મોરોપંતનું ભાગવત, જ્ઞાનેશ્વરી, વર્તમાનપત્રો, માસિકો, વાર્તાઓ જે કંઇ એમના હાથમાં આવ્યું તે એમણે વાંચી નાંખ્યું.

ધર્માનંદજીને સંસ્કૃત શીખવાનો ભારે શોખ હતો. પણ એ શીખવાની સગવડ ન હોવાથી અને ઘર છોડીને લાંબો વખત બીજે સ્થળે રહેવું એ પણ અશક્ય હોવાથી તે બને એમ નહોતું. એટલે તેમણે ડૉ. ભાંડારકરના સંસ્કૃત પુસ્તકનું મરાઠીમાં ભાષાન્તર લાવીને એનો અભ્યાસ પોતાની મેળે કરવા માંડયો. સંસ્કૃત રઘુવંશના બીજા સર્ગમાંથી પચીસત્રીસ શ્લોકો પણ મોઢે કર્યા. પરંતુ એટલાથી સંસ્કૃતનું જ્ઞાન કેટલું મળે? એટલે તેમના મનમાં આ બાબતનો હંમેશાં વસવસો રહ્યા કરતો.

ધર્માનંદજીને સામાજિક સુધારણા, ધાર્મિક સુધારણા વગેરે વડે દેશહિત સાધવાના મનોરથ કદી ન જ થતા એવું નહોતું, પરંતુ એ બધું મનમાં જ શમી જતું. કારણ કે તેમના ગામમાં આવી સુધારક પ્રવૃત્તિઓ કરવાનો માર્ગ ખુલ્લો નહોતો. ગામના લોકો જૂની રૂઢિઓમાં જકડાઈ ગયેલા હતા.

આવી સ્થિતિ વચ્ચે ધર્મ કે સમાજ-સુધારણા શક્ય જ નહોતી. છતાં બનતું કરવાનો તેમણે નિર્ધાર કર્યો.

સ્વદેશીના તે ભક્ત હતા. ગોવામાં સારાં સ્વદેશી કપડાં મળતાં નહોતાં એટલે તેમને જાડાં, ઢંગધડા વગરનાં કપડાં વાપરવા પડતાં. તેમના આવા પહેરવેશથી ગામમાં તે ઘણુંખરું તે ગાંડામાં ખપતા.

## અભ્યાસ માટે ઘરત્યાગ

મડગાંવના રહીશ ભિક્કુ મંડલિક નાયક ધર્માનંદજીના સંબંધી થતા હતા. તે એમના પર અધિક પ્રેમભાવ રાખતા હતા. તેમના સુધારક વિચારો ધર્માનંદજીને ખૂબ ગમતા. મદ્યપાન, બાળવિવાહ, હોળી, વર્ણભેદ વગેરે બાબતો વ્યક્તિના અને દેશના હિતને નુકસાનકારક છે, એમ તેમના જ સહવાસથી ધર્માનંદજીને સ્પષ્ટ જણાવા લાગ્યું હતું.

તેમના સહવાસથી ધર્માનંદજીને બીજો પણ લાભ થયો હતો કે મડગાંવમાં એમની ઓળખાણ વધી. આ ઓળખીતા ગૃહસ્થો પાસેથી એમને વાંચવાને માટે ખૂબ પુસ્તકો મળતાં.

આ ભિક્કુ મંડલિકે ધર્માનંદજીની અભ્યાસવૃત્તિ જોઈને એક દિવસ એમને કહ્યું :

'તું જો યુરોપમાં જન્મ્યો હોત, તો તારી બુદ્ધિના તેજથી ત્યાં તું ઝળકત. પણ અહીં તેનો શો ઉપયોગ? અહીં તો વાંદરાં ભગાડવામાં જ તારી જિંદગી પૂરી થવાની!'

આ શબ્દો ધર્માનંદજીને શૂળની માફક ભોંકાવા લાગ્યા. તે ખૂબ વિમાસણ અનુભવવા લાગ્યા. છેવટે ગોવામાં રહીને કશો વિકાસ સાધી શકાય એમ નથી અને પોતાના પ્રિય વિષય સંસ્કૃતનો પણ વધારે અભ્યાસ થઇ શકે એમ નથી એવું લાગતાં કંટાળીને ધર્માનંદજી ૧૮૯૪માં છાનામાના કોલ્હાપુર ચાલ્યા ગયા.

ત્યાં તે મહાલક્ષ્મીના મંદિરમાં ઊતર્યા. પરંતુ અહીં પોતાનું પેટ ભરવા માટે આ બ્રાહ્મણકુમારને 'ॐ भवति भिक्षांक देहि' એમ કહી ઘેર ઘેર ભિક્ષા માગ્યા વિના છૂટકો નહોતો. એ પ્રમાણે કરવાની તેમનામાં એ કાળે હિંમત નહોતી. વળી વૃદ્ધ પિતાજી પણ ખૂબ યાદ આવતા હતા. અંતે ગાંઠે હતા એટલા પૈસા ખૂટયા એ પહેલાં જ તે મડગાંવ પાછા ફર્યા.

આ તરફ આઠદશ દિવસ સુધી એમની કશી ભાળ ન લાગવાથી એમના પિતા પણ મડગાંવ તપાસ કરવા એ જ વખતે આવી પહોંચ્યા હતા.

પિતાજીએ એમને કહ્યું: 'જો તું બીજી વાર આમ ઘર છોડીને જતો રહીશ, તો તારી શોધ માટે મારે પણ આટલી ઉંમરે બધે ભટકવું પડશે. આ વાતનો વિચાર કરી તને જેમ ઠીક લાગે તેમ કર.'

ધર્માનંદજીએ ત્યારથી ઘર છોડી જવાનો વિચાર મનમાંથી કાઢી નાખ્યો. એ વખત દરમિયાન એમના ઘરની આર્થિક સ્થિતિ કથળતી જતી હતી. પરચૂરણ ખરચ ખૂબ વધી ગયું હતું. એનો ભાર ધર્માનંદજી પર હતો. આથી એમનું મન બહુ ઉદ્વિગ્ન રહેવા લાગ્યું. એ સ્થિતિમાં વાચન પણ તેમનાથી થઈ શકતું નહોતું.

એટલે ૧૮૯૮માં તે પાછા ઘર છોડીને ગોકર્ણ ચાલ્યા ગયા. ત્યાં અજાણ્યા પ્રદેશમાં નિર્વાહનું સાધન કંઇ ન મળવાથી તે પાછા ઘેર આવ્યા. પણ તેમની વ્યથા ઓછી ન થઇ. એક દિવસ તો તે જંગલમાં જ બેસી રહ્યા. અને કોઈની પણ સાથે વાતચીત કર્યા વિના એક ઓરડીમાં પુરાઈ રહેવા લાગ્યા.

આ વાતની એમના એક સંબંધી વિષ્ણુ રામચંદ્ર નાયકને ખબર પડતાં તે મડગાંવથી તેમને મળવા આવ્યા. તેમને લાગ્યું કે, કરજને લીધે ધર્માનંદને

ચિત્તભ્રમ થયો હોવો જોઈએ. એટલે તેમણે ધર્માનંદજીના પિતાની બધી જમીન ગીરો રાખીને બધું દેવું ભરપાઈ કરી આપ્યું. આથી ધર્માનંદજીને ખૂબ રાહત થઈ.

## બુદ્ધ ભગવાન પ્રત્યે જાગેલી શ્રદ્ધા

એ અરસામાં જ તા. ૨૮મી ઑગસ્ટ ૧૮૯૮ના રોજ લકવાના ઊથલામાં એમના પિતા એકાએક અવસાન પામ્યા! આ પ્રસંગે એમને ખૂબ દુઃખ થયું. દુનિયાના વ્યવહારમાં કેમે કર્યું ચિત્ત ચોંટે જ નહિ.

આગલે વર્ષે ૧૮૯૭માં ધર્માનંદજીએ 'બાલબોધ' નામના માસિકમાં ભગવાન બુદ્ધનું જીવનચરિત વાંચ્યું હતું. ત્યારથી જ બુદ્ધ ઉપર તેમની શ્રદ્ધા બેસતી ગઈ હતી. તેમને દુનિયાદારીનો જેમ જેમ કંટાળો આવતો ગયો, તેમ તેમ એમની આ શ્રદ્ધા વધારે ને વધારે દૃઢ થવા લાગી. 'બુદ્ધ જ મારું સર્વસ્વ છે', એમ તેમને લાગવા માંડ્યું.

પછી તો ભગવાન બુદ્ધની મૂર્તિ કલ્પીને તેનું ધ્યાન ધરવું અને પેલા માસિકમાં છપાયેલું ચરિત્ર ફરી ફરી વાંચવું એવો ક્રમ તેમણે ચાલુ રાખ્યો.

તેમણે એવો મનોમન દૃઢ સંકલ્પ કર્યો કે, 'જો હું જીવતો રહીશ તો બીજું બધું છોડી બુદ્ધના ધર્મનું જ્ઞાન સંપાદન કરીશ. ચાહે તેટલાં સંકટો આવો, ચાહે તેટલાં દુઃખો પડો, પણ બુદ્ધના ઉપદેશનું જ્ઞાન મને થાય એટલે મારું જીવ્યું સાર્થક માનીશ.'

૧૮૯૮ના નવેંબરમાં ધર્માનંદજીને ખબર પડી કે, કોચીનના સારસ્વતોએ એક નવી શાળા શરૂ કરી છે. એટલે ત્યાં જઈને અંગ્રેજી જાણીને એ મારફતે ભગવાન બુદ્ધ વિશે થોડુંઘણું જ્ઞાન મેળવવું, એમ વિચાર કરીને તે મેંગલોર ગયા. પરંતુ ત્યાંથી પંદર જ દિવસમાં તે પાછા ચાલ્યા આવ્યા.

## સંસ્કૃતના અભ્યાસ માટે પૂના ગયા

પછી ધર્માનંદજીએ દક્ષિણ તરફની મુસાફરીનો ખ્યાલ છોડી ઉત્તર તરફ જવાનો વિચાર કર્યો.

પૂના એ મહારાષ્ટ્રનું કેન્દ્ર, સરસ્વતીનું મોટું સ્થાન, એટલે ત્યાં અભ્યાસ માટે કંઇ ને કંઇ સગવડ થઇ રહેશે, એમ માનીને ધર્માનંદજી ૧૮૯૯ના નવેમ્બરમાં મડગાંવ ગયા. ત્યાં તેમના સંબંધીઓ પાસેથી વાટખર્ચીના પચીસેક રૂપિયા ભેગા કરીને, એક તાંબાનો લોટો તથા શેતરંજી એટલો સામાન લઈને તે પૂના જવા ઊપડયા.

પૂના જવામાં તેમનો ખાસ હેતુ એ હતો કે, દિવસે કારકુનનું કે એવું બીજું કોઇ કામ કરી નિર્વાહ કરવો અને કોઇ શાસ્ત્રી પાસે રહી સંસ્કૃતનો અભ્યાસ કરવો.

એવું કંઈક કામ શોધવા માટે ધર્માનંદજીએ પૂનામાં ખૂબ પ્રયાસ કરી જોયા, 'સુધારક' પત્રની ઓફિસમાં તથા બીજી જગ્યાએ ખૂબ આંટા ખાધા, પણ ક્યાંયે ઘાટ બેઠો નહિ !

સંસ્કૃતના પ્રખર પંડિત ડો. ભાંડારકર પૂનામાં જ રહેતા હતા. એટલે ધર્માનંદજીએ એમને મળીને પોતાનો આશય જણાવવાનું વિચાર્યું. તેમણે ડો. ભાંડારકર પર ચિઠ્ઠી લખી અને છેવટે સંત જ્ઞાનેશ્વર મહારાજની જ્ઞાનેશ્વરીમાંથી એક ઓવી લખી :

प्रभू तुम्ही सुखामृता चे डोहो।
म्हणोंनि आम्हीं आपुलिया स्वेच्छां बोलावो लाहों।
येथही जरी सलगीं करुं बिहों।
तरी निवों कें पां ?'

—'હે પ્રભુ ! તમે તો સુખામૃતના નિધિ છો, તેથી હું તમારી પાસેથી ચાહું તેટલી શીતળતા પામું. તમારી આગળ હેત કરતાં પણ ડરું, તો પછી ક્યાં જઇને ઠરું ?'

ડૉ. ભાંડારકરે એ ચિઠ્ઠી વાંચીને એમને તરત જ મળવા અંદર બોલાવ્યા એને કહ્યું : 'તમે ગોવાના હોવાનું જણાવો છો, તો પછી મરાઠી આવું શુદ્ધ ક્યાંથી લખી શકો છો ?'

ધર્માનંદજીએ જવાબ આપ્યો : 'ગોવામાં મારા જેટલું શુદ્ધ લખનારા ઘણા નીકળે.'

પછી સંસ્કૃતના અભ્યાસ વિશે વાત કરતાં એમણે ડો. ભાંડારકરને કહ્યું : 'મારે સંસ્કૃત શીખવું છે'

ડૉ. ભાંડારકરે કહ્યું : 'એકલું સંસ્કૃત શીખતાં તમને સાત વર્ષ લાગશે. સાત વર્ષે તમે પંડિત બનશો. તમારે કંઇ ઘેર મોકલવું પડે એમ ન હોય અને માત્ર વિદ્યાભ્યાસ એ જ હેતુ હોય, તો અહીંયાં જ તમને સહાય મળી શકશે. તે સારુ નોકરી શોધવાની જરૂર નથી. વળી નોકરી કરીને ભણવામાં ત્રાસ પણ ખૂબ થશે. હું મહિને એક બે રૂપિયા આપીશ અને અહીં સારસ્વતોની સારી વસ્તી છે. તેમની પાસેથી તમને મહિને પાંચ છ રૂપિયા સહેજે મળી રહેશે.'

ધર્માનંદજીએ એક દિવસ તેમને વાત વાતમાં કહ્યું હતું : 'મારે બૌદ્ધધર્મનો અભ્યાસ કરવો છે.'

પછી એક વાર વાતચીત કરતાં ડૉ. ભાંડારકરે એમને કહ્યું : 'તમે હજી પ્રાર્થનાસમાજના સભ્ય થયા નથી. તમે એમાં દાખલ થાઓ તો અમે તમને વધારે આર્થિક મદદ કરી શકીએ. આગળ જતાં પ્રાર્થનાસમાજના ધર્મોપદેશકનું તમને કામ આપવું એવી મારી ઇચ્છા છે.'

ધર્માનંદજીએ કહ્યું : 'પ્રાર્થનાસમાજના ઘણાખરા સિદ્ધાંતો મને પસંદ છે. હું જાતિભેદમાં માનતો નથી. બાળલગ્ન બૂરાં છે એ વિશે મારી ક્યારની ખાતરી થઇ ચૂકી છે. તોપણ બૌદ્ધધર્મનું પૂરું જ્ઞાન મેળવ્યા સિવાય હું કોઇ પણ સંસ્થાનો સભ્ય થવા ઇચ્છતો નથી. એકલો બૌદ્ધધર્મ જ મનુષ્યમાત્રની ઉન્નતિનું ખરું સાધન છે, એ હાલ તો હું માનું છું.'

ભાંડારકરે પૂછ્યું : 'આ તમે કયા આધારે કહો છો ? તમે બૌદ્ધધર્મ વિશે જાણો છો ?'

ધર્માનંદજીએ જવાબ આપ્યો : 'જગદ્‌ગુરુ ગૌતમબુદ્ધનું ચરિત્ર મેં વાંચ્યું છે અને તે ઉપરથી બુદ્ધના વિચારો અને તેનો એકંદર ધર્મ એ જ મનુષ્યજાતિને ખરા કલ્યાણકારી નીવડશે એમ મને લાગે છે.'

એ સાંભળીને ભાંડારકર બોલી ઊઠયા : ' અરે, પેલું કાણે કૃત પુસ્તક હું જાણું છું. એ તો સર એડવિન આર્નોલ્ડના ' લાઈટ ઓફ એશિયા' નું ભાષાંતર છે. મૂળમાં છે એનું ચાર આની પણ અંગ્રેજીમાં ઊતર્યું નથી. અને અંગ્રેજીનું ચાર આની પણ મરાઠીમાં નથી આવ્યું ! આવા આ ગ્રંથને આધારે તમે બૌદ્ધધર્મ વિશે હું આમ માનું છું એમ કહો છો ? '

આ યુવાન પોતાની નિષ્ઠામાંથી ડગે એવો કયાં હતો ? ધર્માનંદજીએ બુઝુર્ગ પંડિતજીને નમ્રભાવે કહ્યું:

'પંડિતવર્ય, બૌદ્ધધર્મ વિશે હું કશું જ જાણતો નથી એ હું કબૂલ કરું છું. પણ આપના કહેવા પ્રમાણે મરાઠીમાં ઉતારેલો મૂળનો સોળમો ભાગ પણ જો આટલો ચિત્તવેધક છે, તો પછી મૂળ ગ્રંથ કેટલો સુંદર અને પ્રેરક હોવો જોઇએ, એ કલ્પનાથી જ સમજવું રહ્યું. આથી તો મૂળ બૌદ્ધ ગ્રંથનો અભ્યાસ કરવાનો મારો નિશ્ચય વધારે દૃઢ થાય છે.'

ડૉ. ભાંડારકર બોલ્યા : 'અરે, પણ બૌદ્ધધર્મનો આપણા દેશને શો ઉપયોગ? વળી આ દેશમાં બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવું પણ ખૂબ મુશ્કેલ છે. એને સારુ તો તમારે નેપાળ કે સિલોન જવું પડશે!'

ધર્માનંદજીએ કહ્યું : 'આપણા દેશને તેનો ઉપયોગ હો અગર ન હો, મારા જીવનને તેનો ઘણો ઉપયોગ છે એમ મારી ખાતરી છે. નેપાળ કે સિલોન જવાને હું તૈયાર છું.'

ડૉ. ભાંડારકરે એની મુશ્કેલી સમજાવતાં કહ્યું :

'પણ તમારે ત્યાં ભિક્ષુ બનવું પડશે!'

ધર્માનંદજી બોલ્યા :

'ભલે ગમે તેટલાં કષ્ટ સોસવાં પડે, મને તેની ફિકર નથી. બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવું એ મારું જીવનકર્તવ્ય છે.'

## નેપાળ ભણી જવાનો સંકલ્પ

ગોવાના એક નાનકડા ગામનો યુવાન મુગ્ધ ભાવે બૌદ્ધધર્મનો અભ્યાસ કરવા પૂના આવ્યો. પંડિતવર્ય ડૉ. ભાંડારકરની વાતો સાંભળીને તેને ખ્યાલ આવ્યો કે, બૌદ્ધધર્મનો અભ્યાસ કરવો કંઇ જેવી તેવી વાત નથી!

પરંતુ પુરુષાર્થી યુવાન ધર્માનંદજી આમ પોતાના શુભ સંકલ્પમાંથી ડગે એવા નહોતા. ક્યાં ગોવા, ક્યાં પૂના અને ક્યાં નેપાળ–સિલોન!

વળી ધર્માનંદજીને કોઇ માર્ગ ચીંધનાર કે આર્થિક સહાય કરનાર પણ ન હતું!

હવે પૂનામાં રહીને બૌદ્ધ ધર્મ વિશે કશું જાણી શકાશે નહિ એની ખાતરી થતાં ધર્માનંદજી થોડા વિમાસણમાં પડી ગયા. સિલોન જવું કે નેપાળ, એ પ્રશ્ન તેમની સામે આવીને ખડો થયો.

ધર્માનંદજીને થયું કે, 'સિલોનની ભાષા, રીતરિવાજ એ બધું વિચિત્ર હશે. છેક દક્ષિણ તરફની કાનડી વગેરે ભાષાઓનો પણ મને પરિચય નથી.' એનો વિચાર કરતાં તેમણે સિલોન જવાનો વિચાર માંડી વાળ્યો અને નેપાળ જવાનું નક્કી કર્યું.

તેમણે એક ભાઇ પાસેથી બાર રૂપિયા ઉછીના લીધા. બે કપડાં પીળાં રંગાવી આપ્યાં હતાં તે પહેરી લઈ, શિખા અને જનોઈનો ત્યાગ કરી, તા. ૧લી માર્ચ ૧૯૦૦ને રોજ રાતે બાર વાગ્યા પછી ઊપડતી ટ્રેનમાં તેમણે પૂના છોડયું.

પૂનાથી તે ઇંદોર ગયા. એક બે દિવસમાં જ એમની બધી રકમ પૂરી થઇ ગઇ. હવે ભીખ માગવાનો સમય આવી ગયો! પરંતુ પરાયા મુલકમાં ભીખ પણ કોણ આપે?

ઇંદોરમાં વાગળે નામના એક મોટા અમલદાર રહેતા હતા. તેમની પાસે જવાનું ધર્માનંદજીએ વિચાર્યું. ત્યાંથી થોડી ઘણી મદદ મળશે જ એવી તેમની આશા હતી.

રાવસાહેબે તો કશી પૂછપરછ કર્યા વિના ચાર આના આપી તેમને વિદાય કરી દીધા!

ઇંદોરથી જેમ તેમ કરીને ખૂબ વિટંબણા સહન કરીને ધર્માનંદજી ગ્વાલિયર પહોંચ્યા.

ગ્વાલિયરની કોલેજના શાસ્ત્રીજીને સંસ્કૃત શીખવવા તેમણે વિનંતી કરી. પણ તેણે એ સ્વીકારી નહિ. તોપણ ધર્માનંદજીએ આ બાબતમાં જાતઉદ્યમથી જે કંઇ બની શકે એમ હતું તે કરવામાં કશું બાકી રાખ્યું નહિ.

ગ્વાલિયરમાં તે છ એક મહિના રહ્યા. અહીં ડો. વાગળે નામના સજ્જને એમને ઠીક ઠીક મદદ કરી હતી.

## કાશીમાં વિદ્યાભ્યાસ

ગ્વાલિયરથી ધર્માનંદજી કાશી ગયા. કાશીમાં બૌદ્ધ સંન્યાસીની માફક રહેવું શક્ય નહોતું. કારણ કે ગ્વાલિયરના શાસ્ત્રીબાબુએ જેમ તેમને સંસ્કૃત શીખવવા

ના પાડી હતી, તેમ કાશીના શાસ્ત્રીઓ પણ કરે એ બીક હતી જ. એટલે તેમણે શિખા અને જનોઇ પાછાં ધારણ કર્યાં.

કાશીમાં તે શેણવી મઠમાં રહ્યા. બાલાજીના અન્નક્ષેત્રમાં જમીને તે ગંગાધર શાસ્ત્રીના મુખ્ય શિષ્ય નાગેશ્વર પંત ધર્માધિકારી પાસે સંસ્કૃત શીખવા લાગ્યા.

અન્નક્ષેત્રમાં તેમને ખૂબ કષ્ટ વેઠવું પડતું. અને ઘણીવાર અપમાન પણ સહન કરવું પડતું. તે સારસ્વત બ્રાહ્મણ હોવાથી ત્યાંના રિવાજ મુજબ તેમને પાછલી પંગતમાં જમવાનું મળતું હતું. પાછલી પંગત કોઈ વાર બપોરે બાર વાગે તો કોઇ વાર ચાર વાગે એમ બેસતી ! એટલે ધર્માનંદજીને જમવાની બાબતમાં બરોબર તપ કરવું પડતું. આ સમયનો સદુપયોગ કરવા માટે ધર્માનંદજી કૌમુદી, ભગવદ્ગીતા કે એવું જે એકાદ પુસ્તક સાથે લઇને જતા અન પત્રાળીમાં ભાત પડે ત્યાં સુધી વાંચ્યા કરતા.

એવામાં ૧૯૦૧માં કાશીમાં મરકી શરૂ થઈ. એક દિવસ ધર્માનંદજીને સખત તાવ આવ્યો. એમને ભય લાગ્યો કે, એમને પ્લેગ લાગુ પડયો કે શું ? પરંતુ નીલકંઠ ભટજી નામના એક સાથી વિદ્યાર્થીના સારવારથી તે બચી ગયા.

## ધોતિયાંની મુશ્કેલી દૂર કરી

ધર્માનંદજીનાં ધોતિયાં તદ્દન ફાટી ગયાં હતાં. હવે નવો ધોતી જોટો લાવવો ક્યાંથી ? તેમની પાસે અમરકોશનું પુસ્તક હતું. એક ગુંસાઈને એની જરૂર હતી. તેથી એ તેમણે સવા રૂપિયામાં વેચી દીધું. એ રકમમાંથી એક રૂપિયો અને બે આના આપી તેમણે પંચિયાનો એક જોટો ખરીદ્યો. પણ એ જોટો બહુ બહુ તો બેત્રણ મહિના જ કામ આપે એવો હતો.

આખરે એમણે એવો નિર્ણય કર્યો કે, અન્નક્ષેત્રમાંથી રોજ એક પૈસો તેલનો મળતો એ તેલમાં ન ખરચતાં બચાવવો. એમ બે અઢી મહિને એકાદ રૂપિયો થાય, એટલે નવું પંચિયું લેવું પણ રાતે દીવાનું શું કરવું ? તેમણે અને નીલકંઠે એમ ઠરાવ્યું કે, રાતે અંધારામાં પોતાને મોઢે જેટલું આવડતું હોય તેનું પુનરાવર્તન કરી જવું. આમ એ બંનેએ અંધારું વેઠીને ચાર ચાર આના એકઠા કર્યા.

એવામાં એક દિવસ મડગાંવથી પંઢરીનાથ વાળંદ નામના એક ભાઇ તરફથી એક રજિસ્ટર કાગળ આવ્યો. તેમાં દસ રૂપિયાની નોટ હતી ! એવું

બન્યું હતું કે, ધર્માનંદજીએ પાંચ રૂપિયા જેટલી મદદ કરવા સારુ પોતાના કેટલાક સ્થિતિસંપન્ન મિત્ર તેમ જ સંબંધીઓને પત્ર લખી વિનંતી કરી હતી. પણ કોઇએ એમના પત્રનો જવાબ સુદ્ધાં ન આપ્યો. છેવટે થાકીને તેમણે નિરુપાયે તેમના ઓળખીતા પંઢરીનાથ વાળંદને પત્ર લખ્યો હતો. એ બાપડા પાસેથી કશું મળે એવી આશા તેમણે રાખી નહોતી. પરંતુ કોઈ બીજા પાસેથી એકાદ બે રૂપિયા ઉછીના લઇને પણ તે મોકલશે એવો તેમને ભરોસો હતો. પંઢરીનાથે મહેનત લઈને ધર્માનંદજીની બહેનને સમજાવીને એની પાસેથી દસ રૂપિયા મેળવીને ધર્માનંદજીને મોકલ્યા હતા. આમ એક ગરીબ માણસે એમને અણધારી મદદ મોકલાવી જે તેમને કાશીના ખૂબ આકરા શિયાળામાં બહુ ઉપયોગી થઇ પડી.

## બૌદ્ધ ધર્મ વિશે જાણવા નેપાળમાં

કાશીવાસ દરમિયાન દુર્ગાનાથ નામના એક નેપાળી વિદ્યાર્થી સાથે ધર્માનંદજીની મૈત્રી થઈ. દુર્ગાનાથ જ્યારે પોતાને ઘેર નેપાળ જવા તૈયારી કરવા લાગ્યો, ત્યારે ધર્માનંદજીને યાદ આવ્યું કે, ડૉ. ભાંડારકરે કહ્યું હતું કે બૌદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવા માટે નેપાળ જવું જોઇએ. એટલે આ તકનો લાભ લઇ તે પણ દુર્ગાનાથની સાથે નેપાળ જવા તૈયાર થયા.

તા. બીજી ફેબ્રુઆરી ૧૯૦૨ને રોજ તેમણે કાશી છોડયું. ધર્માનંદજીની તબિયત આ દિવસોમાં સારી નહોતી રહેતી, એટલે નેપાળના પહાડી રસ્તે ચાલતાં એમને ખૂબ જ તકલીફ વેઠવી પડી. જોડાનાં તળિયાં એકદમ ફાટી ગયેલાં હોવાથી પથરાળ રસ્તે ચાલતાં એમના પગમાં ચીરા પડયા હતા અને એમાંથી લોહી પણ નીકળતું હતું. પરતું બૌદ્ધધર્મ અંગે કંઈક જાણવા મળશે એ જિજ્ઞાસાને આધારે તેમણે બધી વિટંબણા સહન કરી.

પરંતુ નેપાળમાં બૌદ્ધધર્મની ખેદજનક સ્થિતિ જોઇને તેમનું મન ખૂબ સંતાપ પામ્યું. નેપાળના લોકો બૌદ્ધધર્મ તરફ ઉપેક્ષાની નજરે જોતા હતા!

એક દિવસ તેમણે રસ્તામાં એક મોટો જંગી ઘંટ ઊંધો પાડયો હોય એવી ઇમારત જોઇ. તેમણે દુર્ગાનાથને પૂછ્યું : 'પેલું દેખાય છે એ કોનું મંદિર છે?'

દુર્ગાનાથે કહ્યું : 'એ તો બૌદ્ધોનો સ્તૂપ છે. પણ એ તરફ રખે નજર કરતા. શાસ્ત્રમાં એનો મોટો દોષ ગણ્યો છે. શાસ્ત્રમાં લખ્યું છે કે બ્રાહ્મણ એના સામું જુએ તોપણ તેણે સ્નાન કરવું.'

આ સાંભળીને ધર્માનંદજી નવાઈ પામ્યા. તેમને હવે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. તેમને થયું કે; 'જો દુર્ગાનાથને ખબર પડશે કે મને બૌદ્ધધર્મ પ્રત્યે પ્રેમ અને ભક્તિ છે, તો એને હાથે જ મારા પર દુઃખની પરંપરા શરૂ થઈ જશે! માટે મારે હવે મારા મનની વાત મનમાં જ રાખવી રહી.'

એક દિવસ ધર્માનંદજી કોઈને જાણ કર્યા વિના છાનામાના બૌદ્ધસ્તૂપ જોવા નીકળી પડયા. તેમણે બૌદ્ધમંદિર કે સ્તૂપ કદી જોયાં નહોતાં એટલે તેમને એ સ્તૂપ જોવાની ખૂબ ચટપટી લાગી હતી. વળી તેમને એવી પણ આશા હતી કે ત્યાં કોઈ ને કોઈ વિદ્વાન બૌદ્ધ સાધુ કે ગૃહસ્થનો ભેટો જરૂર થશે.

પરંતુ ત્યાં તો વિપરીત જ જોવા મળ્યું. સ્તૂપની આસપાસ કેટલાક ટિબેટી સાધુઓ પાસાં નાખી શુકન કહેતા બેઠા હતા. બીજી બાજુ એક મારેલું બકરું આખું ને આખું વેચવા સારુ મૂકેલું હતું!

ધર્માનંદજીને આ બધું જોઈને ભારે ખેદ થયો. તેમને થયું કે, નેપાળમાં રહેવામાં કશો સાર નથી. પણ હવે જવું કયાં? બૌદ્ધધર્મની શોધ થઈ શકતી નથી, તો પછી દુનિયામાં જીવીને પણ શું કરવું? આવા આવા વિચારો તેમને આવવા લાગ્યા. કેટલાક વખત સુધી તે સાવ વિચારશૂન્ય બની ગયા.

એવામાં તેમને એકાએક યાદ આવ્યું કે, જો હું બુદ્ધગયા જાઉં, તો ત્યાં કોઈ બૌદ્ધ સાધુ યાત્રા કરવા આવી ચડયો હોય, તો તેની પાસેથી બૌદ્ધ ધર્મનું જ્ઞાન કઈ રીતે મેળવવું એ જાણી શકાશે. એટલે તે નેપાળથી બુદ્ધગયા જવા ઊપડયા.

## બુદ્ધગયામાં બુદ્ધમંદિરની સ્થિતિ

ધર્માનંદજી અહીંતહીંથી વાટખર્ચીનું થોડું થોડું માગી માગીને જેમ તેમ કરીને બુદ્ધગયા પહોંચ્યા. બુદ્ધનું મંદિર બૌદ્ધોના તાબામાં હશે એમ ધર્માનંદજી માનતા હતા. પરંતુ ત્યાં તો જુદું જ જોવા મળ્યું. બુદ્ધમંદિરની જગ્યા ત્યાંના શૈવ મહંતના કબ્જામાં હતી.

ધર્માનંદજીએ બુદ્ધમંદિરમાં જોયું તો બુદ્ધની મૂર્તિના કપાળ પર એક મોટું ત્રિપુંડ તાણેલું હતું! આ જોઈને તેમને ભારે નવાઈ લાગી. વાત એમ હતી કે, બુદ્ધ મંદિરની જગ્યા મહંતના હાથમાંથી બૌદ્ધ લોકો છીનવી ન લે એ માટે મહંતે બુદ્ધની મૂર્તિને કપાળે એક મોટું ત્રિપુંડ કરી તેને વિષ્ણુનો નવમો અવતાર બનાવ્યો અને તેની શાસ્ત્રોકત વિધિ મુજબ પૂજા કરવાને એક બ્રાહ્મણ પૂજારીને નીમ્યો હતો! આમ કરીને બૌદ્ધ લોકોને અંદર આવવાની બંધી કરવી એવો મહંતનો ઘાટ હતો.

બૌદ્ધમંદિરની પાસે ધર્મપાલ નામના બૌદ્ધ ભિક્ષુ રહેતા હતા એવું તેમણે સાંભળ્યું હતું. એટલે ધર્માનંદજી તેમને મળવા ઉત્સુક હતા. પરંતુ ત્યાં કોઈ બીજો ભિક્ષુ રહેતો હતો. ધર્મપાલ તો સિલોન ગયા હતા.

હજી સુધી ધર્માનંદજી જાણતા નહોતા કે પાલિ ભાષા કયા પ્રકારની છે. તેમણે પેલા ભિક્ષુને એ વિશે પૂછ્યું. એટલે તેણે પોતાની પાસેના સિંહલી લિપિમાં લખાયેલા એક બૌદ્ધગ્રંથમાંથી કેટલાંક વાકયો વાંચી સંભળાવ્યાં.

એ સાંભળીને ધર્માનંદજી આનંદ પામીને બોલી ઊઠયા : 'પાલિ ભાષા તો લગભગ સંસ્કૃત જેવી જ છે! તે શીખતાં મને જરાય વાર નહિ લાગે.'

ભિક્ષુએ સલાહ આપી કે, 'તમે સિલોન જાઓ તો ત્યાં મોટમોટા પંડિતો છે. તેઓ તમારી બધી શંકાઓનું સમાધાન કરી તમને બૌદ્ધ ધર્મગ્રંથો શીખવશે.'

ધર્માનંદજીએ કહ્યું : 'હું સિલોન જવા તૈયાર છું. પણ મારી પાસે એક પાઈ સુદ્ધાં નથી! તો પછી હું સિલોન શા રીતે જાઉં?'

ભિક્ષુએ તેમને કલકત્તે જઈ ત્યાં આવેલી 'મહાબોધિ સભા' આગળ પોતાની ઈચ્છા દર્શાવવા કહ્યું.

## બૌદ્ધગ્રંથોના અભ્યાસ માટે સિલોનમાં

ત્યાંથી ખૂબ મુશ્કેલી વેઠીને ધર્માનંદજી કલકત્તા ગયા. ત્યાં 'મહાબોધિ સભા'ના મકાનમાં તે ઊતર્યા. ત્યાં રહેતા અઘોરીચંદ્રબાબુએ એમને મદ્રાસ થઈને સિલોન સુધી જવાની વ્યવસ્થા કરી આપી. એટલે તે સિલોન ગયા.

સિલોનમાં તે ધર્મપાલને મળ્યા. ધર્માનંદજીને અંગ્રેજી કે સિલોનની ભાષા નહોતી આવડતી. એટલે બધું કામ ઇશારાથી જ તે કરતા.

પહેલે દિવસે અહીં એક ગમ્મતનો પ્રસંગ બન્યો. ધર્મપાલના નોકરે ધર્માનંદજીને સારુ પાંઉ રોટી અને તાજો જ ઉઘાડેલો વિલાયતી માખણનો ડબ્બો ટેબલ ઉપર મૂક્યાં. બપોરના બે વાગી ગયા હોવાથી તે વખતે બીજું કશું મળી શકે એમ નહોતું.

પાંઉ તો ધર્માનંદજી જાણતા હતા, પણ માખણનો ડબ્બો અને અંદરનું પીળા રંગનું માખણ તેમણે અગાઉ કદી જોયું નહોતું. એમને લાગ્યું કે આ કોઇ જાતની વિલાયતી મીઠાઈ હશે. તેમણે લગભગ અર્ધો ડબ્બો ખલાસ કરી નાખ્યો !

ધર્મપાલના નોકરોને એમની આ બાધાઇ જોઈને નવાઈ લાગી હશે જ, પણ તેણે એમને કશું કહ્યું નહિ. પરંતુ સાંજે પાંઉ મૂકીને આ વેળાએ તેણે એક કાચના સુંદર વાસણમાં થોડું માખણ જુદું મૂકી એમને પીરસ્યું.

આ ઉપરથી ધર્માનંદજીને પોતાના અજ્ઞાનની ખબર પડી. આ કોઇ મીઠાઇ જેવી ખાવાની ચીજ નથી. પણ તેનો ઉપયોગ બીજી જગ્યાએ થતો હશે એમ તેમણે અનુમાન કર્યું અને પેલા નોકરને આ પદાર્થનો પાંઉ ઉપર કઇ રીતે ઉપયોગ કરવો તે ઇશારાથી પૂછ્યું.

નોકરે બે ચમચા માખણ લઇ છરીથી પાંઉના બધા કકડાઓ ઉપર ચોપડી બતાવ્યું. તે દિવસથી પાંઉ અને માખણ એ બે વસ્તુનું પ્રમાણ કેટલું જોઈએ એની તેમને ખબર પડી.

સિલોનમાં ધર્માનંદજી વિદ્યોદય વિદ્યાલયમાં રહી બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા. અહીંના બધા પાલી ગ્રંથો સિંહલી લિપિમાં લખેલા કે છાપેલા હોવાથી એ ભાષા આવડવી જરૂરી હતી. એક અઠવાડિયામાં તો એમને બધા અક્ષરો વાંચતાં આવડી ગયા અને ધીરે ધીરે એ લિપિમાં લખાયેલાં પાલિ પુસ્તકો પણ તે વાંચવા લાગ્યાં. બૌદ્ધ ધર્મના અભ્યાસની સાથે સાથે તેમણે અંગ્રેજી ભાષા પણ શીખવા માંડી હતી.

પરંતુ સિલોનમાં ખાવાની બાબતમાં તેમને ખૂબ મુશ્કેલી પડવા લાગી. કારણ કે સિલોનમાં લોકો માંસમચ્છીનો ખાસ ઉપયોગ કરે. જે ધર્માનંદજી કદી ખાઇ શકે નહીં. ધર્માનંદજીએ અહીં શ્રામણેરની દીક્ષા લીધી હતી. એટલે તેમને ભિક્ષુઓને મળતા ખોરાક પર નિર્વાહ કરવાનો રહેતો. ભિક્ષામાં તેમને રાંધેલા અન્ન તરીકે ભાત જ મળતો.

સિલોનમાં લોકો ડાંગર રાંધીને સૂકવી નાખે છે અને તેનાં છોડાં કાઢી નાખી જે ચોખા નીકળે તે રાંધીને ભાત બનાવે છે. આ બેવડો રાંધેલો ભાત ધર્માનંદજીને બિલકુલ પચતો નહિ. આવા ખોરાકથી તેમનો સંધિવા ખૂબ વધી ગયો અને અન્ન ઉપરથી રુચિ ઊડી ગઈ. તે એકદમ કંટાળી ગયા. છેવટે સિલોન છોડી બીજે ચાલ્યા જવાનો તેમણે વિચાર કર્યો.

સિલોનમાં એ અરસામાં ધર્મદાસ નામનો એક પંજાબી વિદ્યાર્થી અભ્યાસ અર્થે આવ્યો. તેણે ધર્માનંદજીને કુશિનારાની ધર્મશાળાની માહિતી આપી અને કહ્યું કે, તમે હિંદુસ્તાન જઇ કુશિનારા ભણવા જશો તો બધી સગવડ મળશે. ધર્માનંદજીને આ વિચાર ગમી ગયો અને તેમણે કુશિનારા જવાનું નક્કી કર્યું.

## કુશિનારાને બદલે બ્રહ્મદેશ ભણી

ધર્માનંદજી સિલોનથી મદ્રાસ આવ્યા અને ત્યાં બૌદ્ધાશ્રમમાં ઊતર્યા. પરંતુ તેમને માટે કલકત્તા જવા જેટલી વ્યવસ્થા કોઇ કરી શકયું નહિ. એટલે થોડો વખત તે મદ્રાસમાં જ રહ્યા. પરંતુ અહીંનો ખોરાક પણ તેમને ન ફાવ્યો. વળી બૌદ્ધાશ્રમમાં જમીન ઉપર સૂવું પડતું હતું, એટલે એમનો સંધિવા પણ વધી ગયો. તેથી હવે શું કરવું એની વિમાસણમાં તે પડી ગયા.

એવામાં મદ્રાસમાં રહેતા કેટલાક બરમી વિદ્યાર્થીઓ સાથે તેમની ઓળખાણ થઇ. તે લોકોએ ધર્માનંદજીને બ્રહ્મદેશ જવાનું સૂચવ્યું. બ્રહ્મદેશમાં અસંખ્ય વિહારો છે. એટલે ત્યાં જવાથી અભ્યાસ પણ સારી રીતે થઇ શકશે. વળી બ્રહ્મદેશ જવા માટે ભાડાની જોગવાઈ કરવાનું પણ એ વિદ્યાર્થીઓએ માથે લીધું. એટલે ધર્માનંદજી બ્રહ્મદેશ જવા તૈયાર થયા.

મદ્રાસથી આગબોટમાં બેસી તે રંગૂન ગયા અને બૌદ્ધવિહારમાં રહેવા લાગ્યા. ત્યાં તેમને જ્ઞાનત્રિલોક નામના એક જર્મન શ્રામણેર સાથે મિત્રાચારી થઇ. તેની સાથે તેમને ઠીક ફાવી ગયું.

રંગૂનમાં ધર્માનંદજીએ બૌદ્ધભિક્ષુની દીક્ષા લીધી. રંગૂનમાં પણ ખોરાકની હાડમારીને કારણે તેમની તબિયતને ભારે ધક્કો પહોંચ્યો. અતિસારનો રોગ વારંવાર તેમને પીડવા લાગ્યો. એટલે બ્રહ્મદેશ છોડી તે કુશિનારા જવા વિચારવા લાગ્યા.

પરંતુ બ્રહ્મદેશના બૌદ્ધ લોકો તેમને આ બાબતમાં મદદ કરવા તૈયાર ન

પહેલે દિવસે અહીં એક ગમ્મતનો પ્રસંગ બન્યો. ધર્મપાલના નોકરે ધર્માનંદજીને સારુ પાંઉ રોટી અને તાજો જ ઉઘાડેલો વિલાયતી માખણનો ડબ્બો ટેબલ ઉપર મૂકયાં. બપોરના બે વાગી ગયા હોવાથી તે વખતે બીજું કશું મળી શકે એમ નહોતું.

પાંઉ તો ધર્માનંદજી જાણતા હતા, પણ માખણનો ડબ્બો અને અંદરનું પીળા રંગનું માખણ તેમણે અગાઉ કદી જોયું નહોતું. એમને લાગ્યું કે આ કોઇ જાતની વિલાયતી મીઠાઈ હશે. તેમણે લગભગ અર્ધો ડબ્બો ખલાસ કરી નાખ્યો !

ધર્મપાલના નોકરોને એમની આ બાધાઇ જોઈને નવાઇ લાગી હશે જ, પણ તેણે એમને કશું કહ્યું નહિ. પરંતુ સાંજે પાંઉ મૂકીને આ વેળાએ તેણે એક કાચના સુંદર વાસણમાં થોડું માખણ જુદું મૂકી એમને પીરસ્યું.

આ ઉપરથી ધર્માનંદજીને પોતાના અજ્ઞાનની ખબર પડી. આ કોઇ મીઠાઇ જેવી ખાવાની ચીજ નથી. પણ તેનો ઉપયોગ ઘીની જગ્યાએ થતો હશે એમ તેમણે અનુમાન કર્યું અને પેલા નોકરને આ પદાર્થનો પાંઉ ઉપર કઇ રીતે ઉપયોગ કરવો તે ઇશારાથી પૂછ્યું.

નોકરે બે ચમચા માખણ લઇ છરીથી પાંઉના બધા કકડાઓ ઉપર ચોપડી બતાવ્યું. તે દિવસથી પાંઉ અને માખણ એ બે વસ્તુનું પ્રમાણ કેટલું જોઈએ એની તેમને ખબર પડી.

સિલોનમાં ધર્માનંદજી વિદ્યોદય વિદ્યાલયમાં રહી બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા. અહીંના બધા પાલી ગ્રંથો સિંહલી લિપિમાં લખેલા કે છાપેલા હોવાથી એ ભાષા આવડવી જરૂરી હતી. એક અઠવાડિયામાં તો એમને બધા અક્ષરો વાંચતાં આવડી ગયા અને ધીરે ધીરે એ લિપિમાં લખાયેલાં પાલિ પુસ્તકો પણ તે વાંચવા લાગ્યાં. બૌદ્ધ ધર્મના અભ્યાસની સાથે સાથે તેમણે અંગ્રેજી ભાષા પણ શીખવા માંડી હતી.

પરંતુ સિલોનમાં ખાવાની બાબતમાં તેમને ખૂબ મુશ્કેલી પડવા લાગી. કારણ કે સિલોનમાં લોકો માંસમચ્છીનો ખાસ ઉપયોગ કરે. જે ધર્માનંદજી કદી ખાઇ શકે નહીં. ધર્માનંદજીએ અહીં શ્રામણેરની દીક્ષા લીધી હતી. એટલે તેમને ભિક્ષુઓને મળતા ખોરાક પર નિર્વાહ કરવાનો રહેતો. ભિક્ષામાં તેમને રાંધેલા અન્ન તરીકે ભાત જ મળતો.

સિલોનમાં લોકો ડાંગર રાંધીને સૂકવી નાખે છે અને તેનાં છોડાં કાઢી નાખી જે ચોખા નીકળે તે રાંધીને ભાત બનાવે છે. આ એવડો રાંધેલો ભાત ધર્માનંદજીને બિલકુલ પચતો નહિ. આવા ખોરાકથી તેમનો સંધિવા ખૂબ વધી ગયો અને અન્ન ઉપરથી રુચિ ઊડી ગઈ. તે એકદમ કંટાળી ગયા. છેવટે સિલોન છોડી બીજે ચાલ્યા જવાનો તેમણે વિચાર કર્યો.

સિલોનમાં એ અરસામાં ધર્મદાસ નામનો એક પંજાબી વિદ્યાર્થી અભ્યાસ અર્થે આવ્યો. તેણે ધર્માનંદજીને કુશિનારાની ધર્મશાળાની માહિતી આપી અને કહ્યું કે, તમે હિંદુસ્તાન જઇ કુશિનારા ભણવા જશો તો બધી સગવડ મળશે. ધર્માનંદજીને આ વિચાર ગમી ગયો અને તેમણે કુશિનારા જવાનું નક્કી કર્યું.

## કુશિનારાને બદલે બ્રહ્મદેશ ભણી

ધર્માનંદજી સિલોનથી મદ્રાસ આવ્યા અને ત્યાં બૌદ્ધાશ્રમમાં ઊતર્યા. પરંતુ તેમને માટે કલકત્તા જવા જેટલી વ્યવસ્થા કોઇ કરી શક્યું નહિ. એટલે થોડો વખત તે મદ્રાસમાં જ રહ્યા. પરંતુ અહીંનો ખોરાક પણ તેમને ન ફાવ્યો. વળી બૌદ્ધાશ્રમમાં જમીન ઉપર સૂવું પડતું હતું, એટલે એમનો સંધિવા પણ વધી ગયો. તેથી હવે શું કરવું એની વિમાસણમાં તે પડી ગયા.

એવામાં મદ્રાસમાં રહેતા કેટલાક બરમી વિદ્યાર્થીઓ સાથે તેમની ઓળખાણ થઇ. તે લોકોએ ધર્માનંદજીને બ્રહ્મદેશ જવાનું સૂચવ્યું. બ્રહ્મદેશમાં અસંખ્ય વિહારો છે. એટલે ત્યાં જવાથી અભ્યાસ પણ સારી રીતે થઇ શકશે. વળી બ્રહ્મદેશ જવા માટે ભાડાની જોગવાઈ કરવાનું પણ એ વિદ્યાર્થીઓએ માથે લીધું. એટલે ધર્માનંદજી બ્રહ્મદેશ જવા તૈયાર થયા.

મદ્રાસથી આગબોટમાં બેસી તે રંગૂન ગયા અને બૌદ્ધવિહારમાં રહેવા લાગ્યા. ત્યાં તેમને જ્ઞાનત્રિલોક નામના એક જર્મન શ્રામણેર સાથે મિત્રાચારી થઇ. તેની સાથે તેમને ઠીક ફાવી ગયું.

રંગૂનમાં ધર્માનંદજીએ બૌદ્ધભિક્ષુની દીક્ષા લીધી. રંગૂનમાં પણ ખોરાકની હાડમારીને કારણે તેમની તબિયતને ભારે ધક્કો પહોંચ્યો. અતિસારનો રોગ વારંવાર તેમને પીડવા લાગ્યો. એટલે બ્રહ્મદેશ છોડી તે કુશિનારા જવા વિચારવા લાગ્યા.

પરંતુ બ્રહ્મદેશના બૌદ્ધ લોકો તેમને આ બાબતમાં મદદ કરવા તૈયાર ન

થયા. તે વખતે ચટગાંવના કેટલાક બૌદ્ધ વેપારી રંગૂનમાં રહેતા હતા. એ લોકોની સાથે ધર્માનંદજીને થોડી ઓળખાણ હતી. તેમણે તેઓને પોતાનો વિચાર જણાવ્યો. એટલે તેઓ તેમને કલકત્તા સુધીનું આગબોટનું ત્રીજા વર્ગનું ભાડું આપવા કબૂલ થયા.

## બૌદ્ધ ક્ષેત્રોની યાત્રાએ

ધર્માનંદજી રંગૂનથી કલકત્તા આવી, બૌદ્ધ ભિક્ષુને વેશે કુશિનારા તરફ જવા ઊપડ્યા. તે ૧૯૦૪ના જાનેવારી માસમાં કુશિનારા પહોંચ્યા. ત્યાં તેમણે એક બે અઠવાડિયાં ધર્મશાળાની ઓરડીમાં એકાંતમાં ગાળ્યાં અને બીજા બે અઢી મહિના બુદ્ધ મંદિરની પાછળના ખંડેરમાં ઊગેલા એક જંગલી ઝાડ નીચે પસાર કર્યા.

આ જગ્યા બહુ ભયાનક ગણાતી. આસપાસના ગ્રામવાસીઓ દિવસે પણ એ સ્થળે આવતા ગભરાતા હતા. એવી જગ્યાએ રાતે એકલા રહીને ધર્માનંદજીએ ભય ઉપર કાબૂ મેળવવાની સાધના કરી.

૧૯૦૪ના એપ્રિલમાં ધર્મપાલ જાપાન, અમેરિકા, વગેરે દેશોમાં ફરીને કાશી આવ્યા. તેમના એક બે કાગળો ધર્માનંદજી પર આવ્યા. એટલે ધર્માનંદજી કાશી જઈ તેમને મળ્યા. કાશીમાં બૌદ્ધ ધર્મશાળાની નજીકના એક વડ નીચે તેમણે બે અઠવાડિયાં ગાળ્યાં.

પછી તેમણે રાજગૃહ, શ્રાવસ્તી, કપિલવસ્તુ, લુંબિનીવન વગેરે બૌદ્ધ ક્ષેત્રોની યાત્રા કરી.

આમ એક વર્ષમાં ધર્માનંદજીએ ઠીક ઠીક દેશાટન, તીર્થાટન કર્યાં. આ બધાં ક્ષેત્રોમાં બુદ્ધભગવાનનું જન્મસ્થાન લુંબિનીવન, બુદ્ધને બુદ્ધપદ પ્રાપ્ત થયું તે બુદ્ધગયા, ભગવાને પહેલો ઉપદેશ આપ્યો તે કુશિનારા—આ ધામોને બૌદ્ધ લોકો પવિત્ર ગણે છે.

ધર્માનંદજી પછી ફરથી કુશિનારા ગયા. ત્યાંની ધર્મશાળાની વ્યવસ્થા કરનાર ચંદ્રમુનિ નામના બર્મી ભિક્ષુએ તેમને કહ્યું : 'જો તમારે એકાંતવાસ કરવો હોય, તો બ્રહ્મદેશ જઈ માંડલે રહેવું. માંડલેમાં સગાઈ નામનો એક પર્વત છે તેના ઉપર ઘણી ગુફાઓ હોવાથી ધ્યાનભાવનાદિ કરનારા ઘણા ભિક્ષુઓ ત્યાં રહે છે.'

એટલે બ્રહ્મદેશ પાછા જઈ આવવા ધર્માનંદજી તૈયાર થયા. બ્રહ્મદેશમાં થોડા મહિના રહી તેમણે જુદે જુદે સ્થળે સાધના કરી. પણ ત્યાંના ખોરાકની મુશ્કેલી છેવટ સુધી નડ્યા કરી. એટલે છેવટે તે પાછા કલકત્તા આવી ગયા.

## કલકત્તામાં 'નેશનલ કૉલેજ'માં

ધર્માનંદજીએ ગોવા છોડ્યું ત્યારથી તે બ્રહ્મદેશ છોડી ૧૯૦૬ના જાનેવારીમાં તે કલકત્તા આવ્યા ત્યાં સુધીના તેમના દિવસો અધ્યયનમાં જ વીત્યા એમ કહી શકાય. આ બધો સમય બૌદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવું, એ એક જ ધ્યેય તેમની આંખ સામે હતું.

પરંતુ હવે બૌદ્ધ ધર્મના જ્ઞાનનો પ્રચાર કરવા સારુ કંઈક મહેનત કરવી જોઈએ એવી ઇચ્છા તેમને થવા લાગી. કલકત્તા આવ્યા પછી ઉમરાવતી જઈ ત્યાં થોડો વખત રહેવું અને પછી બને તો પૂના તરફ જઈ કંઈક મહેનત કરી જોવી એવો વિચાર તેમણે કર્યો.

પરંતુ કલકત્તા આવ્યા પછી જુદી જ રીતે એ વિચાર અમલમાં મુકાતો ગયો.

કલકત્તામાં શ્રી હરિનાથ ડે વગેરે મોટા વિદ્વાનોના પરિચયમાં તે આવ્યા. હરિનાથ ડે તો એમની પાસે પાલિ શીખ્યા પણ ખરા. પછી ધર્માનંદજીને સિક્કીમ તરફ જઈને બૌદ્ધ ધર્મનો વધારે પરિચય મેળવવાનું મન થયું. એટલે તે સિક્કીમ ગયા.

સિક્કીમથી તે પાછા કલકત્તા આવ્યા. ત્યાં ૧૯૦૬ના ઑગસ્ટ મહિનાની ૧૫મી તારીખે 'નેશનલ કૉલેજ' ઊઘડી ત્યારથી ધર્માનંદજી ત્યાં પાલિના અધ્યાપકનું કામ કરવા લાગ્યા.

નેશનલ કૉલેજના આચાર્ય શ્રી અરવિંદ ઘોષ હતા. પણ ટૂંક વખતમાં જ 'વંદે માતરમ્' પત્રના કેસમાં અરવિંદબાબુ પકડાયા. ધર્માનંદજીને પણ પછી કલકત્તામાં બરોબર ફાવ્યું નહિ. એટલે ૧૯૦૬ના ઑક્ટોબરમાં તેમણે ગોવા જવાનો વિચાર કર્યો.

## ડો. ભાંડારકરને મળ્યા

કલકત્તાથી ધર્માનંદજી મુંબઈ આવ્યા. તે શ્રી ગોવિંદરાવ કાણેને મળવા ઉમરાવતી ગયા. કાણેએ તેમને કહ્યું : 'ડો. ભાંડારકર તમને મળવા ઉત્સુક છે.'

ધર્માનંદજીએ કહ્યું : 'ખરેખર? ડૉકટર સાહેબ તો હું બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા પૂના છોડી ગયો, એથી મારા પર નારાજ થયા હતા.'

ગોવિંદરાવ બોલ્યા : 'એ સાચું. તમે ૧૯૦૪માં અહીં આવી ગયા તે પછી તેઓ મને એક વાર મળ્યા હતા. તે વખતે તમારી વાત નીકળી. દાકતર સાહેબ કહે, "અરે, એ છોકરો તો સાવ ગાંડો છે. એની વાત શું કરવા કરો છો?" પછી મેં તમારા બધા સમાચાર આપ્યા. તમે ક્યાં ક્યાં જઈને પાલિ ગ્રંથોનો અને બૌદ્ધ ધર્મનો કેવી કેવી વિટંબણાઓ વેઠીને અભ્યાસ કર્યો એ બધું કહ્યું. અને તમે પાલિ ભાષાનો સરસ અભ્યાસ કર્યો છે, એમ જાણતાં તેઓ તમને મળવા ખૂબ ઉત્સુક થયા છે. મને કહી રાખ્યું છે કે, જો તમે ફરી આ તરફ આવો તો તેમને જરૂર મળવા મારે તમને કહેવું.'

આ જ દિવસોમાં મુંબઈના પ્રાર્થના સમાજનો વાર્ષિક ઉત્સવ ચાલતો હતો. એટલે ડૉ. ભાંડારકર મુંબઈ હતા. તેથી ધર્માનંદજી તેમને મળવા મુંબઈ ગયા.

પ્રાર્થના સમાજ તરફથી તે દિવસે જુદા જુદા ગૃહસ્થોનાં જુદા જુદા સંતોનાં ચરિત્રો ઉપર ચાર વ્યાખ્યાનો થવાનાં હતાં. દાક્તરસાહેબે ધર્માનંદજીને પણ આ અવસરે બુદ્ધચરિતની કથા કહેવા કહ્યું.

સાંજે ભાષણ વખતે ધર્માનંદજીની ઓળખાણ આપતાં ડૉ. ભાંડારકરે ધર્માનંદજીનો પૂર્વ ઇતિહાસ કહી પૂનામાં પોતે એમને વધુ પડતા ઉત્સાહી યુવાનમાં ગણી કાઢ્યા હતા વગેરે વાત કહી સંભળાવી અને ઉમેર્યું :

'પણ આટલી ખંત અને આટલો આગ્રહ એમનામાં હશે એની તે વખતે મને કલ્પના સરખી નહોતી.'

આગળ જતાં 'બુદ્ધ ચરિત' છપાયું હતું. પછી ધર્માનંદજી ગોવા ગયા. એવામાં કલકત્તા યુનિવર્સિટીનું નિમંત્રણ આવવાથી પત્ની સાથે તે કલકત્તા ગયા.

## મહારાજા સયાજીરાવના પરિચયમાં

કલકત્તામાં તે દરમ્યાન વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ આવ્યા હતા. તેમની ધર્માનંદજીએ મુલાકાત લીધી. સયાજીરાવે તેમને વડોદરા આવવાનું નિમંત્રણ આપ્યું.

પરંતુ ધર્માનંદજીને બ્રહ્મદેશ જવાનું થયું. બ્રહ્મદેશથી કલકત્તા આવી છેવટે તે પૂના રહ્યા. 'વિશુદ્ધિમાર્ગ' નામના પાલિ બૌદ્ધ ધર્મગ્રંથનો ઘણો ભાગ

દેવનાગરી લિપિમાં લખી કાઢ્યો. 'બૌદ્ધચર્યાવતાર'નું મરાઠી ભાષાન્તર લખ્યું. અને વચ્ચે વડોદરામાં જુદી જુદી જગ્યાએ પાંચ વ્યાખ્યાનો આપ્યાં, તેમાંનાં ત્રણ વ્યાખ્યાનો 'બુદ્ધ, ધર્મ અને સંઘ' નામે પુસ્તકરૂપે છપાઈને પ્રસિદ્ધ થયાં છે.

આ વખતે તેમને સયાજીરાવ મહારાજા તરફથી માસિક પચાસ રૂપિયા મળતા હતા. તેમણે ધર્માનંદજીને મહારાષ્ટ્રમાં કોઈ પણ સ્થળે રહીને એમનું કામ કરવાની છૂટ આપી હતી. શરત માત્ર એટલી જ હતી કે ધર્માનંદજીએ વરસમાં એકાદ પુસ્તક વડોદરા સરકારને લખીને તૈયાર કરી આપવું.

## અમેરિકાનું કહેણ

૧૯૧૦ના ફેબ્રુઆરી મહિનામાં ડૉ. વુડ્સ તરફથી તેમના ઉપર અમેરિકા આવવાનો પત્ર આવ્યો. હાર્વર્ડ યુનિવર્સિટીમાં સ્વ. મિ. વૉરન નામના વિદ્વાને શરૂ કરેલ 'વિશુદ્ધિમાર્ગ'ના સંશોધનકાર્ય અંગે તેમની મદદની જરૂર હતી. એટલે ધર્માનંદજી અમેરિકા ગયા.

અમેરિકામાં તેમને પ્રો. લેનમનની સાથે 'વિશુદ્ધિમાર્ગ'નું સંપાદનકાર્ય કરવાનું હતું. પરંતુ ધર્માનંદજીને દર વરસે ૮૦૦ ડૉલર જ મળતા હતા. ઘેર ઘરખરચ માટે દર મહિને સાઠ રૂપિયા મોકલવા પડતા એ અને અમેરિકામાં પોતાનું ખરચ વગેરે કાઢતાં આ રકમ બહુ ઓછી કહેવાય. તો પણ એવી દશામાં તેમણે આઠ દસ મહિના કાઢ્યા.

પછી તેમણે એક વાર પ્રો. લેનમન આગળ આ વાત મૂકીને જણાવ્યું કે, 'જો મને વધારે આપવામાં નહિ આવે, તો મારે ના છૂટકે હિંદુસ્તાન પાછા ચાલ્યા જવું પડશે.'

આ સાંભળીને લેનમન મૂંઆપૂંઆ થઈ ગયા. પરંતુ ધર્માનંદજીની મદદ વિના સંપાદનકાર્ય આગળ વધી શકે એમ નહોતું. એટલે તેમણે માસિક પાંચસો રૂપિયા એટલે વરસના બે હજાર ડૉલર આપવાનું કબૂલ કર્યું.

એ પછી બીજો સવાલ ઊભો થયો : 'વિશુદ્ધિમાર્ગ'ના સંપાદક તરીકે કોનું નામ મૂકવું ?

ધર્માનંદજીએ આ બાબત અંગે પણ પ્રો. લેનમનને પૂછી જોયું. તેમણે જવાબમાં જણાવ્યું કે, સંપાદક તરીકે પોતાનું નામ અને વૉરનની હસ્તલિખિત પ્રતો ઉપરથી તેમ જ કોસંબીની મદદથી આ ગ્રંથ તૈયાર કર્યો છે એમ પોતે પૂંઠા ઉપર છાપશે.

આ સાંભળીને ધર્માનંદજીએ કહ્યું : ' એમ કરવું કદી વાજબી નહિ કહેવાય. વૉરનની અત્યંત મહેનત અને ઉદારતાથી આ કામ આટલે આવ્યું છે. તેમણે જ સ્થાપેલા ફંડમાંથી આજ સુધીનો મારો પગાર અપાયો છે. તેથી કાં તો વૉરન–લેનમન–કોસંબી એમ ત્રણેનાં નામથી આ ગ્રંથ બહાર પડે અથવા તો ફક્ત વૉરનને જ નામે પ્રસિદ્ધ કરીને આપણે કરેલા ફેરફારોનો પ્રસ્તાવનામાં માત્ર ઉલ્લેખ કરવો. '

આ સૂચના પ્રો. લેનમનને બિલકુલ ન ગમી. તે ધર્માનંદજી પર એટલા તો ગુસ્સે થઈ ગયા કે એમને મન ફાવે તેમ ગાળો ભાંડવા મંડી પડયા ! એટલે તેમણે લેનમનને મળવાનું બંધ કર્યું અને તે પાછા સ્વદેશ આવી ગયા.

## ' ડેક્કન એજ્યુકેશન સોસાયટી 'માં જોડાયા

અમેરિકાથી પાછા ફર્યા પછી ધર્માનંદજીએ પોતાના પિતાનું બધું કરજ ચૂકતે કરી દીધું. હવે નિર્વાહ ચલાવવા સિવાય પૈસા ભેગા કરવાની કશી જ ઇચ્છા ન હોવાથી તેમણે પૂનામાં ' ડેક્કન એજ્યુકેશન સોસાયટી 'માં જોડાઈ જરૂરજોગા વેતન પર કામ કરવા માંડયું. વળી તેમણે ડૉ. ભાંડારકરના વખતમાં માથાકૂટ કરીને પાલિ ભાષાને મુંબઈ યુનિવર્સિટીમાં દાખલ કરાવી

## અમેરિકા અને રશિયામાં

ધર્માનંદજીની પાલિ ભાષામાં અદ્વિતીય વિદ્વત્તા જોઈને તેમને પાલિ ગ્રંથોના સંપાદન–કાર્ય માટે ૧૯૧૮–૨૨, ૧૯૨૬–૨૭ અને ૧૯૩૧–૩૨ની સાલ દરમિયાન અમેરિકાનું નિમંત્રણ મળ્યું હતું. વળી અધ્યાપન-કાર્ય અંગે રશિયાની લેનિનગ્રેડ યુનિર્સિટીમાં પણ તે ૧૯૨૯–૩૦માં રહ્યા હતા. ત્યાં પ્રો. શેરબર્ટ્સ્કીને તેમણે બૌદ્ધ ગ્રંથોના સંપાદનકાર્યમાં મદદ કરી હતી.

## ગુજરાત વિદ્યાપીઠમાં

દરમ્યાન ૧૯૧૨–૧૮ના અરસામાં પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં પાલિના અધ્યાપક તરીકે કામ કરીને શ્રી રજવાડે, શ્રી બાપટ વગેરે જેવા કેટલાક સારા પાલિ વિદ્વાનો તેમણે તૈયાર કર્યા.

૧૯૨૨માં અમેરિકાથી પાછા આવી ધર્માનંદજી અમદાવાદમાં મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી ' ગુજરાત વિદ્યાપીઠ 'ના પુરાતત્ત્વ મંદિરમાં ત્રણ વર્ષ રહ્યા.

ત્યાં તેમણે અધ્યાપન તેમ જ લેખનકાર્ય કર્યું. ૧૯૨૭માં અરિકાથી પાછા આવ્યા બાદ પણ તે ગુજરાત વિદ્યાપીઠમાં ફરીથી રહ્યા, ત્યારે તેમણે બીજાં બે એક ઉપયોગી પુસ્તકો તૈયાર કર્યાં.

૧૯૩૦ની સાલમાં ધર્માનંદજી રશિયાથી પાછા આવ્યા, ત્યારે તો દાંડી–કૂચનો ઐતિહાસિક જમાનો આવી ગયો હતો. ધર્માનંદજી તરત જ સત્યાગ્રહી સ્વયંસેવક તરીકે મુંબઇ ખાતે જોડાયા અને વિલેપારલેમાં તેમને દોઢ વર્ષની સખત કેદની સજા થઇ જો કે તે સજા પાછળથી ગેરકાયદેસર ઠરતાં તેમને બે માસમાં છોડી મૂકવામાં આવ્યા.

૧૯૩૪ની સાલમાં છ એક મહિના બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અતિથિ તરીકે રહ્યા બાદ તે કાશી વિદ્યાપીઠમાં પોતાને માટે બાંધી આપેલા મકાનમાં રહેવા ગયા.

ત્યાર પછી મુંબઇના પરેલ વિભાગમા શ્રી જુગલકિશોર બિરલાની મદદથી ૧૯૩૭માં બહુજનવિહાર નામના એક બુદ્ધ મંદિરની સ્થાપના કરીને મિલ મજૂરોમાં બૌદ્ધ ધર્મના વિચારો ફેલાવવાનું કાર્ય તે કરવા લાગ્યા.

## છોકરાંઓને પ્રેરક સલાહ

અહીં ધર્માનંદજીએ એક વાર પોતાની નોંધપોથીમાં એમના ભત્રીજાઓને શીખામણના બે બોલ લખ્યા હતા એ આપીએ તો અસ્થાને નહિ ગણાય. દરેક કિશોરને એમાંથી થોડી ઘણી પ્રેરણા મળ્યા વિના રહેશે નહિ.

'છોકરાંઓ, મારી પાછળ તમારે માટે કંઈ રહે એમ હું ઇચ્છું છું. તમારે માટે પાછળ મૂકી જાઉં એવો કશો પૈસો તો મારી પાસે નથી. એટલે આ દુનિયાનો જે કંઇ થોડો અનુભવ મળ્યો છે તે જ અહીં તમારે સારુ ટપકાવી મૂકું છું. તેનો તમે સદુપયોગ કરજો. તેમાં તમને કેટલેક ઠેકાણે સંસારમાં ઉપયોગી બાબતો જડશે.

'છોકરાંઓ, તમને ભલે સારા વાલી ન મળ્યા હોય, તોપણ તમે તમારાં છોકરાંઓના સારા વાલી બનો એમ હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું. તમને તમારા વાલીઓએ ઘટતો ઉદ્યમ ન શીખવ્યો, તો પણ તમે તમારી બુદ્ધિથી તે શીખો. યોગ્ય માર્ગે ચાલીને તમે તમારા છોકરાંઓ અને મિત્રમંડળને પાઠરૂપ બનો અને તમારા કરતાં અજ્ઞાન અને ગરીબ લોકોને તમારે હાથે સહાય થાઓ એવી પણ મારી ખરા અંતઃઅંતકરણની ઇચ્છા છે.

'...હું તમને મારા અનુભવ ઉપરથી કહું છું. સારો વાલી ન મળવાથી કેટલીક બૂરી બાબતોના સંસ્કાર તમને પડશે અને તે જોડાની કાંકરી પ્રમાણે તમને આખો જન્મારો ખૂંચ્યા કરશે. આ બાબતો કઇ તેનો વિચાર કરીએ.

'પહેલી વાત તો એ કે, તમારા વાલીઓના અજ્ઞાનને લીધે તમને સારો શિક્ષક ન મળવાથી તમે અજ્ઞાન રહેશો, અજ્ઞાન જેવી ભયંકર બીજી એકે વસ્તુ આ દુનિયામાં નથી એમ કહીએ તો ચાલે.

'બીજી વાત એ કે, તમારું વલણ જોઇને તમને વિષય નહિ શીખવવામાં આવે, તો બધો ગોટાળો થશે. મેં મારા પિતાજીને મને સંસ્કૃત શીખવવા ખૂબ કહ્યું. પણ તેમણે મન પર લીધું નહિ. આથી મને ભારે નુકસાન થયું છે.

'ત્રીજી વાત ખરાબ સોબત. તમારા વાલી તમે કેવી સોબતમાં ફરો છો તેની જો બરોબર ભાળ નહિ રાખે તો ખરાબ સોબતનું બૂરું પરિણામ તમારે ભોગવવું પડશે. ભળતે જ વખતે તમારા મનમાં કામવિકાર ઉદ્ભવશે. કેટલીય કુટેવો જે મોટી ઉંમરે ઘાતક નીવડે છે તે તમને વળગશે.

'હે બાળકો, ઉપર કહી તેમાંની એક પણ બાબતની હડફેટમાં તમે આવશો, તો તેટલા પૂરતી પણ તમારી હાનિ થયા વિના રહેશે નહિ. અને તમારી હાનિનાં ફળ તમારાં લગ્ન થયાં હશે, તો ગરીબ બિચારી સ્ત્રી અને તમારાં સંતાનોને ભોગવવાં પડશે. આમાંથી કેવી રીતે બચી શકાય તેનો આપણે હવે વિચાર કરીએ.

'છોકરાંઓ, તમે મોટાં થયા પછી જો અજ્ઞાન રહ્યાં હશો, તો તેનું તમને ઘણું જ દુઃખ લાગશે. પોતાનું અજ્ઞાન દૂર કરવાનું તમને બહુ મન થશે. પણ તમે જો નિશ્ચયી નહિ હો, તો તમારાથી તમારું અજ્ઞાન દૂર નહિ થાય. કેટલાંક માણસોએ મોટી ઉંમરે કેળવણી લેવા શરૂઆત કરી, પણ ઘણાં જ થોડાં તેમાં સફળતા મેળવતાં સુધી પહોંચ્યાં છે.

'આમ કેમ બનતું હશે વારુ ? કોઇ કહે છે કે,

'બાળપણ એ જ વિદ્યા શીખવાનો યોગ્ય કાળ છે. અને ઘણે ભાગે આ સાચું પણ છે.

'પરંતુ એથી એમ ન સમજવું કે, મોટપણે વિદ્યા ન આવે. ઇન્તેજારી છતાં મોટપણે વિદ્યા ન આવવાનું મુખ્ય કારણ શરમ છે. હું આવડો મોટો થયો, હવે શું ભણવાનો ? આવી જાતના વિચારોથી આપણું મન પાછું હઠે છે.

'જ્ઞાન મેળવવાને સારુ સૌ પ્રથમ વિદ્યાદેવી પર ખૂબ ભક્તિ ચોંટવી જોઇએ. ભક્તિ સિવાય કોઇ પણ દેવતા પ્રસન્ન નથી થતા એ તો તમે જાણો જ છો.

'આ ઉપરાંત તમારે શરમને બાજુએ મૂકવી જોઇએ. શરમ એ વિદ્યાદેવીની ભક્તિમાં વિઘ્ન નાખનારી રાક્ષસી છે. એમ સમજો. સત્ય અને હિતકારી બાબતોમાં શરમને આવવા દેવી, એનો અર્થ દુઃખ વેચાતું લેવું એટલો જ સમજવો. બૂરાં કામ કરવામાં શરમને વચ્ચે આવવા દો; એટલે કે તેવાં કામ કરવામાં શરમાઓ.

'જ્ઞાન મેળવવાની મર્યાદા એક મરણ જ હોવી જોઇએ. મરણ સુધી જ્ઞાન મેળવવામાં ક્ષતિ આવવા દેશો નહિ. હું મોટો થયો, એમ કહીને જેઓ વિદ્યા મેળવવાનો માર્ગ તજી દે છે, તેના જેવો આત્મઘાતી બીજો કોઇ નથી. મનની સમાધાનવૃત્તિનો ભંગ થવા દીધા વિના જેટલું જ્ઞાન મેળવી શકાય તેટલું મેળવો...

'પ્રિય બાળકો, નવરા બેઠા કજિયા દલાલી કરીને અથવા લાંચ આપીને અમલદારો મારફત પોતાનું કાર્ય સાધીને તાલેવંત બનવા કરતાં જોડા સીવવાનો ધંધો કરીને જો તમે તમારું પેટ ભરશો, તો તેમાં વધારે આબરૂ છે એમ સમજો. પેટ ભરતાં આવડે એવો સરસ હુન્નર તમને આવડે એ એક મોટું સદ્‌ભાગ્ય સમજો. નોકરી કરનારા કરતાં તથા મોટાઓ પાસે હાજી હા કરી પેટ ભરનારાઓના કરતાં કારીગર કે ખેડૂત પોતાના દેશનું ખરું હિત વધારે સાધે છે એ ભૂલતા નહિ. તમે ગમે તેટલા તાલેવાન હો, છતાં તમને એકાદ હુન્નર આવડતો હોય એ ઘણું જ ઇચ્છવા જોગ છે. આથી જે તરફ તમારું મન વળતું હોય તે હુન્નર તમે શીખી લેજો.

'ત્રીજું સંકટ ખરાબ સોબત છે. તમારા મિત્રો તમને કુટેવો પાડી ખાડામાં ઉતારે એવા હોય, તો તેમની સોબત તત્કાળ છોડી દો. તમારા કરતાં તે ધનમાં કે હકૂમતમાં મોટા હોય, તોપણ તમે તેમને પડછાયે પણ ઊભા રહેતા નહિ. ખરાબ વર્તનનો તમે ખુલ્લો તિરસ્કાર કરજો, એટલે તેઓ પોતે જ તમને બોલાવશે નહિ. ઊલટું, તમારા સદાચરણની તેમના ઉપર સારી અસર થશે.

'કદાચ કોઈ વાર કમનસીબે તમે બૂરી સોબતમાં જઇ ચડયા, તો ત્યાં તેમના આગ્રહથી કેફી ચીજોના સેવનથી કે દુરાચરણથી બચજો. નીતિબળ

દેખાડવાનું કહેવાય છે તે આવે જ પ્રસંગે બતાવવાનું હોય છે, તેમનું મંડળ મોટું હોય તો પણ 'તમે આ કામ કરો છો તે બૂરું કરો છો,' એવું હિંમતથી હરપ્રકારે તેમને બતાવી આપજો. આમ છતાં કદાચ તેઓ તમારી નિર્ભર્ત્સના કરશે. ભલે કરતા. આ બધામાં સીધો અને રામબાણ ઉપાય એ જ છે કે કુસંગતથી બચવું.........

'બાળકો, તમને ઘણી વાતો કહું એમ મનમાં થયા કરે છે, પણ વખત નથી......એક વસ્તુ કહેવી રહી ગઈ તે એ કે, ઘડપણમાં માબાપને બનતી મદદ કરવાનું ભૂલશો નહિ.'

## છેવટના દિવસોમાં

પછી છેવટના દિવસોમાં ધર્માનંદ કોસંબીજી સંસારત્યાગી ભિક્ષુકની રીતે સારનાથ, કાશી વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાપીઠ વગેરે સ્થળે મુખ્યત્વે અધ્યયન, અધ્યાપન, લેખન ઇત્યાદિ કાર્યો શક્તિ અનુસાર કરતા રહ્યા.

તેમ કરતાં કરતાં તેમનું શરીર જ્યારે કામ આપતું મંદ પડવા લાગ્યું, ત્યારે તેમને થયું કે, હવે મારુ જીવનકાર્ય પૂરું થવા આવ્યું છે, આમ તો ધર્માનંદજીનાં ત્રણ સંતાનો — બે પુત્રી અને એક પુત્ર — સારી સ્થિતિમાં હતાં. પણ ધર્માનંદજીએ ભિક્ષુકના જેવા જીવનનો સ્વીકાર કરેલો હોવાથી પોતાનાં સગાં-સંબંધીઓ સાથે રહેવાનું તે પસંદ કરતા નહોતા. એ જ રીતે નવા ઊભા થયેલા સ્નેહી-મિત્રો વગેરેની સાથે પણ રહેવા ઇચ્છતા નહોતા.

એટલે તેમને એવો સંકલ્પ ઊઠ્યો કે, 'હવે મારે વધારે કશું કરવાનું રહ્યું નથી. તો પછી જીવન નકામું ઢસડયા કરવું અને ઘડપણમાં બીજાઓની સેવા લેવી એ યોગ્ય નથી. માટે આમરણાંત અનશન કરવું.'

આ વિચારમાંથી પાછા વાળવા માટે આપણા ગુજરાતના મહાન પંડિત-વર્ય પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી વગેરે સ્નેહી-મિત્રો-વિદ્વાનોએ એમને ખૂબ ખૂબ સમજાવ્યા. પરંતુ તે પોતાના નિર્ણયમાં અડગ જ રહ્યા અને તેમણે આમરણાંત અન્નત્યાગ કર્યો. જો કે મહાત્મા ગાંધીજીની સલાહથી ધર્માનંદજીએ ઓગણીસ ઉપવાસ કરીને પારણું કર્યું. પછી કાશીમાં આવી સ્વાસ્થ્ય મેળવી તે વર્ધા ગયા.

ગાંધીજીએ કાકાસાહેબ કાલેલકરને તેમની બધી સંભાળ લેવાનું સૂચવ્યું. એ પ્રમાણે સેવાગ્રામના સૌ આશ્રમવાસીઓએ ધર્માનંદજીની સંપૂર્ણ પરિચર્યા કરી.

સેવાગ્રામમાં ધર્માનંદજીએ શાંતિથી, સ્વસ્થતાથી ૧૯૪૭ની ચોથી જૂનને દિને જેઠ સુદ પૂર્ણિમાએ દેહત્યાગ કર્યો.

આમ, આપબળે પોતાની ઉન્નતિ સાધીને તથા બૌદ્ધધર્મના મિશનરીનું ધગશભર્યું કાર્ય અંત સુધી કરીને સાધુ પંડિત ધર્માનંદ કોસમ્બીજીએ પોતાના જીવનને સાર્થક કર્યું.

# ૪ પ્રો. ત્રિવેદીસાહેબ

विद्या विवादाय, धनं मदाय,
शक्तिः परेषां परिपीडनाय ।
खलस्य साधोर्विपरीतमेतद्
ज्ञानाय दानाय च रक्षणाय ॥

—દુર્જનને માટે વિદ્યા વાદવિવાદ કરવા સારુ, ધન મદ સારુ, શક્તિ બીજાને દુઃખ દેવા સારુ છે. પરંતુ સાધુચરિત સજ્જનની બાબતમાં એથી ઊલટું છે : તેમને માટે વિદ્યા જ્ઞાનને સારુ, ધન દાન કરવા સારુ અને શક્તિ બીજાનું રક્ષણ કરવા સારુ છે.

આ સંસ્કૃત સુભાષિત ત્રિવેદીસાહેબના જીવનમાં મૂર્તિમંત થયેલું જોવા મળે છે.

મહાત્મા ગાંધીજીએ ઈ.સ. ૧૯૨૪માં તેમને એક પત્રમાં યથાર્થ જ લખ્યું છે :

'...લખવું તો એટલું જ હતું કે, તમારો પ્રેમ વીસરી નથી શકતો. અહંભાવ છોડી પરોપકાર કરનારા મેં જગતમાં થોડા જોયા છે. તેમાંના તમે એક છો, એમ કંઈ વર્ષો થયાં જોઈ રહ્યો છું ને આનંદ પામી રહ્યો છું.'

ત્રિવેદીસાહેબમાં માનવપ્રેમ, પરોપકાર, આતિથ્ય, સેવાભાવ, ખાનદાન ગૃહસ્થતા, કુટુંબભાવ, વત્સલતા વગેરે ઉદાત્ત સદ્‌ગુણોનો સુભગ સમન્વય જોવા મળે છે.

એકઠું કરેલું ધન માલિક મરી ગયા પછી ટ્રસ્ટીઓ કે વારસદારો વાપરે એવી વ્યવસ્થા કરી જવી તેના કરતાં પોતાને હાથે જ શુભ કાર્યોમાં વાપરવું સારુ, એમ ત્રિવેદીસાહેબ માનતા હતા. આ માન્યતા તેમણે પૂરેપૂરી અમલમાં મૂકી હતી. વારસામાં મળેલું અને પોતાની કમાણીનું બધું ધન તેમણે પ્રસન્ન વદને અને મોકળે હાથે સારાં કાર્યોમાં વાપરી નાખ્યું. પોતાના એકના એક પુત્ર માટે વારસામાં શિક્ષણ, સંસ્કાર, સદ્‌ગુણો અને પ્રતિષ્ઠા સિવાય બીજી સંપત્તિ ત્રિવેદીસાહેબે મૂકી નહિ.

આવા ત્રિવેદીસાહેબનું જીવન આપણને સંસારમાં રહેવાનો અજોડ રાહ બતાવે એવું પ્રેરક છે.

## જન્મ અને વિદ્યાભ્યાસ

ત્રિવેદીસાહેબનું આખું નામ જયશંકર પીતાંબરદાસ ત્રિવેદી. તે જાતે શ્રીમાળી બ્રાહ્મણ હતા. તેમનું વતન અમદાવાદ જિલ્લામાં ધોળકા ગામ.

પીતાંબરદાસના ત્રીજી વારનાં પત્ની કાશીબહેન એ જયશંકરભાઈનાં માતુશ્રી થાય.

જયશંકરભાઈનો જન્મ તા. ૧૧-૧૧-૧૮૮૬ને રોજ શિહોર મુકામે થયો હતો. તેમનાં બહેન વિજયાલક્ષ્મીનો જન્મ દોઢ વરસ બાદ ઇ. સ. ૧૮૮૮માં મે માસમાં થયો હતો.

જયશંકરભાઇ પાંચ વરસના હતા ત્યારે માતા ગુજરી ગયાં. પિતાએ ચોથી વાર લગ્ન કર્યાં. દિવાળીબાને ત્રિવેદીસાહેબ પોતાની સગી બાની પેઠે જ ગણતા.

બાળક જયશંકર નાનપણથી જ ભણવામાં હોશિયાર, ઉદાર દિલનો અને મિલનસાર હતો.

બારણે કોઇ ભિખારી આવે તો બાળક જયશંકર તેને અનાજ, કપડું વગેરે વસ્તુઓ ઘરનાં માણસો ના પાડે તોય આપી આવતો. નાનપણથી જ આવો માનવપ્રેમ અને દયા તેનામાં હતાં.

એમના સાવકા ભાઇ ભાનુશંકર એમનાથી મોટા હતા. જયશંકર એમને સગા મોટાભાઈ તરીકે જ ગણતો અને આ જ ભાવ ત્રિવેદીસાહેબે જિંદગીભર બતાવ્યો હતો.

જયશંકરને બહેન પ્રત્યે અપાર સ્નેહ હતો. વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી નોકરી લીધી ત્યારે જયશંકરભાઇએ પોતાના પહેલવહેલા પગારમાંથી બહેનને ચાંદીનો કંડોરો તથા દાંતિયો અને હીરાની ચૂની વગેરે વસ્તુઓ ભેટ આપેલી. લગ્ન પછી બહેન વિજયાલક્ષ્મી બે દીકરાઓને મૂકીને ગુજરી ગઇ!

ત્રિવેદીસાહેબને ઘણું દુ:ખ થયું હતું. તેમણે બહેનનું સ્મરણ છેવટ સુધી કાયમનું રાખ્યું હતું. ઘરમાં બેસવા–ઊઠવાના ખંડમાં બહેનનું પ્લાસ્ટર ઑફ પૅરિસનું એક સુંદર બસ્ટ રાખ્યું હતું. બહેનની દીકરીઓ વસંતબહેન અને

ચંદ્રાબહેન જ્યારે જ્યારે મામાને ઘેર આવતી, ત્યારે જયશંકરમામાના હરખનો પાર રહેતો નહિ.

જયશંકરે શાળાનો અભ્યાસ વડોદરા અને અમદાવાદમાં કરેલો. મેટ્રિકની પરીક્ષામાં વિજ્ઞાનમાં સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓમાં જયશંકરનો પહેલો નંબર આવ્યો, તેથી તેને માસિક રૂા. ૧૫ની સ્કોલરશિપ મળી અને અમદાવાદની ગુજરાત કોલેજમાં પણ પહેલા વર્ષના વર્ગમાં મેટ્રિકમાં સારા માર્ક મળ્યા હતા તેથી, ત્યાંની સ્કોલરશિપ પણ મળેલી.

આ પહેલાં, એટલે ૧૮૯૯માં તેમનું વેવિશાળ વડોદરા રાજ્યમાં નાયબ સૂબાના હોદ્દા પર કામ કરતા શ્રી ભગવાનજી નાગજીભાઇ ત્રિવેદીનાં સુપુત્રી હીરાબહેન સાથે થયું હતું. બે વરસ પછી ૧૯૦૧માં લગ્ન થયાં હતાં.

૧૯૦૩ના જાનેવારી માસમાં જયશંકર ગુજરાત કોલેજમાં દાખલ થયો. ત્યાંથી પ્રિવિયસની પરીક્ષા ફ્રેન્ચ સાથે ૧૯૦૪માં પસાર કરી તે મહારાષ્ટ્રમાં આવેલા પૂનાની સાયન્સ કોલેજમાં ઇજનેરીના અભ્યાસ માટે જોડાયો.

જયશંકરભાઈએ ઇજનેરની છેલ્લી પરીક્ષા સેનેટરી એન્જિનિયરનો વૈકલ્પિક વિષય લઇને ૧૯૦૮ના નવેંબરમાં બીજે નંબરે બીજા વર્ગમાં પસાર કરી.

## કુટુંબની જવાબદારી ઉપાડી લીધી

વિદ્યાભ્યાસ પૂરો કરીને જયશંકરભાઇએ પોતાના કુટુંબની જવાબદારી ઉપાડી લીધી. મોટાભાઇ ભાનુશંકર મેટ્રિક પછી કોલેજમાં ગયેલા, પણ તેમણે વચ્ચેથી અભ્યાસ છોડી દીધો હતો. એટલે મોટાભાઇને મદદરૂપ થવા જયશંકરભાઇએ તાત્કાલિક વડોદરામાં નોકરી લઇ લીધી.

પરંતુ વડોદરામાં પિતાશ્રીનું અવસાન થયેલું હોવાથી માતા દિવાળીબા ત્યાં આવવા તૈયાર થયા નહિ. એટલે જયશંકરભાઇએ એ નોકરી છોડીને મુંબઇ રાજ્યની નોકરીમાં જોડાવાનું નક્કી કર્યું. નાસિક જિલ્લામાં બ્રાહ્મણગામે નહેરખાતામાં તે કામ પર ચડયા.

પત્ની હીરાબહેન, નાની બાળકી દીકરી શારદા અને માતાને લઇને તેઓ આ સ્થળે બે વરસ રહ્યા.

અહીં એકવાર ભારે વાવાઝોડું થયું. મકાનનાં પતરાં ઊડવા લાગ્યાં. એટલે જયશંકરભાઇ દોડતા દોડતા માતાની પડખે જઇને ઊભા રહી ગયા. જેથી માતા પર પતરાં પડે નહિ.

આ જોઈને માતાએ કહ્યું : 'ભાઈ, તારા કરતાં હું મોંઘી છું ?'

પણ જયશંકરભાઇ મૌન જ રહ્યા. તેમને પોતાને વાગશે એવો સ્વાર્થી વિચાર આવ્યો જ નહોતો. તેઓ તો સહજ ભાવે દોડી ગયા હતા.

૧૯૧૧ના નવેંબર માસમાં હીરાબહેને એક પુત્રને જન્મ આપ્યો. વિજયાલક્ષ્મી ફોઇએ ભત્રીજાનું નામ 'માનશંકર' પાડયું અને આશીર્વાદ આપ્યાઃ 'ભત્રીજો ભાઇના કુળને દીપાવે એવો થજો.' માનશંકરનું ટૂંકું નામ 'મનુ' પડયું.

આગળ જતાં જયશંકરભાઇની બદલી મૂઠા નહેર પર પૂના અને હડપસર ઇરિગેશન ઇજનેરની ઑફિસમાં સબ ડિવિઝનલ ઑફિસરના હોદ્દા પર કરવામાં આવી.

## નિષ્ઠામાંથી ન ડગ્યા

જાહેર બાંધકામ ખાતામાં કામ કરતા ઇજનેરો વગેરેને કેટલી સત્તા અને તેનો દુરુપયોગ કરવાની સગવડો હોય છે, તે જાણીતું છે. લાંચરુશવત વગેરે આ ખાતામાં સારી પેઠે ચાલે છે.

જયશંકરભાઇ જેવા સદાચારી અને ધર્મપ્રેમી હૃદયને માટે આ એક ભારે મનોમંથનની વાત બને એ સ્પષ્ટ છે. ખાતામાં પ્રવર્તતી આ બદી જોઇને જયશંકરભાઇને મનમાં ભારે ગ્લાનિ ઉત્પન્ન થઇ.

જયશંકરભાઇ તો લાંચરુશવત શાના જ લે ? એને બદલે પોતાની કામ કરવાની ચીવટ, ખંત તથા આવડત, પ્રમાણિકતા, મિલનસાર અને સેવાભાવી સ્વભાવ, તથા ઉમદા ચારિત્ર્યથી તેમણે પોતાના હાથ નીચેના માણસો તેમ જ ઉપરી અધિકારીઓ પર સારી છાપ પાડી હતી.

એક વખત જયશંકરભાઇ જે અંગ્રેજ અધિકારી નીચે કામ કરતા હતા તેનાં પત્નીએ નહેર પરના આંબાની થોડી સારી કેરીઓ મોકલી આપવા તેમને ચિઠ્ઠી લખી.

તેના જવાબમાં જયશંકરભાઇએ લખ્યું :

'આંબાઓનો કોન્ટ્રાકટ અપાઇ ગયો છે. આપને કઇ જાતની કેરીઓ અને કેટલી કિંમતની જોઇએ તે જણાવશો, તો પૂનાની (શાક અને ફળ માર્કેટ) મંડઇમાંથી ખરીદીને તે મોકલી આપીશ.'

આ પહેલાં એક્ઝિક્યુટિવ એન્જિનિયરને ઘેર નહેર પરના આંબાની કેરીઓ મફત જતી હશે. પણ જયશંકરભાઇ એ પ્રણાલિકા અનુસરવા માગતા નહોતા.

## જયશંકરભાઈ પ્રોફેસર બન્યા

જયશંકરભાઇ સ્વભાવે શિક્ષક હતા. અનેક વિદ્યાર્થીઓના સંપર્કમાં આવવું, તેમનામાં શિક્ષણ અને સંસ્કારનાં બીજ વાવવાં, તેમની સાથે મીઠી મૈત્રી બાંધવી, તેમના સહકારથી નાનાંમોટાં સેવાનાં કામો કરવાં તેમ પોતાના વ્યક્તિત્વને વિશાળ વ્યાપકતામાં વિકસાવવું એમાં ત્રિવેદીસાહેબને જીવનનો રસ જણાતો. એટલે તેઓ અંદરખાનેથી એવી કોઈ નોકરી મળે તો સારું એમ ઇચ્છતા હતા.

એવામાં પૂનાની ખેતીવાડી કોલેજમાં ઇજનેરી, ગણિત અને ભૌતિકશાસ્ત્રના પ્રોફેસરની જગ્યા ખાલી પડી. આ જગ્યા કાયમની નથી એ તેમને ખબર હતી. છતાં જયશંકરભાઈએ એ જગ્યા માટે અરજી કરી અને ત્યાં પોતાની નિમણૂક કરાવી લીધી.

પૂનાની કોલેજમાં અધ્યાપકની જગ્યા પર જતાં એમની પ્રતિભાને વિકસવાનું ક્ષેત્ર મળી ગયું. એ ક્ષેત્રમાં તેમણે આનંદથી ઝંપલાવ્યું અને પૂરેપૂરા સંતોષ તથા સમાધાનથી પૂરાં વીસ વરસ તેમાં ગાળ્યાં.

## ત્રિવેદીસાહેબનો પૂનાનો નિવાસ

ત્રિવેદીસાહેબે ૧૯૧૨થી પૂનામાં રહેવાનું શરૂ કર્યું હતું. એક બે સ્થળે રહ્યા પછી છેવટે તેઓ ટિળક રોડ ઉપર આવેલા ગણેશગૃહમાં રહેવા ગયા. આ સ્થાન જ તેમના નિવાસસ્થાન તરીકે વધુ જાણીતું થયું છે.

પૂનાનો આ નિવાસકાળ એ ત્રિવેદીસાહેબના જીવનનો ખાસ નોંધપાત્ર અને ખૂબ પ્રવૃત્તિમય કાળ છે. એમાં તેમનો આતિથ્યભાવ અને કાર્યકુશળતાભરી સેવા ખાસ તરી આવે છે.

## અતિથિભકત ત્રિવેદીસાહેબ

આપણા દેશમાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનારને આદેશ છે: पितृदेवो भव । मातृदेवो भव । आचार्य देवो भव ।—પિતાને દેવ સમાન ગણો, માતાને દેવ સમાન ગણો, ગુરુને દેવ સમાન ગણો. પરંતુ સાથેસાથ એકબીજો પણ આદર્શ ગૃહસ્થની સામે ધરવામાં આવે છે: अतिथि देवो भव ।—અતિથિને પણ દેવ સમાન ગણો.

સામાન્ય પણે આ સંસ્કાર આપણા જીવનમાંથી ધીમે ધીમે ઘસાતો જાય છે. માતાપિતા પ્રત્યે, ભાઇભાંડુ, સગાંવહાલાં પ્રત્યે, મિત્રો પ્રત્યે કે ગુરુ પ્રત્યે

આપણને ભાવ જાગે એ સ્વાભાવિક છે. કારણ કે એમાં પરસ્પર સંબંધો ભાગ ભજવતા હોય છે. પરંતુ આવો જ ભાવ અતિથિ પ્રત્યે કેળવવો એમાં ગૃહસ્થ ધર્મની કસોટી છે.

ખરી રીતે અતિથિ પ્રત્યે આદરભાવ દાખવવો એમાં ગૃહસ્થાશ્રમનું સાફલ્ય રહેલું છે. કારણ કે એ વડે ગૃહસ્થ પોતાના કુટુંબના જ સંકુચિત વાડામાં પુરાઇ રહેવાને બદલે વ્યાપક માનવધર્મ તરફ વળી શકે છે. પોતાના નાના કુટુંબને આધારે તે वसुधैव कुटुम्बकम् ના માનવ આદર્શ તરફ પોતાના હૃદયને અને સાથોસાથ કુટુંબીજનોના હૃદયને પણ વિકસાવી શકે છે.

ત્રિવેદીસાહેબ આ પ્રકારના આદર્શ ગૃહસ્થ હતા. તેઓ કુટુંબભક્ત અને મિત્રભક્ત જ નહિ, પણ અતિથિભક્ત પણ હતા,

આ ધર્મના પાલનમાં એમનાં ધર્મપત્ની હીરાબહેન પૂરેપૂરાં, સાચા અર્થમાં, સહધર્મચારિણી હતાં. હીરાબહેનનું ઘર એટલે સામાન્ય રીતે જે એમનાં કુટુંબીઓ ગણાય ને સાથે રહે તે જ નહિ, પરંતુ રોજ આવતાં અનેક અતિથિ ભાઈબહેનો તથા ઘરમાં કામ કરનારો નોકરવર્ગ પણ.

ત્રિવેદીદંપતી આખો દિવસ પોતાના આખા કુટુંબની સવારથી સાંજ સુધી નાનીમોટી બધી ઊઠવેઠ ખડે પગે કરતાં હતાં. પરંતુ ખૂબીની વાત તો એ હતી કે આ કરવામાં તેમને કોઈ ભાર લાગતો નહિ અથવા તેઓ કંઈ મોટું ઉપકારનું કામ કરે છે એવો ભાવ પણ તેમનામાં જાગતો નહિ. ભગવાન ઈશુખ્રિસ્તે કહ્યું છે ને—'તારો જમણો હાથ જે કરે એની ડાબા હાથને જાણ ન થાય.' આવી જ ભાવના ત્રિવેદીસાહેબમાં જોવા મળતી.

અતિથિધર્મ બજાવતાં ત્રિવેદીદંપતીના દિલમાં કે ચહેરા પર એવી કોઈ રેખા સરખીય જોવા મળતી નહિ. દિવસભરમાં પોતે કરવાનાં આ બધાં કામ કર્યાં છે એની કૃતકૃત્યતા અને પ્રસન્નતા જોવા મળતી. અને આ આતિથ્ય એક બે દિવસ કે વરસ પૂરતું નહિ, પણ જીવનભર અને અખંડ એકધારું ચાલ્યા કરતું હતું.

## કુટુંબવત્સલ ત્રિવેદી સાહેબ

સાથે સાથે એમના જીવનની બીજી સુકોમળ બાજુ પણ જોઈ લઈએ.

ત્રિવેદીસાહેબનાં બે સંતાનમાં મોટી દીકરી શારદા છએક વરસની વયે જ ગુજરી ગઈ હતી.

એક વખત ધોળકા મુકામે બાળકી શારદાને તાવ આવ્યો. દવાની શીશીમાં ભૂલથી એકને બદલે બીજી દવા નંખાઈ ગયેલી. એ દવા તેમણે દીકરીને પાઈ. એટલે તેને મોઢે ફીણ આવવા માંડ્યું! એથી દવામાં થયેલી ભૂલની ખબર પડી. શારદાને ઊલટી કરાવવા માંડી.

પરંતુ ત્રિવેદીસાહેબનું મન તો જાણે પોતે જ મોટી ભૂલ કરી હોય એમ વલોવાઈ રહ્યું હતું. તે રડમસ અવાજે બોલી ઊઠ્યા :

'જો દીકરી આમાં મારી જાય તો શીશીમાંની બાકી રહેલી દવા હું પીશ અને મરીશ.'

ઘરનાં માણસો મહામહેનતે તેમને આ કપરા નિશ્ચયમાંથી વારી શક્યાં. સદ્‌ભાગ્યે બાળકી ઘાટીમાંથી ઊગરી ગઈ.

ત્રિવેદીસાહેબના જીવનમાં એમની એકની એક બહેન વિજયાલક્ષ્મીનું સ્થાન અનોખું હતું. ૧૯૧૩ના અરસામાં એ બહેન પચીસ વર્ષની વયે બે દીકરીઓને મૂકીને ગુજરી ગઈ!

બહેનના અવસાનનો ત્રિવેદીસાહેબને એટલો જબરો આઘાત લાગ્યો કે, તે દિવસથી રંગીન પાઘડી પહેરવાનું છોડી દીધું, મૂછો મૂંડાવી તે પાછી રાખી નહિ. બહેન માટે હાર્મોનિયમ ખરીદેલું તે પણ કદી વાપર્યું નહિ. એવી રીતે તેમણે અનેક પ્રિય વસ્તુઓનો ત્યાગ કર્યો.

પોતાના સાવકા મોટા ભાઈ ભાનુશંકર પ્રત્યેનો ત્રિવેદીસાહેબનો ભાવ સગા ભાઈથી કોઈ પણ રીતે ઊતરતો ન હતો. તેમનાં દીકરા–દીકરીઓની કેળવણી પાછળ તેમણે ખૂબ ખર્ચ કર્યું. અને તેમની પરીક્ષામાં સફળતા જોઈને પિતા જેટલો જ આનંદ અનુભવ્યો હતો. ભાનુશંકરભાઈના એક દીકરાને તેમણે દાક્તરીના અભ્યાસ માટે વિલાયત પણ મોકલેલા.

૧૯૩૨માં જ્યારે ભાનુશંકરભાઈનાં પત્ની તારાબહેન ગુજરી ગયાં, ત્યારે એમનાં પાંચ બાળકોની સંભાળનો મોટો પ્રશ્ન હતો. એમાં બાળકોમાંનું સૌથી મોટું માંડ દસ અગિયાર વર્ષનું હશે.

પરંતુ ત્રિવેદીસાહેબે પોતાનાં પત્ની હીરાબહેનને અમદાવાદ મોકલ્યાં અને મોટાભાઈની ભીડ ભાંગી. ત્રિવેદીસાહેબે પૂનાના ઘરની જવાબદારી પોતાને માથે લીધી અને રસોઈયા તથા નોકરથી કામ ચલાવ્યું.

જેના ઘરમાં અનેક પ્રકારના મહેમાનોનો સતત મારો હોય એવા ગૃહસ્થ માટે આ ભારે વસ્તુ હતી. પરંતુ ત્રિવેદીસાહેબ બધું એવું સરળ રીતે ગોઠવી દેતા કે મહેમાનોને ઘરમાં ગૃહિણીની ગેરહાજરી લાગે નહિ. હીરાબહેન પાંચ વરસ જેટલો સમય પતિથી વિખૂટાં અમદાવાદ રહ્યાં. બાળકોને રજા પડે ત્યારે બધાંને લઇ તેઓ પૂના આવતાં. પરિણામે ભાનુશંકરભાઇનાં એ બધાં બાળકોનો વિદ્યાભ્યાસ અને ગૃહકેળવણી બહુ જ સરસ રીતે પાર પડયાં.

સાવકાં માતા દિવાળીબા ત્રીસ વરસ સુધી ત્રિવેદીસાહેબની સાથે રહ્યાં હતાં. પણ એ સાવકાં માતા છે એવો ખ્યાલ બહારનાને ભાગ્યે જ આવે એવો વર્તાવ નજરે પડતો. ત્રીસ વરસ ભાનુશંકરભાઇ અને ત્રિવેદીસાહેબ સાથે રહ્યા પછી દિવાળીબાએ પોતાની દીકરી સાથે અલગ રહેવાની ઇચ્છા દર્શાવી અને પોતાને માટે મિલકતના ભાગની માગણી કરી.

હિંદુ કાયદા પ્રમાણે સ્ત્રી કેવળ ભરણપોષણની હકદાર ગણાય. પરંતુ ત્રિવેદીસાહેબે એ વિચાર ન કર્યો. કોઇ પણ પ્રકારની આનાકાની કર્યા વિના તેમણે પોતાની માતાની ઇચ્છાને માન આપ્યું અને બંને ભાઇઓએ માતાને માટે એક ભાઇના જેટલો જ ભાગ મિલકતમાંથી કાઢી આપ્યો. અને જાણે કશું બન્યું જ ન હોય એમ, કોઇને આ જણાવા પણ દીધું નહિ અને તેમની સાથેનો સંબંધ પહેલાંના જેવો જ ચાલુ રાખ્યો.

માનવપ્રેમ, કુટુંબવત્સલતા અને સૌ પ્રત્યેનું હેત ત્રિવેદીસાહેબના ખાનદાન સ્વભાવને સહજ હતાં. બાપદાદાઓના વારસા માટે કુટુંબમાં કેવા કેવા ઝઘડા થાય છે અને સગાં પણ વેરી જેવાં બની જાય છે. પરંતુ ત્રિવેદીસાહેબ એ બધાંથી પર હતા.

## વિદ્યાર્થીઓના પ્રીતિપાત્ર

પૂનાની એલીવાડી કોલેજમાં પ્રોફેસર તરીકે ત્રિવેદીસાહેબ વિદ્યાર્થીઓના માનીતા થઇ ગયા હતા. થોડાક જ સમયમાં વિદ્યાર્થીઓમાં તેમણે એક કુશળ પ્રોફેસર અને યુવાનોના માર્ગદર્શક તરીકે નામના મેળવી.

કોઇ પણ વિષય હાથમાં લે એટલે એ વિષયની સાથે સંકળાયેલા બીજા બધા વિષયોના બાબતમાં તેઓ મહેનતપૂર્વક જ્ઞાન અને માહિતી પ્રાપ્ત કરતા.

તેમના વર્ગ માટે વિદ્યાર્થીઓ રાહ જોઈને બેઠા જ હોય. વર્ગમાં શિસ્ત બહુ સારી રીતે જળવાતી. વર્ગ પૂરો થાય, એટલે બહુ જ પ્રેમથી અને છૂટથી વિદ્યાર્થીઓ સાથે તેઓ ભળતા.

કોલેજના સૌ વિદ્યાર્થીઓને એમના માયાળુ અને સરળ સ્વભાવનો તેમ જ કર્ણ જેવી ઉદારતાનો અનુભવ થયા વિના રહેતો નહિ. પૂનાની દરેક કોલેજના વિદ્યાર્થીઓને તેઓ ઓળખે એટલું જ નહિ, પણ તેમના સંસર્ગમાં આવી દરેકની આર્થિક પરિસ્થિતિ જાણવા પ્રયત્ન કરે અને જરૂર જણાય ત્યારે વણમાગી મદદ કરવા તત્પર હોય જ.

વિદ્યાર્થીઓને ઉચ્ચ કેળવણી આપવામાં અને સંસ્કારી બનાવવામાં એમનો મોટો ફાળો હતો. વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ખીલે, તેઓ સમાજસેવાના પાઠો શીખે, સેવાકાર્ય કરે એ માટે પણ ત્રિવેદી સાહેબ પ્રયત્ન કરતા.

કોલેજમાં પ્રવેશ પામતા વિદ્યાર્થીઓ પણ ત્રિવેદીસાહેબ ક્યારે વર્ગમાં આવે એની રાહ જોતા. એક વિદ્યાર્થી પોતાનો પહેલા દિવસનો અનુભવ વર્ણવતાં લખે છે;

'વર્ગમાં બધા શાંત બેસી રહ્યા અને ત્રિવેદીસાહેબ હમણાં આવે, હમણાં આવે તેવી રીતે રાહ જોતા એકીટશે જોઇ રહ્યા. ત્રિવેદી સાહેબ આવ્યા. તેમનો હસતો ચહેરો અને સાદો પણ સુંદર પોશાક જોઇને મને એમ જ થયું કે, ખરેખર આ કોઇ સુંદર વ્યક્તિ છે. તેમનું ભાષણ શરૂ થયું, પણ તે ફિઝિક્સના સિદ્ધાંતો ઉપર ન હતું, એ હતું યુવાનોને પ્રેરણા આપનારું—સાદું જીવન ઊંચા વિચારોને અપનાવવાનું. આ ભાષણનો શબ્દેશબ્દ રગેરગમાં દાખલ થઇ ગયો. તેમનો બુલંદ અવાજ – કોઈએ સ્વપ્ને પણ નધાર્યું હોય કે આ વ્યક્તિ — શાંત, ગંભીર — આવા બુલંદ અવાજથી બોલી શકશે! તેમનામાં હતી તે વખતના યુવકોની ધગશ; તેમની અમીઝરતી આંખોમાં એક એવું અલૌકિક તેજ હતું કે તે વિદ્યાર્થીઓના જીવનમાં પ્રાણ રેડતું હતું.'

કોલેજ હોસ્ટેલને પણ આદર્શ બનાવવા ત્રિવેદીસાહેબ પ્રયત્ન કરતા. ત્રિવેદીસાહેબ માનતા કે, શારીરિક તંદુરસ્તી જાળવી રાખવા વિદ્યાર્થીએ અમુક કસરત રોજ ચોકકસ કરવી જોઇએ. એ માટે તેમણે પોતાના ખર્ચે હોસ્ટેલની દરેક ઓરડીમાં ચિત્રો ફ્રેમમાં મઢીને મૂકયાં હતાં. વિદ્યાર્થીઓ રોજ સવારસાંજ

સહેલાઇથી કરી શકે અને જેથી શરીરના દરેક ભાગને સારી કસરત મળે તેવા ફોટાઓ સાથેનાં વિગતવાર ચિત્રો હતાં.

એમની કેળવણીનો આદર્શ ફક્ત સ્થૂળ શરીરની કેળવણીથી અટકી ગયો ન હતો. દરેક વિદ્યાર્થી આદર્શ ખેલાડી હોવો જોઇએ. રમતોમાં જીત મેળવવા કરતાં પણ 'હાર'નો આનંદ અનુભવવા ઉપર તેઓ ખાસ ભાર મૂકતા. 'Lose cheerfully' એ ખેલાડીના ગુણનું ગુંજન દરેક વિદ્યાર્થીના મનમાં થયા જ કરે એ માટે તેમણે એક પ્રેરક કાવ્ય પણ છપાવીને દરેક વિદ્યાર્થીની નજર દિવસમાં અનેક વાર પડે તે માટે ટંગાવેલું હતું. આ રહ્યું એ કાવ્ય:

**A man is a good 'sport'**
**Who wins honestly,**
**Who looses cheerfully,**
**Who hopes increasingly,**
**Who bestows quietly,**
**Who receives naturally,**
**Who differs fairly,**
**Who agrees warmly,**
**Who lives liberally,**
**Who dies modestly,**
**Whose play-fellows are**

**MANKIND.**

કોઇ પણ વિદ્યાર્થીને અભ્યાસ વિષેના પ્રશ્નો, તેને મૂંઝવતા પોતાના આર્થિક પ્રશ્નો વગેરે માટે દિલ ખોલીને વાત કરવાનું અને તેનો ઉકેલ મેળવવાનું સ્થાન ત્રિવેદીસાહેબ હતા. તેમનો ઘણો વખત આ પ્રમાણે કોઈ પણ જાતના ભેદ વિના દરેક વિદ્યાર્થીને મદદ કરવામાં જતો.

કોઇ વિદ્યાર્થી બીમાર પડયો છે અને તેને હોસ્પિટલમાં લઇ જવાની જરૂર છે એમ તેમના સાંભળવામાં આવે કે તરત જ તેઓ પોતાની મોટરમાં બેસીને તે બીમાર વિદ્યાર્થી પાસે જાય અને તેની ખબર લે. દાકતરની સારવાર માટે તરત જ તેને સારા દવાખાનામાં લઇ જતા. ત્યાં તેના રહેવાની તેમ જ

જમવાની ગોઠવણ કરી આપતા. આમ ત્રિવેદીસાહેબ પૂનામાં બહારગામથી આવીને વસનાગ બધા વિદ્યાર્થીઓના વાલી જેવા હતા.

વિદ્યાર્થી આર્થિક ભીડમાં હોય, ત્યારે તેઓ છૂટે હાથે મદદ કરતા. એ મદદ જમણા હાથે કરેલ ડાબો હાથ પણ ન જાણે તેમ કરવામાં ત્રિવેદીસાહેબ ગૌરવ માનતા. વિદ્યાર્થીને કરેલી મદદ તેઓ મોટપણે વાળી આપે તે ત્રિવેદી સાહેબને લગારે ગમતું નહિ. એવું કોઇ કરે તો એમને દુઃખ થતું. એકાદ બે ઉદ્દાહરણ જોઈએ :

એક વિદ્યાર્થીની સ્થિતિ ગરીબ હતી. મેટ્રિક પછી તેની આગળ ભણવાની ઇચ્છા હતી. ત્રિવેદીસાહેબને આ વાતની ખબર પડતાં તેમને પાંચ વરસ સુધી માસિક દશ રૂપિયાની મદદ કરી.

બી. એ. થયા પછી એ ભાઇએ શાળામાં શિક્ષક તરીકે નોકરી લીધી. અને ત્રિવેદીસાહેબે આપેલી રકમ પોતાનું ધર્મઋણ સમજી પગારમાંથી બચત કરીને ભેગી કરી.

એવામાં ત્રિવેદી સાહેબ થોડા વખત માટે ભાવનગર આવ્યા. એટલે પેલા ભાઈએ પેલી ૬૦૦ રૂપિયાની રકમ એમની આગળ કૃતજ્ઞતાપૂર્વક ધરી.

ત્રિવેદીસાહેબે એ રકમ લેવાની ના પાડી. પણ પેલા ભાઇ એકના બે થયા નહિ. એટલે ત્રિવેદીસાહેબે ૫૦૦ રૂપિયા વિદ્યાર્થી સહાયક ફંડમાં ભરી દીધા અને ૧૦૦ રૂપિયાની એક ઘડિયાળ અને સાંકળી ખરીદ કરી ભાવનગરના દીવાન સાહેબ સર પ્રભાશંકર પટ્ટણીજીના હાથે એ શિક્ષકભાઈની કૃતજ્ઞતાની ભાવના માટે એને ભેટ અપાવી.

એક વિદ્યાર્થીની જીભ બોલતી વેળા જરા તોતડાતી હતી. ત્રિવેદીસાહેબે એને બોલાવીને ગોળીઓની એક શીશી આપી. એ ગોળીઓ તોતડાપણું મટાડવાની હતી. એ શીશી ઉપરનું કિંમત વગેરે બતાવતું લેબલ શીશી આપતાં પહેલાં, ત્રિવેદીસાહેબે કાઢી નાખ્યું હતું. શીશી આપતાં તેમણે એ વિદ્યાર્થીને કહ્યું : 'વાપરીને ફાયદો થાય તો મને કહેજો. બીજી મંગાવી લઇશું.'

પેલા વિદ્યાર્થીએ ઠીક ઠીક મહેનત કરી એ શીશાની કિંમત શોધી કાઢી. ખૂબ વિચાર કરી અને હિંમત એકઠી કરી તે ત્રિવેદીસાહેબ પાસે શીશીના ચાળીસ રૂપિયા આપવા ગયો. પહેલાં તો તેની બોલવાની હિંમત ન ચાલી. છેવટે હિંમત એકઠી કરી રૂપિયા તેમની આગળ ધર્યા.

આ જોઈને ત્રિવેદીસાહેબ મીઠો ઠપકો આપતા બોલ્યા :

'તમારા પિતાજીએ દવા લાવી આપી હોત, તો તમે એમને પણ કિંમત આપવા જાત ખરું ને?'

પેલા વિદ્યાર્થી પૈસા લઈને પાછો ફર્યો.

## માંદાંઓની માવજત

આતિથ્ય અને માંદાની માવજત એવાં કામો છે કે જેમાં માણસે અમુક ત્યાગ, તિતિક્ષા અને બીજાને મદદરૂપ થવાને માટે તત્પરતા ધરાવવાં જોઈએ. આ વસ્તુ હૃદયની અમુક કોમળતા અને માનવપ્રેમ દેખાડનારી છે.

ત્રિવેદીસાહેબમાં આ બંને વસ્તુઓ સારી પેઠે ભરેલી હતી. એ બે બાબતોનું એમણે જીવનભર સેવન કરી, એ દ્વારા એક પ્રકારની આધ્યાત્મિક ભૂમિકા જીવનમાં સાધી. આ વસ્તુઓ તેમણે એક સહજ યોગ કે ધર્મ રૂપે પોતાના જીવનમાં વણી લીધી હતી. એ દ્વારા તેઓ પોતાના ચિત્તને પ્રસન્ન રાખતા.

માંદાની માવજત કરવામાં ત્રિવેદીસાહેબ નિરાલસપણે સદાય તત્પર રહેતા. એટલે સુધી કે, પોતે ઈજનેરીનો અભ્યાસ કર્યો એને બદલે દાક્તર થયા હોત તો સારું થાત એમ તેમને કેટલીક વાર લાગતું. ત્રિવેદીસાહેબની એ ઇચ્છા જ સંસ્કારરૂપે એમના સુપુત્ર મનુભાઈમાં ઊતરી હતી. સદ્‌ભાગ્યે પુત્ર દ્વારા એ પાર પાડવાનો સંતોષ પણ તેમને લાધ્યો હતો.

માંદાની માવજત અંગેના થોડાક દાખલા જોઈએ :

એક મિત્રનાં પરિચિત બહેન પૂનામાં ફાટી નીકળેલા પ્લેગમાં સપડાયાં હતાં. ત્રિવેદીસાહેબ અને હીરાબહેને બીજા એક ભાઈની સાથે એ બહેનની સારસાર શરૂ કરી.

એ બહેનનાં માબાપને તાર કરીને ખબર આપવામાં આવી. તેઓ આવ્યાં તો ખરાં, પણ રખેને પોતાને પ્લેગનો ચેપ લાગે એ બીકથી પોતાની દીકરીની પાસે પણ ગયાં નહિ; ત્રિવેદીસાહેબની સેવા બદલ ઉપકાર માની સારવાર સારી રીતે ચાલુ રાખવા વિનંતી કરી વળતી ગાડીએ જ પાછાં ચાલ્યાં ગયાં! જ્યારે હીરાબહેને તો બિછાના પર જ બેસી, પોતાની દીકરીની માફક, કોઈ પણ જાતના ચેપના ભય વિના કે ગંદવાડની સૂગ વિના તે બહેનની સેવા કરી. ત્રિવેદીસાહેબ પણ ખડે પગે હતા. ઈશ્વરકૃપાએ એ બહેન સાજાં થઈ ગયાં.

એક ભાઈના નોકરને પ્લેગ થયેલો. પેલા ભાઈ અને તેમનાં પત્ની તેને પ્લેગની હોસ્પિટલમાં રવાના કરી ડૉકટરની સલાહથી પૂના છોડીને બહાર જતાં રહ્યાં. જતાં જતાં ત્રિવેદીસાહેબને પેલા નોકરની કાળજી રાખવા સૂચવતાં ગયાં!

ભલા ત્રિવેદીસાહેબ એ નોકરની ખબર લેવા જાતે જતા, તેને ફળ વગેરે પહોંચાડતા; એ નોકરના નાના છોકરાને ત્રિવેદીસાહેબે પાસે રાખેલો. નોકર સાજો થયો.

પૂનામાં એ સમયે માંડ એક બે મોટરગાડીઓ હશે. તે વખતે ત્રિવેદીસાહેબ મોટરસાઈકલ રાખે. ડૉકટરો પાસે મોટર નહિ, એટલે પ્લેગના દરદીઓને પહોંચી વળી ન શકે. પ્રોફેસર ત્રિવેદીસાહેબ પોતાની મોટરસાઇકલની સાઈડકારમાં ડૉકટરને બેસાડીને આખા ગામમાં ફરે અને દરદીઓની સારવાર કરે. ગરીબ દરદીઓને જોઈતી મદદ ખાસ કરે.

પ્લેગનું જોર વધવાથી પૂના શહેર લગભગ ખાલી થઇ ગયું. ત્રિવેદીસાહેબ થોડાક દિવસ બહાર જવા ટાંગામાં બેસી નીકળ્યા.

રસ્તામાં એક બંધ ઘરના ઓટલા પર એક માણસ પડયો પડયો બૂમો પાડયા કરે. ત્રિવેદીસાહેબે ટાંગો થોભાવ્યો. નીચે ઊતરીને જોયું તો પેલો બાપડો પ્લેગના તાવથી તડફડતો હતો!

ત્રિવેદીસાહેબે જવાનું માંડી વાળ્યું. પેલા અજાણ્યા માણસને માટે યોગ્ય વ્યવસ્થા કરી.

એમનો એકનો એક દીકરો મનુ કસરત કરતાં પડી ગયો, ત્યારે તેના થાપાનું હાડકું ભાંગ્યું અને તેમાંથી હાડકાનો ક્ષય લાગુ પડયો! દવાખાનામાં તેને રાખે તો માબાપની દેખરેખ અને સારવારથી તે વંચિત રહે. તેથી ત્રિવેદી-સાહેબે ઘરના ઓરડામાં જ ઇસ્પિતાલ ઊભી કરી દીધી અને બે એક વરસ સુધી મનુની સારવાર કરી. એટલું જ નહિ, પણ એ દરમિયાન તેનો અભ્યાસ પણ પોતે કરાવતા રહ્યા. અને આ બધું કરવાની સાથોસાથ મનુના ખબર પૂછવા અનેક મિત્રો આવતા તેઓનું આતિથ્ય, પોતાની કૉલેજની ફરજ કે રોજનાં બીજાં કશાં કામોમાં ઊણપ આવવા દીધી નહિ.

એવા તો કેટલાય દાખલાઓ છે, જે આપતાં પાર આવે એમ નથી.

કૉલેજમાં એક પટાવાળાનો એકનો એક દીકરો મરી ગયો! પટાવાળો ગાંડા જેવો થઈ ગયો; બીમાર પડી ગયો.

ત્રિવેદીસાહેબ એ બાપડા દુઃખી પટાવાળાની ખબર કાઢવા, તેને માટે દવા–ખોરાકની વ્યવસ્થા કરવા એની ઓરડીએ રોજ જતા. ગાંડો માણસ કોઇના સમજાવવાથી દવા પણ ન લે. તેને કાબૂમાં રાખવો મુશ્કેલ. પણ ત્રિવેદીસાહેબ તેને ત્યાં જાય કે તુરત શાંત ! દવા આપે તે પી લે. આમ ઘણો વખત એ પટાવાળાની તેમણે ચાકરી કરી હતી.

'स्मशाने...यः तिष्ठति सः बान्धवः ।'

સંસ્કૃત સુભાષિતમાં બંધુ કોણ એની સમજ આપી છે. એમાં એમ પણ કહ્યું છે કે, સ્મશાને જે આપણી પડખે ઊભો રહે એ આપણો બંધુ.

ત્રિવેદીસાહેબમાં રહેલા આ ગુણોનો વિચાર કરતાં એમને વંદન કરવાનું મન થઇ જાય. કોઇ ગુજરી જાય અને એની વ્યવસ્થા કરવા માટે કોઇ એકલ-દોકલ કે એ સ્થાનથી અપરિચિત સ્વજન મૂંઝાતું એમના જોવા-સાંભળવામાં આવે, તો ત્રિવેદીસાહેબ પહેલાં ત્યાં પહોંચી જાય અને ગુજરી ગયેલાને અવલ-મંજિલે પહોંચાડવાની બધી જવાબદારી તેઓ ઉપાડી લેતા.

એવે વખતે રાત કે દિવસ જોયા વિના પોતાના કામનું કોઈ પણ જાતનું બહાનું કાઢ્યા વિના પોતે અને પોતાના વિદ્યાર્થીઓ તથા મિત્રોને સાથે લઇને ત્રિવેદીસાહેબ પહોંચી જતા.

આવે વખતે લોકો સામાન્યપણે કંઈક બહાનું કાઢીને સ્મશાને જવાનું ટાળવાનો રસ્તો કાઢે છે. પણ સ્નેહી સોબતીઓની મદદની જરૂર પણ આવે વખતે જ વધુમાં વધુ પડે છે. તેથી કોઇ પણ પળે તેઓ એવી સેવા આપવાને તૈયાર જ રહેતા.

આવા સંકટ સમયે ત્રિવેદીસાહેબ માણસની સામાજિક પ્રતિષ્ઠા કે નાત-જાતનો કદી વિચાર કરતા નહિ. ઘણી વાર એ બધી ક્રિયાઓનો ખર્ચ પણ તેઓ પોતે ઉપાડી લેતા.

## જ્ઞાનની પરબ

ઘણા લોકો સામાન્યપણે શિક્ષક કે પ્રોફેસર થવાની સાથે વિદ્યાર્થી મટી જાય છે. પુસ્તકો સાથે કે નવા જ્ઞાન સાથે જાણે અસહકાર જાહેર કરે છે અને પોતાના જમાનામાં કંઇ શીખ્યા હોય તે જ વરસોનાં વરસો સુધી વિદ્યાર્થીઓ આગળ પીરસ્યા કરે છે.

પરંતુ ત્રિવેદીસાહેબ આજીવન વિદ્યાર્થી રહ્યા અને પોતાના જ્ઞાનમાં અને વિદ્યામાં તેમણે ક્ષણશઃ અને કણશઃ ઉમેરો કર્યા જ કર્યો.

જીવન પ્રત્યે ધ્યેયનિષ્ઠ ભાવ હોવાથી અનેક મહાપુરુષો અને સાધુસંતોનાં ચરિત્રો તેમને ત્યાં જોવા મળતાં. શ્રી રામકૃષ્ણ, વિવેકાનંદ, નેપોલિયન, બિસ્માર્ક વગેરેનાં તેમ જ મહાત્મા ગાંધીનાં છેલ્લામાં છેલ્લાં ચરિત્રો સુધીના ચરિત્રગ્રંથો તેમના વિપુલ સંગ્રહમાં મળતા. દુનિયાના ઈતિહાસ, જુદી જુદી સંસ્કૃતિઓની માહિતિ આપનાર સચિત્ર ગ્રંથો, સમાજશાસ્ત્રના વિવરણાત્મક ગ્રંથો, વિજ્ઞાનનાં છેલ્લામાં છેલ્લાં નીવડેલાં પુસ્તકો એમને ત્યાં આવીને પડયાં જ હોય.

ગુજરાતના જીવનના એકેએક અંગ માટે એમને જિજ્ઞાસા અને કાળજી રહેતી. તેથી ગુજરાતીમાં પ્રસિદ્ધ થતું બધું જ શિષ્ટ સાહિત્ય તેમ જ સામયિકો ત્રિવેદીસાહેબ હંમેશ મગાવતા અને સામયિકોની ફાઈલો ખૂબ કાળજીપૂર્વક બંધાવી રાખતા. 'રિવ્યુ ઓફ રિવ્યુઝ', 'મોડર્ન રિવ્યુ', 'પ્રબુદ્ધ ભારત' વગેરે જેવાં અંગ્રેજી માસિકોની ફાઈલો પણ એમને ત્યાં ભેગી થઇ હતી.

આ રીતે ત્રિવેદી સાહેબે પોતાની લાયબ્રેરી ખૂબ સમૃદ્ધ બનાવી હતી. છતાં એ જ લાયબ્રેરીમાં એક બાજુએ એક ઘોડા પર ટાંગેલું ફ્રાન્સના વિખ્યાત લેખક આનાતોલ ફ્રાન્સનું નીચેનું વાકય અનેરો વિનોદ પૂરું પાડતું હતું, ત્રિવેદીસાહેબમાં છુપાયેલી વિનોદવૃત્તિની ઝાંખી કરાવતું હતું :

'Never lend books.
No one ever returns them.
The only books I have in my library
Are those people have lent me.'

—પુસ્તકો કદી બીજાને આપશો નહિ, કોઇ તે કદી પાછાં આપતું નથી. મારી લાયબ્રેરીમાં જે પુસ્તકો છે તે બધાં જ મને લોકોએ ઉછીનાં આપેલાં તે છે.

ત્રિવેદી સાહેબે પોતાના જ્ઞાનની આ પરબનો આપણા દેશની આઝાદી માટે લડતા આપણા દેશપ્રેમીઓ માટે કેવો આશીર્વાદરૂપ સદુપયોગ કર્યો હતો એ જોવા જેવો છે.

૧૯૩૦ની સાલમાં ગાંધીજીએ દાંડીકૂચ કરી હતી. અંગ્રેજ સરકારે ગાંધીજી તેમ જ ઘણા બધા સત્યાગ્રહીઓને પકડ્યા. પૂના પાસેની યરોડાની જેલ

સત્યાગ્રહી કેદીઓથી ઊભરાઇ ગઇ. એટલે જેલની બહાર કેમ્પ જેલ ઊભી કરવામાં આવી.

કેદીઓને ચક્કી ચલાવવાનું, પથ્થરો ફોડવાનું, રસી વણાવવાનું વગેરે કામ આપવામાં આવતાં. પરંતુ કેદીઓની સંખ્યા ખૂબ જ હોવાથી સરકાર એ બધાને કામ કયાંથી આપી શકે ? ખોરાક પણ બહુ ખરાબ અપાતો. એ તો જાણે ચલાવી લેવાય, પણ માનસિક ભૂખમરો વેઠવો સૌને કઠણ થઇ પડયો.

જેલના નિયમ અનુસાર એક વાર્તાનું અને એક ધાર્મિક પુસ્તક અપાય. જેલનું પુસ્તકાલય બધા સત્યાગ્રહી કેદીઓને પુસ્તકો કયાંથી પૂરાં પાડે ? એ તો ગુનેગાર કેદીઓ માટે ગમે તેવાં નકામાં પુસ્તકોનું બનેલું હતું.

કેદીઓએ પોતાની વાત કેમ્પ–જેલના સુપરિન્ટેન્ડેન્ટ મેજર ગાલ્વિન આગળ રજૂ કરી. મેજર ગાલ્વિને કબૂલ્યું કે, 'આ પ્રકારના કેદીઓની આટલી મોટી સંખ્યા માટે સરકાર તૈયાર નહોતી અને જેલ પુસ્તકાલય તમારા જેવાની ભૂખ ન ભાંગે એ પણ સાચું.'

પણ એનો ઉપાય શો ? સત્યાગ્રહી કેદીઓએ બહારથી પુસ્તકો મંગાવવાની પરવાનગી માગી. એ માગણીએ મેજરને વિમાસણમાં નાખ્યા. યરવડા જેલના મુખ્ય સુપરિન્ટેન્ડેન્ટ મેજર માર્ટિન કડક ગણાતા. ગાલ્વિન પોતે સહાનુભૂતિવાળા હતા. એ સત્યાગ્રહી કેદીઓની 'ભૂખ' સમજી શકયા.

પણ તોડ શી રીતે કાઢવો ? કેટલાકની નજરે પૂનામાં રહેતા ત્રિવેદીસાહેબ ચડયા. એ લોકોએ ગાલ્વિનને કહ્યું : 'પૂનામાં પ્રોફેસર ત્રિવેદી સરકારી માણસ અમારા મિત્ર છે. એમની પાસે પુસ્તકો મંગાવવા દો તો અમે મંગાવીએ.'

મેજરે ત્રિવેદીસાહેબ વિશે પૂછપરછ કરીને મંજૂરી આપી. બેત્રણ ભાઈઓએ કેટલાંક માસિકો અને પુસ્તકોની એક યાદી તૈયાર કરીને ત્રિવેદીસાહેબ પર મેજરની પરવાનગી લઇને મોકલી.

સત્યાગ્રહી ભાઈઓને એમ કે, ત્રિવેદીસાહેબ પાસે થોડાંઘણાં પુસ્તકો હશે એ મોકલશે. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે બીજે જ દિવસે સાંજે જેલને દરવાજે ઓછાંવત્તાં કરીને પાંચસો–છસો સારાં પુસ્તકોનાં બંડલો લઇને ત્રિવેદીસાહેબ હાજર થઇ ગયા !

બીજે દિવસે સવારે મેજર ગાલ્વિન આટલાં બધાં પુસ્તકો જોઈને ખૂબ નવાઇ પામ્યા. એમણે બંડલો ખોલ્યાં તો એમના અને સત્યાગ્રહી ભાઇઓના

આશ્ચર્ય વચ્ચે ત્રિવેદીસાહેબનાં જૂનાં જ પુસ્તકો નહિ પરંતુ બજારમાંથી ખરીદી આણેલાં અનેક નવાં પુસ્તકો પણ હતાં!

પાછળથી ભલા મેજર ગાલ્વિને જેલરને ખાનગી હુકમ આપ્યો હતો કે, 'પ્રો. ત્રિવેદી આવે ત્યારે એમને દરવાજા બહાર ઊભા ન રાખતાં હમેશાં ઓફિસમાં બોલાવી કોઈની ખબર જોઈતી હોય તો આપવી અને કોઈને મળવા માગતા હોય તો મળવા પણ દેવા.'

બસ, તે દિવસથી ત્રિવેદીસાહેબને માટે જેલના દરવાજા સદા માટે ખૂલ્યા. એક દિવસે મેજર ગાલ્વિને ત્રિવેદીસાહેબને પોતાની ઓફિસમાં બોલાવ્યા. બે વચ્ચે કલાક દોઢ કલાક વાતચીત થઇ. મેજરે એમનો ઉપકાર માન્યો, ત્યારે ત્રિવેદીસાહેબે કહ્યું :

'સરકારી નોકર હોઇને હું દેશની કંઇ સક્રિય સેવા તો નથી કરી શકતો, પરંતુ આ બધા દેશને માટે ત્યાગ કરી કષ્ટો સહન કરે છે, તો કંઇ નહિ તો એમને કોઇ રીતે ઉપયોગી થઇને એમની સેવા કરી શકું એ મારો ધર્મ માનું છું; એ જ મારી પરોક્ષ સેવા છે.'

ધીમે ધીમે કરતાં ત્રિવેદીસાહેબે સત્યાગ્રહીઓ માટે ૧૫૦૦ જેટલાં સારાં સારાં પુસ્તકો ભેગાં કરી દીધાં. મેજર ગાલ્વિન પણ એ પુસ્તકોની સંભાળ રાખવા લાગ્યા. એમને લાગ્યું હતું કે, એક ઉદાર ગૃહસ્થે કરેલું એ ઉદાત્ત કાર્ય પોતાના પર અંગત ઉપકાર સમું હતું. અને એ 'ટ્રસ્ટ' માટે પોતે જવાબદાર હતા. આ માટે તેમણે મોટી પેટી આપી, ઇશ્યૂ બુક બનાવી, બે સત્યાગ્રહી કેદીઓને લાઇબ્રેરિયન બનાવ્યા.

મેજરે પોતે પણ થોડાં પુસ્તકો વાંચ્યાં એટલું જ નહિ, પણ પોતાનાં બાળકો માટે પણ એમાંથી પસંદ કરીને પુસ્તકો લઈ જતા.

ત્રિવેદીસાહેબના પ્રતાપે જેલમાં બધાએ પેટ ભરીને વાંચ્યું. ઘણાએ સારામાં સારું અધ્યયન કર્યું.

## ત્રિવેદીસાહેબનો કલાપ્રેમ

ત્રિવેદીસાહેબને કળાનો પણ ભારે શોખ હતો. એમણે ભારતના તેમ જ પરદેશના ચિત્રકારોના અનેક ચિત્રસંપુટો વસાવ્યા હતા. ગુજરાતના રવિશંકર રાવળ, કનુ દેસાઇ, સોમાલાલ શાહ વગેરેનાં ચિત્રો તેમણે ભેગાં કરીને તેનો

સંગ્રહ કર્યો હતો. એમની લાયબ્રેરીમાં, બેઠક ખંડમાં વગેરે જગ્યાએ જાતજાતનાં ચિત્રો ફ્રેમમાં મઢાવીને મૂકેલાં.

મહાત્મા ગાંધીજીનાં ચિત્રો અને ફોટાનું એમનું ઘર એક સંગ્રહસ્થાન જ બની ગયું હતું. આ ઉપરાંત ગુજરાતના કળાકારીગરીના અનેક નમૂના એમણે ભેગા કર્યા હતા.

કળાની વસ્તુઓ કેવળ પોતાને ત્યાં સંઘરી રાખવાથી ત્રિવેદીસાહેબને સંતોષ થતો નહિ. તેનો લાભ બીજા લોકો લે, એ વસ્તુઓનો બહોળો પ્રચાર થાય એ માટે પણ તેઓ પ્રયત્ન કરતા. સામયિકોમાં એવા નમૂના આવતા તો એ તેઓ ગુજરાતમાં 'કુમાર' જેવાં માસિકોને મોકલાવી દેતા, જેથી તેનો લાભ મોટા પ્રમાણમાં લોકોને મળી શકે. ઊંચી અભિરુચિ, અવિરત ઉદ્યમ અને લોકોને ઉપયોગી થવાની તમન્ના વિના આ વસ્તુઓ ભાગ્યે જ સિદ્ધ થઈ શકે.

'કુમાર'ના પ્રાણસમા શ્રી રવિશંકરભાઈ રાવળે ત્રિવેદીસાહેબને 'આજના ગુજરાતના જીવંત પ્રાણપ્રતિનિધિ' અને 'ઊગતી પ્રજાના અર્ધ્યના અધિકારી' તરીકે વર્ણવ્યા છે. પૂનાની બંધુ સમાજમાં પ્રવચન કરતાં રવિભાઈએ એમનો ઉલ્લેખ કરી કહ્યું હતું :

"હું 'કુમાર' ચલાવું છું અને તમારી આગળ મહિને મહિને સામગ્રી પીરસ્યા કરું છું, પણ મને મારી કલ્પનાશક્તિ ખૂટતી માલૂમ પડી, હું થાક્યો, એટલે પ્રેરણાની શોધમાં નીકળી પડ્યો અને અહીં આવ્યો છું. એ પ્રેરણા મેળવી તાજો થઈશ ત્યારે મારું કામ વધારે સારી રીતે કરી શકીશ."

આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીભાઈએ ત્રિવેદીસાહેબ વિશે મુક્ત કંઠે લખ્યું છે :

"શ્રી જયશંકર ત્રિવેદીના 'ચોદિશ સ્ફુરંતા મૂંગા સ્મિતવંત સૌજન્યે' પૂનાને ગુજરાતીઓનું તીર્થધામ બનાવ્યું છે.

"મને કોઈ પૂછે કે, ગુજરાતી ગૃહસ્થ-ધર્મનો આદર્શ ક્યાંય આચારમાં મુકાયેલો બતાવો, તો હું એને પૂનામાં શ્રી જયશંકર ત્રિવેદીનું ઘર ચીંધાડું.

'વાર્તા લેખકો, ઘણી વાર તમે વાર્તાનું આલેખન કરવામાં ધૂર્તો, ઢોંગીઓ, પાજીઓ, શેખીખોરો, સુધારકો, શૂરવીરો વગેરે પાત્રોનાં વ્યક્તિત્વ તો તમારી આજુબાજુના જીવનમાંથી, સ્વાનુભાવે અથવા કોઈના કહેવાથી પ્રમાણમાં

સહેલાઇથી પકડી પાડેલ હશે. પણ સુજનતાનો, સંસ્કાર સોહામણી ગુર્જરી સુજનતાનો, કોઇ ગૃહસ્થાશ્રમ આલેખવાને ટાણે તમે જરૂર મૂંઝાયા હશો. આ મૂંઝવણમાંથી નીકળવું હોય તેમણે શ્રી જયશંકરભાઇના વ્યક્તિત્વને પૂના જઈ જોઇ લેવું.

"પ્રેરણા મેળવવા અને ખૂટેલી કલ્પના–શક્તિઓની વિદ્યુત-દાબડીઓને (બેટરીઓને) ફરી ચાર્જ કરી લેવા આપણે કલમ, કાગળો ને કિતાબો પડતાં મૂકી ઘણી વાર હિમાલય, આબુ અથવા સાગરતીરના પ્રસન્ન પ્રકૃતિ-ખોળે જવું પડે છે. એ જ રીતે માનવી અને તેના ગુણદોષ વિશે, ગૃહસ્થધર્મ અને તેની મહત્તા અને લઘુતા વિશે આપણી કલ્પનાની અણીઓ કાળે કરીને બુઠ્ઠી બની જાય છે. વાર્તા લખીએ તો એનાં એ પાત્રો, એ જ ગુણદોષોનાં સાલવેલ ચોકઠાં આપણી સામે ખડાં થાય છે. એટલે જ આપણે માનવીઓની અંદરથી પણ હિમાલય. આબુ અને સાગરતટોનાં વ્યક્તિત્વ શોધવાં પડે છે. તેમનો સમાગમ આપણી અનુભવ-દૃષ્ટિના ખજાના ભરી આપે છે. કોઇ વાર થાકો ત્યારે પૂના જઇ આવજો; ક્ષુદ્રતા કંઇક ઓછી થશે. આપણી ક્ષુદ્ર માનવતાની નજીકમાં નજીક વિચરતી મહત્તાની યાત્રા થશે."

આવા હતા જીવનના કલાધર ત્રિવેદી સાહેબ.

## સત્યાગ્રહીઓના સેવક

ત્રિવેદીસાહેબ આમ તો આતિથ્યના મહાન પૂજારી હતા. પરંતુ એમના આતિથ્ય-ધર્મના કળશરૂપ કાર્ય તરીકે સત્યાગ્રહી કેદીઓની તેમણે કરેલી સેવા–શુશ્રુષા જ ગણી શકાય.

'૩૦ની સાલમાં મહાત્મા ગાંધીજીએ મીઠા સત્યાગ્રહ શરૂ કર્યો. સરકારે કરાડી મુકામે મધરાતે ગાંધીજીની ધરપકડ કરી તેમને પૂના પાસેની યરોડા જેલમાં કેદ કર્યા.

થોડા જ વખતમાં સત્યાગ્રહી કેદીઓથી યરોડાની જેલ ઊભરાઇ ગઈ, એટલે પાસે જ કેમ્પ જેલસત્તાવાળાઓએ શરૂ કર્યો.

ત્રિવેદીસાહેબે મનોમન સંકલ્પ કરી દીધો : 'માતૃભૂમિના આ દેશસેવકોની મારાથી જે કંઇ સેવા થઇ શકે તે કરવી એ મારી ફરજ છે ને તે મારે કોઈ પણ જોખમે અદા કરવી.'

મહાત્મા ગાંધીજી, સરોજિની નાયડુ જેવાં મોટાં સત્યાગ્રહી ભાઈબહેનોને માટે તેઓ તેમને જરૂરી વસ્તુઓ, ફળો ઇત્યાદિ જેલના દરવાજે જાતે જઈને પહોંચાડી આવે એમાં કશી વિશેષતા ન કહેવાય. પણ અનેક ઓળખીતા અને બિનઓળખીતા સામાન્ય અને અજ્ઞાત એવા દેશસેવકો માટે સાબુ, દંતમંજન, બ્રશ, ઊલિયું, ચંપલ, હજામતનો સામાન, અને ચશ્મા વગેરે જેવી વસ્તુઓ પણ આપી આવવામાં ન તો તેમને કદી કોઈ જાતની નાનમ લાગતી કે ન તો તે આપતાં તેમણે કદી પોતાના ખિસ્સા તરફ જોયું. ઊલટું, આમ સ્વરાજના સૈનિકોની સેવા કરવાની તક મળે છે તે બદલ પોતાને માટે ધન્યતાની જ લાગણી અનુભવી.

બહેનોની જેલમાં તો ભરતગૂંથણનું જાણે પ્રદર્શન જ ન ગોઠવાયું હોય એ રીતે એ પ્રવૃત્તિ પુરજોશમાં ચાલતી. ત્રિવેદી સાહેબ એ સૌને માટે જે જોઈએ તે હાજર કરી દેતા. એટલે જ હિંદની બુલબુલ તરીકે જાણીતાં થયેલાં કવયિત્રી સરોજિની નાયડુએ ત્રિવેદી સાહેબ તરફ આંગળી ચીંધીને ગાંધીજીને મજાકમાં કહેલું :

'**This Young man spoiled all of us in the Jail.**'—
આ યુવાને અમ બધી સ્ત્રીઓને જેલમાં બગાડી મૂકી !

યરોડા જેલમાં સત્યાગ્રહી કેદીઓ માટે ત્રિવેદીસાહેબે મોકળે હાથે પુસ્તકોની કેવી લહાણી કરી હતી એ આપણે જોઈ ગયા છીએ. તે વખતે જેલમાં પારંગત વિદ્વાનો, રાજકીય, આર્થિક, સામાજિક વગેરે અનેક વિષયોનો પોતાનો અભ્યાસ વિકસાવવા ઇચ્છતા જુવાનો અને આધેડો, અને અમુક ખાસ વિષયનો અભ્યાસ શરૂ કરવા કે આગળ વધારવા માગતાં સ્ત્રીપુરુષો હતાં. તેમને એક સૌથી મહત્ત્વની જરૂર તેમને જોઈતાં જુદા જુદા વિષયોનાં પુસ્તકોની હતી. તેમાંનાં ઘણાં તો બહુ મોંઘાં પણ હતાં.

પરંતુ એ માંગણી ત્રિવેદીસાહેબે સંપૂર્ણ રીતે સંતોષી. કોઈ વખતે જેલર કંઇક વાંધો ઉઠાવે, તો બને ત્યાં સુધી તેને સમજાવી પુસ્તકો પૂરાં પડતાં.

તે વખતની યરોડા જેલ એક સાંસ્કૃતિક વિદ્યાપીઠ—કલ્ચરલ યુનિવર્સિટી બની હતી, એમ કહેવાય છે. જેલને આ રીતે વિદ્યાપીઠ બનાવવામાં ત્રિવેદી-સાહેબનો ફાળો ઘણો મોટો હતો.

પરંતુ આ બધું અંગ્રેજ સરકાર શી રીતે સહી શકે ? કેટલાય રાજદ્વારી કેદીઓ છૂટે ત્યારે ત્રિવેદીસાહેબ પોતાની મોટર લઈને જાતે તેમને તેડવા જતા અને તેમની બધી વ્યવસ્થા કરતા.

કોઈ વાર તેમને કોઇ પૂછતું કે, આ તો ભારે મોટો ગુનો—રાજદ્રોહ ગણાય. ત્રિવેદી સાહેબ સહજ ભાવે જવાબ આપતા:

'રિલીઝ્ડ પ્રીઝનર્સ એડ સોસાયટી જેવી સરકારમાન્ય સોસાયટીઓ જે કામ કરે છે તેના જેવું જ મારું આ કામ છે. એમાં ગુના જેવું શું છે?'

પરંતુ સરકારને આ દલીલ પસંદ પડે? તેણે તો એમના ઘર ફરતી સી.આઈ.ડી.ની જાળ જ ગોઠવી દીધી. એટલે ઘરમાં મહેમાનોની ભીડ અને બહાર છૂપી પોલીસની, એવી સ્થિતિ થઇ ગઇ.

એક મહેમાન બહેને યોગ્ય જ કહ્યું હતું : 'અમે બધાં ત્રિવેદીસાહેબને ત્યાં મહેમાનો તરીકે રહીએ છીએ એમ કહેવાને બદલે ત્રિવેદી સાહેબ મહેમાનોને ત્યાં રહે છે એમ કહીએ તો ખોટું નથી.'

એટલા બધા મહેમાનો ત્રિવેદી સાહેબને ત્યાં રહેતા. એ બધાની નાની મોટી સગવડો સાચવવા તેઓ સદા તત્પર રહેતા. એમનાં પત્ની હીરાબહેન એમાં પૂરેપૂરો સાથ સહકાર આપતાં હતાં.

ત્રિવેદીસાહેબ પોતે તો ગાંધીજીને ભાગ્યે જ મળવા જતા. પરંતુ બહારથી ગાંધીજીને તેમ જ સત્યાગ્રહી કેદીઓને મળવા આવનાર ઘણાનો ઉતારો ત્રિવેદી-સાહેબને ત્યાં રહેતો અને તેમને લઇને ત્રિવેદી સાહેબની મોટરને વારંવાર યરોડા જેલ પર જવાનું થતું. એ મોટર કેટલી વાર જેલ પર આવી તેની નોંધ છૂપી પોલીસ રાખતી.

ગમે તેવા પણ ત્રિવેદી સાહેબ સરકારી નોકર કહેવાય. પોતાનો નોકર રાજ દ્રોહીઓ સાથે આવો નિકટનો સંબંધ રાખે તે સરકારથી કેમ ખમાય?

એક વાર મહાત્મા ગાંધીજીએ જેલમાં ઉપવાસ શરૂ કર્યા હતા. સરકારે એમને ઇસ્પિતાલમા ખસેડયા હતા. દીનબંધુ એન્ડ્રુઝ સાહેબ પરદેશથી આવીને કાકાસાહેબને મળવા પૂના આવ્યા. તે વખતે કાકાસાહેબ કાલેલકર ત્રિવેદી સાહેબને ત્યાં જ રહેતા હતા.

દીનબંધુ એન્ડ્રુઝને પૂનામાં બીજે સગવડ હતી, પણ તે માફક ન આવી. એટલે ત્રિવેદી સાહેબ એમને પોતાને ત્યાં લઇ આવ્યા.

એન્ડ્રુઝ સાહેબ અંગ્રેજ સરકારને ગાંધીજી વિશે કાગળો લખે, ત્યારે સરનામું પ્રો ત્રિવેદીનું આપે. એટલે સરકારમાં તપાસ થઈ કે, આ પ્રો. ત્રિવેદી કોણ છે?

તેઓ સરકારી કૉલેજમાં પ્રોફેસર છે, એમ ખબર પડતાં એમને પૂછવામાં આવ્યું : 'તમે એન્ડ્રુઝને તમારે ત્યાં શા માટે રાખો છો ?'

ત્રિવેદીસાહેબે નીડર પણે જવાબ આપ્યો :

'મિ. એન્ડ્રુઝ જેવા સંત પુરુષ મારે ત્યાં આવીને રહે એ મારું અહોભાગ્ય માનું છું. એમના જેવાને મારે ત્યાં રાખવા બદ્દલ મારી નોકરી જાય, તો મને દુઃખ થવાનું નથી. પણ મારી સરકારને ભલામણ છે કે, મિ. એન્ડ્રુઝ મારે ત્યાં રહે છે એ કારણે સરકારે મારી સામે કશું પગલું ન ભરવું એ સરકારના જ હિતમાં છે. એન્ડ્રુઝ મારે ત્યાં રહ્યા, માટે સરકારે મને નોકરી પરથી રજા આપી એવું જો દુનિયામાં જાહેર થશે, તો સરકારનું નામ એટલું બધું વગોવાશે કે મને તે અસહ્ય થશે. એટલે મારી ભલામણ છે કે, આ વખતે સરકારે ડહાપણ વાપરવું જોઇએ.'

એક દિવસ સરકારનો ખરીતો આવ્યો કે, 'તમે ગાંધી અને બીજા રાજદ્વારી કેદીઓ સાથે આટલો નિકટનો સંબંધ રાખો છો અને સરકાર વિરુદ્ધની રાજદ્વારી ચળવળમાં ભાગ લો છો, માટે સરકારી નોકરીમાંથી તમને છૂટા કેમ ન કરવા તેનો જવાબ આપો.'

ત્રિવેદીસાહેબે એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના જવાબમાં લખ્યું :

'અત્યારની રાજદ્વારી ચળવળમાં હું ભાગ લેતો નથી. પણ ગાંધીજીને મારા પિતાતુલ્ય ગણું છું અને સઘળા આશ્રમવાસીઓને મારા કુટુંબીજન ગણું છું. વળી જેલમાંનાં ઘણા કેદીઓ સાથે મારો મિત્રતાનો સંબંધ છે. મારા આ સંબંધોને રાજદ્વારી બાબતો સાથે કશી લેવાદેવા નથી. મારા એ ખાનગી સંબંધો હું સરકારના કહેવાથી છોડી શકું નહિ.'

આવી મતલબનો કાગળ લખી ત્રિવેદી સાહેબ પોતાના પ્રિન્સિપાલ પાસે ગયા અને સરકાર તરફ રવાના કરવા એ તેમને સોંપ્યો.

પ્રિન્સિપાલ બર્ન્સસાહેબ એ કાગળ વાંચીને ખુશ થઇ ગયા. કશાં ગાલ્લાં-તલ્લાં કર્યા વિના આવો સ્પષ્ટ અને નિખાલસ કાગળ લખવા માટે તેમણે ત્રિવેદીસાહેબને અભિનંદન આપ્યાં.

એ કાગળ સરકારમાં રવાના કરતી વખતે પ્રિન્સિપાલે પોતાના તરફથી શેરો કર્યો :

'પ્રો. ત્રિવેદી બહુ સાચા, પ્રામાણિક અને વફાદાર ગૃહસ્થ છે. વળી પૂના શહેરમાં અને ખાસ કરીને અહીંના કોલેજોના પ્રોફેસરો તથા વિદ્યાર્થીઓના તે એટલા પ્રીતિપાત્ર છે કે સરકાર તેમની સામે કશાં પગલાં ભરશે તો વિનાકારણ આફત વહોરશે. આવા વિષમ સમયમાં તેમની સામે પગલાં ભરવાથી એગ્રિકલ્ચરલ કોલેજ તો બંધ જ થઈ જશે એવો મને ભય છે.'

ત્રિવેદીસાહેબના નિખાલસ કાગળથી અને પ્રિન્સિપાલના આવા શેરાથી સરકારને મૌન ધારણા કરવાનું ઉચિત લાગ્યું.

## ત્રિવેદીસાહેબનું આશ્રમી ગૃહજીવન

ત્રિવેદીસાહેબના સ્વભાવનું ખાસ ધ્યાન ખેંચે એવું લક્ષણ એ હતું કે, જ્યારે જુઓ ત્યારે સદા તેમની મુખાકૃતિ શાંત, સૌમ્ય અને પ્રસન્ન જોવા મળતી.

વહેલી સવારે ઊઠીને તેમ જ દાદરા પરથી નીચે જતાં કે ઉપર આવતાં તેમનો ભેટો થાય તો 'સુપ્રભાતમ્'થી મહેમાનનું સ્વાગત અચૂક થવાનું જ. રાતે દશ વાગ્યે પણ સવારની એ જ તાજગી અને પ્રસન્નતા તેમના ચહેરા પર દેખાતી. કોઈ પણ વખતે કંટાળા કે અણગમાનો ભાવ જોવા ન મળે.

કેવળ પોતાની જાત પર કાબૂ મેળવવાથી જ આ સિદ્ધ થતું નથી. એ માટે આંતરિક સૌહાર્દ, પ્રેમ, સૌજન્ય જેવા ગુણોની જરૂર હોય છે.

ત્રિવેદીસાહેબના જીવન-ઘડતરમાં તેમની પ્રાર્થનાનો ઘણો મોટો હિસ્સો ગણી શકાય. એમની દિનચર્યા વ્યવસ્થિત રીતે આશ્રમજીવનની માફક ગોઠવાયેલી હતી. આદર્શ ગૃહસ્થ કેવો હોય એનું તેઓ મૂર્તિમંત પ્રતીક હતા.

ત્રિવેદીસાહેબ રાતે ગમે તેટલા મોડા સૂતા હોય તોય સવારે પાંચ વાગ્યે પોતાના સૂવાના ઓરડામાં ઊઠીને કંઈક વાંચતા બેઠા જ હોય.

ઋતુ પ્રમાણે, છ કે સાડા છ વાગ્યે બધાને માટે ઊઠવાનો ઘંટ વાગે.

હંમેશ મહેમાનો ઘરમાં હોય જ, તેથી ઊઠવાને વખતે, પ્રાર્થના વખતે, બપોરના ને સાંજના ભોજન સમયે ઘંટ વગાડવામાં આવતો.

સવારે ઘંટ વાગે એટલે ઘરનાં માણસો અને મહેમાનો ઊઠવા માંડતાં અને અડધા કલાકની અંદર પ્રાતર્વિધિ આટોપીને પ્રાર્થના માટે બધાં ભેગાં થતાં. ઘરના નોકરો પણ બધા ભેગા બેસીને પ્રાર્થના કરતા. સાથે સાથે ચાપાણી ને નાસ્તાની પણ તૈયારી થઈ જતી.

પ્રાર્થનામાં 'આશ્રમભજનાવલિ'માં આપેલું 'પ્રાતઃ સ્મરણ', 'ઓ ઇશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ', 'નિદ્રામહીં નહિ હતું તનભાન જ્યારે' જેવાં સ્તુતિ–કાવ્યો, એકાદ ભજન અને રામધૂન થતી. પછી મહારાષ્ટ્રના સંત સ્વામી રામદાસના મરાઠી 'મનોબોધ' કે 'મનાચે શ્લોક'માંથી દશ શ્લોકો બધા સાથે બોલતા. એમાં બધાં ભાગ લઈ શકે તેટલા માટે 'મનોબોધ'ની નકલો પણ પૂરતી સંખ્યામાં રાખેલી હતી.

પ્રાર્થના પછી ચા અને નાસ્તા સાથે થોડો વખત વાર્તાલાપ ચાલતો અને પછી સૌ પોતપોતાના કામે વળગી જતાં.

ત્રિવેદીસાહેબ નાહીધોઈને ખાદીનાં સ્વચ્છ સફેદ કપડાં પહેરી તૈયાર થતા અને મહેમાનોમાંથી કોઈને ક્યાંક જવાનું હોય તો તેમને મૂકી પોતે કૉલેજ પર કે બીજે પોતાને કામે જતા.

ત્યાંથી પાછા બપોરે બારના અરસામાં ઘેર જમવા આવતા. ભોજન પછી થોડો વખત આરામ કરી ફરીથી કૉલેજ જતા.

સાંજે પાંચ વાગે છૂટીને તેઓ મહેમાનોની સેવામાં હાજર થઈ જતા. કોઈને મળવા કરવાનું હોય તો તેમની સાથે ત્યાં અથવા જાહેર ભાષણ કે સભાનો કાર્યક્રમ હોય તો ત્યાં તેમને લઈ જતા. કયારેક કયાંક ફરવા પણ લઈ જતા. સારાં સિનેમા–નાટકનો કાર્યક્રમ કોઈક વાર ગોઠવતા.

રાતે ૮॥–૯ વાગે ભોજન થતું. મહેમાનો સાથે સ્થાનિક મિત્રોમાંથી પણ કોઈ ને કોઈ હોતું જ. દશ વાગ્યા સુધી વાતો ચાલતી ને પછી બધાં પોત-પોતાના સૂવાને સ્થાને જતાં. ત્રિવેદીસાહેબ કયારેક આ વખતે દૈનિક છાપું કે પુસ્તકો જોતાં જોતાં સૂઈ જતા.

આ બધા કાર્યક્રમમાં સવારની પ્રાર્થના એ સ્થિર કાર્યક્રમ હતો. એ બાબત ત્રિવેદી સાહેબનો પૂરેપૂરો આગ્રહ હતો. તેઓ એનો પ્રચાર જોકે ભાગ્યે જ કરતા અને આમેય બીજાઓને ઉપદેશ કે બોધ આપવાનું તેમણે રાખ્યું નહોતું. પરંતુ ૧૯૩૧ની આખરમાં પૂનામાં જ્ઞાતિબાંધવોના એક સંમેલનમાં આપેલા ભાષણમાં તેમનાથી પ્રાર્થના અંગે અનાયાસે બોલાઈ જવાયું હતું, એમાં તેમના મનનો ઝોક પ્રાર્થના ભણી કેટલો બધો હતો એ સહેજે જોવા મળે એમ છેઃ

'મારે જ્ઞાતિના વયોવૃદ્ધ ગૃહસ્થોને ખાસ કંઈ જ કહેવાનું નથી. મારે તો જ્ઞાતિનાં બાળકો, બાળકીઓ અને યુવાનોને ઉદ્દેશીને એમની શરીરસંપત્તિ સુધાર-વાનું અને કસરત કરી તંદુરસ્ત રહેવા અને શુદ્ધ ચારિત્ર્ય ખીલવવા કહેવાનું છે…

'બહેનોને ખાસ વિનંતી કરવાની કે, તેમણે ઘરની આદર્શ ગૃહિણીઓ થઈને રહેવું અને દેવના દીધેલ બાળકોના ઉછેર ઉપર ખાસ લક્ષ આપવું તથા સ્વદેશી વસ્ત્રો પહેરવા માટે વ્રત લેવું જોઈએ.

'...હાલના વખતમાં જ્યારે ચારે તરફ માનસિક, કૌટુંબિક, સામાજિક, રાજકીય તથા આર્થિક અસ્થિરતા અને અશાંતિ ફેલાઈ છે, તેવે સમયે મહાત્માજીના આશ્રમના ઘણા ઉત્તમ નિયમોમાંથી એક નિયમનું ખાસ પાલન કરવું ઘટે છે. એ નિયમ પ્રાતઃકાળમાં કુટુંબનાં સર્વ ભાઈ બહેનોએ ગમે તેમ કરીને છેવટે દસ મિનિટ પણ ચા પાણી લીધા પહેલાં જ ભેગાં મળીને ઇશ્વર સ્મરણ કે પ્રાર્થના ગમે તો ગીતામાંથી કે 'આશ્રમભજનાવલિ' માંથી કરવાનો છે. કારણ નિયમિત પ્રાર્થનાને પરિણામે અજબ શાંતિ અને માનસિક વિકાસ થયા વિના રહેતાં નથી.'

## આણંદમાં ઇન્સ્ટિટ્યુટ ઓફ એગ્રિકલ્ચર

૧૯૩૭ની સાલમાં આપણા દેશમાં ઘણાખરા પ્રાંતમાં કોંગ્રેસ પ્રધાનમંડળ સ્થપાયાં. એ પ્રધાનમંડળોએ લોકોપયોગી કામો હાથ પર લેવા માંડયાં.

તે વખતે મુંબઈ પ્રાંતમાં ખેતીવાડીની કોલેજ પૂનામાં જ હતી. સરદાર વલ્લભભાઈ પટેલ અને કનૈયાલાલ મુનશીએ ગુજરાતમાં પણ સારી ખેતીવાડી કોલેજ સ્થાપવાનો વિચાર કર્યો. તેઓએ પોતાને હસ્તકનાં બે ટ્રસ્ટોની રકમ એમાં આપવાનું નક્કી કર્યું. આ કોલેજ માટે આણંદની પસંદગી થઈ.

હવે લાયક માણસને શોધવો રહ્યો જે આ ઇન્સ્ટિટ્યુટને રચવામાં સહાય રૂપ થાય. એવા માણસનો વિચાર કરતાં તેઓની નજર ત્રિવેદીસાહેબ પર પડી. તેમની સેવાવૃત્તિ, વ્યવસ્થાશક્તિ, કાર્યકુશળતા અને રાષ્ટ્રહિતબુદ્ધિ—ખાસ કરીને ગુજરાતની સેવા કરવાની હોંશ—જાણીને સરદારસાહેબે એ કામ તેમને સોંપવાનું વિચાર્યું.

ત્રિવેદીસાહેબ હવે થોડા વખતમાં પૂનાની કોલેજમાંથી નિવૃત્ત થવાના હતા જ. એટલે સરદારશ્રીની ઇચ્છાને માન આપી તેમણે એ કામ માથે લીધું. તેઓ પૂના છોડી આણંદ આવ્યા.

એટલામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. કોંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. આથી ઇન્સ્ટિટ્યુટનું કામ મુશ્કેલીમાં આવી પડયું. કારણ કે સરકારે

આ કામ માટે મદદ કરવાનું ખાસ માથે લીધું હતું. હવે કોંગ્રેસ પ્રધાનમંડળ ન હોવાથી કામમાં મોટી ભીસ ઊભી થઈ ગઈ. સરદારશ્રી વગેરે પણ જેલમાં હતા. હવે શું થાય ?

પરંતુ ગમે તેવી મુશ્કેલીમાં પણ કામ પાર પાડવાનો ત્રિવેદીસાહેબનો સ્વભાવ હતો. એટલે તેઓ ખંતથી મંડયા રહ્યા.

પરંતુ આ કામમાં તેમને શારીરિક તેમ જ માનસિક શ્રમ બહુ પડયો. શરીરને સારી પેઠે ઘસારો લાગ્યો. શ્રી નરહરિભાઈ પરીખે એક કાગળમાં યોગ્ય જ લખ્યું છે :

'એક રીતે જોઈએ તો આણંદની સંસ્થાએ એ બત્રીસલક્ષણાનો ભોગ લીધો એવું મારા દિલમાં થઈ જાય છે.'

## અંતિમ વિદાય

છેવટે આ બધા શારીરિક અને માનસિક બોજાને પરિણામે ત્રિવેદીસાહેબને લોહીના દબાણનો હુમલો થયો અને તેમની તબિયત લથડી !

અમદાવાદ તબિયત ઠેકાણે આવતી ન હતી. તેમના સુપુત્ર ડૉ. મનુભાઈ અમદાવાદમાં ખોલેલું પોતાનું દવાખાનું છોડીને ગાંધીજીની સલાહથી વર્ધા ગયા હતા. ગાંધીજીની સલાહથી જ ડૉ. મનુભાઈ ત્રિવેદી સાહેબને ઔષધોપચાર અને સારવાર માટે ૧૯૪૧ના માર્ચની આખરે વર્ધા લઈ ગયા.

પરંતુ ૧૫મી એપ્રિલથી તબિયત વધારે બગડવા લાગી. વર્ધાના બધા ડૉકટરોએ અથાગ મહેનત કરી.

ગાંધીજીએ મુંબઈના પ્રખ્યાત ડૉકટર નાથુભાઈ પટેલને વર્ધા બોલાવ્યા. તેઓ ખૂબ વ્યવસાયી હોવાથી બીજે દિવસે પાછા મુંબઈ જવા માગતા હતા.

પરંતુ ગાંધીજીએ તેમને ગંભીર ભાવે કહ્યું :

'કેટલાક માણસો હજારોના બેલી હોય છે: જયશંકર એવા એક માણસ છે. એટલે તમારાથી એકાદ દિવસ વધારે રોકાઈ જો કાંઈ થઈ શકે તેમ હોય તો કરવું જોઈએ એમ મને લાગે છે.'

ડૉ. નાથુભાઈ એક દિવસ વધારે રોકાઈ ગયા, જોકે પરિણામ તો આવવાનું હતું તે જ આવ્યું.

આપણા સાક્ષરશ્રી બ. ક. ઠાકોર ત્રિવેદી સાહેબના એક પરમ મિત્ર હતા. તેમણે યથાર્થ જ કહ્યુ છે :

'જેઓ પૂનાની કૉલેજમાં હતા ત્યારથી પોતાને સ્વાર્થને ભોગે મિત્રોની સેવા કરતા જ આવ્યા...એવો જીવ ઘડપણની અશક્તિઓ વેઠવાને અને બીજાઓને પોતાની સેવા કરવાની તક દેવાને રોકાય જ શાનો?'

ત્રિવેદીસાહેબે બીજી મે ૧૯૪૧ને રોજ ૫૫ વરસની ઉંમરે દેહ છોડયો.

ત્રિવેદીસાહેબના અવસાનના ખબર સાંભળી પોતાના મિત્ર અને એકનિષ્ઠ ભક્તને છેલ્લી વિદાય આપવા મહાત્મા ગાંધીજી સેવાગ્રામથી વર્ધા આવ્યા.

ગાંધીજીએ પોતાની ખાદીની શાલ ત્રિવેદીસાહેબના મૃત દેહને ઓઢાડી.

આ જોઈને એક આશ્રમવાસી ભાઈએ બાપુજીને પૂછ્યું:

'બાપુ, કોઈને નહિ અને ત્રિવેદીસાહેબને જ આ વિરલ માનનો લહાવો શા માટે?'

ગાંધીજીએ જવાબમાં કહ્યું:

'બીજા તો રાજદ્વારી પુરુષો તરીકે જાણીતા હોય છે, પણ આ તો સાચો સંત હતો.'

અવસાન પછી બીજે જ દિવસે મહાત્મા ગાંધીજીએ પોતે મનુભાઈને કહેલું:

'તને તો તારો બાપ ગયાનું દુઃખ થાય છે. પણ મને તો આટલા બધાની સેવા કરનાર ચાલ્યો ગયો એની ખોટ જણાય છે.'

યરોડા જેલમાંથી સરદારસાહેબે ગાંધીજીને તાર કરીને જણાવ્યું:

'ત્રિવેદી એકનિષ્ઠવાળા સાથી હતા. તે ગયા તેથી મને તો અંગત ખોટ ભાસે છે.'

બીજે જ દિવસે સરદારશ્રીએ ગાંધીજી ઉપર પત્ર લખ્યો:

'પૂજ્ય બાપુ,

'ગઈ કાલે રાત્રે ત્રિવેદીના ગયાનો આપનો તાર મળ્યો. આખી રાત ઊંઘ ન આવી. મેં તો એમની હૂંફથી આણંદમાં એક ભારે સાહસનું કામ ઉપાડયું હતું. એ કામને આરંભમાં જ અધૂરું મૂકીએ ચાલ્યા ગયા. અને હું તો આભો જ બની ગયો.

'મેં તો ઉમેદ રાખી હતી કે, એની શક્તિનો એ જ સદ્દાનો લાભ હવે ગુજરાતને થોડાં વર્ષ સુધી મળશે. એટલે એની મદદથી એક આદર્શ સંસ્થા ખેડૂતોના લાભ માટે ઊભી કરીશું. એ કામ બહુ અટપટું છે. અને વળી સરકાર સાથે રાતદિવસ એમાં કામ પડે છે. એટલે એના જેવા ખેડૂતોના વિશ્વાસવાળા

સજ્જનથી એ કામ પાર પડી શકે એવું હતું. હવે તો એ બધું ચૂંથાઇ જવાનો ડર છે.

'એ એક ભારે જવાબદારીનું કામ મારે માથે પડેલું છે, જેમાં એમની મને ઓથ હતી, એટલે નિરાંતે ઊંઘતો હતો. એ સિવાય પણ બીજું ઘણું કામ એમની પાસેથી લેવાનું હતું. અને એમને પણ ગુજરાતની સેવા કરવાની બહુ હોંશ હતી. એ બધું રહ્યું અને એ તો ચાલ્યા ગયા. હવે શું થાય ?

'મનુ તો આપની પાસે છે એટલે એને એથી વધારે આશ્વાસન આપનાર બીજું કોણ મળવાનું હતું ? મેં આજે તાર તો આપને કર્યો છે. પણ એ મળે કે ન મળે તોપણ આ કાગળ તો મળશે જ. એટલે એને અને એના કુટુંબને મારી વતી આશ્વાસન આપજો.

'એટલી બધી સુવાસ મૂકીને એ ગયા છે કે, અનેક માણસો આજે મનુના દુ:ખમાં ભાગીદાર થયેલા છે. એથી એનું દુ:ખ કંઈક હળવું થશે.

'મહાદેવનો તા. ૨૪ એપ્રિલનો કાગળ મળ્યો હતો. એમાં ત્રિવેદીના મંદવાડની ખબર મળી હતી. એટલે મને ચિંતા તો થઈ જ હતી. પણ આશા રાખીને બેઠો હતો કે સારું થઇ જશે. ઈશ્વરને એમનો ખપ હશે.'

આવા પુનિત ત્રિવેદીસાહેબનું પ્રેરક સ્મરણ કરતાં કવિશ્રી બ. ક. ઠાકોરના શબ્દો કાનમાં ગુંજી ઊઠે છે:

'... આખા હિંદના પ્રધાનની ખુરશીને પણ દીપાવે એવી એમની વહીવટી શક્તિ, વ્યવસ્થાશક્તિ અને માણસને પારખી લેવાની શક્તિ હતી. પરંતુ એમને સત્તાનો કે દ્રવ્યનો, પદવીનો કે મોટાઈનો લોભ મુદ્દલ નહિ. કૉલેજમાં હતા ત્યારથી જ પોતાના સ્વાર્થને ભોગે મિત્રોની સેવા કરતા જ આવ્યા અને જેમ મોટા થતા ગયા તેમ એઓ પોતાની સેવાને પાત્ર જનો અને સંસ્થાઓની સંખ્યાને વધારતા જ ગયા.'

સાક્ષરરત્ન કાકાસાહેબના શબ્દોમાં ત્રિવેદીસાહેબને અંતરની અંજલિ આપીએ:

'ત્રિવેદીસાહેબ આપણા દેશના અસંખ્ય લોકોના હૃદયમાં જીવે છે. એમણે જે સેવા છૂટે હાથે વાવી છે તે હજાર ગણી ઊગ્યા વગર રહેશે નહિ.

'ત્રિવેદીસાહેબ ગાંધીયુગનું અસાધારણ રત્ન હતા. એમની પ્રેરણા આપણને દિશાદર્શક થાઓ.'

## ૫ સ્વામી વિવેકાનંદ

'આ દુનિયામાં ભૂખ ઠંડીથી હું ભલે મરી જાઉં, પણ મારા નવજુવાન ભાઈઓને મારો એક વારસો સોંપતો જઈશ. એ વારસો છે હમદર્દીનો, ગરીબો કાજેની મથામણનો.'

આ શબ્દો છે સ્વામી વિવેકાનંદના. એમનામાં દેશોન્નતિની જ્વાળા સતત જળી રહી હતી. તેઓ તો માનતા હતા :

'દેશભક્ત થવાનું પહેલું પગલું એ છે કે ભૂખે મરતા લાખો દેશબંધુઓ માટે લાગણી ધરાવવી.'

અને આ લાગણી સ્વામી વિવેકાનંદમાં કેવી ઉત્કટ હતી એ આ પ્રસંગ પરથી સહેજે સમજાય એવી છે :

અમેરિકામાં શિકાગોમાં મળેલી સર્વધર્મપરિષદમાં સ્વામી વિવેકાનંદને અભૂતપૂર્વ ખ્યાતિ મળી. તેઓ જાણીતા થયા તે જ દિવસે શિકાગોના એક શ્રીમંત સજ્જને સ્વામી વિવેકાનંદને પોતાના આલીશાન બંગલામાં નિમંત્ર્યા હતા.

સ્વામીજીના સ્વાગતમાં એ શ્રીમંતે કશી મણા રાખી નહોતી. એક સુશોભિત સુંદર ખંડમાં સ્વામીજીને ઉતારો આપ્યો.

રાત પડી. મજાની સુંવાળી પથારીમાં તેઓ સૂવા પડચા તો ખરા. પરંતુ એમને ઊંઘ જ ન આવી!

કયાં ગરીબીમાં સબડતું એમનું વહાલું વતન અને કયાં ધનવૈભવમાં આળોટતું અમેરિકા!

સ્વામી વિવેકાનંદની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. ઓશીકું ભીંજાઈ ગયું. તેઓ ઊઠયા અને બારી બહાર પથરાયેલા ગાઢ અંધકારમાં મીટ માંડી ઊભા રહ્યા.

એમના મુખમાંથી દુ:ખભર્યા શબ્દો નીકળી પડયા :

'હે જગદંબા! મારી માતૃભૂમિ ભયંકર ગરીબીમાં સડી રહી છે, ત્યારે નામ અને કીર્તિને મારે શું કરવાં છે? અમારી ગરીબ ભારતવાસીઓની આ તે શી દુર્દશા થઈ છે કે અમારામાંથી લાખો લોકો મુઠ્ઠીભર અનાજના અભાવે

મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યા છે, જ્યારે આ દેશમાં તો લોકો પોતાના જરાક જેટલા સુખચેન પાછળ લાખો રૂપિયા વાપરી રહ્યા છે?

'ભારતવાસીઓનો ઉદ્ધાર કોણ કરશે? એમને રોટી કોણ આપશે? હે માતા! હું એમને શી રીતે સહાય કરી શકું એ મને સુઝાડ!'

આ માનવસેવાની દીક્ષા સ્વામી વિવેકાનંદને એમના મહાન ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસે જ આપી આપી હતી.

એક વાર નરેન—સ્વામી વિવેકાનંદ—ખૂબ અધીરા બની જઈ શ્રીરામકૃષ્ણને વિનંતી કરતા બોલ્યા:

'ઠાકુર, મને નિર્વિકલ્પ સમાધિ આપો.'

શ્રી રામકૃષ્ણે એ સાંભળીને યુવાન નરેનને જરા આકરા શબ્દોમાં કહ્યું:

'ધિક્ છે, શરમ છે તને! તું પોતે જ આધ્યાત્મિક શક્તિઓનું એક મહાપાત્ર છે; તને આમ બોલવું છાજે ખરું? મેં તો ધાર્યું હતું કે તું એક મહા વટવૃક્ષ જેવો હોવાથી સંસારથી કંટાળેલા અસંખ્ય જીવોને આશ્રય આપવા ઇચ્છીશ, પરંતુ એને બદલે તું તો તારા જ સુખમાં—સમાધિમાં પડી રહેવા માગે છે! દીકરા, ભૂલેચૂકે પણ હવે કોઈ વાર આવી ઇચ્છા કરીશ નહિ. પરમાત્માનાં દર્શન કરીને એક વાર કૃતકૃત્ય અવશ્ય થા. પરંતુ તે પછીને માટે આવા સ્વાર્થી—એકમાર્ગી આદર્શથી તું કેવી રીતે સંતુષ્ટ થવાનો છે?

'હજુ તારે માનવજાતની સેવા કરવાની છે. માનવજાતની સેવા એ તારું મિશન હજો; એ તારું ધ્યેય હજો. કારણ કે માનવસેવા એ પ્રભુસેવા છે.'

શ્રી રામકૃષ્ણ પરમહંસના આ આદેશથી સ્વામી વિવેકાનંદને માનવસેવાની—ગરીબ, દલિત, પીડિત લોકોની સેવાની નવીન દીક્ષા મળી અને એ જ એમના જીવનસંદેશરૂપ બની ગઈ.

આવા મહાન સ્વામી વિવેકાનંદનું જીવન યુવાન હૈયાને પ્રેરણાનું પાન કરાવે એવું છે.

## જન્મ-બાળપણ

સ્વામી વિવેકાનંદનો જન્મ ઈ. સ. ૧૮૬૩ના જાનેવારીની ૧૨મી તારીખે, પોષ વદ સાતમને સોમવારે થયો હતો. તે દિવસે મકરસંક્રાંતિનો પવિત્ર તહેવાર હતો.

એમના પિતાશ્રી વિશ્વનાથ દત્ત કલકત્તાના એક જાણીતા વકીલ હતા.

માતા ભુવનેશ્વરીદેવી ભગવાન શંકરનાં પરમ ભક્ત હતાં. તેથી તેમણે પોતાના આ પુત્રનું નામ 'વીરેશ્વર' પાડ્યું હતું. પરંતુ કુટુંબના રિવાજ પ્રમાણે તેમનું નામ નરેન્દ્રનાથ રાખવામાં આવ્યું. બાળપણમાં સૌ તેમને નરેન કહીને બોલાવતા.

તમને થતું હશે કે, ભવિષ્યમાં સ્વામી વિવેકાનંદ તરીકે જાણીતા થનાર નરેન નાનપણમાં બહુ ડાહ્યાડમરા હશે. પણ એમ નહોતું. નરેન નાનપણમાં બહુ તોફાની હતા. એ પોતાની બાને પજવે, બહેનોને ચીડવે, ઘરના નોકરોને હેરાનપરેશાન કરી મૂકે.

બાળક નરેન તોફાને ચડતો, ત્યારે તે ઘરમાં જે તે વસ્તુને લઈને ભાંગફોડ કરી નાખતો.

બાળકનાં આવાં ભારે તોફાનથી માતા ખૂબ જ ત્રાસી જતાં! તે અકળાઈને ઘણી વાર બોલી ઊઠતાં:

'કાશીધામે શ્રી વીરેશ્વર મહાદેવની માનતા રાખીને મેં દીકરો માગ્યો હતો. પરંતુ શંકર ભગવાને પુત્રને બદલે પોતાના એક ભૈરવને જ મોકલ્યો છે કે શું? નહિ તો આ છોકરો આમ ભૂતની માફક સાવ ગાંડો થઈ જઈને આટલું બધું તોફાન કેમ કરે?'

આમ છતાં નરેન સૌને વહાલો હતો. આ તોફાનની સાથે નરેનમાં કેટલાક ગુણ ગજબ હતા.

બાળપણથી જ નરેનમાં ગરીબો માટે દયાભાવ હતો. સાધુ–સંતો તરફ તેને ખૂબ જ આકર્ષણ હતું. ઘર આગળ કોઈ સાધુપુરુષ આવીને ઊભો રહે તો નરેન આનંદમાં આવી જતો.

એક દિવસ એક સાધુ બારણે આવીને ભિક્ષા માગવા લાગ્યો.

નરેનની કેડે એક નવું રેશમી કપડું વીંટાળેલું હતું. નરેને એ રેશમી કપડું તરત જ પેલા સાધુને આપી દીધું!

નરેનની પાસે એ રેશમી કપડું ન જોતાં માતાએ તેને પૂછ્યું, ત્યારે નરેન હસતો હસતો બોલ્યો:

'બા, એક સાધુબાવાએ એ મારી પાસે માગ્યું એટલે મેં આપી દીધું.'

આ પ્રસંગ પછી ઘર આગળ કોઈ સાધુ આવી ચડે, ત્યારે માતા નરેનને ઘરમાં લઈ જઈ ઓરડામાં જ પૂરી દેતાં.

એટલે નરેન ઓરડામાં જે કંઇ હાથે ચડતું એ લઈને બારીમાંથી સાધુ તરફ ફેંકવા મંડી જતો ! એક વાર નરેને ભુવનેશ્વરીદેવીનાં જરીનાં કીમતી વસ્ત્રો એક ભિખારીને છાનામાના આપી દીધાં હતાં !

વળી નરેનમાં નાનપણથી ધાર્મિક વૃત્તિ હતી. બાળક નરેનને માતા રામાયણ મહાભારતની ધર્મકથાઓ કહી સંભળાવતાં. આમ માતા દ્વારા એનામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થયું હતું.

નરેન બાળપણના દિવસોમાં રામ, સીતા, કૃષ્ણ, મહાદેવ વગેરે દેવદેવીઓની મૂર્તિઓ ઉપર ફૂલ ચડાવીને પૂજા કરતો. વળી ધ્યાન ધરતો હોય એમ આંખો મીંચીને મૂર્તિ આગળ તે ઘણી વાર બેસી પણ રહેતો.

## નીડર બાળક

ધ્યાનમાં બેસવું એ નરેનને મન એક જાતની રમત જ હતી. કેટલીક વાર તેના ભાઇબંધો પણ તેની સાથે ધ્યાનમાં બેસતા.

એક વાર નરેન અને તેના મિત્રો ધ્યાનની રમત રમતા હતા. તેઓ બધા આંખો બંધ કરીને ટટાર બેઠા હતા.

ત્યાં અચાનક એક સાપ આવી ચડયો!

એક છોકરાએ સાપને જોયો અને તે ભયનો માર્યો મોટેથી ચીસ પાડી ઊઠયો. બીજા બધા છોકરાઓ એની ચીસ સાંભળીને સફાળા ઊભા થઈ ગયા અને 'સાપ ! સાપ ! ભાગો, ભાગો !' એમ બૂમો પાડીને ત્યાંથી જીવ લઇને નાઠા.

પરંતુ નરેન તો ધ્યાનમાંથી જરાયે ચલિત થયો નહિ. તે ધ્યાનસ્થ બેસી રહ્યો. સાપ એની નજીકથી શાંતિથી પસાર થઇ ગયો.

નરેન અભ્યાસમાં પણ નાનપણથી તેજસ્વી હતો. શૈશવકાળથી જ તેની બુદ્ધિ તેજ હતી અને સ્મરણશક્તિ અદ્ભુત હતી. એ વખતનો એક મજાનો પ્રસંગ જાણવા જેવો છે. એમાં તેની નિર્ભયતાનો પણ પરિચય થાય છે.

નરેન પોતાના એક ભાઇબંધના વાડામાં ફૂલ તોડવા સારુ ચંપાના ઝાડ ઉપર હંમેશાં ચડતો. ફૂલ તોડી લીધા પછી સીધો નીચે ઊતરે, તો એ નરેન શાનો ? તે ડાળી ઉપર ઊંધે માથે લટકીને ખૂબ જોરથી હીંચકા ખાતો અને હીંચકા ખાઈ લીધા પછી ગુલાંટ મારીને નીચે ભૂસકો મારતો.

ભાઇબંધના દાદાજીને નરેનના આ વાનરવેડા ગમતા નહિ. કોઈ વાર ડાળ તૂટી પડે તો જોવા જેવું થઈ જાય !

એટલે એક દિવસ દાદાજીએ ગંભીર અવાજે કહ્યું: 'અલ્યા નરેન, એ ચંપાના ઝાડ ઉપર કોણ રહે છે એ તને ખબર છે કે? એના પર તો એક બ્રહ્મરાક્ષસ રહે છે. તે ઝાડ પર ચડનાર છોકરાને પકડીને એની ડોક મરડી નાખે છે! માટે હવે એ ઝાડ પર ચડતો નહિ, સમજ્યો કે?'

પરંતુ નરેન શાનો માને? દાદાજી ઘરમાં ગયા, એટલે નરેન દોડતો દોડતો ઝાડ પર ચડી ગયો અને ઊંધે માથે લટકીને લહેરથી હીંચકા ખાવા લાગ્યો!

આ જોઈને એના ભાઈબંધે ગભરાતાં ગભરાતાં કહ્યું: 'નરેન, નરેન! જલદી જલદી નીચે ઊતરી જા. દાદાજીએ હમણાં જ તને કહ્યું એ ભૂલી ગયો? ક્યાંકથી બ્રહ્મરાક્ષસ આવી જશે અને તને પકડીને તારી ડોક મચડી નાખશે તો?'

એ સાંભળીને નરેન ખડખડાટ હસતો બોલ્યો:

'અરે, દાદાજીની વાત સાચી હોત, તો તો મારી ડોક ક્યારની મરડાઈ ન ગઈ હોત?'

એકવાર નરેનને પાછો ચંપાના ઝાડ પર ઊંધે માથે લટકીને હીંચકા ખાતો જોઈને દાદાજી ત્યાં દોડી ગયા અને નરેનને ઝાડ પરથી જલદી નીચે ઊતરવાનું કહીને કડક અવાજે બોલ્યા: 'અલ્યા નરેન, જ્યારે જુઓ ત્યારે તું અહીંતહીં રમતો જ ફરે છે. વાંદરાની માફક ઝાડ પર કૂદાકૂદ કર્યા કરે છે તું ભણવા બેસે છે ખરો? કે પછી આખો વખત રમ્યા જ કરે છે?'

નરેન હસતો હસતો કહે:

'દાદાજી, હું તો ભણું પણ છું ને રમું પણ છું; બંને કરું છું.'

દાદાજીએ નવાઈ પામીને પૂછ્યું: 'શું કહ્યું? તું ભણવા બેસે છે, એમ? તો પછી તું ક્યારે ભણવા બેસે છે અને તારી ઉપર કોણ દેખરેખ રાખે છે?'

નરેન કહે: 'દાદાજી, હું વહેલી સવારે રોજ ભણવા બેસું છું અને મારી બા મારી ઉપર દેખરેખ રાખે છે.'

નાનકડા નરેનને આમ નિર્ભયપણે બોલતો જોઈને દાદાજી રાજી થયા. તે બોલ્યા: 'મારા દીકરા, તું જરૂર મોટો માણસ થઈશ. મારા તને આશીર્વાદ છે.'

## આશાસ્પદ વિદ્યાર્થી

નરેન શાળામાં ભણતો હતો, ત્યારે એક વાર તે પોતાના દોસ્તદારો સાથે વર્ગમાં વાતો કરવામાં તલ્લીન હતો. શિક્ષક વર્ગમાં ભણાવતા હતા. એમનું

ધ્યાન એ વિદ્યાર્થીઓ તરફ ગયું. એટલે શિક્ષકે નરેનને ઊભો કરી ચાલુ પાઠમાંથી પ્રશ્ન પૂછ્યો.

નરેન વિદ્યાર્થીઓ સાથે વાતો કરતો હતો, છતાં વર્ગમાં શિક્ષક શું શીખવે છે એ તરફ પણ ધ્યાન આપતો હતો. એટલે તેણે સવાલનો બરોબર જવાબ આપ્યો.

શિક્ષકે વાતો કરનારા બીજા છોકરાઓને પણ સવાલ પૂછ્યા. પરંતુ તેઓ નરેનની વાત સાંભળવામાં એટલા બધા મશગૂલ બની ગયા હતા કે, તેઓ સવાલના જવાબ આપી શક્યા નહિ !

એટલે શિક્ષકે એ વિદ્યાર્થીઓને ઊભા કર્યા અને નરેનને બેસી જવા કહ્યું.

પરંતુ નરેન પણ ઊભો જ રહ્યો.

આ જોઇને શિક્ષકે કહ્યું : 'અલ્યા નરેન, તું કેમ ઊભો છે? તેં તો સવાલનો જવાબ બરોબર સાચો આપ્યો છે. તું બેસી જા.'

નરેને કહ્યું : 'ના, ગુરુજી ! હું પણ આ લોકોની સાથે વાતો કરતો હતો, માટે મારે પણ ઊભા રહેવું જોઇએ.'

એમ કહીને નરેન ઊભો જ રહ્યો.

નરેનને નાનપણથી જ સંગીત, રમતગમત, કવિતા અને અન્ય પુસ્તકો વાંચવાનો પણ શોખ હતો.

યુવાન નરેન્દ્રનાથ કોલેજમાં પણ તેજસ્વી વિદ્યાર્થી તરીકે ઝળકી ઊઠયા હતા, એમના પ્રોફેસરો એમની વિદ્વત્તાથી અને પ્રતિભાથી ખૂબ પ્રભાવિત થયા હતા. અંગ્રેજ પ્રિન્સિપાલ હેસ્ટી સાહેબ એમના વિશે કહેતા :

'ખરેખર, નરેન્દ્રનાથ મહાબુદ્ધિશાળી વિદ્યાર્થી છે. હું ઘણા દેશોમાં ફર્યો છું. જર્મન વિશ્વવિદ્યાલયોના તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓના સંપર્કમાં પણ આવ્યો છું પરંતુ નરેન્દ્રનાથના જેવી મેધાશક્તિવાળો વિદ્યાર્થી હજી સુધી કયાંય મારા જોવામાં આવ્યો નથી. ભવિષ્યમાં તેનું જીવન જરૂર ઝળકી ઊઠશે.'

કોલેજના સહાધ્યાયીઓમાં પણ નરેન્દ્ર બહુ પ્રિય હતા.

નરેન્દ્રે કોલેજજીવન દરમિયાન પશ્ચિમના તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનું ઊંડું અધ્યયન કર્યું. બીજા અનેક વિષયોનો અભ્યાસ કર્યો તે કંઠસંગીત અને વાદ્યસંગીત પણ શીખ્યા.

નરેન્દ્ર જે કંઈ શીખતા એમાં કશી મણા રાખતા નહિ. જે કંઇ વાંચે તે ઉપર નરેન્દ્ર સ્વતંત્ર વિચાર કરતા અને પોતાને જે સત્ય લાગે એ જ તે

સ્વીકારતા. કશું ખામી જેવું જણાય તો મોટમોટા વિદ્વાન લેખકની ભૂલો બતાવ્યા વિના તે રહેતા નહિ.

હર્બર્ટ સ્પેન્સર જેવા પ્રખર વિચારકના ગ્રંથોનું નરેન્દ્ર અધ્યયન કરતા હતા. તેમણે એ ગ્રંથોમાં તત્ત્વજ્ઞાન અંગેની કેટલીક ખામીઓ જોઇ. એ બધી ખામીઓ તેમણે હર્બર્ટ સ્પેન્સરને લખી મોકલી.

હર્બર્ટ સ્પેન્સર એ વાંચીને રાજી થયા. તેમણે નરેન્દ્રનાથને પત્ર લખીને એમનાં ખૂબ વખાણ કર્યાં અને જણાવ્યું કે, 'બીજી આવૃત્તિ વખતે હું આ બધીય ક્ષતિઓ જરૂર સુધારી લઇશ.'

## વૈરાગ્યશીલ યુવાન

નાનપણથી જ નરેન્દ્રનો ઝોક વૈરાગ્યવૃત્તિ તરફ હતો. બાળવયથી જ તેમને સાધુ–સંતો પર ભક્તિભાવ હતો.

શાળામાં તે ભણતા હતા, ત્યારે તેમને સાધુસંતો વિશે જાણવા કરવાની જિજ્ઞાસા રહેતી. વર્ગમાં કોઈ નવો વિદ્યાર્થી દાખલ થાય, એટલે નરેન્દ્ર તેને પૂછે : 'તારા કુટુંબમાં કોઈ સંન્યાસી થયું છે?' તે જો હા પાડે, તો નરેન્દ્રને એ વિદ્યાર્થી પ્રિય થઈ પડતો,

શાળાજીવન દરમિયાન નરેન્દ્રને હસ્તરેખા જોવાનો શોખ લાગ્યો હતો. પોતાના જ હાથ પરની રેખાઓ જોઇને તે હર્ષભેર કહેતા :

'હું તો ભવિષ્યમાં સંન્યાસી થવાનો છું.'

કોલેજકાળમાં પણ નરેન્દ્રના મનનું વલણ એવું જ રહ્યું હતું. બી. એ. ના છેલ્લા વર્ષમાં પરીક્ષાના થોડા દિવસ આગળ તેમનામાં વૈરાગ્યવૃત્તિ પ્રબળપણે જાગ્રત થઇ હતી. તે કહેતા : 'બધાં પુસ્તકોને ફગાવી દો. પ્રભુના સાન્નિધ્યમાં આવી વિદ્યાનો શો ઉપયોગ?'

નરેન્દ્રની વૈરાગ્યવૃત્તિ જોઇને એક વાર તેમના એક મિત્રે કહ્યું : 'નરેન, તું કંઇ નિશ્ચય પર કેમ આવતો નથી? તારા ભવિષ્યને માટે જો તું વધારે સંભાળ લેશે, તો દુનિયામાં તું જરૂર એક નામાંકિત અને સંપત્તિશાળી માણસ થશે.'

નરેન્દ્રે જવાબ આપ્યો :

'બંગાળના પ્રસિદ્ધ વકીલ વ્યોમેશચંદ્ર બેનરજી જેવા પ્રખ્યાત અને લોકપ્રિય થવાનું મને વારેઘડીએ મન થઇ આવે છે. પરંતુ વધારે ઊંડો વિચાર

કરતાં એ બધામાં પણ સંસારની અસારતા જ મને લાગે છે. મૃત્યુ અવશ્ય આવે છે અને દરેકને ઝડપી લે છે. તો પછી આવી નાશવંત સમૃદ્ધિ મેળવવાને મનુષ્ય શા માટે આટલા બધા ધમપછાડા મારે છે? સંન્યાસીના જીવન વિશે મેં બહુ વિચાર કર્યો છે. ખરી મોટાઇ એ જીવનની જ છે. કારણ કે મૃત્યુની સત્તાને પણ દૂર કરવાનો તે પ્રયત્ન કરે છે અધિકારી, નિત્યશુદ્ધ સત્યને તે ખોળે છે. બાકીનું આખું જગત તો નાશવંત વસ્તુઓ માટે જ વ્યવહાર ચલાવે છે.'

આમ, નરેન્દ્રનું વલણ વૈરાગ્ય ભણી, આધ્યાત્મિકતા તરફ વધારે ને વધારે વળતું હતું, ત્યારે એમનાં માતાપિતા બીજી બાજુથી એમને સંસારના બંધનમાં બાંધવા મથતાં હતાં. પરંતુ નરેન્દ્ર એ વાતને હંમેશાં ટાળ્યા કરતા.

અંદરથી આ યુવાનની વૃત્તિ સંન્યાસ ભણી દૃઢ થતી જતી હતી. ઈશ્વર-પ્રાપ્તિ માટે એમનું મન સદા ઝંખ્યા કરતું હતું. નરેન્દ્ર ધ્યાનમાં ખૂબ સમય ગાળતા. તેમને અંતરમાં પૂરેપૂરી શ્રદ્ધા હતી કે, જો ઇશ્વર ખરેખર હોય તો માનવહૃદયની વ્યાકુળતાભરી પ્રાર્થના સાંભળીને તે જરૂર દર્શન આપે જ; તેને મેળવવાનો માર્ગ તેણે પોતે જ મોકળો કરી રાખેલો હોય છે, માત્ર આપણી જ સમર્પણ ભાવે એ માર્ગે વળવાની પૂરેપૂરી તૈયારી હોવી જોઇએ.

આવી સ્થિતિમાં યુવાન નરેન્દ્રે જુદા જુદા પ્રચલિત ધર્મસંપ્રદાયોનો પરિચય સાધવા માંડ્યો. બંગાળમાં નવા શરૂ થયેલા બ્રહ્મોસમાજમાં પણ તે જતા.

નરેન્દ્રની આવી અહીં તહીં દોડધામ જોઇને તેમના કાકા રામચંદ્ર દત્તે કહ્યું :

'નરેન, જો ખરેખર તારે ઇશ્વરની પ્રાપ્તિ કરવી જ હોય, તો બ્રહ્મોસમાજ વગેરે સંસ્થાઓમાં જ્યાં ત્યાં ભટકવાને બદલે દક્ષિણેશ્વરના ઠાકુર શ્રી રામકૃષ્ણ પરમહંસ પાસે જા.'

## શ્રી રામકૃષ્ણના સમાગમમાં

રામચંદ્ર દત્તની વાત સાંભળીને યુવાન નરેન્દ્રને કોલેજનો એક પ્રસંગ યાદ આવી ગયો.

કોલેજના પ્રિન્સિપાલ સાહેબ અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થની એક કવિતા સમજાવતા હતા. એમાં કુદરતનું સૌંદર્ય જોઇને કવિને જે ભાવસમાધિનો અનુભવ થયો હતો. એ વિશે કહેતાં તેમણે જણાવ્યું હતું:

'વર્તમાન સમયમાં ભાવસમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી હોય એવી વ્યક્તિ મળવી દુર્લભ છે. પરંતુ એવી એક વ્યક્તિ મારા જાણવામાં છે અને તે છે દક્ષિણેશ્વરના પરમહંસ શ્રી રામકૃષ્ણ ! તેમની એ ભાવ–અવસ્થા એક દિવસ પ્રત્યક્ષ જોઇ આવવાથી આ વિષય તમે વધુ સારી રીતે સમજી શકશો.'

એટલે નરેન્દ્રને હવે શ્રી રામકૃષ્ણનાં દર્શન કરવાની તીવ્ર લગની લાગી. અને ૧૮૮૧ના નવેંબરમાં એ દિવસ પણ છેવટે આવી લાગ્યો.

શ્રી રામકૃષ્ણ પરમહંસની અત્યંત પ્રેમ નીતરતી પ્રેમાળ મૂર્તિ જોઈને નરેન્દ્રને ઘડીભર એમ થઇ આવ્યું કે, તેઓ કદાચ સહેજ પાગલ હશે !

નરેન આ પહેલાં જે જે મહાનુભાવોને મળતા એમને એક સવાલ પૂછતા. પરંતુ આજ લગી એમના મનનું ખરેખર સમાધાન થાય એવો જવાબ કોઈએ આપ્યો નહોતો. અહીં પણ નરેને પોતાના મનમાં ઘણા વખતથી ઘોળાતો પ્રશ્ન ઠાકુરને પૂછી નાખ્યો :

'મહાશય, આપે ઇશ્વરને જોયો છે ?'

બાળકના જેવું મુક્ત હાસ્ય ફરકાવતા શ્રી રામકૃષ્ણ પરમહંસ સહજ ભાવે બોલ્યા :

'હા, જોયો છે. તમને સૌને જોઉં છું, તમારી સૌની સાથે વાતચીત કરું છું, એ રીતે ઈશ્વરને જોઇ શકાય અને વાત કરી શકાય.

'પરંતુ એ પ્રમાણે કરવા કોણ માગે છે ? માણસો સ્ત્રી, છોકરાં અને પૈસાને માટે ખોબો ખોબો ભરીને આંસુ સારે છે. પરંતુ ઈશ્વર મળ્યા નહિ માટે એ પ્રમાણે કોણ કરે છે ? ઇશ્વરપ્રાપ્તિ નથી થઈ એ સારુ વ્યાકુળ બનીને જો કોઇ તેને પોકારે, તો ઇશ્વર જરૂર તેને દર્શન આપે.'

સાચા અંતરના આ શબ્દો હતા. તેથી નરેનને એમાં શ્રદ્ધા બેસી ગઇ. નરેનને પોતાના પ્રશ્નનો પહેલવહેલી વાર સાચો અને સચ્ચાઈના રણકાવાળો જવાબ મળ્યો. નરેન્દ્રનાં રોમાંચ હર્ષથી પુલકિત થઈ ગયાં.

નરેનને થયું કે, આ માણસ થોડો પાગલ હોય તો પણ એ સાચો સંત છે. પોતે જે ગુરુ અને માર્ગદર્શકની શોધમાં હતા તે છેવટે મળી ગયા છે, એમ તેને લાગ્યું.

પ્રથમ મિલને જ નરેનને શ્રી રામકૃષ્ણ પરમહંસ તરફ અજબ આકર્ષણ થયું. પછી તો તે અવારનવાર દક્ષિણેશ્વર જવા લાગ્યા અને ઠાકુરના પવિત્ર સમાગમમાં આધ્યાત્મિક વિકાસ સાધવા લાગ્યા.

એ ચિરસ્મરણીય દિવસોનું સ્મરણ કરીને સ્વામી વિવેકાનંદ અહોભાવપૂર્વક કહેતા :

'ઠાકુરની પાસે જે આનંદમાં દિવસો જતા તે મોઢેથી બોલીને સમજાવવું અશકય છે...બાળકને શીખવતી વખતે મોટો કુસ્તીબાજ જેમ પોતાને અંકુશમાં રાખીને, બાળકના જેટલી જ મર્યાદિત શક્તિ દેખાડીને, કયારેક જાણે બાળકને ખૂબ ખૂબ મહેનતે હરાવીને અથવા કયારેક બાળકથી પોતે હાર પામીને તેના મનમાં આત્મશ્રદ્ધા ઉત્પન્ન કરે છે, એ જ પ્રમાણે અમારી સાથેના વ્યવહારમાં ઠાકુર ઘણી વાર એવી જ રીતનું આચરણ કરતા...'

આ રીતે એકાંતવાસ, સંગીત, ભજનકીર્તન, તપશ્ચર્યા, ધ્યાન વગેરેમાં અને દક્ષિણેશ્વર જઇને શ્રીરામકૃષ્ણનો સત્સંગ કરવામાં નરેન્દ્ર સમય પસાર કરવા લાગ્યા.

## કૌટુંબિક વિટંબણામાં અચળ રહ્યા

એવામાં ઇ. સ. ૧૮૮૪માં નરેન્દ્રની બી. એ.ની પરીક્ષાના પરિણામના થોડા દિવસ પહેલાં જ તેમના પિતાજીનું અચાનક અવસાન થયું ! નરેનને આથી ભારે આઘાત લાગ્યો.

પિતાજી ખૂબ ઉદાર દિલના હતા. તેમણે છૂટે હાથે ભીડમાં આવી પડેલા કેટલાય લોકોને મદદ કરી હતી. તેથી તે પોતાની પાછળ ભારે કરજ સિવાય બીજું કશું મૂકી ગયા નહોતા. જેઓને મદદ કરી હતી એ બધા લોકો આ કપરા કાળમાં ખસી ગયા. આમ, યુવાન નરેન પર એકાએક ભારે આપત્તિ આવી પડી.

કુટુંબની આવી દશા જોઈને નરેન્દ્ર નોકરીની શોધમાં અહીંતહીં ખૂબ ભટકયા. પરંતુ એમને કયાંય નોકરી મળી નહિ. એ કારમા દિવસોનું વર્ણન કરતાં સ્વામી વિવેકાનંદે કહ્યું છે :

'...ભૂખ્યે પેટે, ઉઘાડે પગે નોકરીની અરજી હાથમાં લઇને ખરા બપોરે ધોમધખતા તાપમાં એક ઓફિસેથી બીજી ઓફિસે હું ધક્કા ખાતો હતો. પરંતુ બધેથી નિરાશ થઇને પાછા ફરવું પડતું હતું.

'...હું જો ભૂલતો ન હોઉં તો એ અરસામાં એક દિવસ તડકામાં ભટકતાં ભટકતાં મારે પગને તળિયે ફોલ્લા પડયા હતા !

'...વહેલો સવારે ઊઠીને ઘરમાં છાનોમાનો તપાસ કરીને જાણી લેતો કે

આજે ઘરમાં સૌને પૂરું થાય એટલું અનાજ નથી. તે દિવસે માતાને 'મારે આજે બહાર જમવા જવાનું છે,' એમ કહીને બહાર ચાલ્યો જતો. એવે દિવસે કોઈ વખત જે તે કંઈ ખાઈ લઈને તો કોઈ વખત કંઈ પણ ખાધા વિના સાવ ભૂખ્યો રહીને કાઢી નાખતો.'

આવા દુ:ખના દિવસોમાં એક વાર નરેનને અચાનક મનમાં થઈ આવ્યું કે, 'ઠાકુરની વાત તો ઈશ્વર સાંભળે છે. માટે તેમની પાસે જઈને તેમને આગ્રહ કરીને મારાં માતા અને ભાઈભાંડુઓના ભરણપોષણનું દુ:ખ દૂર થાય એવી પ્રાર્થના કરવા તેમને વિનંતી કરું. મારે માટે એમ કરવાની ઠાકુર કદી ના કહેશે નહિ.'

આવો વિચાર આવતાં નરેન્દ્ર દક્ષિણેશ્વર દોડી ગયા અને ઠાકુરને પકડી આજીજી કરતા કહેવા લાગ્યા : 'મારાં મા તથા ભાઈભાંડુઓનું આર્થિક દુ:ખ દૂર કરવા માટે આપે જગન્માતાને જણાવવું પડશે.'

ઠાકુર હસતા હસતા બોલ્યા ; 'મારાથી તો એવી વાત ન થાય! તું જ કેમ માને કહેતો નથી ? તું માને માનતો નથી, એટલે તો આ બધી ઉપાધિ છે!'

નરેન્દ્રે કહ્યું ; 'ઠાકુર, હું તો માને ઓળખતો નથી. આપ જ મારી ખાતર માને કહો. હું કોઈ પણ રીતે આજે તો આપને છોડવાનો નથી.'

ઠાકુર વહાલભર્યા અવાજે બોલ્યા : ' અરે ભાઈ, હું તો ઘણી વાર માને કહું છું કે, 'મા ! નરેનનું દુ:ખ દૂર કરો.' પણ તું ક્યાં માને છે ? તેથી તો મા સાંભળતાં નથી. ઠીક, આજે મંગળવાર છે. હું તને કહું છું કે આજે કાલીમંદિરમાં જઈને માને પ્રણામ કરીને તું જે માગીશ તે તને મા આપશે.'

રાતે એક પહોર વીત્યા પછી શ્રીરામકૃષ્ણ પરમહંસે નરેનને કાલીમંદિરમાં જવા કહ્યું.

કાલીમાતાના વાત્સલ્યમય અને મંગલમય સ્વરૂપનો વિચાર કરતાં કરતાં નરેને મંદિરમાં પ્રવેશ કર્યો.

માતું દર્શન કરતાં તેમનું હૈયું ભક્તિ અને પ્રેમભાવથી ભરાઈ આવ્યું. માને પ્રણામ કરીને નરેને ગદ્‌ગદ કંઠે વિનંતી કરી :

' મા ! મા ! મને વિવેક આપો, વૈરાગ્ય આપો, ભક્તિ આપો ! અને જેથી તમારું દર્શન હમેશાં થાય એવું કરી આપો !'

એમ કહીને નરેન મંદિરની બહાર નીકળ્યા અને ઠાકુર પાસે ગયા.

શ્રીરામકૃષ્ણે નરેનને પૂછ્યું, 'કેમ' નરેન ? માની પાસે જઈને સાંસારિક મુશ્કેલીઓ દૂર કરવાની પ્રાર્થના કરીને ?'

આ સાંભળીને નરેન્દ્ર ચમકીને બોલ્યા : 'ના જી, હું તો એ ભૂલી જ ગયો ! હવે શું થાય ?'

શ્રીરામકૃષ્ણ પરમહંસ મધુરું સ્મિત ફરકાવતા કહે : 'જા, ફરીથી જા ! મા પાસે જઈને આ વાત જણાવી આવ.'

એટલે નરેન્દ્ર મંદિરમાં પાછા ગયા. માનું પવિત્ર દર્શન કરતાં જ પાછા ભક્તિભાવમાં ડૂબી ગયા. દુન્યવી જંજાળ ક્યાં ને ક્યાં વીસરાઈ ગઈ ! માને વારંવાર પ્રમાણ કરીને નરેન્દ્રે જ્ઞાન અને ભક્તિની માગણી કર્યા કરી.

ઠાકુર પાસે નરેન્દ્ર પાછા ફર્યા, એટલે ઠાકુર કહે : 'કેમ, આ વખતે તો માને બરોબર કહ્યું ને ?'

નરેન્દ્ર પાછા ચમકીને બોલ્યા : 'ના, ઠાકુર ! ના. માને જોતાંવેંત જ હું એ બધી વાત ભૂલી ગયો અને મેં કેવળ જ્ઞાનભકિતની યાચના કરી !'

ઠાકુર મીઠું મીઠું હસતા કહે : 'જા, જા, હવે ! પોતાની જાતને સંભાળીને એટલી પ્રાર્થના પણ ન કરી શક્યો ! બને તો હજુ એક વાર મા પાસે જા અને એ બધી વાત કરી આવ.'

નરેન્દ્ર લજ્જા પામતા પામતા મંદિરમાં પ્રવેશ્યા. તેમને મનમાં થયું, 'આ તે કેવી સાવ તુચ્છ નિર્માલ્ય માગણી હું મા પાસે કરવા આવ્યો છું ! ઠાકુર ઘણી વાર કહે છે કે, રાજાની મહેરબાની મેળવીને ગાજર મૂળાની ભીખ માગવી ! એના જેવી જ મૂર્ખાઈ હું કરી રહ્યો છું !'

આવો વિચાર આવતાં જ નનેન્દ્ર ગળગળા થઈને માને પગે પડી બોલી ઊઠ્યા :

'મા ! મા ! મારે બીજું કશું માગવું નથી ! મને કેવળ જ્ઞાન, ભકિત, વિવેક, વૈરાગ્ય આપ, મારી મા !'

મંદિરની બહાર આવતાં જ નરેન્દ્રને થયું, 'જરૂર, આ બધી રમત ઠાકુરની જ છે ! નહિ તો ત્રણ ત્રણ વાર માની પાસે જવા છતાં મારી ઇચ્છા મુજબ હું કેમ ન માગી શક્યો ?'

એટલે ઠાકુર પાસે જઈને તેમને પકડીને નરેન્દ્ર બોલ્યા : 'ઠાકુર, તમે જ મારી પાસે આ પ્રમાણે બોલાવ્યું છે ! હવે તમારે જ માને કહેવું પડશે કે, મારાં મા, ભાઈભાંડુઓને ભરણપોષણનું દુઃખ ન વેઠવું પડે.'

શ્રીરામકૃષ્ણ કહે : 'બાપુ, હું કોઈને માટે ક્યારેય એવી પ્રાર્થના કરી શકું નહિ! મારે મોઢેથી એવું મા આગળ ન નીકળે. મેં તને કહ્યું કે મા પાસે તું જે કંઈ માગીશ એ મળશે. પરંતુ તું માગી શક્યો નહિ. તારા ભાગ્યમાં સંસારસુખ નથી, તેમાં હું શું કરું?'

નરેન્દ્ર છેવટે બાળકની માફક હઠ કરતા બોલ્યા : 'ઠાકુર, એવું નહિ ચાલે! તમારે મારે માટે એ વાત કહેવી જ પડશે. મને ખાતરી છે કે તમે માને કહેશો એટલે મારા ઘરનાં માણસોને દુઃખ નહિ જ રહે.'

એટલે છેવટે શ્રીરામકૃષ્ણ પરમહંસ બોલ્યા: 'ઠીક, જા. તેમને જાડા રોટલા અને કપડાંનો તોટો નહિ પડે.'

## ઠાકુરની મહાસમાધિ

ઘરની સ્થિતિ કંઈક રાગે પડતાં નરેન્દ્ર ફરીથી શ્રીરામકૃષ્ણ પરમહંસના સંપર્કમાં રહેવા લાગ્યા. નરેન્દ્રને ઉત્તમ અધિકારી જાણીને પ્રથમથી જ ઠાકુર તેમને આધ્યાત્મિક માર્ગદર્શન આપતા રહ્યા હતા.

ઠાકુર નરેન્દ્ર વિષે કહેતા :

'આટલા આટલા માણસો મારી પાસે આવ્યા, પણ નરેન્દ્ર જેવો બીજો એક પણ આવ્યો નથી.'

ત્યાં તો ૧૮૮૫ના આકરા ઉનાળામાં ઠાકુરને વધારે બરફ ખાવાને લીધે ગળામાં દુખાવો થવા લાગ્યો. પરંતુ તેમણે એની દરકાર કરી નહિ. એટલે તેમની એ પીડા ખૂબ વધી ગઈ. મોટા દાક્તરોએ તપાસ કરીને કહ્યું કે, આ તો કેન્સર છે!

નરેન્દ્રે ઠાકુરની સેવામાં પૂરેપૂરો સમય આપવા માટે નોકરી છોડી દીધી અને તેમની પાસે રહેવા માંડ્યું.

નરેને જોયું કે, ગુરુદેવની આ બીમારી જીવલેણ નીવડશે! એટલે તેમણે તીવ્રપણે સાધના પણ સાથેસાથ કરવા માંડી. તેમણે પોતાના ગુરુભાઈઓને પણ કહ્યું :

'જુઓ, ઠાકુરના રોગની સ્થિતિ ઘણી ગંભીર છે! ન કરે નારાયણ અને તેઓ દેહ છોડી પણ દે! માટે તેમની બને એટલી સેવા કરીને, પ્રાર્થના અને ધ્યાન દ્વારા શક્ય એટલો આધ્યાત્મિક વિકાસ સાધી લો; નહિ તો તેઓના ચાલ્યા ગયા પછી પસ્તાવાનો પાર નહિ રહેશે...'

ઠાકુરે પણ એક દિવસ પોતાના બધા યુવાન શિષ્યોને પાસે બોલાવીને નરેનને

સંબોધતાં કહ્યું : 'નરેન, આ બધાને હું તારી સંભાળમાં મૂકું છું. મારા ગયા પછી તારે જોવાનું છે કે એ બધા સાધના કરે અને ઘેર પાછા ન જાય.'

ઠાકુરે ૧૬મી ઑગસ્ટ ૧૮૮૬ને રોજ મહાસમાધિ લીધી.

## દેશભ્રમણ

શ્રીરામકૃષ્ણ પરમહંસની મહાસમાધિ પછી એમના શિષ્યો સૂના પડયા. પોતાના સમર્થ ગુરુનું હેતભર્યું માર્ગદર્શન મળતું હવે બંધ થયું હતું. તેઓને ખાવાપીવાની અને રહેવાની મુશ્કેલી હતી. છતાં તેઓ ડગ્યા નહિ. નરેને બીજા ગુરુભાઇઓએ બડાનગરમાં એક જૂનું મકાન ભાડે લીધું. ત્યાં શ્રીરામકૃષ્ણના અવશેષો પધરાવ્યા. આમ આ મકાનમાં શ્રીરામકૃષ્ણ સંઘનો પહેલો મઠ સ્થપાયો

સૌ યુવાન સંન્યાસીઓએ અહીં એવી પ્રતિજ્ઞા લીધી કે, તેઓ ઇશ્વરની ખોજમાં પોતાનું જીવન વ્યતીત કરશે, ગરીબાઈમાં રહેશે અને કદી લગ્ન કરશે નહિ.

એ બધાએ પોતાનાં જૂનાં નામ બદલીને 'બ્રહ્માનંદ', 'પ્રેમાનંદ' એવાં નામ ધારણ કર્યાં. નરેને હજુ કોઈ નામ ધારણ કર્યું નહોતું. તેમણે વિવેકાનંદ તો ઘણા વખત પછી ધારણ કર્યું હતું. ગુરુભાઇઓ તેમને 'નરેન' કહીને બોલાવતા, બીજા લોકો 'સ્વામી' કહેતા.

ધીમે ધીમે સૌ સંન્યાસીઓને તીર્થધામોમાં પરિભ્રમણ કરવા જવાનું મન થયું. નરેને પણ 'સ્વામીજી' એવું નામ ધારણ કરીને ૧૮૮૮માં મઠ છોડયો અને પરિભ્રમણનો પ્રારંભ કર્યો.

સ્વામીજી અજાણ્યા પરિવ્રાજક તરીકે દેશભરમાં બધે ભમવા લાગ્યા. યાત્રાથી ઘણું ઘણું જાણવા-શીખવાનું મળે છે એનો સ્વામીજીને જાતઅનુભવ થયો. આ રીતે એમને સાચા ભારતનું દર્શન થયું.

નરેને ઉઘાડે પગે ને ઉઘાડે માથે પોતાની યાત્રા આરંભી હતી. હાથમાં દંડ, કમંડળ અને થોડાં પુસ્તકો—આટલું જ તેમણે પોતાની પાસે રાખ્યું હતું.

નરેને લગભગ બે વર્ષ દેશભ્રમણ કર્યું. યાત્રા દરમિયાન તેઓ ઘણા રાજવીઓના પણ મહેમાન બન્યા હતા.

દેશભ્રમણ દરમિયાન સ્વામીજીને જાતજાતના અનુભવો થયા હતા. એમાંના એક-બે અહીં જોઈએ :

સ્વામીજી રજપુતાનામાં—રાજસ્થાનમાં પ્રવાસ કરતા હતા. એક દિવસે ખરે

બપોરે સ્વામીજી એક સ્ટેશને ઊતર્યા. આકરા ઉનાળાના એ દિવસો હતા. સ્ટેશનની બહાર આવીને સ્વામીજીએ આસપાસ નજર ફેરવી. ચારે બાજુ લૂ ઝરતી હતી.

સ્ટેશન પાસે એક છાયાવાળી જગ્યા જોઇને વિસામો ખાવા સ્વામીજી બેઠા. ત્યાં તો રેલવેના એક નોકરે આવીને એમને ત્યાંથી ઊઠી જવા કહ્યું. એટલે સ્વામીજી એક થાંભલાને અઢેલીને ધખધખતી ધરતી પર બેસી ગયા.

થોડી વારમાં સ્વામીજીની સામેની બાજુએ છાપરાની છાયામાં ઉત્તર હિંદનો એક મારવાડી આવીને મજાની શેતરંજી પાથરીને બેઠો. સ્વામીજી અને મારવાડી એક જ ડબામાં મુસાફરી કરતા આવતા હતા.

મુસાફરી દરમિયાન સ્ટેશને સ્ટેશને પાણી વેચાતું લેવા માટે સ્વામીજી પાસે એક પૈસો સુદ્ધાં ન હતો. એટલે કયારની તરસ લાગેલી હોવા છતાં પાણી વેચાતું લઇને સ્વામીજી પી શકે એમ નહોતું.

જ્યારે પેલો મારવાડી સ્ટેશને સ્ટેશને ઠંડું પાણી વેચાતું લઇને લહેરથી પીતો હતો. સામે બેઠેલા સ્વામી વિવેકાનંદને એ શાનો ઓળખે ? એને મન તો આ કોઇ રખડતો સાધુ હશે એમ હતું. એટલે પાણી પીતાં પીતાં એ મારવાડી સ્વામીજી ભણી જોઈને હસતો હસતો બોલતો :

'સાધુરામ ! આમ જુઓ, આ ઠંડું પાણી. તમે તો ઘરબાર, કામધંધો છોડીને બાવા બની જઇને પૈસાનો ત્યાગ કર્યો. એટલે આવું મજાનું ઠંડું પાણી વેચાતું લઈ શકતા નથી. માટે હવે પાણી વગર લહેર કરો ! મહેનત કરી પૈસા કમાવાને બદલે, પૈસા કમાઇને મોજમજા કરવાને બદલે, આ શું ઢોંગ લઈ બેઠા છો ?'

આ સ્ટેશને ઊતર્યા પછી પણ એ મારવાડી પાછો સામો ભટકાયો ! સ્વામીજીની સામે છાયામાં બેઠો બેઠો તે મજાક કરતો કહે, 'તમે સાધુડાઓ આવી હેરાન-ગતિને લાયક છો, માટે તમારે એ ભોગવ્યે જ છૂટકો !'

પછી મજાનો નાસ્તો ખાતાં ખાતાં તે આગળ કહેવા લાગ્યો ; 'જુઓ, બાવાજી ! હું આ મજાનાં ટેસદાર લાડુ-પૂરી ઉડાવું છું. તમે સાધુરામ ! ખાધાપીધા વિના લહેર કરો ! તરસ્યે ગળે અને ભૂખ્યે પેટે ગરમાગરમ જમીન પર આરામ કરો !'

સ્વામી વિવેકાનંદ એ બધું શાંતિથી સાંભળી રહ્યા.

એવામાં થોડી વાર પછી ત્યાં એ ગામનો એક મીઠાઇવાળો બગલમાં આસન,

જમણા હાથમાં એક પોટલું ને પ્યાલો અને ડાબા હાથમાં ઠંડા પાણીનો કૂજો લઈને ત્યાં હાજર થયો.

તેણે છાયામાં એક જગ્યા ઝડપથી સાફ કરી નાખી, તેના પર આસન પાથરી દીધું અને સ્વામીજીને હાક મારી : 'પધારો, બાબાજી ! આપ ભોજન કરી લો.'

સ્વામીજી તો એ સાંભળીને ખૂબ નવાઇ પામ્યા. તેમને થયું, 'આ વળી શું ? મને બોલાવનાર આ કોણ છે ? હું એમને જરાયે ઓળખતો નથી.'

ત્યાં તો પેલા હલવાઇએ સ્વામીજીને ફરીથી હાક પાડી : 'ચાલો, ચાલો, બાબાજી ! જમી લો.'

સ્વામીજીએ કહ્યું : ' અરે ભાઇ, તમે બીજા કોઇ સંન્યાસીને બદલે મને ધારી બેઠા છો ! મને તો જરાયે યાદ આવતું નથી કે આપણે કદી મળ્યા હોઇએ. માટે તમારી કંઇ ભૂલ તો નથી થતીને ?'

હલવાઈ બોલી ઊઠયો : ' ના, ના: તમે તે જ બાબાજી છો ; મેં જોયા હતા તે જ !'

એ સાંભળીને સ્વામીજીએ ખૂબ જ આશ્ચર્ય પામીને પૂછ્યું : ' વાત શું કરો છો ? તમે મને કયાં જોયો હતો ?'

પેલા મીઠાઈવાળા ભાઈએ કહ્યું : " જુઓ, બાબાજી ! હું આ સ્ટેશન નજીક હલવાઈનો ધંધો કરું છું. આજે બપોરે જમીને જરા આડે પડખે થયો હતો, ત્યાં તો મને સ્વપ્નામાં શ્રીરામજીનાં દર્શન થયાં, અને તમને બતાવીને શ્રીરામજી કહેવા લાગ્યા કે, ' મારો એક ભકત ગઇ કાલનો આખા દિવસનો ભૂખ્યો છે. માટે ઊઠ અને જલદી જલદી પૂરી, શાક તૈયાર કરીને, મીઠાઇ અને ઠંડું પાણી લઇ જઇને તેને ખવડાવ.'

" હું એકદમ જાગી ગયો. સ્વપ્નું જાણીને પડખું ફેરવીને પાછો સૂઈ ગયો. પણ શ્રીરામજીએ દયા કરીને ફરીથી દેખા દીધી અને મને ઢંઢોળીને ફરી વાર એ પ્રમાણે કહ્યું. એટલે મેં ઊઠીને ઝટપટ પૂરી, શાક વગેરે તૈયાર કરી નાખ્યાં ; અને આજે સવારે જ બનાવેલી તાજી મીઠાઇ સાથે લીધી અને ઠંડા પાણીનો કૂજો તથા આસન લઈને સીધો અહીં દોડી આવ્યો.

"આવતાંવેંત દૂરથી જ તમને ઓળખી કાઢ્યા. હવે આ ખાવાનું ઠરી જાય એ પહેલાં જમી લો. ભૂખ્યા તો ખૂબ થયા હશો. વાહ ! મારા રામજીની દયા, વાહ, તેમણે જાતે મને દર્શન દઈને તમારી પાસે મોકલ્યો !"

સ્વામીજીએ અંતઃકરણપૂર્વક એ મીઠાઈવાળા ભક્તહૃદયી ભાઈને આશીર્વાદ આપ્યા અને પ્રભુ એમની આટલી બધી સંભાળ રાખે છે એ વિચારથી સ્વામીજીની આંખમાંથી અહોભાવનાં આંસુ વહેવા લાગ્યાં.

સ્વામીજી ભોજન કરીને પેલા ભાઈનો આભાર માનવા લાગ્યા. એટલે એ ભાઈએ કહ્યું: 'નહિ, નહિ, બાબાજી! એમાં મારો શો ઉપકાર માનવાનો? એ તો બધી મારા રામજીની ઇચ્છા!'

પેલો મારવાડી આ બધું ફાટી આંખે જોઇ રહ્યો હતો. તે તો પેલા હલવાઈની બધી વાતો સાંભળીને ગાંડા જેવો બની ગયો. તે તરત જ દોડતો દોડતો આવ્યો અને સ્વામીજીના પગમાં પડી માફી માગવા લાગ્યો તથા ચરણરજ માથે ચડાવવા લાગ્યો.

એક વાર સ્વામીજી રેલગાડીમાં પ્રવાસ કરતા હતા. તે વખતે એ જ ડબામાં બે અંગ્રેજો પણ મુસાફરી કરતા હતા.

એ અંગ્રેજોએ માન્યું કે, આ કોઇ લેભાગુ અભણ બાવાજી હશે. એટલે તેઓ સ્વામીજીની મશ્કરી કરતા અંગ્રેજીમાં સાધુઓ વિષે ગમે તેમ ટીકા કરી બોલવા લાગ્યા.

સ્વામીજી આ બધું સાંભળતા હતા. પરંતુ તે મૌન ધારીને બેસી રહ્યા.

એવામાં એક સ્ટેશને સ્વામીજીએ સ્ટેશન માસ્તર પાસે અંગ્રેજીમાં બોલીને પીવાનું પાણી માગ્યું.

એ સાંભળીને પેલા અંગ્રેજ ભોંઠા પડી ગયા! તેઓ ક્ષોભ પામતા બોલ્યા; 'આપ અંગ્રેજી તો જાણો છો. તો પછી અમે જ્યારે અંગ્રેજીમાં આપની ઠેકડી ઉડાવતા હતા અને એલફેલ બોલતા હતા, ત્યારે આપ અમારા ઉપર શા માટે ગુસ્સે ન થયા? આપને જરૂર અમારા ઉપર રોષ ચડયો હશે!'

સ્વામીજી હસતા હસતા બોલ્યા:

'મિત્રો, તમારા જેવા સજ્જનોના સમાગમમાં આવવાનો મારા જીવનમાં આ કંઈ પહેલો પ્રસંગ નથી. મેં એવા અણસમજુ સજ્જનો ઘણા જોયા છે. એવા લોકોની સામે ક્રોધે ભરાઇને હું મારી શક્તિને નકામી શા માટે વેડફી દઉં?'

સ્વામીજી દેશભ્રમણ કરતા કરતા છેવટે ભારતદેશની છેક દક્ષિણે આવેલા કન્યાકુમારી સ્થળે પહોંચ્યા. થોડી વાર સ્વામીજી કિનારા પર ઊભા ઊભા મહાસાગરને નિહાળી રહ્યા. પછી તેમણે પાણીમાં ઝંપલાવ્યું. તરતા તરતા તે કિનારા પાસેના છેલ્લા ખડક સુધી પહોંચી ગયા.

ખડકની ટોચ પર ઊભા રહીને સ્વામીજીએ આ મહાન ભારતભૂમિનાં આંખ ભરીને દર્શન કર્યાં.

કલાકો સુધી સ્વામીજી વિચારમગ્ન બેસી રહ્યા. ભારતના સાચા આત્માનું આટલું વિશદ દર્શન પોતાને પહેલી વાર થયાનો અપૂર્વ અનુભવ થયો. ભારતના રીતરિવાજો અને પ્રણાલિકાઓ હરેક પ્રદેશમાં ભિન્ન ભિન્ન છે. પરંતુ ભારત વાસ્તવમાં એક જ દેશ છે, એક જ પ્રજા છે; હિંદુ અને મુસલમાન, ખ્રિસ્તી, શીખ, જૈન અને બૌદ્ધ એ સૌ વચ્ચે કશો ભેદભાવ નથી—એનું સ્વામીજીને પ્રત્યક્ષ દર્શન થયું.

સ્વામીજી ધ્યાનમગ્ન થઇ ગયા. આવી ધ્યાનસ્થ અવસ્થામાં સ્વામીજીના મનમાં વિચારો ઉભરાવા લાગ્યા :

'અમે લાખો સાધુ–સંન્યાસીઓ અમારા ભારત દેશના લોકોને માટે શું કરી રહ્યા છીએ ? તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ?...એ નરી ઘેલછા છે ! ભગવાન શ્રીરામકૃષ્ણે બરાબર કહ્યું છે કે, 'ભૂખે મરતાને ધર્મનો ઉપદેશ નકામો છે ! જ્યાં લાખો માણસોને ખાવા મળતું ન હોય, ત્યાં તેઓ બાપડા ધાર્મિક શી રીતે થઇ શકે? માટે પ્રથમ તો દેશના લોકોની આર્થિક સ્થિતિ સુધારવા સારુ એને અનુરૂપ કેળવણી આપવી જોઇએ...આ કામને માટે પ્રથમ જોઇએ માણસો, પછી જોઇએ પૈસા.

'પરંતુ હું ભિખારી સંન્યાસી શું કરી શકું ? પણ હરકત નહિ. ગુરુકૃપાથી હું તે પૂર્ણ કરીશ. ભારતના ગરીબોને માટે સમુદ્ર પાર કરીને પશ્ચિમના સમૃદ્ધ દેશોમાં જઈશ. મારી બુદ્ધિના અને ચારિત્ર્યના પ્રભાવથી હું ત્યાં પૈસા ભેગા કરીશ અને સ્વદેશમાં પાછો આવીને લોકોના ઉદ્ધાર માટેની મારી યોજના પૂર્ણ કરીશ યા તો એ પ્રયત્નમાં પ્રાણાર્પણ કરીશ.'

પશ્ચિમમાં જવાના આ નવા વિચાર સાથે સ્વામીજીએ કન્યાકુમારી છોડયું.

## વિદેશમાં વિજયડંકો

છેવટે પરદેશ જવાનો અવસર પણ આવી પહોંચ્યો. ઇ.સ. ૧૮૯૩માં અમેરિકામાં શિકાગો શહેરમાં સર્વધર્મપરિષદ મળવાની હતી. દક્ષિણના ઘણાબધા શિષ્યોએ સ્વામીજીને એમાં જવાની સગવડ કરી આપી.

આ તૈયારી દરમિયાન ખેતડીના મહારાજાએ સ્વામીજીને પોતાને ત્યાં

પધારવા વિનંતી કરી. અહીં જ સ્વામીજીએ 'વિવેકાનંદ' નામ ધારણ કર્યું અને ત્યારથી 'સ્વામી વિવેકાનંદ' તરીકે નરેન જાણીતા થયા.

સ્વામી વિવેકાનંદ ૧૮૯૩ના જુલાઈ માસમાં સ્ટીમર દ્વારા અમેરિકા પહોંચ્યા.

તપાસ કરતાં જણાયું કે પરિષદ ઠેઠ સપ્ટેંબરમાં ભરાશે! વળી કોઈ પણ જાણીતી ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિ તરીકે તેઓ આવ્યા નહોતા અને એવા પ્રતિનિધિ ન હોય એને પરિષદમાં દાખલ કરવામાં આવે એમ નહોતું. હવે શું થાય? પરંતુ આ બધી મુશ્કેલીમાંથી પણ પ્રભુએ માર્ગ મોકળો કરી આપ્યો અને સ્વામી વિવેકાનંદ સર્વધર્મપરિષદમાં હાજર થઈ શકયા.

૧૧મી સપ્ટેમ્બર ૧૮૯૩ને રોજ પરિષદ શરૂ થઈ. સ્વામી વિવેકાનંદને પરિષદમાં બોલવાનો વારો આવ્યો. સ્વામીજીએ આંખો સહેજ મીંચી, તો એમની પાછળ વરદ હસ્તે ઊભેલા ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસનાં એમને દર્શન થયાં!

સ્વામી વિવેકાનંદમાં એકાએક અદ્‌ભુત દિવ્ય શક્તિએ સંચાર કર્યો. આખા સભાખંડમાં સંપૂર્ણ શાંતિ વ્યાપી ગઈ.

સ્વામી વિવેકાનંદે પૂજય ગુરુદેવને અને માતા સરસ્વતીને ભક્તિભાવપૂર્વક પ્રણામ કરીને પ્રવચનનો પ્રારંભ કર્યો:

'અમેરિકાવાસી બહેનો અને ભાઈઓ!'

સ્વામી વિવેકાનંદના આ શબ્દો એવા તો ભાવસભર અને હૃદયંગમ હતા કે સભાગૃહમાં બેઠેલા અસંખ્ય લોકોએ પોતપોતાના સ્થાનેથી ઊભા થઈને તાળીઓના પ્રચંડ અવાજથી વાતાવરણ ગજાવી મૂકયું. આવું આત્મીયતાભર્યું સંબોધન કરનાર સ્વામી વિવેકાનંદ પ્રથમ જ હતા.

તેમના ટૂંકા પણ હૃદયસ્પર્શી પ્રવચનની સૌ પર જાદુઈ અસર થઈ. એક દિવસ પહેલાં જ અમેરિકામાં સાવ અજાણ્યા સાધુ તરીકે હતાશ બની ફરતા સ્વામી વિવેકાનંદ બીજે જ દિવસે અમેરિકાભરમાં જાણીતા થઈ ગયા.

પછી તો ઠેર ઠેર સ્વામીજીનાં વ્યાખ્યાનો યોજાવા લાગ્યાં. સ્વામી વિવેકાનંદ વિશ્વવિખ્યાત બની ગયા. તેઓ અમેરિકાથી લંડન ગયા.

વિદેશ પ્રવાસ દરમિયાનના થોડાક પ્રસંગ અહીં જોઈ જઈએ.

સ્વામી વિવેકાનંદ અમેરિકાનાં દક્ષિણનાં સંસ્થાનોમાં ફરતા હતા, ત્યારે કેટલાક દક્ષિણવાસીઓ તેમને હબસી માની લેતા!

એક વખત રેલવે ગાડીમાંથી સ્વામીજી ઊતરતા હતા. એવામાં એક હબસી

મજૂરે કહ્યું : 'મેં સાંભળ્યું છે કે આપણામાંથી એક જણ મોટો માણસ બની ગયો છે. આજે એમની સાથે હાથ મેળવવાનું અહોભાગ્ય મને પ્રાપ્ત થયું છે.'

સ્વામીજીએ પ્રેમપૂર્વક એનો હાથ દબાવ્યો અને કહ્યું : 'આભાર માનું છું, ભાઈ! આપનો આભાર માનું છું.'

અમરિકાનાં દક્ષિણનાં સંસ્થાનોમાં રંગદ્વેષને લીધે સ્વામીજીને સારી પેઠે સહન કરવું પડયું હતું. એવું બનતું કે એમની ચામડી ગોરી ન હોવાથી હોટેલોમાં એમને પ્રવેશ મળતો નહિ. હોટેલના માલિકો તેમને તોછડાઈથી કહી દેતા કે, હબસી માટે ઊતરવાની સગવડ અહીં નથી. એમ કહીને તેમને ત્યાંથી હાંકી કાઢતા હતા.

એવી વેળાએ સ્વામીજી પોતે કદાપિ એમ કહેતા નહિ કે, 'હું હબસી નથી, પણ ભારતવાસી છું—હિંદી છું.'

જ્યારે સવારનાં અખબારોમાં સ્વામીજીનાં વ્યાખ્યાનાનોના અહેવાલ આ હોટેલમાલિકો વાંચતા અને એમાં છપાયેલી છબી જોતા, ત્યારે તેમને પોતાની ભૂલ સમજાતી ત્યારે તેઓ એ સુધારી લેતા અને આબરૂદાર કુટુંબો તેમને બહુ જ આદરસત્કારથી વધાવી લેતાં.

કોઈ સ્વામીજીને પૂછતું : 'તમે કેમ કહ્યું નહિ કે તમે હબસી નથી ?'

તે વખતે સ્વામી વિવેકાનંદ સહજ ભાવે કહેતા :

'શું એમ કહેવવાથી મારા હબસી ભાઈઓનો હું તિરસ્કાર કરું છું એમ નથી ઠરતું ? શું બીજાને ભોગે મારે મોટા દેખાવું ? હું કંઈ એટલા માટે આ પૃથ્વી ઉપર નથી આવ્યો !'

સ્વામી વિવેકાનંદ જ્યારે અમેરિકામાં હતા, ત્યારે ત્યાંની પ્રખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટીમાં તેમનું વેદાંત ઉપર પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું. એ પ્રવચનની અસર એટલી બધી થઈ કે હાર્વર્ડ યુનિવર્સિટીના સઘળા પ્રોફેસરોએ એકઠા મળીને ભારતીય તત્ત્વજ્ઞાનના પ્રોફેસર થવાની સ્વામીજીને આગ્રહભરી વિનંતી કરી.

સ્વામી વિવેકાનંદે એ બદલ એ સૌ વિદ્વાન પ્રોફેસરોનો આભાર માનીને સમજાવ્યું કે, પોતે સંન્યાસી હોવાથી એમનાથી એમ કરી શકાય નહિ. પછી વિનયપૂર્વક કહ્યું :

'સંન્યાસી પોતાના જ્ઞાનને દ્રવ્ય કે કીર્તિને માટે વેચતો નથી.'

સ્વામી વિવેકાનંદે અમેરિકામાં સ્ત્રીવર્ગ આગળ પણ અનેક પ્રવચનો આપ્યાં

હતાં. એમાંનું એક પ્રવચન 'હિંદમાં માતૃત્વ' એ વિષય ઉપર તેમણે આપ્યું હતું.

આ પ્રવચનની અમેરિકન બહેનો પર ખૂબ જ ઊંડી અસર થઈ હતી. એટલે કેટલાંક બહેનોએ મળીને એક પત્ર સ્વામી વિવેકાનંદ જેવા સુપુત્રને જન્મ આપનાર ભુવનેશ્વરીદેવીને લખ્યો. એ પત્ર સાથે માતા મેરીના ખોળામાં બેઠેલા બાળક ઈશુ ખ્રિસ્તનું એક ચિત્ર પણ તેમણે મોકલ્યું હતું. એ પત્રમાં લખ્યું હતું :

'સ્વામી વિવેકાનંદનાં માતુશ્રી,

'વહાલાં બાઈસાહેબ, આ નાતાલના દિવસોમાં અહીંયાં અમે માતા મેરીના પુત્ર ખ્રિસ્તની પવિત્ર યાદગીરી ઊજવી રહ્યાં છીએ. એ સમયે અમને એક વાત યાદ આવે છે કે તમારો યશસ્વી પુત્ર અમારી વચમાં જે મોટું કાર્ય કરી રહેલો છે, તેને માટે અમે તમને ધન્યવાદ આપીએ છીએ.

'તેમણે અમારી આગળ એક પ્રવચન આપ્યું હતું અને અમને હિંદુ માતાઓના આદર્શો સમજાવ્યા. હતા. ઘણી જ ઉદારતાપૂર્વક તેઓ અહીંયાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની સેવા કરી રહેલા છે અને એને માટે તે તમને જ કારણરૂપ ગણે છે. જેણે તેમનો બોધ સાંભળેલો છે, એ તેમની માતા પ્રત્યે પૂજ્યભાવ દર્શાવવામાં પોતાની જાતને ધન્ય અને આશીર્વાદયુક્ત થયેલી ગણે છે.

'તમારા યશસ્વી પુત્ર મારફત તમે જે કાર્ય કરી રહેલાં છો, એને માટે અમારી અંતઃકરણપૂર્વક તમને મુબારકબાદી છે...'

સ્વામી વિવેકાનંદ લંડન છોડીને સ્વદેશ પધારવા નીકળ્યા, ત્યારે ત્યાંથી ઊપડવાને દિવસે એક અંગ્રેજ મિત્રે સ્વામીજીને પૂછ્યું : 'સ્વામીજી, એક સવાલ પૂછું ? આ ચમકતા, દમકતા વિલાસપૂર્ણ પશ્ચિમના ચાર વર્ષના અનુભવ પછી આપનો દેશ આપને કેવોક ગમે છે ?'

સ્વામી વિવેકાનંદ ગંભીર ભાવે બોલ્યા :

'જુઓ, અહીં આવ્યા પહેલાં હું હિંદને ચાહતો હતો; પરંતુ હવે તો હિંદની ધૂળ પણ મારે મન પવિત્ર બની ગઈ છે. અરે ! હિંદની હવા સુદ્ધાં મને પાવનકારી લાગે છે. હવે તો હિંદ મારે મન કલ્યાણભૂમિ, પુણ્યભૂમિ, તીર્થભૂમિ બની ગયું છે.'

## ભારતમાં પુનરાગમન

આમ, પશ્ચિમમાં બધે વિજયડંકો વગાડીને સ્વામી વિવેકાનંદ તા. ૨૦મી

જાન્યુઆરી ૧૮૯૭ને રોજ ભારતભૂમિને કિનારે ઊતરીને સીધા કન્યાકુમારીનાં દર્શને ગયા.

પાંચ વરસ પહેલાં એક અણજાણ ભટકતા સંન્યાસી તરીકે કન્યાકુમારી આવીને પોતે ભારતદેશની યાત્રા સમાપ્ત કરી હતી, તે વખતની સ્થિતિ અને આજની પોતાની વિશ્વવિજેતાની સ્થિતિ એ બંનેનો તફાવત જોઈને સ્વામી વિવેકાનંદનું હૈયું ભરાઈ આવ્યું.

સ્વામીજીનું દેશને ખૂણે ખૂણેથી સ્વાગત કરવામાં આવ્યું. પંડિતો ને સંન્યાસીઓ, રાજામહારાજાઓ, વિદ્યાર્થીઓ, યુવાનો અને સામાન્ય જનસમુદાય સ્વામી વિવેકાનંદની પ્રેરક વાણી સાંભળવા તેમનું ભાવભર્યું સ્વાગત કરવા ઠેર ઠેર ઊમટવા લાગ્યા. સ્વદેશ અને સ્વધર્મ વિશેના નવીન વિચારોની જ્વલંત જ્યોત સૌના દિલમાં પ્રગટી ઊઠી.

સ્વામી વિવેકાનંદ તો ખાસ કરીને યુવાનોના ચાહક હતા. એટલે યુવાનોને તેઓ ખાસ ઉદ્‌બોધન કરતા. એમનો પ્રધાન સૂર હંમેશાં આ રહેતો :

उत्तिष्ठत, जाग्रत, प्राप्य वरान् निबोधत । '

—ઊઠો, જાગો, ઇષ્ટ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી થોભો નહિ. યુવાનો ! ઊઠો, જાગો, સમય શુભ છે. દેશનું ભાગ્ય ઊઘડી રહ્યું છે. હિંમતવાન બનો. નિર્ભય બનો. આપણે નિર્ભય બનવાનું છે. તો જ આપણું કાર્ય સિદ્ધ થશે. ઊઠો, જાગો, તમારા દેશને તમારા મહાન ત્યાગની જરૂર છે. યુવાનો જ આ ત્યાગ કરી શકશે. યુવાન, શક્તિસંપન્ન, બળવાન, સુદૃઢ શરીર ને બુદ્ધિમત્તા ધરાવતા લોકો પ્રવૃત્ત બનો..."

## સ્વામીજીના મનની મોટાઈ

સ્વામી વિવેકાનંદનું લાહોરમાં ભારે સ્વાગત કરવામાં આવ્યું હતું. તે વખતે વખતે 'પ્રોફેસર બોઝ સરકસ'ના માલિક મોતીલાલ બોઝ લાહોરમાં હતા. તે સ્વામીજીના બાળપણના ગોઠિયા અને પાડોશી હતા. તેમને થયું, 'ચાલ, મારા જૂના મિત્રને મળી આવું'. એમ વિચારીને તે સ્વામીજીને મળવા ઉતારે ગયા.

ત્યાં જઈને જુએ, તો સેંકડો માણસો ભક્તિભાવથી સ્વામીજીનો આદરસત્કાર

કરી રહ્યા હતા. બાપડા મોતીલાલને થયું , 'આટલા વિખ્યાત થયેલા સ્વામી વિવેકાનંદ મારી સાથે પહેલાંની માફક બોલશે ખરા ?'

છતાં તે હિંમત ભેગી કરીને સ્વામીજી પાસે ગયા અને પોતાની ઓળખાણ આપીને બોલ્યા : 'હું આપને શું કહીને બોલાવું ? નરેન કે સ્વામીજી ?'

એ સાંભળીને સ્વામી વિવેકાનંદ ખડખડાટ હસીને બોલ્યા :

'અરે, મોતી ! તું તે ગાંડો થયો છે કે શું ? હું તો એનો એ નરેન છું અને તું એનો એ મોતી છે !'

સ્વામી વિવેકાનંદ અલ્વર રાજયમાં પધાર્યા હતા. સ્વામીજી અજાણ્યા પરિવ્રાજક તરીકે એકલા અટૂલા ભારતનો પ્રવાસ કરતા હતા, તે વખતે અલ્વર આવ્યા હતા. ત્યાં એક ગરીબ ડોસીમા એમને પોતાને ઘેર ભિક્ષા સ્વીકારવા લઇ ગયાં હતાં.

સ્વામી વિવેકાનંદ હવે સૌને જાણીતા થઇ ગયા હતા. અલ્વરનરેશે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. હવે તો સ્વામીજીને ભોજનનાં કેટલાંય આમંત્રણ મળવા લાગ્યાં. કોને હા પાડવી અને કોને ના પાડવી, એ જ મોટો સવાલ થઈ પડયો.

ત્યાં તો એક દિવસ સ્વામી વિવેકાનંદે પહેલાંના દિવસોનું સ્મરણ કરીને પેલાં ડોસીમાને સામેથી કહેવડાવ્યું :

'માજી ! કેટલાંક વરસો પહેલાં મેં તમારા હાથની જાડી રોટલી ખાધી હતી; એવી જાડી રોટલી ખાવાની ઇચ્છા થઇ છે.'

ડોસીમા તો બાપડાં એ કહેણ સાંભળીને હરખઘેલાં થઈ ગયાં !

હવે તો માજી ખૂબ ઘરડાં થઇ ગયાં હતા, તોયે તેમણે ધ્રૂજતા દેહે જેવી આવડી તેવી જાડી રોટલી અને શાક ખૂબ ભાવથી બનાવ્યાં.

સ્વામી વિવેકાનંદને પીરસતાં પીરસતાં માજી કહે : 'મારા દીકરા, તને સારું સારું રાંધીને ખવડાવવાની મારી ગમે તેટલી ઈચ્છા હોય, તોયે હું રહી ગરીબ ! મારાથી એવું કયાંથી થાય ?'

સ્વામી વિવેકાનંદ તો એ સાંભળીને નાના બાળકની માફક ખડખડ હસવા લાગ્યા અને ખૂબ પ્રેમથી ઘરડાં માજીના હાથની રોટલી ખાવા મંડી પડયા. સ્વામીજીએ લહેરથી ખાતાં ખાતાં પોતાના શિષ્યોને કહ્યું :

'જુઓ, આ માજીનો પ્રેમ ! તેમના હાથની આ જાડી રોટલી સાત્ત્વિક છે!'

પછી માજીને ખબર ન પડે તેમ તેના ઘરના માણસના હાથમાં સ્વામીજીએ સો રૂપિયાની નોટ મૂકી દીધી !

આવા હતા સ્વામી વિવેકાનંદ !

## સ્વામી વિવેકાનંદનાં પ્રેરક સેવાકાર્યો

સ્વામી વિવેકાનંદ પછી મઠમાં ગયા. એમના પર કાર્યનો બધો ભાર હતો. પરંતુ તેમણે જરાય વિસામો લીધો નહિ. વ્યાખ્યાનો, ચર્ચાઓ, વર્ગો, મુલાકાતો —એ બધું સ્વામીજીએ ચાલુ રાખ્યું. કલાન્ત વદને લોકો એમની પાસે આવતા અને પ્રેરણા લઇને ઉત્સાહનું ભાથું બાંધી પાછા ફરતા.

એક વાર સ્વામી વિવેકાનંદ પાસે બંગાળની થિયોસોફિકલ સોસાયટીમાં રહેતો એક યુવાન આવ્યો. પોતાના મનની મૂંઝવણ સ્વામીજી આગળ વ્યકત કરીને તે બોલ્યો :

'સ્વામીજી, હું ઘણાય પંથમાં ભળું છું, સત્સંગ કરવા જાઉં છું, છતાં સાચું શું છે એ હજી નક્કી કરી શકતો નથી ! મનમાં દ્વિધા ઉત્પન્ન થયા કરે છે. હું શું કરું ?'

સ્વામીજીએ પ્રેમથી જવાબ આપ્યો :

'એમાં કશું મૂંઝાવા જેવું નથી. હું પણ એક દિવસ એ જ સ્થિતિમાં હતો. અચ્છા, બીજા પંથના લોકોએ તને શો ઉપદેશ આપ્યો છે અને તેં એનું કેટલે અંશે અનુસરણ કર્યું છે એ મને કહે જોઉં.'

પેલો યુવાન બોલ્યો : 'સ્વામીજી, મને થિયોસોફિકલ સોસાયટીના એક વિદ્વાન ઉપદેશકે મૂર્તિપૂજાની યથાર્થતા અને ઉપયોગિતાની સમજ પાડી અને મેં તે અનુસાર થિયોસોફીના એક મહાપુરુષની—માસ્ટરની ખૂબ ભકિત અને શ્રદ્ધાપૂર્વક લાંબા સમય સુધી પૂજા કરી અને જપજાપ કર્યા. પરંતુ એથી કશું વળ્યું નહિ ! મનની અશાંતિ તો એવી ને એવી જ રહી.

'ત્યાર પછી કોઇએ મને મનને શૂન્ય કરી દઈને ધ્યાનમાં બેસવાનો ઉપદેશ આપ્યો. એ પ્રમાણે મેં ધ્યાન ધરવાનો ખૂબ પ્રયાસ કર્યો; પરંતુ મનનો નિરોધ કરવામાં હું સફળ ન થયો ! હજીયે હું ઓરડીનાં બારણાં બંધ કરીને, આંખો મીંચીને બેસી શકાય ત્યાં સુધી બેસું છું; છતાં મનની શાંતિ થતી નથી ! સ્વામીજી, કૃપા કરીને મને સાચો રાહ બતાવો.'

સ્વામીજીએ યુવાનની વાત ધીરજપૂર્વક સાંભળી અને પછી એના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને કહ્યું :

'જો ભાઈ, મારું કહેવું માનતો હોય, તો પ્રથમ તો બારણાં બંધ કરીને બેસવાને બદલે બારણાં ઉઘાડીને બહાર જો; આંખો મીંચીને ધ્યાનસ્થ બેસવાને બદલે આંખો ખોલીને આજુબાજુ જરા નજર કર. તારી પાડોશમાં સેંકડો ગરીબ અને નિરાધાર માણસો પડ્યાં છે, એ બાપડાંઓની બને તેટલી સેવા કર. કોઈ માંદાની સંભાળ લેનાર કોઈ ન હોય, તો તેનાં દવાદારૂ અને સેવાચાકરી તારે કરવી. કોઈ અભણને અક્ષરજ્ઞાન આપ. આમ, તને મારી સલાહ એ છે કે, જો આંતરિક શાંતિ જોઈતી હોય, તો બને તેટલી બીજાની સેવા કર.'

સ્વામીજીની વાતો સાંભળીને જુવાન કચવાતા મને બોલ્યો : 'પણ સ્વામીજી, માંદા માણસની સેવા કરવા જતાં ઉજાગરા અને ખાવાપીવાની અનિયમિતતાથી હું જ માંદો પડી જાઉં તો? પછી મારું કોણ જુએ?'

સ્વામી વિવેકાનંદ એ સાંભળીને બોલી ઊઠયા :

'તારા શબ્દો, તારી રીતભાત અને શરીરસુખની આટલી બધી કાળજી બતાવી આપે છે કે, તારા સ્વાસ્થ્યના ભોગે તું માંદાની સેવા કરવા કદી જવાનો નથી! તારે માટે બીજો રાહ નથી.'

સ્વામી વિવેકાનંદના આત્મોન્નતિકર ઉપદેશથી પ્રેરાઈ કેટલાંક વિદેશી ભાઈબહેનો પણ તેમનાં શિષ્યો બન્યાં હતાં. એમાં ભગિની નિવેદિતા (મિસ માર્ગરેટ નોબલ) સ્વામીજીનાં પટ્ટશિષ્યા બની ગયાં હતાં અને જીવન તથા કર્મથી ભારતવાસી બની ગયાં હતાં. સેવિયર દંપતી, મિ. ગુડવીન વગેરે પણ સ્વામીજીનાં સેવાકાર્યોમાં તદાકાર બન્યાં હતાં.

મિ. ગુડવીન તો સ્વામી વિવેકાનંદના યુરોપ-અમેરિકાના પ્રવાસ વખતે સાથે રહીને તેમનાં પ્રવચનોની શોર્ટહેન્ડમાં નોંધ લેતા અને સેક્રેટરીનું પણ કામ કરતા હતા. ભારતમાં સ્વામીજી સાથે તે આવ્યા હતા. પરંતુ થોડા વખત પછી આ ભક્તહૃદયી ગુડવીનનું અવસાન થયું!

સ્વામી વિવેકાનંદને એથી ભારે આઘાત લાગ્યો. એમના પ્રત્યેનો અહોભાવ સ્વામીજીએ તેમની માતાને લખેલા દિલાસાના પત્રમાં દેખાઈ આવે છે :

'ગુડવીનના ઉપકારનું ઋણ કદી વાળી શકવાનો નથી. જગતમાં જેઓ માનતા હોય કે મારા એક પણ વિચારથી તેમને કંઈક પણ સહાય મળી હોય, તેઓ યાદ રાખે કે તે વિચારોનો એકેએક શબ્દ શ્રીયુત ગુડવીનના અથાક અને નિ:સ્વાર્થ

પરિશ્રમને આભારી છે. ગુડવીન જતાં મેં એક ખરો મિત્ર, ભક્તિશીલ શિષ્ય અને થાક શું એ જાણ્યા વિના કામ કરનારો કાર્યકર્તા ગુમાવ્યો છે! જગતમાં બીજાને માટે જ જીવતા હોય એવા થોડાક વીરલા જન્મ લેનારાઓમાંના એવા એકની મને ખોટ પડી છે.'

સ્વામી વિવેકાનંદે ૧લી મે ૧૮૯૭ને રોજ 'શ્રીરામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી. ત્યારથી આ મિશન દેશભરમાં જનસેવાનું, શિક્ષણનું તેમ જ આધ્યાત્મિક સાધનાનું કાર્ય કરી રહ્યું છે.

શ્રીરામકૃષ્ણ મિશન લોકહિતનાં સેવાકાર્યોને પ્રાધાન્ય આપે છે. આ વસ્તુ શરૂઆતમાં સ્વામીજીના કેટલાક ગુરુભાઈઓને ગળે ઊતરતી ન હતી. એ લોકોને થતું કે ધ્યાન, ધારણા વગેરે આત્મવિકાસ સાધવાની એકાંતપ્રિય પ્રવૃત્તિ છોડીને સંસારી લોકોમાં આ રીતે સેવાનાં કાર્યો કરવાથી આપણું જીવન સાધનાને માર્ગેથી અવળે રસ્તે ફંટાઈ જાય છે!

એક ગુરુભાઈએ સ્વામીજી આગળ એ વિચારો દર્શાવીને જણાવ્યું : 'આવી રીતે વ્યાખ્યાનો આપવાં, સભાઓ ભરવી, સંન્યાસીઓ થઈને લોકહિતનાં કાર્યોમાં રચ્યાપચ્યા રહેવું એ બધું પશ્ચિમનો પ્રભાવ સૂચવે છે અને શ્રીરામકૃષ્ણના ઉપદેશો સાથે એ બધાંનો મેળ બેસતો નથી.'

આ સાંભળીને સ્વામી વિવેકાનંદ જુસ્સાપૂર્વક બોલી ઊઠયા :

'તમે શી રીતે જાણો છો કે આ બધાંનો ગુરુદેવ શ્રીરામકૃષ્ણના વિચારો સાથે મેળ બેસતો નથી? અનંત ભાવોની સાક્ષાત્ મૂર્તિ જેવા શ્રીરામકૃષ્ણને તમે તમારા વિચારોની મર્યાદામાં પૂરી રાખવા ઇચ્છો છો? હું એવી મર્યાદાને તોડી નાખીશ અને એમના વિચારોને આખા જગતમાં ફેલાવી દઈશ.

'એમણે માત્ર પોતાની છબીની પૂજા વગેરે કર્યા કરવાનો મને કદાપિ ઉપદેશ આપ્યો નથી. એમણે તો આધ્યાત્મિક સાધનાની અનેક રીતિઓ, એકાગ્રતા, ધ્યાન ધારણા તથા ધર્મના બીજા ઉચ્ચ આદર્શો આપણને શીખવ્યા; હવે આપણે એ આદર્શોનું આચરણ કરીને મનુષ્ય જાતિને એનો ઉપદેશ આપવો જોઈએ.

'ધ્યેયપ્રાપ્તિના માર્ગોનો કંઈ પાર આવે એમ નથી. અનેક પંથોની ખદબદતી આ દુનિયામાં નવો પંથ ઊભો કરવા માટે કંઈ મારો જન્મ થયો નથી. આપણાં સદ્ભાગ્ય છે કે આપણને ગુરુદેવ શ્રીરામકૃષ્ણના ચરણશરણની

તક સાંપડી છે; અને હવે તો આપણને મળેલા એ વિચારોને આખા જગતમાં ફેલાવવા એ આપણું પરમ કર્તવ્ય છે.'

સ્વામી વિવેકાનંદના હૃદયના અંતરતમ ખૂણે દરિદ્રનારાયણની; દીન, દલિત, પીડિતની સેવા કરવાના વિચારો કેટલાય વખતથી ઘૂમ્યા કરતા હતા. અમેરિકામાં સ્વામીજી હતા, પરંતુ એમના દિલમાં આ જ ભાવ સતત રહેતા હતા. એટલે જ ત્યાંથી પણ સ્વામી વિવેકાનંદ પોતાના ગુરુભાઈઓને આ જ વાત પત્રો દ્વારા કહેતા હતા :

'હિંદુ હોય, મુસલમાન હોય કે ખ્રિસ્તી હોય, એની મને પરવા નથી. પરંતુ જે પ્રભુને ચાહે છે એ સર્વનો હમેશાં મારી સેવા પર અધિકાર છે. હું હંમેશાં તમારે માટે પ્રાર્થના કરું છું, તમે મારે માટે પ્રાર્થના કરજો.

'આપણે બધા ગરીબીમાં, ધર્મગુરુઓની જાળમાં અને ગુલામગીરીમાં જકડાયેલા, પગે કચડાતા ભારતના કરોડો ગરીબો માટે પ્રાર્થના કરીએ. મોટા અને શ્રીમંત લોકોને ધર્મોપદેશ કરવા કરતાં આવા ગરીબોને અને પીડિતોને ઉપદેશ દેવાની મને વધુ કાળજી છે.

'હું કોઇ વિજ્ઞાન નથી, તત્ત્વજ્ઞાની નથી કે મોટો સંત નથી. હું ગરીબ છું, ગરીબોને ચાહું છું. હમેશને માટે ગરીબી અને અજ્ઞાનમાં સબડતા હિંદના ચાળીસ કરોડને સારુ હિંદમાં કોને લાગી આવે છે? ક્યાંય માર્ગ છે? તેમને માટે લાગણી કોને છે? તેમને બિચારાને કેળવણીનો પ્રકાશ નથી મળતો. ઘેરે ઘેર ફરીને તેમને કોણ કેળવણી આપશે?

'આ ગરીબોને તમારો ઈશ્વર માનો. આ દરિદ્રોને તમારો નારાયણ માનો. તેમના વિશે હમેશાં વિચાર કરો. તેમના માટે કામ કરો; તેમના માટે પ્રાર્થના કરો. પ્રભુ રસ્તો બતાવશે.

'હું મહાત્મા તેને કહું છું કે જેનું હૃદય ગરીબોને માટે દ્રવે છે, બળે છે, નહિતર તે દુરાત્મા છે.

'જ્યાં સુધી લાખો ગરીબો ભૂખ્યાં અને અભણ રહે છે, ત્યાં સુધી તેમને પૈસે ભણીને તેમના તરફ જરાય ધ્યાન ન આપનાર દરેક માણસને હું દ્રોહી ગણું છું.

'જે દિવસે ભારતવર્ષે 'મ્લેચ્છ' શબ્દ શોધી કાઢ્યો અને એ ગરીબ બાપડા લોકો સાથેનો વ્યવહાર બંધ કર્યો, તે દિવસથી ભારતવર્ષનું ભાગ્ય ભૂંસાઈ ગયું.

'આજ્ઞાપાલનનો ગુણ કેળવતાં શીખો. અદેખાઈ અને દંભ છોડી, સંગઠિત થઈને, બીજાની સેવા કરીને ભારતના ગરીબોને ઊંચે લાવતાં શીખો. આપણા દેશની મોટામાં મોટી જરૂરિયાત આ છે.'

ત્યાર બાદ સ્વામી વિવેકાનંદે વરાહનગરની સામી બાજુએ ગંગાને કિનારે 'બેલુર મઠ' માટે જમીન લીધી. પરંતુ એ જ અરસામાં કલકત્તામાં પ્લેગ ફાટી નીકળ્યો. એટલે અંગ્રેજ સરકારે પ્લેગના કડક કાયદા બહાર પાડ્યા.

લોકો પ્લેગ કરતાં આવા કડક કાયદાઓથી વધારે ત્રાસ પામીને નાસભાગ કરવા લાગ્યા. કયે વખતે તોફાન ફાટી નીકળે એ કહેવાય નહિ, એટલે સરકારે સોલ્જરોને ઠેર ઠેર ગોઠવી દીધાં. આથી કલકત્તાનું વાતાવરણ તંગ બની ગયું.

આવી પરિસ્થિત જોઈને સ્વામી વિવેકાનંદે તરત જ હિંદી અને બંગાળી ભાષામાં પ્લેગ બાબતનું એક નિવેદન બહાર પાડયું અને પ્લેગમાં સપડાયેલાંઓની સેવા કરવાની એક યોજના સાથેસાથ ઘડી કાઢી.

આ જોઈ ને એક ગુરુભાઈએ પૂછ્યું : 'સ્વામીજી, આપની યોજના તો બરાબર છે. પરંતુ એ માટે જોઈતું ફંડ કયાંથી ભેગું કરીશું ?'

સ્વામી વિવેકાનંદે તરત જ મક્કમપણે જવાબ આપ્યો :

'એમાં શી મોટી વાત છે ! જરૂર પડયે આપણા મઠની જગ્યા વેચી નાખીશું. આપણે તો રહ્યા સંન્યાસી, અગાઉની માફક રોજ ભિક્ષા માગીને ઝીડ નીચે પડયા રહેવાને માટે તૈયાર રહેવું જોઇએ. આપણી નજર આગળ પીડાતા હજારોની સેવા થઇ શકતી હોય, તો શું આપણે મઠ અને જમીનની પરવા કરવી જોઇએ ?'

પરંતુ એવો વખત ન આવ્યો. જોતજોતામાં ફંડ ભેગું થવા વાગ્યું અને ઠેર ઠેર સેવાનું કાર્ય શરૂ થઇ ગયું.

જાનેવારી ૧૮૯૮માં 'બેલુર મઠ'ની સ્થાપના થઈ. ૧૯મી માર્ચ ૧૮૯૯માં અલ્મોડાથી પચાસેક માઈલ દૂર આવેલા માયાવતી નામના રમણીય સ્થળે 'અદ્વૈતાશ્રમ'ની સ્થાપના કરવામાં આવી અને 'પ્રબુદ્ધ ભારત' નામના સામયિકનું પ્રકાશન ત્યાંથી થવા લાગ્યું.

## મહાપ્રયાણ

આમ, અવિરત પરિશ્રમને લીધે સ્વામી વિવેકાનંદનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું. દમનો વ્યાધિ પણ લાગુ પડયો !

સ્વામીજીની તબિયત જોઈને મઠવાસીઓ એમને આરામ લેવાનું કહેતા. પરંતુ સ્વામી વિવેકાનંદ જિજ્ઞાસુઓના મનનું સમાધાન કરવાનું કામ કર્યા જ કરતા. તેઓ તો મધુરું સ્મિત ફરકાવતા કહેતા :

'હવે હું મરી જાઉં તોપણ શું ? પંદરસો વરસ જેટલું પ્રદાન મેં કર્યું છે.'

અને છેવટે આ જગતમાંથી વિદાય લેવાનો સમય પણ આવી લાગ્યો.

સ્વામી વિવેકાનંદ ચોથી જુલાઈ ૧૯૦૨ અને શુક્રવારને દિને બ્રહ્મલોકમાં વિલીન થઈ ગયા.

ફક્ત ૩૯ વર્ષ, ૫ માસ અને ૨૪ દિવસનું ટૂંકું પણ વિશ્વને 'પંદરસો વરસ જેટલું' પ્રદાન કરીને અતિસમૃદ્ધ જીવન જીવીને તેઓ અમર થઈ ગયા આજે પણ તેમનાં ચિરંજીવી જીવન કાર્યોની સુવાસ પ્રેરણા આપી રહી છે.

ચિદાકાશમાં સ્વામી વિવેકાનંદના શબ્દો ગૂંજી રહ્યા છે :

'મરીશ ત્યાં લગી હું અવિરત કામ કરતો રહીશ. અને મૃત્યુ પછીયે જગહિતાર્થે પ્રવૃત્ત રહીશ.'

*